# જૈન સાહિત્યમાં
# વિકાર થવાથી
# થયેલી હાની.

લેખક અને પ્રકાશક
પં. બેચરદાસ જીવરાજ.

મૂલ્ય ૧) રૂપિઓ.

ॐ

# જૈન સાહિત્યમાં વિકાર થવાથી થએલી હાની.

બેચરદાસ જીવરાજ.

શ્રી આદર્શ પ્રીન્ટીગ પ્રેસમાં પંડિત વાડીલાલ ડાહ્યાભાઇએ છાપ્યું.
ઠે. પાંચકુવા નવાદરવાજા—અમદાવાદ.

# અર્પણ

પરમપૂજ્ય જંગમ તીર્થસ્વરૂપ શ્રી—

## વિજયાનંદ સૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજ !

આપનો અક્ષરદેહ જોવાથી મને પ્રતીતિ થઇ છે કે, આપ એક ઉદ્ધારક પુરૂષ હતા—

જો આપ આ વર્તમાન ૨૦ મા સૈકામાં હોત તો જરૂર આ ટીપાએલા લોઢાનો ઘાટ ઘડયા વગર ન રહેત ! આપ ભાવાચાર્ય છો, હતા અને રહેશો. મારે માટે તો આપ સર્વથા પરોક્ષ રહ્યા છો છતાં આપના અક્ષરદેહમાં લુબ્ધ થએલો હું મારી આ વિચારોની માળા આપને સમર્પું છું—

ચરણસેવક,

બેચર.

# સુધારીને વાંચશોજી.

---

પાને ૨૮ મેં પંક્તિ આઠમી અને નવમીને બદલે નીચેનું લખાણ સમજવું:—

" તેઓ નિર્જીવ થતા જૈનોની ઉપેક્ષા કરે છે અને જે તીર્થો-પવિત્ર સ્થળો-પવિત્ર અને શાંત વાતાવરણને લીધે આત્મપવિત્રતાનાં સાધન છે તેને જ વર્તમાનમાં કલેશના સાધન બનાવી તે માટે તેઓ સરકાર-દરબાર- માં ફરીયાદો મંડાવે છે. "

## વિનંતિ.

**વાંચનાર મહાશયો !**

હું કોઈ લેખક નથી તેમ હજુ જોઇએ તેટલું હું જાણી કે વિ-ચારી શકયો નથી. આ તો ફક્ત એક અભ્યાસ કરનારો વિદ્યાર્થી જેમ પોતાના વિચારોને દાખલા દલીલોથી ટાંકી બતાવે છે તેમ મેં મને જે જણાય છે તે દાખલા દલીલોથી ટાંકી બતાવ્યું છે-એમાં મારી અપૂર્ણતાનો અથવા ભ્રાંતિ હોવાનો સંભવ છે એથી જ એ દ્વારા કોઇ જાતનું વિધાન થઇ શકતું નથી. એ તો ફકત વિશુદ્ધ ચર્ચાને માટે મેં લખ્યું છે-જણાવ્યું છે અને પ્રકાશમાં આણ્યું છે. લખતાં મેં કાળજી તો ઘણી રાખી છે છતાં કયાંય મારી અપૂર્ણતાને લીધે ભુલચૂક રહી ગઇ હોય, મારી કષાયવૃત્તિને લીધે કયાંય કષાયવાળું લખાણ આવી ગયું હોય તો આપ મહાશયો, તે તરફ દુર્લક્ષ્ય કરશો અને ફક્ત નિર્મળ એવી ચર્ચામાં જ રસ લેશો આપ જાણો છો કે,

" गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः "

સેવક—

**બેચર.**

તા-ક-કોઇ મહાશય, મારી ભુલચૂક મને વ્યાજબી રીતે જણા-વશે તો હું તેમનો ઉપકૃત થઇશ.

# જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાની.*

વસ્તુની મૂળ સ્થિતિ સમજ્યા સિવાય તેની વિકારવાળી સ્થિતિને સમજતાં કે સમજાવતાં વિશેષ આકરૂં પડે છે—જેને પોતાની પૂર્વ સ્થિતિની તાજી સ્મૃતિ હોય, તે જ મનુષ્ય ( પોતાની ) વર્તમાન સ્થિતિમાં થયેલો ફેરફાર સમજી શકે છે. શારીરિક વિકારને સમજવા માટે પ્રથમ પૂર્ણ નીરોગ સ્થિતિનો અભ્યાસ કરવાની જરૂર પડે છે. વૈરુપ્યની બિભીષિકામાંથી ઉગરવા માટે સૌન્દર્યના સાગરને વિશેષ અવગાહવો પડે છે. તેમ સાહિત્યની વિરુપ સ્થિતિની સમજૂતી આપતાં પહેલાં તેની વિશુદ્ધ સ્થિતિને પણ સમજાવવી આવશ્યક છે.

---

* આ ભાષણ ગત જાન્યુઆરી માસની ૨૧ મી તારિખે શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલના પ્રમુખપણા નીચે અપાએલું હતું અને તેની સભાયોજના વકતૃત્વકળા પ્રચારક સભાના સેક્રેટરીએ કરી હતી:—બેચરદાસ.

સાહિત્ય, કાંઈ આપણી પેઠે બોલતું ચાલતું કે જીવતું જાગતું પ્રાણી નથી. તેથી જ તેની વિશુદ્ધતા કે વિકૃતતાનો ભાર આપણે તેના પૂર્વ કર્મને સોંપી શકતા નથી. સાહિત્ય બીજા પદાર્થોની પેઠે ઉત્પાદ્ય પદાર્થ છે. માટે તેની વિશુદ્ધિ કે વિકૃતિનો જવાબદાર તેનો ઉત્પાદક લેખાય છે. પુત્રના ગુણદોષો પિતા ઉપર ઢોળાય છે. વૃક્ષનું સારૂં કે નરસું ભવિષ્ય તેના બીજમાં છૂપાઇને રહે છે તેમ સાહિત્યની વિશુદ્ધતા કે વિકૃતતાનો વિશેષ આધાર તેના રચયિતાની સ્થિતિને જ અવલંબે છે.

ભાષામાં સાહિત્ય શબ્દ બે ત્રણ અર્થને સૂચવે છે: સાહિત્ય એટલે ઉપકરણો કે સાધનો થાય છે. સાહિત્ય એટલે રસશાસ્ત્ર ( કાવ્યપ્રકાશ, કાવ્યાનુશાસન કે સાહિત્ય દર્પણ વિગેરે. ) થાય છે અને સાહિત્ય એટલે કોઈ પણ પ્રકારનું શાસ્ત્ર ( બૌદ્ધસાહિત્ય, વૈદિકસાહિત્ય કે સાંખ્યસાહિત્ય વિગેરે ) પણ થાય છે. પ્રસ્તુત ચર્ચામાં તેના અંતિમ અર્થને વિશેષ સ્થાન મળી શકે તેમ છે. સાહિત્ય વિચારાત્મક અને શબ્દાત્મક એમ બન્ને રુપે હોય છે. તે જ્યાં સુધી હૃદયગત હોય, પ્રકાશમાં ન આવ્યું હોય ત્યાં સુધી તેને વિચારાત્મક સાહિત્ય કહેવાય અને જ્યારે તે મુખ દ્વારા શબ્દનાં ભાતભાતનાં વસ્ત્રોમાં, કલ્પનાના, અતિશયના કે ઉત્પ્રેક્ષા વિગેરેના અલંકારોમાં સજજ થઇ ગગન મંડળમાં બહાર આવે ત્યારે ( તે ) શબ્દાત્મક સાહિત્ય લેખાય. આ જ શબ્દાત્મક સાહિત્ય જ્યારે કાગળો ઉપર લિપિબદ્ધ થાય છે, ત્યારે એનું બીજું નામ શાસ્ત્ર પડે છે. હું અહીં જે વિ-

કાર કે વિશુદ્ધિ બતાવવાનો છું તેનો વિશેષ સંબંધ આવા લિપિબદ્ધ જૈનસાહિત્ય–શાસ્ત્રો સાથે છે. જૈનશાસ્ત્રની પૂર્ણ ઉત્તરદાયિતા તેના મૂળજનક, તેના મૂળ ગ્રંથક ( ગ્રંથક એટલે ગોઠવનાર ) અને તેના મૂળ લેખક ( લેખક એટલે પ્રથમ ચોપડે ચડાવનાર ) ઉપર અવસ્થિત છે. આ હકીકતને પૂર્ણપણે સમજવા માટે આપણે એ ત્રણે મહાપુરુષોનો ઇતિહાસ, તેમના સમયની સ્થિતિ અને તેમની જીવનદશાને વિચારવાં ઘટે છે. સંપ્રદાયની મમત્વમયી દૃષ્ટિએ કદાચ જૈનશાસ્ત્રો અનાદિનાં મનાતાં હોય, અકૃત્રિમ જેવાં સધાતાં હોય અને અપરિવર્તિત રહેતાં હોય તો ભલે. એ હકીકત સાથે મારો વિશેષ સંબંધ નથી. એ વાત ઐતિહાસિક હો કે તેમાં સાંપ્રદાયિકતાવાળું અસત્યાડમ્બરનું તત્ત્વ ભળેલું હોય તેની સાથે મારે કાંઈ લેવું દેવું નથી. તો પણ હું જાણું છું તે પ્રમાણે શાસ્ત્રોની શાશ્વતતા સાધનાર સંપ્રદાય પણ એટલું તો સ્વીકારવાની હિમ્મત કરે છે કે, જે* જે તીર્થંકરને સમયે તેમના વિચારો શબ્દબદ્ધ થાય છે. ત્યારે તેમાં પૂર્વકાળની સ્થિતિ અને ના-

---

* સંપ્રદાયની તો એવી પણ ઇચ્છા હોય કે, અમારાં જ શાસ્ત્રો અનાદિમાં અનાદિનાં છે એટલે અમારી પેઢી અને અમારા ચોપડા પૃથ્વીની સાથે જ ઉગેલા છે. પરંતુ વર્ધમાનને નામે ચડેલા પ્રવચનમાં ઠેકઠેકાણે તેના સમયની પરિસ્થિતિ, તેનો પંચયામી આચાર, તેના સમયના મનુષ્યોના ઉલ્લેખો અને તેઓની સ્વાધ્યાયચર્ચા, તેના સમસમયી જમાલી, ગોશાલક, હસ્તિતાપસ અને બુદ્ધદેવ જેવા મહાવાદિઓના ખંડનમંડનાત્મક સંવાદો, તથા સ્કંદક, સુધર્મા, જંબૂ,

ઓને બદલે વર્તમાન કાળની સ્થિતિને અને નામોને દાખલ કરવામાં આવે છે.

એ દૃષ્ટિએ શાસ્ત્રો પૌરૂષેય છે, પરિવર્તિત છે અને અનિત્ય છે. આ માન્યતાના ધોરણ ઉપર મારો સાહિત્ય-વિકારને લગતો પ્રસ્તુત પ્રશ્ન યુક્ત ગણાય ખરો. એ પ્રશ્નને વિસ્તારપૂર્વક સમજાવવા માટે વર્તમાન શાસનના અધીશ્વર શ્રીવર્ધમાનના ઇતિહાસ, તેમની જીવનદશા અને તેમના સમયનું વાતાવરણ એ બધાના ઉલ્લેખને હું સૌથી પ્રથમ પ્રસ્તુત સમજું છું. જે સમાજને મારે પ્રકૃત વિષયનું ભાન કરાવવું છે તે સમાજ વર્ધમાનનાં નામથી, રુપથી, ગુણથી, અને તેમના સ્થૂલ જીવનથી સુપરિચિત છે. તેની વર્ધમાન પ્રતિ એટલી બધી ભક્તિ છે કે પ્રત્યેક વર્ષે સમાજનાં

---

ગૌતમ; શ્રેણિક, ચિલ્લણા; કોણિક, ધારિણી; સિદ્ધાર્થ, ત્રિશલા; જયન્તી, મૃગાવતી, સુદર્શન, ઉદાયી, આનંદ, કામદેવ અને ચુલનીપિતા વિગેરે વર્ધમાનના સમસમયી સત્તા ધરાવનારા પુરુષોના નામગ્રાહ નિર્દેશો મળવાથી સંપ્રદાયને વા તેના વહીવટદારોને પોતાના અનાદિતાના બચાવની ખાતર જ ઉપર્યુક્ત ઉપાય તે પણ અણછૂટકે લેવો પડયો છે અને તેની નોંધ સૂત્રકૃતાંગ સૂત્રની ટીકામાં શીલાંકસૂરિએ અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિની ટીકામાં અભયદેવસૂરિએ લીધી પણ છે.
—( જૂઓ સૂત્ર૦ પૃ૦ ૩૮૬ અને ભગવતી પૃ૦ ૧૬૫ બાબુનું )

જો આ સંબંધે ઇતિહાસને પૂછવામાં આવે તો તે, એ વિષે સ્પષ્ટ અને સપ્રમાણ જણાવી શકે તેમ છે કે, જેવું વાત્સ્યાયન સૂત્ર અનાદિનું હોઇ શકે છે તેવું જ આ પ્રવચન પણ અનાદિનું સંભવી શકે છે.–લેખક.

બાળકો સુદ્ધાં પોતાના પૂજ્ય પુરૂષના જીવનને એક વાર સાંભળવાનું તો વીસરતાં નથી. તેના નામની ખાતર લાખો રૂપિયાનો હોમ થાય છે, તેની સ્થાપના (મૂર્તિ) ને વાસ્તે કરોડો રૂપિયા ખર્ચાયા છે, અને તે ખર્ચ વર્તમાનમાં પણ ચાલુ જ છે. એવા શ્રીવર્ધમાનને જૈન સમાજ વચ્ચે જણાવવા કે પરખાવવા તે માતા પાસે મોસાળનાં વખાણ કરવા જેવી પુનરૂક્તિ માત્ર છે. જો કે જૈન સમાજ વર્ધમાન સાથે આટલો ગાઢ પરિચય ધરાવે છે તો પણ હું એટલું હિમ્મત પૂર્વક જણાવી શકું છું કે વર્તમાન શ્રદ્ધાળુ વર્ગ તે મહાપુરૂષના અંતર્ગત જીવનથી કે વાસ્તવિક જીવનથી ઘણો થોડો પરિચય ધરાવે છે. એમ હોવાથી જ વર્ધમાનની મૂર્તિ માટે અઢળક ધન ખર્ચનારા—શ્રીમંતો કે ઉપદેશકો (સાધુઓ) તેમનું યથાસ્થિત જીવન દોરવા કે દોરાવવા આ યુગમાં પણ અશક્ત રહ્યા છે. જેઓને ઘરથી પુરાણી દંતકથાઓ, મિશ્ર કથાઓ કે મોટી મોટી બડાઇની બનાવટી વાતો સાંભળવાનો સ્વભાવ પડેલો છે અને જેઓના વડિલો તરફથી પણ તે સ્વભાવને જ પોષણ મળ્યે જાય છે તેઓ ભાગ્યે જ કોઈ પણ ઐતિહાસિક સત્ય—યથાર્થ સત્ય તરફ લક્ષ્ય કરતા દેખાયા છે.

જૈન સમાજ વિશેષ કરીને વ્યાપારી સમાજ હોવાથી તેની નજર ધાર્મિક ઇતિહાસ તરફ ભાગ્યે જ વળે છે. વ્યાપાર અને નિર્વાહની પ્રવૃત્તિની તીવ્રતાને લીધે અને તેમાં વિશેષ સાવધાની રાખવાની જરૂર હોવાથી નિરવકાશ એવા જૈનોને સત્યગવેષણા માટે ઘણો જ ઓછો સમય મળે છે. સત્ય

ગવેષણ તો ઘરે રહ્યું, પણ તેઓ પોતાની જાતના આરોગ્ય માટે, પોતાનાં વહાલાં સગાંઓના સ્વાસ્થ્ય માટે, પોતાનાં સંતાનોની કેળવણી માટે અને પોતાનું જીવન ઘડવા માટે ઘડી ભર વિચારવાને નવરા જણાતા નથી. આમ હોવાથી જ તેઓનું રાષ્ટ્રીયજીવન પણ ખીલેલું જણાતું નથી. આ હકીકતને લીધે તેઓના ધાર્મિક-જીવન કે વ્યવહારૂ જીવનના બંધારણનો આધાર જૈન સમાજના ધર્મોપદેશકો (સાધુઓ)-જેઓને સમાજ પોતાના સર્વસ્વના ભોગે પોષે છે,-ની દેશના ઉપર રહેલો છે. જો તે ઉપદેશકો વિશુદ્ધ માર્ગ બતાવે તો જ આ સમાજ તે માર્ગ તરફ ઝુકી શકે તેમ છે. અન્યથા નદીપ્રવાહની પેઠે તેની ગતિ ગતાનુગતિક ચાલી રહી છે. તેમ જ ચાલ્યા કરવાની છે. ન ભૂલતો હઉં તો જ્યાં સુધી હું જાણી શકયો છું ત્યાં સુધી મેં એવો નિસ્વાર્થી ઉપદેશક ભાગ્યે જ જોયો છે, જે ચતુર વૈદ્યની પેઠે સમાજની ચાલુ નાડીના ધબકારા તરફ દૃષ્ટિ રાખી પ્રવૃત્તિ કરતો હોય. આ સ્થિતિમાં સમાજ-શ્રી વર્ધમાનનો અનન્ય ઉપાસક સમાજ-વર્ધમાનના યથાસ્થિત જીવનથી અજાણ્યો રહે, એ બનવા જોગ છે. એને માટેનું સંપૂર્ણ ઉત્તરદાયિત્વ ધર્મોદાયજીવી ઉપદેશકો ઉપર છે. આ સ્થળે વર્ધમાનનું યથાવત્ જીવન જણાવવા જતાં બીજી આવશ્યક વાતોને ટુંકી કરવી પડે તેમ હોવાથી અને તે જીવનનો ઈતિહાસ વિશેષ ગંભીર હોવાથી તે વિષેના ઉલ્લેખને બીજા ખાસ નિબંધમાં ચર્ચવાનું રાખી વર્ધમાનના સમયની પરિસ્થિતિના ખાસ અભ્યાસી કેટલાક

વિદ્વાનોએ તે વિષે જે જણાવ્યું છે તેને નીચેના લખાણમાં જણાવું છઉં:—

" મહાવીરે ડિંડિમ નાદથી એવો મોક્ષનો સંદેશ હિંદમાં વિસ્તાર્યો કે, ધર્મ એ માત્ર સામાજિક રુઢી નહિ પણ વાસ્તવિક સત્ય છે–મોક્ષ એ સાંપ્રદાયિક બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મળતો નથી પણ સત્ય ધર્મના સ્વરુપમાં આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે, અને ધર્મમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી "–સાહિત્ય સમ્રાટ્ શ્રી૦ રવીન્દ્રનાથ ઠકકુર (મહાવીર જીવન વિસ્તાર પૃ૦ ૧૨)

" ૨૫૦૦ વર્ષ પહેલાં આર્યાવર્તની સ્થિતિ આવી હતી:—ધર્મની યથાર્થ ભાવનાનો નાશ થઇ તેનું સ્થાન અર્થહીન આચાર–વિચારે લીધું હતું. ઉત્તમ સામાજીક અને નૈતિક નિયમો, દુષ્ટ જ્ઞાતિભેદથી અને બ્રાહ્મણો માટે ખાસ હક અને શુદ્રો માટે ઘાતકી ધારાઓથી, વિકૃત થયા હતા. આવા જ્ઞાતિજન્ય વિશેષ અધિકારથી બ્રાહ્મણોની સ્થિતિ ઉલટી બગડવા પામી. આખા સમાજ તરીકે તેઓ એટલી હદે લોભી અને લાલચુ, અજ્ઞાન અને અભિમાની બની ગયા કે બ્રાહ્મણ સૂત્રકારોને પણ આ વસ્તુસ્થિતિની ઘણી સખ્ત ભાષામાં ઝાટકણી કાઢવી પડી હતી. શુદ્રો કે જેઓએ આર્યધર્મના છત્ર તળે આશ્રય લીધો હતો તેમને માટે ધાર્મિક શિક્ષણ અને વ્રતક્રિયાનો નિષેધ હતો. સામાજિક સન્માન તેમને માટે મુદલ નહોતું. જે સમાજમાં તેઓ વસતા હતા તેમના તરફથી તિરસ્કાર અને ધિક્કાર પામ-

વાથી તેઓ કાંઈક પરિવર્તન માટે આતુરતાથી રાહ જોતા હતા "–દત્ત મહાશય. ( મહાવીર જીવન વિસ્તાર પૃ૦ ૯–૧૦ )

શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં આવેલા '**યજ્ઞીય**' અને '**હરિકેશીય**' અધ્યયન, ઉપરની હકીકતનું સમર્થન કરે છે. તે અધ્યયનમાં બ્રાહ્મણનાં લક્ષણો દર્શાવ્યાં છે અને સાથે એ હકીકત સ્પષ્ટપણે જણાવી છે કે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ કોઇ પ્રકારની જાત નથી, પણ એ ઉપનામો માત્ર ક્રિયાજન્ય છે–(જુઓ–ઉત્તરા૦ ૨૫ મું અને ૧૨ મું અધ્યયન.)

વર્ધમાનની જીવન દશા અને તેમના સમયની પરિસ્થિતિ ઉપરથી આપણે તેમનું લક્ષ્ય કે ધ્યેય સહજમાં જ સમજી શકીએ છીએ. નીચેના એકજ વાકયમાં તેમનું સંપૂર્ણ ધ્યેય સમાઇ જાય છે. આચારાંગ સૂત્રમાં, વર્ધમાનના સંદેશવાહી સુધર્માએ વર્ધમાનનો ઢંઢેરો આ પ્રમાણે જણાવ્યો છેઃ–

"सव्वे पाणा पियाउया, सुहसाया, दुक्खपडिकूला, अप्पियवहा, पियजीविणो, जीविउकामा" "सव्वेसिं जीवियं पियं"

અર્થાત્ " બધા જીવો આયુષ્યને અને સુખને ચાહે છે. દુઃખ અને વધ ( મરણ ) સૌને અપ્રિય છે. સર્વે કોઈ પ્રિય જીવી છે. અને જીવવાની વૃત્તિવાળા છે. " " જીવવું બધાને વહાલું લાગે છે. " ( આચારાંગ, મોરબી૦ પૃ. ૨૧ )

પરમયોગી વર્ધમાન સ્વભાવે દયાળુ ન હતા તેમ અદયાળુ પણ ન હતા. તેઓની દશા 'વિચરે ઉદય પ્રયોગ' ની જેવી હતી. તેઓ અત્યંત મિતભાષી (વાચંયમ) હતા. તેઓએ પોતાના ચારિત્ર્યમાં યથાખ્યાત માર્ગને જ અવલંબ્યો હતો–આપદ્ધર્મને નામે પણ પોતાની રક્ષા માટે તેઓએ એક પણ બારી રાખી ન હતી. શરીર, વચન અને મન એ ત્રણે તેમના દાસ હતાં–જેમ એક યંત્રકાર, યંત્ર ઉપર પોતાની સત્તા ચલાવી શકે છે અને ઇચ્છાનુસાર યંત્રને ફેરવી શકે છે તેમ વર્ધમાને શરીર, વચન અને મન પાસે પોતાનું ધાર્યું જ કરાવ્યું હતું—તેઓ શરીરના કોઈ ભાગમાં ખંજવાળ આવે તો ખંજવાળતા પણ નહીં. શરીર ઉપરના મેલને પણ દૂર કરવાની વૃત્તિ રાખતા નહીં. આંખો અને તેટલી નિર્નિમેષ રાખતા અને સંપૂર્ણ નગ્ન ભાવ ધારણ કરી તેઓએ લોકલજ્જા જીતવાનો ઉગ્ર પ્રયત્ન સેવ્યો હતો. આ દશાને પહોંચવા માટે તેઓ આરણ્યક થયા હતા અને ઘણા લાંબા સમય સુધી તેઓએ આકરામાં આકરી ટાઢ, તાપ, ભૂખ અને તૃષા સહ્યા કરી હતી. તેઓએ દીક્ષિત થતાં જ લોક પ્રવાહનું અનુસરણ છોડયું હતું અને પોતાના અનુયાયિઓને જણાવ્યું હતું કે, **णो लोगस्सेसणं चरे** એટલે લોકૈષણાને–લોકવાદને—અનુસરશો નહીં—દુનિઆની દેખાદેખી કરશો નહીં (આચા૦ બો૨૦ પૃ. ૮૪)

દીર્ઘતપસ્વી વર્ધમાન અને બુદ્ધ બન્ને સમસામયિક મહાત્માઓ હતા, બન્ને નિર્વાણવાદી મહાપુરૂષો

હતા અને તે બન્નેનું લક્ષ્ય એક જ હતું; પરંતુ લક્ષ્ય સાધવાની તે બન્નેની પ્રવૃત્તિ તદ્દન જુદી જુદી હતી–બુદ્ધ મધ્યમ માર્ગના ઉપાસક હતા, વર્ધમાન તીવ્ર માર્ગના હિમાયતી હતા. બુધ્ધે પોતાની માર્ગ વ્યવસ્થામાં લોક-શ્રેયને પ્રથમ સ્થાન આપ્યું હતું, વર્ધમાને લોકનો સંસ્પર્શ સુદ્ધાં છોડયો હતો. વર્ધમાન રહેણી કહેણીમાં એક જ હતા. તેમને એવો આગ્રહ હતો જ નહીં કે, 'હું કહું તે જ ખરૂં અને બીજાનું કહેવું ખોટું' તેઓ આ વાતને ખાસ માનતા હતા કે, એક જ લક્ષ્યને સાધવાના અનેક સાધનો સંભવી શકે છે, એથી સાધનભેદમાં વિરોધનો ગંધ પણ હોતો નથી. તેમના સમયમાં તેમનો અનુયાયી વર્ગ એકલક્ષ્યી હતો, પણ તે બધાના માર્ગો જુદા જુદા હતા. કોઈ મુમુક્ષુ નિરાહારી રહેતો, કોઇ ભોજન પણ કરતો, કોઈ સર્વથા નગ્ન ભાવે રહેતો, કોઈ સવસ્ત્ર પણ રહેતો, કોઇ સ્વાધ્યાયી હતો, કોઇ વિનયી હતો અને કોઈ ધ્યાની હતો. એમ આત્માને સ્વસ્થ કરવાના માર્ગો અનેક હતા, પણ લક્ષ્ય બધાનું એક જ (આત્મસ્વાસ્થ્ય) હતું. પ્રતિ પ્રાણી શરીરની, વચનની અને મનની સ્થિતિ ભિન્ન ભિન્ન હોવાથી સૌ કોઇ પોતાને અનુકૂલ અને પ્રકૃતિસાત્મ્ય-વાળા માર્ગને અવલંબતું. આજની પેઠે કોઇની એક હથ્થુ સત્તા ન હતી, જેથી સૌ કોઇને એકજ પ્રવાહે વળવું પડે. મુમુક્ષુઓ જેમ જેમ વિશેષ યોગ્યતા મેળવતા તેમ તેમ અધિકાધિક ઉચ્ચ સાધનને અવલંબતા. કોઈ ઉપર કોઈ જાતનું અમર્યાદિત દબાણ ન હતું. તેમના અનુયાયી

વર્ગનો આ પ્રઘોષ હતો કે, " धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो " અર્થાત્ અહિંસા, સંયમ અને તપરુપ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. " ( દશવૈકાલિક-પ્રારંભ ) આ પ્રઘોષમાં ક્યાંય એકદેશીયતાનો ગંધ પણ નથી. આટલા ઉપરથી વર્ધમાનની જીવન દશા, તેમના સમયની પરિસ્થિતિ અને તેમનું ધ્યેય એ બધું આપણા સમજવામાં આવી શકે તેમ છે. હવે આપણે એમનું શાસ્ત્રસાહિત્ય, તેની મૂળ સ્થિતિ અને વર્તમાનમાં જણાતી વિકૃત સ્થિતિ સંબંધે વિચારવું ઘટે છે. અહીં આ વિષે વિશેષ ચર્ચામાં ઉતરતાં પહેલાં મારે મૂળ સ્થિતિ અને વિકૃત સ્થિતિના સંબંધમાં આ પ્રમાણે ખુલાસો કરવાનો છેઃ—જે મહાપુરુષ, માર્ગના ધોરી છે, તેમનું લક્ષ્ય અને સાધનો જેમાં યથાસ્થિત રીતે અનાગ્રહિપણે ગોઠવવામાં આવ્યાં હોય તે રચના શૈલી મૂળ સ્થિતિની છે અને જે રચના શૈલીમાં લક્ષ્ય તરફ દુર્લક્ષ્ય કરી માત્ર સાધનોની તકરારોનો ઘોંઘાટ જણાતો હોય તે, વિકૃત સ્થિતિની છે. આ નિબંધ પૂરો થતાં સુધી મારૂં આ લક્ષણ વાચકોએ બરાબર ધ્યાનમાં રાખવાનું છે. હવે હું વર્ધમાનના સમયની રચના શૈલી તરફ આપ સૌનું ધ્યાન ખેંચું છઉં—

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં જ્યારે વર્ધમાન પોતે હયાત હતા, ત્યારે આજની પેઠે ઉપદેશ પ્રચારવાને પૂરતાં સાધનો ન હતાં. જો કે લખવાની કળા તો તે વખતે પણ હતી, પરંતુ તેનો ઉપયોગ વિશેષે કરીને વ્યવહાર વિભાગમાં ચાલુ હતો. મુમુક્ષુ શ્રમણોપાસકો ( શ્રાવકો ) અને શ્રમ-

ણોમાં સત્સંગની પ્રવૃત્તિ ચાલુ હતી. જ્યારે તેઓ વર્ધમાન પાસે યા બીજા કોઈ વડિલ શ્રમણ પાસે જતા ત્યારે તે મહાત્માઓ, શ્રોતાની યોગ્યતા પ્રમાણે તેના હિતની બે ચાર વાતો વિધેય રીતે ( આમ કરો જ એમ નહીં, પણ, આમ કરવું જોઈએ એ રીતે ) દર્શાવતા અને શ્રોતાઓ તેને પોતાના નામની પેઠે યાદ કરી લેતા. જે વાતોમાં પોતાનું ખાસ હિત સમાયું છે તે વાતોને પાંદડાં કે કાગળ ઉપર પર ટપકાવવા કરતાં મંત્રની પેઠે હૃદયમાં કોતરી રાખવી વધારે ઉચિત છે એમ સમજીને પણ એ ઉપદેશો ન લખાતા હોય તે સંભવિત છે. વર્ધમાનના મુખ્ય શિષ્યોએ પોતાના અનુયાયિઓને શીખવવા માટે વર્ધમાનના તે તે ઉપદેશોને સંક્ષેપમાં ગોઠવી રાખ્યા હતા અને તે પણ કંઠાગ્ર જ રહેતા હતા, જ્યારે પ્રસંગ આવતો ત્યારે ' વર્ધમાને આમ કહ્યું છે ' વા 'વર્ધમાન પાસેથી આમ સાંભળ્યું છે ' એવી શરૂઆતથી તે ઉપદેશોનું વિવેચન કે વ્યાખ્યાન થતું હતું. એ બધા ઉપદેશો તે સમયની લોકભાષામાં--માગધીમિશ્રિત પ્રાકૃત ભાષામાં (પાલી ભાષાની જેવી ભાષામાં) થતા હોવાથી આબાળગોપાળને સમજવા સુગમ અને સુલભ થતા, અને સૌ કોઈને-શ્રમણોપાસક,શ્રમણોપાસિકા, શ્રમણ કે શ્રમણીને-શક્તિ પ્રમાણે ઓછા વધતા કંઠસ્થ રહેતા, વર્તમાનમાં જેને આપણે 'એકાદશાંગ' સૂત્રનું નામ આપીએ છીએ, તેનું મૂળ એ ઉપદેશો હતા. એ મૂળ ઉપદેશો અને વર્તમાન 'એકાદશાંગ સૂત્ર' એ એમાં કાળે કરીને ભાષાદૃષ્ટિએ અને અર્થદૃષ્ટિએ કેટલું પરિવર્તન થવા પામ્યું છે તે વિષે અને તેમ થવાનાં કારણો

વિષે મેં એક ખાસ જૂદો નિબંધ લખ્યો છે, તેનો કેટલોક ખાસ ઉપયોગી ભાગ નીચે ટિપ્પણમાં આપું છું.* હજુ એ વિષે મારો પ્રયાસ ચાલુ છે. અને સમય આવ્યે તે પ્રયાસનું પરિણામ 'જિનશ્રુત'ના નામે પણ પ્રકટ થશે.

જૈન દર્શન નિત્યાનિત્યવસ્તુવાદનું સમર્થન કરે છે, તેની દૃષ્ટિએ વસ્તુનું મૂળ કાયમ રહે છે અને તે મૂળના પરિસ્થિતિ પ્રમાણે અનેક ઘાટો બદલાયા કરે છે. એ પરિવર્તન વ્યવહારૂ છે અને ઉપયોગી પણ છે. કિંતુ 'આકાશ મૂર્તરુપ ધારણ કરે અને જડ ચેતન રુપે પરિણમે, એવા સર્વથા મિથ્યાવાદનો જૈન દર્શન પ્રબલ વિરોધ કરે છે, એનું કારણ એ છે કે એ સિદ્ધાંતમાં મૂળ પદાર્થ સ્વરુપથી

---

* જે અંગ સહિત્ય અત્યારે વિદ્યમાન છે તે અનેક પરિવર્તનો પામતું પામતું કઇ કઇ સ્થિતિઓમાંથી પસાર થઈ આપણી પાસે આવેલું છે, તે બાબત નીચેની હકિકત ઉપરથી જાણી શકાશે:

પરમ શ્રમણ શ્રીમહાવીરનું વર્તન જ એક મહોપદેશકની ગરજ સારે તેવું હોવાથી અને તેમના તથા તેમના શ્રમણોના આચાર એટલા બધા નિવૃત્તિપરાયણ હતા કે જેથી આત્મ-નિષ્ઠ એવા તેમનામાંના કોઇને, ગુરૂ તરફથી પ્રાપ્ત થએલા આત્મજ્ઞાનના સંક્ષિપ્ત પરંતુ ગંભીર ઉપદેશાત્મક વાક્ય-સમૂહોને લિપિબદ્ધ કરવાની જરા પણ જરૂર હતી નહીં. એટલે તેઓ તે ઉપદેશાત્મક વાક્ય-સમૂહોને પોતાની આત્મજાગૃતિ માટે જેવાને તેવા કંઠસ્થ રાખતા હતા. અને એ ઉપદેશો બહુ જ ટુંકાં વાક્યોમાં સમાએલા હોવાથી તે સૂત્ર એવા નામે પ્રસિદ્ધ થયા હતા. અને એ જ કારણથી અત્યારે ઉપલબ્ધ થતા તે સૂત્રોના વિશાલ વિસ્તારનું પણ સૂત્ર એવું જ નામ પ્રસિદ્ધ થઇ રહ્યું છે. અર્થાત્ જે સૂત્ર શબ્દ, તે ગણધર મહાશયોના સમયે પોતાની ('સૂચનાત્ સૂત્રમ્' વાળી) ખરી વ્યુત્પત્તિને ચરિતાર્થ કરતો હતો, તે જ સૂત્ર શબ્દ, અત્યારે પોતાની તે વ્યુત્પત્તિને કોરે મૂકી, જૈન

સંપ્રદાયની રુઢિને વશ થઇ, પ્રમાણમાં લાખો શ્લોકો જેટલા ગણાતા(?) ગ્રંથોને પણ પોતાના ભાવમાં સમાવવા લાગ્યો છે !

કહેવાની જરૂર નથી કે, જ્યાં સુધી ગણધરોના અનન્તર શિષ્ય એવા સ્થવિર મહાશયોએ તે સંક્ષિપ્ત સૂત્રોને કણ્ઠસ્થ રાખ્યાં હતાં ત્યાં સુધી તો તેની અર્ધમાગધી જરા પણ પરિવર્તન નહીં પામી હોય. પણ જ્યારે તે સૂત્રો શિષ્ય પરંપરામાં પ્રચાર પામ્યાં હશે અને તે શિષ્યપરંપરા ભિન્ન ભિન્ન દેશોમાં વિહાર કરતી હશે, ત્યારે સંભવ છે કે જરૂર તે સૂત્રોની મૂળ ભાષા—અર્ધમાગધી ભાષા—ભિન્ન ભિન્ન દેશના સંસર્ગને લીધે, સ્મૃતિભ્રંશને લીધે અને ઉચ્ચારભેદને લીધે પરિવર્તન[1] પામવા લાગી હોય.

વધારે આગળ ન જતાં પરમ શ્રમણ મહાવીરના બીજા સૈકાની જ વાત તરફ લક્ષ્ય કરતાં જણાય છે કે—" [2]જ્યારે આર્ય શ્રીસ્થૂલભદ્ર વિદ્યમાન હતા ત્યારે દેશમાં ( મગધમાં ? ) એક સાથે ઉપરાઉપર મહાભીષણ બાર દુકાળી પડી હતી તે સમયે સાધુઓનો સંઘ પોતાના નિર્વાહ માટે સમુદ્ર કાંઠાના પ્રદેશમાં રહેવા ગયો હતો. ત્યાં સાધુઓ પોતાના નિર્વાહની પીડાને લીધે કંઠસ્થ રહેલ શ્રુતને ગણી શકતા ન હતા. અને તેથી તે શ્રુત વિસરાવા લાગ્યું. આ રીતે અન્નના દુકાળની અસર પવિત્ર શ્રુત ઉપર પણ એક સરખી પડવાથી એક દુકાળિયાના જેવા જ તે શ્રુતના પણ હાલહવાલ થયા. જ્યારે તે ભીષણ દુકાળ મટી સુકાળ થયો ત્યારે પાટલીપુત્રમાં ( પટણામાં ) શ્રીસંઘ ભેગો મળ્યો અને જે જેને યાદ હતું તે બધું એકઠું કરાયું. આ રીતે માંડમાંડ અગિઆર અંગો સંધાયાં. પણ દૃષ્ટિવાદ નામનું બારમું અંગ તો સમૂળગું નાશ પામ્યા જેવું જ થઇ ગયું હતું. કારણ કે, તે સમયે આર્ય ભદ્રબાહુ એકલા જ દૃષ્ટિવાદના અભ્યાસી હતા." આ ઉપરથી જાણી શકાય છે કે, શ્રીવીરના બીજા સૈકાથી જ શ્રુતની

૧ જુઓ રુપકપરિભાષા.

૨ જુઓ—પરિશિષ્ટપર્વ—( અષ્ટમ સર્ગ, શ્લો. ૧૯૩ તથા નવમ સર્ગ શ્લો. ૫૫—૫૮ )

છિન્ન ભિન્નતા-શ્રુતની ભાષામાં અને ભાવોમાં પરિવર્તન-ન્યૂનાધિકતાની શરૂઆત થવા લાગી. આપણા કમભાગ્યે આ શરૂઆત એટલેથી જ અટકી નહીં, પણ ઉત્તરોત્તર વિશેષ વધતી ગઇ. એટલે કે તે દુકાળી ઉતર્યા પછી આગળ આવતાં લગભગ ત્રણસેં ચારસેં વર્ષે-વીર નિર્વાણથી પાંચમા છઠ્ઠા સૈકામાં-આર્ય શ્રી[1]સ્કંદિલ અને [2]વજસ્વામિની નિકટના સમયમાં તેવી જ એક બીજી ભીષણ બાર દુકાળી આ દેશે પાર કરી હતી. તે હકિકતનું વર્ણન આપતાં જણાવવામાં આવે છે કે-" [3]બાર વર્ષનો ભયંકર દુકાળ પડયે સાધુઓ અન્નને માટે જુદે જુદે સ્થલે હિંડતા હોવાથી શ્રુતનું ગ્રહણ, ગુણન અને ચિંતન ન કરી શકયા. એથી તે શ્રુત વિપ્રનષ્ટ થયું, અને જ્યારે ફરી વાર સુકાળ થયો ત્યારે મથુરામાં શ્રીસ્કંદિલચાર્ય પ્રમુખ સંઘે મોટા સાધુસમુદાય ભેગો કરી જે જેને સાંભર્યું તે બધું [4]કાલિકશ્રુત સંઘટિત કર્યું. " આ દુકાળે તો માંડ માંડ બચી રહેલ તે શ્રુતની ઘણી વિશેષ હાની કરી. આ ઉદ્ધાર શૂરસેન દેશના[5] પાટનગર મથુરામાં થએલ હોવાથી તે શ્રુતમાં શૌરસેની ભાષાનું ઘણું મિશ્રણ થવા સાથે તેમાં જુદાં જુદાં અનેક [6]પાઠાંતરો પણ વધવા લાગ્યાં.

---

૧-૨. જુઓ મેરૂતુંગસૂરિની વિચારશ્રેણી.

૩. જુઓ, નંદિચૂર્ણિ, લિ. પૃ. ૪

૪. કાલિકશ્રુત માટે જુઓ નંદિસૂત્ર.

૫ જુઓ-પ્રજ્ઞાપના, આર્યદેશવિચાર.

૬ બહુ પાઠભેદોથી મુંઝાતા શ્રી અભયદેવસૂરિજી જણાવે છે કે—

अज्ञा वयं शास्त्रमिदं गभीरं
प्रायोऽस्य कूटानि च पुस्तकानि । "

प्रश्नव्याकरणवृत्तिप्रारम्भे.

" किमपि स्फुटीकृतमिह स्फुटेऽप्यर्थतः
सकष्टमतिदेशतो विविधवाचनातोऽपि यत् "

ज्ञाताधर्मकथावृत्तिप्रान्ते.

હવે તો ખેદ સાથે જણાવવું પડે છે કે, તે વિષમ દુઃખનો પ્રસંગ વીત્યા પછી પણ પ્રકૃતિ દેવીની અકૃપાથી પાછી તેવી જ બાર દુકાળીએ શ્રીવીરાત્ ૧૦ મા સૈકામાં દેશ ઉપર પોતાનો પંજો ચલાવ્યો અને તે વખતે તો ઘણા બહુશ્રુતોનું અવસાન થવા સાથે જે જીર્ણ શીર્ણ શ્રુત રહેલું હતું તે પણ બહુ જ છિન્નભિન્ન થઈ ગયું. આથી તે સમયના અંગ સાહિત્યની સ્થિતિ સાથે શ્રીવીરના સમયના અંગ સાહિત્યની તુલના કરનારને, બે ઓરમાન ભાઈ વચ્ચે જેટલું અંતર હોય તેટલું અંતર, તે બે વચ્ચે લાગે એ સર્વથા સંઘટિતકલ્પ છે. એ વિષમ સમયની સ્થિતિ દર્શાવતાં જણાવવામાં આવે છે કે—

" श्रीदेवर्धिगणिक्षमाश्रमणेन श्रीवीराद् अशीत्यधिकनवशत (९८०) वर्षे जातेन द्वादशवर्षीयदुर्भिक्षवशाद् बहुतरसाधुव्यापत्तौ बहुश्रुतविच्छित्तौ च जातायां + + + भविष्यद्भव्यलोकोपकाराय, श्रुतभक्तये च श्रीसंघाग्रहाद् मृतावशिष्टतदाकालीनसर्वसाधून वलभ्यामाकार्य तन्मुखाद् विच्छिन्नावशिष्टान् न्यूनाधिकान् त्रुटिता-ऽत्रुटितान् आगमालापकान् अनुक्रमेण स्वमत्या संकलय्य पुस्तकारूढाः कृताः । ततो मूलतो गणधरभाषितानामपि तत्संकलनानन्तरं सर्वेषामपि आगमानां कर्ता श्रीदेवर्धिगणिक्षमाश्रमण एव जातः," ( समयसुन्दरगणीरचितसामाचारीशतके.)

અર્થાત્ "શ્રીદેવર્ધિગણિ ક્ષમાશ્રમણે, બાર દુકાળીને લીધે ઘણા સાધુઓનો નાશ થયે અને અનેક બહુશ્રુતોનો વિચ્છેદ થયે, શ્રુત ભક્તિથી પ્રેરાઈ ભાવી પ્રજાના ( આપણા ) ઉપકાર માટે શ્રીવીરાત્ ૯૮૦ વર્ષે શ્રીસંઘના આગ્રહથી તે કાળે બચેલા સાધુઓને વલભીપુરમાં બોલાવી તેઓના મુખથી અવશેષ રહેલ ઓછા વધતા, ત્રુટિત અને અત્રુટિત

જ ભ્રષ્ટ થવા જાય છે. આ ઉપરથી આપણે એમ જાણી શકીએ છીએ કે, મૂળ પદાર્થને કાયમ રાખી, સંયોગાનુસાર તેનું પરિવર્તન જૈનદર્શનને સંમત છે પણ મૂળ પદાર્થનો સ્વરુપભ્રંશ તો સર્વથા અસહ્ય અને અનિષ્ટ છે. જૈનદર્શનનો આ સિદ્ધાંત તત્ત્વવાદ તેમ આચારવાદમાં સર્વવ્યાપી હોવાથી તેનું બીજું નામ ‘ અનેકાંત દર્શન ’ પડયું છે. તેનો આ સિદ્ધાંત પ્રકૃતિના બંધારણને અનુસરતો છે. પ્રકૃતિની એવી રચના છે કે, સંયોગવશે વજ્ર જેવો ઘનમાં ઘન અને ગુરુતમ પદાર્થ પણ નરમ ઘેંશ જેવો થઈ જાય છે અને નરમ રાબ જેવો પ્રવાહી પદાર્થ વજ્ર જેવો ઘન અને કઠોર બને છે.–આ હકીકત વ્યવહારૂ છે, અનુભવ પ્રતીત છે અને પ્રયોગશાળા જોનારને પ્રત્યક્ષ સિદ્ધ છે તો પછી વર્ધમાનના સમયના ઉપદેશો, આચારો, વિચારો, કે તત્ત્વવાદ પરિવર્તિત થાય એમાં કાંઈ નવાઈ જેવું નથી.

---

આગમના પાઠોને અનુક્રમે પોતાની બુદ્ધિથી સાંકળી પુસ્તકારુઢ કર્યાં. આવી રીતે મૂળમાં સૂત્રો ગણધરોનાં ગુંથેલાં હોવા છતાં દેવર્ધિંગણિએ તેનું પુનઃ સંકલન કરેલું હોવાથી તે બધા આગમોના કર્તા શ્રીદેવર્ધિંગણિ ક્ષમાશ્રમણ જ કહેવાય છે. ”

ઉપરની હકિકતથી સમજી શકાશે કે ગણધરોએ ગુંથેલાં સૂત્રો ( અંગો ) ઉપર કેવા કેવા યુગો પ્રસર્યા છે. જે સાહિત્ય ઉપર કુદરત તરફથી જ આવો ભીષણ પ્રકોપ થાય તે સાહિત્ય, પરંપરામાં એક સરખું જ ઉતરી આવે, એ વાત મારી કલ્પનામાં તો બંધ બેસતી નથી આવતી. કિંતુ જે અંગ સાહિત્ય અત્યારે વિદ્યમાન છે તે દુકાળોના ભીષણ પ્રહારોને લીધે—કાળ, રુઢિ, સ્પર્ધા અને સ્વાચ્છંદનાં અસહ્ય જખમોથી જખમાએલી સ્થિતિમાં આપણી પાસે હયાતી ધરાવે છે.

વર્તમાન સમયે વર્ધમાનની જેવાં શરીરો, વૃત્તિઓ, વસ્ત્રો, ઘરો, વૈભવો કે મનુષ્યો, એમાંનું કશું સ્થિર–એકરૂપે રહ્યું નથી, તેમ પરંપરાએ એકાકારે ચાલતું આવ્યું નથી. એટલું જ નહિ પણ તેમાં એટલો બધો ફેરફાર થઈ ગયો છે કે, વર્ધમાનના સમયનો કોઈ ક્ષત્રિયકુંડનો રહેવાશી આજે આવીને પોતાનું ગામ જુએ તો તે તુરત તો એમ ન સમજી શકે કે, તે આ જ ક્ષત્રિયકુંડ છે જેમાં હું રહેતો હતો. રાતદિવસની પેઠે આ પરિવર્તનક્રમ જેટલો અનિવાર્ય છે તેટલો જ ઉપયોગી છે. આ પરિવર્તનની પ્રથા શરૂ ન હોત તો આપણી જેવા નિત્ય નવી રૂચિવાળા મનુષ્યોને આ સંસારમાં ગોઠત કે કેમ આ એક પ્રશ્ન છે.

આ સ્થળે વાચકો મને જરૂર પૂછશે કે, જો આ પરિવર્તનક્રમ વસ્તુ માત્રને સરખો લાગુ પડે છે તો જૈન સાહિત્યને પણ લાગુ પડે તેમાં તેનો વિકાર શાનો ? અને વળી તે વિકારથી હાની શાની ?

મારે નમ્રતાપૂર્વક જણાવવું જોઈએ કે, પરિવર્તનની બે જાત છે, જેમાનું એક પરિવર્તન વિકાસ ગણાય છે અને બીજું વિકાર ગણાય છે–એક મનુષ્ય નિયમિત પથ્ય આહારને નિરંતર લેતો હોય, તેનું જઠર તેને પચાવી તેમાંના સારભાગને લોહીરૂપે, શુક્રરૂપે કે પિત્તાદિરૂપે પરિણમાવતું હોય અને તે દ્વારા તેના અવયવો પુષ્ટ થતા હોવાથી તેના મુખ ઉપર લાલિમા આવવાથી તે પરિવર્તનનું નામ શારીરિક વિકાસ કહેવાય છે. અને અનિયમિત અપથ્ય આ-

ડાર લેનારના શરીરમાં જે ફીકાશ આવે છે, શરીર ફુલી જાય છે વા શરીર ઉપર જે સોઝા ચડે છે તેનું નામ શારીરિક વિકાર કહેવાય છે—એ વિકાસ અને વિકાર બન્ને પરિવર્તનની દૃષ્ટિએ તો સરખા છે પણ તેમાંનું એક, આપણને વિશેષ ઇષ્ટ છે અને બીજું, તદ્દન અનિષ્ટ છે. તેજ પ્રકારે જે સાહિત્યની રચના શૈલીને પરિસ્થિતિ પ્રમાણે ફેરવવામાં આવતી હોય વા અપૂર્ણ રચના શૈલીને સમય અને સંયોગાનુસારે વધારી ઘટાડી પુષ્ટ બનાવવામાં આવતી હોય તે પરિવર્તન સાહિત્યવિકાસની કોટિનું છે, પરંતુ જે રચના શૈલીને સ્વાચ્છંદ દુરાગ્રહ, ગૃદ્ધતા કે લોકૈષણા વિગેરે અપથ્યના—કુપથ્યના—સંસર્ગથી ફીકી કરવામાં આવી હોય, શોફિત કરવામાં આવી હોય અને ઢોલની પેઠે ફુલાવી દેવામાં આવી હોય તે પરિવર્તનને 'સાહિત્ય—વિકાર' ની સંજ્ઞા બરાબર ઘટતી આવે છે. આ બે પરિવર્તનમાં પ્રથમનું આપણું હિતકર અને કલ્યાણકર છે, બીજું આપણું અહિતકર અને અમંગળકર છે.

કોઇ દેશ, સમાજ કે ધર્મ જો પ્રગતિ કે પ્રચાર પામ્યો હોય તે પ્રથમ પરિવર્તનથી જ અને કોઈ દેશ, સમાજ કે ધર્મ જો અધઃપાત કે હ્રાસ પામ્યો હોય તો આ બીજા પરિવર્તનથી જ. વર્તમાન ભારત, એની પ્રજા અને તેનો ધર્મ જે અપદશા અનુભવે છે તે સઘળો આભાર એ બીજા પરિવર્તનનો જ છે. કોઇ પણ ધર્મ કલહને પોષતો નથી, પ્રજાના વિકાસને અટકાવતો નથી, પ્રજાનાં વિકાસકર વ્યવહારુ બંધારણોમાં હસ્તપ્રક્ષેપ કરતો નથી છતાં વર્તમાન

યુગના ધર્મિઓ ધર્મને આગળ કરીને જાણે પોતે જ ધર્મના રક્ષક ન હોય તેમ ધર્મને નામે કલહો કરે છે, પ્રજાબળને ક્ષીણ કરે છે, યુવકોના વિકાસને અટકાવે છે અને જાગતી પ્રજાને ધર્મના હાઉથી બીવરાવી ઉંઘાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે—એ બધાનું મૂળ એ બીજું જ પરિવર્તન છે.

વાચકો સમજી શકયા હશે કે, દેશકાલાનુસારી પરિવર્તન જેટલું ઉપયોગી નીવડે છે, વિપરીત પરિવર્તન તેટલું જ ભયંકર નીવડે છે. મારા સમજવા પ્રમાણે જૈન સાહિત્યમાં ઇષ્ટ અને અનિષ્ટ એ બન્ને જાતનાં પરિવર્તનો થએલાં છે. તેમાંનાં ઇષ્ટ પરિવર્તનોને આદર આપવો ઘટે છે અને અનિષ્ટ પરિવર્તનોને દૂર કરવાં ઘટે છે. મારો અહીં ચર્ચાનો મુખ્ય વિષય આ છે કે, તે અનિષ્ટ પરિવર્તનો શાથી થયાં ? કોણે કર્યાં ? અને તેની વિગત શી છે ?

સર્વથા સત્ય—ખુલ્લું સત્ય—શુદ્ધ સત્ય—એક એવું ભારે રસાયન છે કે, તેને મનુષ્યમાત્ર જીરવી શકતો નથી. જેમ ઘણો પ્રકાશ વિશાળ નેત્રવાળાને પણ આંજી નાંખી તેની દર્શન શકિતનો રોધ કરે છે, તેમ કેવળ શુદ્ધ સત્યનો ઉપદેશ લૌકિક મનુષ્યને મુંઝવણના વમળમાં ગોથાં ખવરાવે છે—શુદ્ધ સત્યની દૃષ્ટિએ પુણ્યપાપનાં પડ ટકતાં નથી, શુદ્ધ સત્યની દૃષ્ટિએ સારાસાર ટકતો નથી, શુદ્ધ સત્યની દૃષ્ટિએ જાતિ અજાતિ ટકતી નથી. જો કાંઇ પણ ટકતું હોય તો તે માત્ર એક સ્વાસ્થ્ય—સિદ્ધવેદ્ય સ્વાસ્થ્ય—જ ટકી રહે

છે. જો કે નિર્ભેળ સત્ય પિશાચ જેવું બીહામણું લાગે છે. તો પણ પરમ શાંતિ તો તેમાં જ રહેલી છે. વિકાસની પરાકાષ્ઠાએ પહોંચનાર મનુષ્યમાત્રે જે દિ તે દિ તેનો જ ખોળો શોધવાનો છે, એ અનિર્વચનીય અને અગેય હોવાથી કોઇથી નિર્ભેળ રીતે કહેવાયું નથી, ગવાયું નથી પણ શોધ્યું છે બધાએ. વર્તમાનમાં એને કોઇ કહી શકે તેમ નથી, ભવિષ્યમાં પણ તે કહેવાય તેવું નથી. મનુષ્ય જન્મથી જ કૃત્રિમ સત્યોનો સંસર્ગી છે તેથી એની પાસે નિર્ભેળ સત્યનો સીધો ઉપદેશ શી રીતે દેવાય ? એ જ એક કારણથી માનવની અવનતિની આશંકાથી—આજ અનંતકાળથી તે, છુપું જ રહ્યું છે અને હવે પછી પણ તે હમેશાને માટે છુપું રહેવાનું છે. પરંતુ તે જ સર્વનું ધ્યેય અને અંતિમ લક્ષ્ય હોવાથી સર્વ કોઈ જાણ્યા અજાણ્યા તેની જ ઉપાસના કરી રહ્યા છે—સાંસારિક વ્યવહારમાં નિપુણતા મેળવવા માટે જેમ શરૂઆતમાં કૃત્રિમ સાધનોનો અને કૃત્રિમ વ્યવહારોનો ઉપયોગ કરવામાં આવે છે તેમ એ પરમ સત્યને મેળવવા માટે પણ કૃત્રિમ સત્ય અને કલ્પિત વ્યવહારોની યોજના કરાએલી છે. એ કલ્પિત સત્યો વા સભ્યસત્યો અને કલ્પિત વ્યવહારોને હું ઇષ્ટ પરિવર્તનની કોટિમાં મુકું છું—તે કૃત્રિમ સત્યો અને વ્યવહારોમાં સમયને અનુસારે, સમાજને અનુસારે અને પરિસ્થિતિને અનુસારે અનેક પરિવર્તનો થઇ ચૂકયાં છે, થયાં કરે છે, અને થયાં કરશે. પરંતુ જ્યારે તે પરિવર્તનોની સમજમાં ઉપદેશકો કે ઉપાસકો ભૂલ કરે છે, આગ્રહ કરે છે, જોહુકમી ચલાવે છે અને પોતાનો સિક્કો જમા-

વવા સમય, સમાજ કે પરિસ્થિતિની અવગણના કરવાનું પણ ચૂકતા નથી, ત્યારે જ તે ઇષ્ટ પરિવર્તનોમાં અનિષ્ટ પરિવર્તનો ભળી જાય છે અને પછી પેઢી પરપેઢીમાં થનારા ઉપદેશકો કે ઉપાસકો તે જ અનિષ્ટ પરિવર્તનોને પુષ્ટ કરે છે, શાસ્ત્રમાં ભેળવે છે અને પોતાના વડિલોને (વર્ધમાનાદિને) નામે પણ ચડાવી તેને વજ્રલેપ જેવાં દૃઢ કરે છે. જ્યારે સમાજ વર્ષોના વર્ષો સુધી એ જ અનિષ્ટ પરિવર્તનોમાં ટેવાઈ જાય છે ત્યારે તેનો ધર્મ, સિદ્ધાંત અને કર્તવ્ય તે અનિષ્ટ પરિવર્તનો જ બને છે અને તેના ફલ રૂપે શાંતિને બદલે કલેશ, આરોગ્યને બદલે મંદવાડ, શેઠાઈને બદલે કંગાલીયત, સ્વાતંત્ર્યને બદલે ગુલામગિરિ વિગેરે નરક કરતાં પણ ભયંકર યાતનાઓ સહવી પડે છે–આશ્ચર્ય તો એ છે કે, વર્તમાન જૈન સમાજ તે પ્રસ્તુત સ્થિતિને અનુભવી રહ્યો છે તો પણ ઉંચી આંખ કરીને જરી જોતો નથી કે વિચારતો પણ નથી કે આ શું ? અથવા પૂર્વાર્જિતનું જાણે પ્રાયશ્ચિત્ત ન કરતો હોય તેમ તે બધું મુંગે મોઢે સહ્યે જાય છે—એક દરદિને કોઈ વૈદ્યે રોગવશે કરીને તમાકુ ખાવાની અનુમતિ આપી ત્યારે શરૂઆતમાં તો તે દરદિને તમાકુનો ગંધ સહવો પણ દુષ્કર થઈ પડયો, પરંતુ તેને ખાદ્યેથી જ છુટકો હોવાથી તે રોગી આસ્તે આસ્તે તમાકુનો હેવાયો થઈ ગયો, તે તરફની તેની ઘૃણા જતી રહી અને તે હવે ખુશીની સાથે તમાકુનું પ્રાશન કરવા લાગ્યો–તમાકુ તો મહાદેવને પણ વહાલી છે એમ કહી પોતાની નિર્દોષતાને

સ્થાપિત કરવા સાથે તમાકુની દેવપ્રિયતા પણ વર્ણવવા લાગ્યો. તેના પરિણામમાં તેનો રોગ તો નાબુદ થયો પણ તમાકુને કાઢવામાં અસહ્યતા જણાઇ. તમાકુને ચિંધનાર વૈદ્યે જ જણાવ્યું કે હવે તમારે તમાકુ ખાવાની જરૂર નથી, કિંતુ પૌષ્ટિક દ્રવ્ય-મલાઇ વિગેરેને-ખાવાની અગત્ય છે. આ તમાકુના ભક્તને તે કાંઇ રૂચ્યું નહીં, તેને મન તો તમાકુ એ જ મલાઈ અને માવો દેખાયો. છેવટ તમાકુ તરફ ઘૃણા કરનાર તે મનુષ્ય તમાકુનો એટલો બધો ઉપાસક થયો કે જ્યારે જુઓ ત્યારે તેના મુખકમલમાં તમાકુ લક્ષ્મી વિરાજ્યાં જ હોય, તેનાં હાથનાં તળીયાં ચુના સાથે તમાકુને ચોળી ચોળીને કદ્રુપાં થયાં, તેના ઘરની ભીંતો તમાકુના રસથી રંગાઈ ગઈ અને છેવટે તે ભાઈએ દુઃખોમાં દહાડા ગાળી દેહ છોડયો પણ તમાકુ તો છોડી જ નહીં. એ જ રીતે કેટલાંક ઇષ્ટ પરિવર્તનો પણ તે તમાકુની જેવાં જ છે, સૌ કોઇને પરમ સત્ય સાથે સખીપણું કરવા માટે શરૂઆતમાં તે પરિવર્તનોનો આશ્રય લેવો પડે જ-પડે છે, તેનો આશ્રય લીધા વિના આપણો આત્મવિકાસ થઇ શકતો નથી. વ્યવહારમાં પણ અનુભવાય છે કે, કોઇ કળામાં પારંગત થવા માટે શરૂઆતમાં કલ્પિત, બનાવટી વા ઓઠાં જેવાં સાધનોનો સહવાસ રાખવો પડે છે-આપણાં બચ્ચાં ઢિંગલા પોતીયાની રમતથી ગૃહ વ્યવહાર અને કુટુંબ સંબંધ શીખે છે વાંચનમાળામાં આવતી કલ્પિત ( ચકલા ચકલીની ) વાતોથી આપણું જીવન ઘડાય છે અને એક અદ્વિતીય ભૌગોલિક થવા

માટે આપણે બનાવટી પૃથ્વીના ગોળા તરફ તાકયા કરવું પડે છે. બનાવટી નદીઓ, બનાવટી સમુદ્રો, બનાવટી પહાડો અને બનાવટી નગરો વિગેરે તરફ સાવધાનતાપૂર્વક જોયાં કરવું પડે છે. એવાં અનેક ઉદાહરણો સ્પષ્ટ પ્રતીત છે. પરંતુ જ્યારે આપણે પરિપકવ વયના થઈએ છીએ ત્યારે એવાં અર્થક્રિયાશૂન્ય ઢિંગલા પોતિયાને અડતા પણ નથી, ચિત્તવૃત્તિ કેળવાયા પછી કલ્પિત વાતો કરતાં વ્યવહાર વાતો વિશેષ લાભ કરે છે અને ભૌગોલિક પંડિત કાંઈ નિરંતર જ પોતાના ગજવામાં નકશાઓનો થોકડો રાખી મૂકતો નથી. જો આપણે બાલ્યાવસ્થામાંથી પરિપકવ થતાં સુધી ઉપર જણાવ્યા પ્રમાણે કાંઇ ફેરફાર ન કરીએ અને બાલકની ઢિંગલા પોતીયાની રમતને જ ચુસ્ત શ્રદ્ધાપૂર્વક વળગી રહીએ તો તેમ ચાલે ખરૂં ? આટલા વિશાળ સંસારમાં એવો એક પણ મનુષ્ય દેખાય છે જે પોતાની બાલકતાને જ પૂર્ણપણે જાળવી રહ્યો હોય ? હું તો માનું છું કે આપણી પ્રત્યેક સામગ્રીઓને પરિસ્થિતિ પ્રમાણે આપણે ફેરવ્યા કરીએ તો જ આપણો વિકાસ આગળ વધી શકે છે—સામગ્રીઓમાં ફેરફાર કરવો એમાં કાંઈ આપણા વડિલોનું આપણે અપમાન કરતા નથી, ઉલટું તે વડિલોના લક્ષ્ય સુધી પહોંચવા માટે જ જેમ આપણે ગુલાબના છોડની કલમો કરીએ છીએ તેમ આપણી પારંપરિક સામગ્રીઓની કલમો કરવી આવશ્યક છે. કેટલાક તો પ્રસંગો જ એવા આવે છે કે જેમાં કુદરત જ આપણને ફેરવી નાંખે છે.

પણ જ્યારે આપણે કુદરતની સામે થઇ અંધશ્રદ્ધાળુ બની બેસીએ છીએ ત્યારે નહિ ફેરવેલાં પાનની પેઠે આપણામાં સડો વધ્યા કરે છે, નહિ ફેરવેલા ઘોડાની પેઠે આપણી ગતિ રોકાઇ જાય છે, અને છેવટ નહિં ફેરવેલી રોટલીની પેઠે આપણો નાશ ( દાહ ) થવો પણ શરૂ થાય છે—

એ રીતે થતાં થતાં પરિણામમાં આપણે ‘ બાપ તેવા બેટાની ’ કહેવતને ખોટી પાડીને એ પુરાતન શ્રીવર્ધમાન જેવા વડિલોને પણ આચારે અને વિચારે આપણી જેવા માનીએ છીએ–એ શું ઓછો અવિવેક છે, ઓછી દુસ્થિતિ છે?

સાધારણ લોકહિત તરફ લક્ષ્ય ન કરતાં માત્ર હુંપદી સ્વાર્થી અને લોલુપ બનેલા બ્રાહ્મણોએ વૈદિક પ્રાચીન સત્યોમાં અનેક ગોટાળા કરી અને પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તનીય વૈદિક પદ્ધતિમાં પરિવર્તન ન કરી, વર્તમાન વૈદિક ધર્મને આપણા વર્ધમાન અને બુદ્ધને સમયે એવો ભીષણ બનાવ્યો હતો કે, જાણે લોકવિકાસના સંહાર માટે કોઈ પિશાચ ન આવ્યો હોય ! ! ! તે સમયે “ मा हिंस्यात् सर्वभूतानि ” “ सत्यं वदेद् नानृतम् ” ઇત્યાદિ સત્યોને ઉપદેશતા વૈદિક-ધર્મે પશુવધ અને નરવધને પણ ધર્મ સ્વીકાર્યો હતો. “ आत्मवत् सर्वभूतेषु ” ના સિદ્ધાંતને ઉદ્‌ઘોષતા વૈદિકમતે જાણે બ્રાહ્મણ સિવાય, બીજાઓ મનુષ્ય જ ન હોય તેમ બધા હક્કો બ્રાહ્મણોને સોંપી બીજાઓને તેથી વંચિત રાખ્યા હતા અને “ सत्यं वदेद् नानृतम् ” ના નિયમ ઉપર રચાએલા વૈદિક દર્શને તે સમયના મનુષ્ય

સમાજના પગમાં બેડીઓ પહેરાવી હતી, સાથળને ડાંભ્યો હતો અને હાથોને જકડયા હતા, તેથી જ તે સમયનું સમાજનું મુખ પોષણવિહીન થવાથી કૃશ બન્યું હતું અને વિનાશની અણી ઉપર આવી-તેની રાહ જોઈ રહ્યું હતું. આ રીતે 'पादे कुठारः' કરીને તે ડાહ્યામાં ડાહ્યા બ્રાહ્મણ ગુરૂઓએ પણ એવી ભયંકર ભૂલ કરી હતી કે, જેને પરિણામે વર્તમાન ભારત, અજ્ઞાનના ચીકણા કીચડમાં ખુંચી ગયું છે અને પારતંત્ર્યની વિષમ યાતના સહી રહ્યું છે-તે ભલા બ્રાહ્મણોએ તે સમયના ભોળા સમાજને આમ ચિંધ્યું હતું કે-અમે કહીએ તે જ સાચું છે, અમારી વાતમાં કોઈને શક લાવવાનો કે પૂછપરછનો અધિકાર નથી, અમારો ફેંસલો તે ઇશ્વરી ફેસલો છે, અમે ઈશ્વરના પ્રતિનિધિ છીએ-[1]શૂદ્રો (ઢેઢો) તો નીચમાં નીચ હોવાથી તેઓને નગરમાં કે ગામમાં રહેવાનો હક નથી, જો તેઓ નિયત કરેલા સમય સિવાય ગામમાં કે નગરમાં આવે તો તેઓનો વધ કરવો એ રાજાની ફરજ છે, તેમ નહિ કરતો રાજા ગર્ભપાતના પાપનો ભાગી બને છે-[2]શૂદ્રોને ઘરબા-

---

१. शूद्राद् ब्राह्मण्यां चण्डालः + + + कक्षे झल्लरीयुक्तः पूर्वाह्णे मलान्यपकृष्य बहिरपोहयति । ग्रामाद् बहिर्दूरे स्वजातीयैर्निवसेत् । मध्याह्नात् परं ग्रामे न विशत्ययम्, विशेच्चेद् राज्ञा वध्यः, अन्यथा भ्रूणहत्यामवाप्नोतिः-(वैखानसधर्मप्रश्न पृ. ४८)

૨ ન્યાયી કહેવાતા રાજા રામચંદ્રે પોતાના બ્રાહ્મણ ગુરૂની આજ્ઞાથી માત્ર સંન્યાસી થવાના અપરાધને લીધે શૂદ્રક રાજાનો જીવ લીધો હતો-( જુઓ સીતાનાટક )

રની જંજાળ છોડી ઈશ્વરનું નામ લેવાનો—પરબ્રહ્મોપાસનાનો—પણ અધિકાર નથી. ક્ષત્રિયો અને વૈશ્યો પણ અમારાથી હલકા છે—ધર્મના વિધિવિધાનામાં તેઓનો બડબડાટ અમે સાંભળવાના નથી, તેઓએ અમે કહીએ તેમ જ કરવાનું છે, વેદોને ભણવાને તેઓ હક્કદાર નથી–અમે જ ઈશ્વરના પુત્રો હોવાથી વેદોના વારસ છીએ. અમે કહીએ તે જ સૌ કોઇએ સ્વીકારવાનું છે—સૌ કોઈએ સાંભળવાનું છે. હું વધારે શું લખું ? જેમ વર્તમાનમાં ગૌરાંગો, શ્યામાંગો ઉપર જેટલી કડકાઈ વાપરે છે તેટલીજ કડકાઇ તે બ્રાહ્મણ ગુરુઓએ વાપરી હતી. હું ન ભૂલતો હોઉં તો મારી માન્યતા પ્રમાણે એમ થવાનું કારણ આ છે—તે વૈદિક સંપ્રદાયના ભૂસુર ગુરૂઓએ માત્ર પોતાના વિલાસ તરફ જ દૃષ્ટિ રાખી હતી અને ધર્મને, તેનો ખાસ સાધન બનાવ્યો હતો–એથી તેઓ પરિસ્થિતિ, લોકહિત કે આત્મવિકાસ; એ બધું ભૂલી ગયા હતા. વૈદિક સત્યમાં જે ગોટાળા પરાપૂર્વથી ઉતરી આવ્યા હતા અને જે વિશિષ્ટ સાધનો લોકહિત માટે ઉમેરાયાં હતાં તેનું તેઓ પૃથક્કરણ ન કરી શકયા હતા અને છેવટે તે વૈદિક સત્ય, એટલું બધું સોજી ગયું કે, પરિણામમાં ઉપનિષદોના પ્રહારથી તેને ભૂશાયી થવું પડયું. આવા જ હાલ પોપધર્મના છે. એ ધર્મ અત્યારે પોપલીલાને નામે સંબોધાય એ એને માટે ઓછી શરમ છે. ? ફરી ફરીને મારે એ જ કહેવાનું છે કે, પરિસ્થિતિને અને લોકહિતને ચૂકવાથી ધર્મમાં અનિષ્ટ ગોટાળા ઉભા થાય છે અને થએલા છે. જે સાધનો લોકહિતકર છે તે પણ

પરિસ્થિતિના વિરોધી પ્રવાહમાં વહતા હોવાથી કેટલાકોના આત્માને જકડવાને માટે દોરડાનું કામ સારે છે—હું જોઉં છઉં તેમ વર્તમાનમાં વાડ ચીભડાને ચોરે છે, ધારણ કરનાર ધર્મ તેના આશ્રિતને નીચે પટકે છે અને માતાપિતારૂપ ગુરુઓને પોતાનાં બચ્ચાંની હાયવોય, રોકકળ અને યાતનાઓ તરફ દૃષ્ટિપાત કરવાનો પણ અવકાશ મળતો નથી—તેઓ જીવંતજૈનો તરફ આંખ મીંચામણાં કરી પોતાની વંશ વૃદ્ધિની ચિંતા કરે છે, તેઓ નિર્જીવ થતા જૈનોની ઉપેક્ષા કરીને પેલા પાષાણના ઢગલાઓ માટે સરકાર—દરબારમાં ફરીઆદો મંડાવે છે, તેઓ નિર્ધન અને નિઃસત્ત્વ થતા જૈનો તરફ ધ્યાન ન આપી સુંદરમાં સુંદર છોડ અને તોરણના સમવસરણમાં બેસી તેનું જ સમર્થન કર્યા કરે છે, તેઓ નિરુદ્યમી થતા જૈનોની પરવા ન કરી મોટી મોટી યાત્રાઓના યજ્ઞમાં લાખોના હોમ કરાવે છે, સ્ત્રીઓને જેમ વાજાં વહાલાં છે તેમ તેઓને સામૈયાં ઘણાં પ્રિય લાગે છે, સ્ત્રીઓ જેમ ગીતઘેલી છે, તેમ તેઓ ગહુંલીઘેલા છે, સ્ત્રીઓને જેમ જમાઇ વહાલો લાગે છે તેમ તેઓને ચેલાઓ ઘણા પ્રિય લાગે છે. મારે અહીં આ સંબંધે કહેવાનું સ્થાન નથી, તેમ એ વિષે વિશેષ કહી મારા આત્માને કલુષિત કરવાની મારી વૃત્તિ નથી. ભલે મારી ભૂલ થતી હોય, તો પણ છેવટમાં એટલું તો જણાવવાનું રોકી શકાતું નથી કે, પૂજ્ય ગુરુઓ બદલાની નીતિને પણ સાચવી શકતા નથી અને તેમ કરતાં શું તેઓને અન્યાયાર્જિતભોજી ન કહેવાય ? હું તો તેઓને પગે પડીને પ્રાર્થું છું કે, હવે તો તેઓએ કાં તો બદલાની

નીતિને સાચવીને પોતાની વ્યવસ્થા ઘડવી જોઇએ, કાં તો પૂર્વમુનિઓની જેમ શ્રાવકોનો સંસર્ગ છોડી વનવાસી થવું જોઇએ. પરંતુ શ્રાવકોના હિતને બ્હાને તેઓને લગતાં ખાતાંઓ ખોલી અને તેઓના પ્રત્યેક વ્યવહારમાં માથું મારી સરકારી પોલિસીની જેમ તેઓમાં ફાટફૂટ વધારી શા માટે હવે તેઓને વધારે રીબવવા જોઇએ.

આ તો પરિવર્તન, ઇષ્ટપરિવર્તન અને અનિષ્ટપરિવર્તનની સ્થિતિ દર્શાવતાં તેમાં વચ્ચે અસ્પષ્ટપણે તેનાં કારણો પણ આવી ગયાં. પણ હવે મારે એ જ વાતને વિશેષ સ્પષ્ટ કરીને બતાવવી છે અને તેમાં નામવાર જણાવવું છે કે, વર્તમાન જૈનધર્મમાં એવા ક્યાં ક્યાં પરિવર્તનો થવા પામ્યાં છે જે ઇષ્ટપરિવર્તન અને અનિષ્ટ પરિવર્તનની કોટિમાં આવી શકે છે અને તે બધાં મૂળ જૈનધર્મની સાથે કેટલો સંબંધ ધરાવે છે તથા તેવાં ઉમેરણો કયા કયા સમયથી ચાલુ થયાં છેઃ—મનુષ્ય જાતિ એટલી બધી અપૂર્ણ અને પરતંત્ર છે કે, પ્રત્યેક પ્રવૃત્તિમાં તેને નાયકની વ્યવસ્થા કરવી પડે છે—નાયક વિના વ્યવસ્થિત પ્રવૃત્તિ થઈ શકતી નથી—ઘરની, બહારની, લૌકિક કે પારલૌકિક—બધી પ્રવૃત્તિઓમાં મળતી ફતેહનો અડધો આધાર નાયકની હાક ઉપર છે. હું પોતે પણ એવો છઉં કે, સમજવા છતાં નાયકની ( ઘરનાં વડિલ માતુશ્રી વિગેરેની ) હાક સિવાય પૂરૂં આરોગ્ય પણ સાચવી શકતો નથી—સમજું છઉં કે. આંગળીના મૂળમાં ચળ આવે તો પણ ખંજવાળવું નહિ, તેમ કરતાં—એક વેદનાને શાંત

કરતાં—ભવિષ્યમાં બીજી વેદનાનો સંભવ છે, તે છતાં ચળને વશ થઇને હસતો હસતો ખંજવાળવા માંડું છઉં અને કોઇ વારે ત્યારે જ અટકું છઉં. મારી જેવી સ્થિતિ મેં સેંકડો સ્થળે અનુભવી છે એથી સંસારમાં મારા જેવાની બહુલતા છે અને આત્માવલંબી તો કોઇ વિરલા હશે—એવી મારી કલ્પનાને આપ કોઇ અનુચિત માનશો નહિ. આવી સાધારણ અને ક્ષુદ્રમાં ક્ષુદ્ર હાનિકર પ્રવૃત્તિથી અટકવા માટે પણ આપણને વડિલની હાકની જરૂર પડે છે, તો જે અજ્ઞાત પંથ ઉપર આપણો જીવન વિકાસ અવલંબેલો છે તે માર્ગમાં જ જવાય અને તેથી વિપરીતતા તરફ આપણું ધ્યાન ન જાય માટે આપણને કોઇ એક માર્ગદર્શકની જરૂર હોય તે સ્વાભાવિક છે—આ ધોરણને અનુસરીને જ ઘરમાં, કુટુંબમાં, નાતમાં, જાતમાં, ચોરામાં, બજારમાં, ગામમાં, પરગણામાં, જીલ્લામાં, પ્રાંતમાં અને દેશમાં એમ સઘળે ઠેકાણે સર્વ વ્યાપાર (ક્રિયા) માં એક એક નાયકની યોજના કરવામાં આવેલી છે—કોઇ એક પૂછવાનું ઠેકાણું કલ્પ્યા સિવાય આપણને નિરાંત વળતી નથી—મુખી, પટેલ, થાણુદાર, ન્યાયાધીશ, નગરશેઠ, મંત્રી અને રાજાની યોજના પણ આપણી અપૂર્ણતાને જ આભારી છે, એટલું જ નહિ પણ ઇશ્વરવાદ સુદ્ધાનું મૂળ, માનવીની અપૂર્ણતા જ છે—યુગલિકોનાં લાંબા લાંબા વર્ણનોમાંથી જો કાંઈ સાર નીકળતો હોય તો આ છે કે—એક સમયે મનુષ્ય સંસારમાં કોઇ રાજા ન હતો, કોઈ ઉપરી ન હતો, કે કોઈ ગુરૂ ન હતો છતાં યુગલિક મનુ-

ઓ પોતપોતાની મર્યાદામાં રહી માત્ર ખેતી ઉપર જ ગુજારો કરતા હતા, પરસ્પર વ્યામોહ કે કલહનું નામ નિશાન પણ ન હતું અને સૌ કોઇ સ્વયમેવ પૂર્ણ નીરોગ રહી એવો સ્વર્ગપ્રદ વ્યવહાર ચલાવતા જે, અત્યારે માત્ર આપણા પુસ્તકોમાં જ ધર્મને નામે શોભી રહ્યો છે. જુગલિકોને જંગલી કહીને આપણે હસીશું, પણ વર્તમાન શિક્ષિત અને સુધરેલા સમાજની પરતંત્રતા માટે કોઈ જરી શરમાશે પણ નહિ, અસ્તુ છેવટ ચુકાદો એ આવે છે કે, મનુષ્યની અપૂર્ણ સ્થિતિ સુધી, પૂરી સ્વતંત્રતાને ઝીરવવાની શક્તિ મળે ત્યાં સુધી આપણા સર્વ વ્યવહારમાં નાયકના તત્ત્વની અપેક્ષા આવશ્યક છે જેમ આપણા બીજા ધર્મ્ય વ્યવહારો આપણા વિકાસમાં નિમિત્તરૂપ છે તેમ ધાર્મિક વ્યવહાર પણ આપણે માટે પરમ પથ્યરૂપ છે, તે વ્યવહારને મર્યાદિત રાખવા માટે, તેને પરિસ્થિતિ પ્રમાણે ફેરવવા માટે અને તેમાં અનિષ્ટતાનું ઉમેરણ ન થાય એની સંભાળ રાખવા માટે આપણને એક ગુરૂ સંસ્થાની આવશ્યકતા હોવી પદ્ધતિસર છે. પ્રવર્તમાન જૈન સંઘના બંધારણની સ્થાપના ભલે ગમે ત્યારે થઇ હોય, વર્તમાન રત્નત્રયની ( દેવ, ગુરૂ અને ધર્મની ) યોજના ભલે ગમે તેણે કરી હોય, કિંતુ એમાંનો ઉપદેશક ભાગ—ઉપરના મુદ્દા ઉપર પ્રયોજાએલો છે, એમ હું માનું છું. શ્રીવર્ધમાન પરમનિવૃત્તિના ઉપાસક હતા, ભલે આપણે, એમના ઉપર 'સવી જીવ કરૂં શાસનરસી' નો આરોપ કરીએ, પણ તેઓ એવા આરોપને પાત્ર ન હતા, તેને મન આપણું

કલ્પિત હિત, અહિત બન્ને સરખાં હતાં, તેઓ પરમ સત્ય સુધી પહોંચેલા હતા, તેથી જો તેઓમાં કોઇ વૃત્તિ નિરંતર જાગતી હતી તો તે એક ઉપેક્ષા જ હતી–પરમમાધ્યસ્થ્ય[૧] હતું. જે સ્થિતિ ઉપેક્ષાની પરાકાષ્ઠાએ પહોંચેલા મનુષ્યની હોય તે સ્થિતિ શ્રીવર્દ્ધમાનની હતી, તેઓની ક્રિયામાત્ર ઔદયિક હતી–જેનો ધણી ઝુંપડીના પૂળા ખાતી ગાયને અટકાવતાં પોતાના માધ્યસ્થ્યનો ભંગ સમજે તેના ઉપર લોકકલ્યાણકરનો આરોપ માત્ર તેનો યશોવર્ધક છે–શ્રીવર્ધમાનની આ પરિસ્થિતિ આચારાંગસૂત્રના ( જુઓ નવમું અધ્યયન ) અને સૂત્રકૃતાંગ સૂત્રના ( જુઓ વીરસ્તુતિનામક પ્રકરણ ) અનાડમ્બરી લખાણ ઉપરથી તારવી શકાય છે. એવા શ્રીવર્દ્ધમાનને હસ્તે જ આપણું ધર્મબંધારણ કે સંઘબંધારણ થવું મને તો સર્વથા અશકય લાગે છે. તે સમયે વર્ધમાને જે કાંઈ લોકજાગૃતિ કરી હતી તે બધી તેના મુનિવ્રતનેજ આભારી હતી–વર્તમાનમાં મહર્ષિ ગાંધીની જેમ તેમણે કહેવા કરતાં બધું કરી દેખાડીને જ દંભી બ્રાહ્મણોના બળને નરમ પાડવાની લૌકિક નિમિત્તતા મેળવી હતી. એમના મધ્યસ્થ જીવનનો ઉદ્દેશ લોકજાગૃતિનો ન હતો, એ તો અનુદ્દિષ્ટ મેઘવર્ષણથી થતી ખેતીની જેમ

---

૧. पारम्पर्येण केवलज्ञानस्य तावत् फलमौदासीन्य ॥ ४ ॥:–रत्नाकरावतारिका षष्ठ परिच्छेद.

'ઔદાસીન્ય' શબ્દના વધુ વિવેચન માટે એ સૂત્રની ટીકા જોઇ લેવી.

ચારિત્ર્યના પ્રભાવથી ફાલી નીકળી હતી, એમનું જીવન અને આચરણ મારી જેવા કક્કો ઘુંટનાર મનુષ્ય માટે અનિર્વચનીય છે. એમના સમયમાં એમના સત્યને અનુસરનારા જે નિર્ગ્રંથો હતા, તેમાંના કેટલાક તો એમની વૃત્તિને મળતા હતા અને જે મુમુક્ષુઓ એમની વૃત્તિને પહોંચી શકવા સમર્થ ન હતા તેઓ માટે વર્ધમાનના કેટલાક અંતેવાસિઓએ ( પારિભાષિક ભાષામાં–ગણધરોએ ) કેટલાંક બંધારણો બાંધ્યાં હતાં. હું ધારું છું ત્યાં સુધી તે નાના મોટા બધા નિર્ગ્રંથોનું લક્ષ્ય પરમમાધ્યસ્થ્ય ભણી હતું, જેને શ્રીવર્ધમાને આચારમાં આણ્યું હતું. તે લક્ષ્યને પહોંચી વળવા માટે તે સમયના સ્થવિરોએ જે નિયમો ઘડયા હતા, તેમાં શ્રીવર્ધમાનનો સહયોગ પણ આહચિક દૃષ્ટિએ રહ્યો હોય તો તે સ્થાનસ્થિત છે. કાળ અને કુદરતનો એવો નિયમ છે કે, કોઇ જાતનું બંધારણ નિયંત્રણ સિવાય સ્થિર રહી શકતું નથી. જો કે બંધારણ માત્ર ફેરફારને પાત્ર તો છે, તો પણ નિયંત્રણાને લીધે તે, પોતાના મૂળસ્વરૂપથી ભ્રષ્ટ થતું નથી. સ્થવિરોએ જે બંધારણો બાંધ્યાં હતાં, તે માત્ર નિર્ગ્રંથો માટે હતાં, અસલ ( નિર્વિકારી, અને અનપવાદી ) સ્વરૂપ નીચે પ્રમાણે છેઃ–

૧ કોઇ મુમુક્ષુએ જીવ જતાં સુધી કોઇ જીવને કોઈ પ્રકારનું દુઃખ થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ, કરાવવી નહિ અને તેમાં સમ્મતિ પણ આપવી નહિ,

૨ કોઈ મુમુક્ષુએ જીવ જતાં સુધી ખોટું બોલવું નહિ, બોલાવવું નહિ અને તેમાં અનુમતિ પણ આપવી નહિ.

૩ કોઈ મુમુક્ષુએ જીવ જતાં સુધી અણદીધું લેવું નહિ. લેવરાવવું નહિ અને તેમાં પોતાની ઇચ્છા પણ જણાવવી નહિ.

૪ કોઈ મુમુક્ષુએ જીવ જતાં સુધી અબ્રહ્મ સેવવું નહિ, સેવરાવવું નહિ અને તેમ કરવા પોતાનો મત પણ આપવો નહિ.

૫ કોઇ મુમુક્ષુએ જીવ જતાં સુધી ક્યાંય લેશ માત્ર મમત્વ રાખવું નહિ, રખાવવું નહિ અને તેમ કરવા પોતાની સમ્મતિ પણ દર્શાવવી નહિ.

એ પાંચે મહા પ્રતિજ્ઞાઓને પહોંચી વળવા અને તે પ્રત્યેકનું પૂરેપૂરૂં પાલન કરવા તે સ્થવિરો અરણ્યમાં, બાગમાં, ઉદ્યાનમાં, ગામ બહારની વસતિઓમાં કે ખંડેરોમાં રહેતા હતા. બની શકે તેટલું વધારે તપ તપતા હતા. આહાર લેવો પડતો તો તદ્દન સુકો, લુખો, કસ વિનાનો, ઠરેલો, શાક વિગેરે વ્યંજન વિનાનો, પરિમિત અને નિર્દોષ જોઇને લેતા હતા. ઘી, દૂધ વિગેરે પૌષ્ટિક પદાર્થોને તેઓ ભાગ્યેજ લેતા હતા. ગૃહસ્થો જમીને ઉઠે ત્યારે–બપોર પછી–નિર્દોષ આહારને મેળવવાનો સમય અનુકૂળ ગણાતો હતો. સામાન્ય નિયમ પ્રમાણે તો નિરાહારી રહેવુંજ ઉત્તમ ગણાતું હતું અને આહારનું ગ્રહણ આપવાદિક મનાતું હતું. કાંઈ બધા મુમુક્ષુઓ પાત્ર રાખતા ન હતા–કેટલાક માત્ર કરપાત્ર હતા ત્યારે કેટલાક તેમ કરવાને અસમર્થ મુમુક્ષુઓ માત્ર એક વા બે જ પાત્ર

રાખતા હતા તે પણ ત્યાગની દૃષ્ટિએ માટીનું પાત્ર હોય તે વિશેષ ઠીક મનાતું હતું. નગ્ન રહેવામાં જ વિશેષ ત્યાગ સમાયો હતો. ઘણા ખરા સાધુઓ નગ્ન[1] રહેતા હતા. છતાં જેઓ લજ્જાને જીતી શકયા ન હતા તેઓ માત્ર એકજ વસ્ત્ર ( કાછડી ) ને ધારણુ કરતા હતા. ( યાદ રાખવું જોઈએ કે, તે સમયના આદર્શ ગૃહસ્થો પણ માત્ર[2] બે જ કપડાં ( એક ખેસ અને બીજું ધોતીયું) પહેરતા હતા. ગામ વચ્ચેના નિવાસ અને લોકોના વિશેષ સહવાસ સંયમને પ્રતિકૂળ મનાતો હતો. નવ વાડોને પાળવા તરફ વિશેષ લક્ષ્ય અપાતું હતું ( વર્તમાનમાં તો એવો કોઈ સાધુ ભાગ્યેજ હશે જે નવ વાડોને સાચવવા માટે લક્ષ્ય કરતો હોય ! ! ! ) અને વિશેષ બોલવા કરતાં મુનિભાવની પ્રધાનતા શ્રેયરૂપ મનાતી હતી. તે મુમુક્ષુ સ્થવિરો પોતાની પ્રતિજ્ઞાઓને જરા પણ ખાંડી થવા દેતા ન હતા અને એ પ્રતિજ્ઞાઓને પહોંચી વળવા કોઇ જાતના અપવાદોનો પણ આશ્રય લેતા ન હતા, શ્રીવર્ધમાન, એ જાતના સમર્થ મનુષ્યોમાંના એક વીર-નર હતા. તેઓએ જીવતાં સુધી એ પાંચે પ્રતિજ્ઞાઓને અણીશુદ્ધ રીતે સા-

---

૧. જૂઓ સૂત્રકૃતાંગ સૂત્ર, ઉપસર્ગાધ્યયન ગાથા-૯-૧૦ ( સમિતિ ) પૃ. ૮૧.

૨ नन्नत्थ एगेणं खोमजुयलेणं, अवसेसं वत्थविहिं पच्चक्खामि" અર્થાત્ આનંદ શ્રાવક ક્ષોમયુગલ (સૂતરનાં બે કપડાં ) સિવાય વધારે વસ્ત્ર ન વાપરવાનો નિયમ કરે છે.
જૂઓ ઉપાસક દશાંગ સૂત્ર પૃ. ૩ ( સમિતિ. )

ચવી હતી, તે માટે જ મુંડ થયા હતા, નગ્ન રહ્યા હતા, પાણિપાત્ર બન્યા હતા અને તે માટે જ તેઓએ પાશવ-વૃત્તિ તરફથી આવતાં સંકટો હર્ષભેર સહ્યાં હતાં. એ જ પ્રકારે જે મુમુક્ષુઓ વર્ધમાનની કોટિનું સામર્થ્ય ધરાવતા હતા તેઓ પણ વર્ધમાનની ચર્યાને અનુસરતા હતા, પરંતુ જે મુમુક્ષુઓ વર્ધમાનની શાળાના અભ્યાસી હતા, જેઓમાં 'પ્રાણ પડે પણ પ્રતિજ્ઞા ન પડે' એવી વૃત્તિ આવવાને વિલંબ હતો, જેઓ પર્વત જેવી અકંપ સર્વંસહતા સુધી પહોંચ્યા ન હતા પણ તેના ઉમેદવાર અને તીવ્ર અભિલાષી હતા, તેઓ માત્ર પોતાના ધ્યેયને પહોંચતાં સુધી જ કેટલીક છૂટ પણ લેતા હતા—તે છુટ પણ બીજી કાંઇ નહિ, કિંતુ માત્ર એકાદ બે પાત્ર રાખવાની અને એકાદ વસ્ત્ર–તે પણ ગૃહસ્થનું ઉતરેલું–પહેરવાની હતી. તે છૂટ લેતાં પણ તેઓનું લક્ષ્ય એવું રહેતું હતું કે, અમે ક્યારે લજ્જા જીતીને સર્વથા યથાગત થઈએ અને પાત્રની પણ ગરજ રાખ્યા વિના જ સંયમનો નિર્વાહ કરી શકીએ–છૂટ લેનારા છૂટનું સમર્થન કરતા ન હતા. પરંતુ સ્થવિર વૈદ્યની અનુમતિથી રોગી જેમ ઔષધનું સેવન કરે તેમ તેનું સેવન કરતા હતા અને એવા સમયની ઘણી આતુરતાથી રાહ જોતા હતા કે, શીઘ્ર આરોગ્ય મળે અને આ ઔષધની લપ છુટે. એ તેઓનો આચાર હતો અને રહેણી પણ તેઓની એવી જ હતી. અહીં હું એઓના આચાર સંબંધે ઘણું થોડું લખી શકયો છઉં. પરંતુ તે બાબતને પરિપૂર્ણ રીતે સમજવા માટે પ્રત્યેક

સુવક—વાચકને ભલામણ કરૂં છઉં કે, તેઓએ આચારાંગ સૂત્ર ( ગૂજરાતી ભાષાંતર ) ને અથથી ઇતિ સુધી મનન-પૂર્વક વાંચી જવું. ઉપર્યુક્ત આચારો, અત્યારે વિદ્યમાન આચારાંગ સૂત્રમાં પણ નોંધાએલા છે. ધારૂં છઉં ત્યાં સુધી ત્યાગના પાવંદી આચાર્યોએ એ નોંધના મૂળ ભાગમાં બહુ ઓછો ફેરફાર થવા દીધો છે. અંગસૂત્રોમાં મેં સાધુઓના આચાર સંબંધે ઘણું વાંચ્યું છે, તેમાં તો દીક્ષા લેનારાઓ માત્ર બે જ ઉપકરણો ( એક પાત્ર અને બીજું રજોહરણ ) રાખતા જણાયા—વર્ણવાયા છે. હું તો માનું છઉં કે, બે ઉપકરણો હોય વા એકાદ બે બીજાં વધારે હોય, તેમાં કાંઈ વિશેષ વિચારવાનું નથી, કારણ કે, તે ઉપકરણોનો ઉપયોગ ફકત ઔષધીની પેઠે થતો હતો અને નિરૂપકરણ રહેવા માટે જ એની જરૂર જણાતી હતી.

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીવર્ધમાન તેના અનુ-યાયિ સ્થવિરો અને તેનું પ્રવચન—એ બધાંની એક સરખી અનાગ્રહી અને સ્યાદ્વાદમયી સ્થિતિ હોવા છતાં વર્તમાનમાં વર્ધમાનના શાસનમાં એક પક્ષ નગ્નતાને જ પોષે છે. કોઇ મુમુક્ષુથી પ્રારંભમાં નગ્નતા ન સહી શકાતી હોય તો તેની મુનિતાનો નિષેધ કરે છે. મારા જોયા પ્રમાણે તેમના સાહિત્યમાં ( દિગંબર ગ્રંથોમાં ) આદાન સમિતિ અને પારિષ્ઠાપનિકાસમિતિની વિહિતતા હોવા છતાં પણ તેઓ કારણિક વસ્ત્રપાત્રવાદનો એવો કડક નિષેધ કરે છે કે, જેને પરિણામે તેને વર્તમાનમાં મુનિ-

માર્ગનો લોપ સહવો પડે છે. જેમ કોઇ મનુષ્ય પોતાના પુત્રને એમ સૂચવે કે, ભાઇ ! તારે પંડિતપરીક્ષા પાસ કરવાની છે પણ તું યાદ રાખજે કે, તારે એકડા બગડા ઘુંટવા માટે પંડયા પાસે જવાનું નથી–પેલી બીજી કે ત્રીજી એમ ક્રમવાર ગોઠવાએલ પુસ્તકો પણ શીખવાનાં નથી–પરંતુ પરબાર્યું જ પંડિત થવાનું છે. આ સૂચના જેવી જ તે પક્ષની વસ્રપાત્રવાદના નિષેધ માટે પ્રબળ આગ્રહ દશા છે, એ સમાજ આ પ્રકારે નગ્નતાનો પોષક હોવા છતાં [1] મૂર્તિવાદને સ્વીકારે છે અને તે માટે વર્તમાનમાં મોટાં ધિંગાણાં કરવાનું પણ ચુકતો નથી–આ સ્થિતિ વર્તમાન દિગંબર સમાજની છે. એક બીજો શ્વેતાંબર પક્ષ છે તે વસ્રપાત્રવાદને જ અવલંબે છે. ઉપર જણાવ્યા પ્રમાણે તેના સૂત્ર ગ્રંથોમાં સ્પષ્ટપણે અચેલકતાનું વિધાન છે. છતાં અચેલક શબ્દનો 'અનુદરા કન્યા' ની જેવો પોતાને અનુકૂળ અર્થ કરે છે અને જેને પરિણામે આજ એ સમાજના સાધુઓ વસ્રપાત્રના પોટલા રાખતા થઈ ગયા છે. આ સમાજમાંનો મારો સંપ્રદાય (મૂર્તિપૂજક માર્ગ) મૂર્તિ–વાદને જ સ્વીકારે છે અને તે એટલે સુધી કે, મૂર્તિને નામે મોટી મોટી પેઢીઓ રાખી લાખોનું ધન જમે કરવામાં જ ઇંદ્રાસનનો (?) લાભ જોઇ રહ્યો છે.

---

૧. ૧૩ મા સૈકાના એક દિગંબર પંડિતે (શ્રી આશાધરજીએ) જણાવ્યું છે કે—" આ પંચમ કાળ ધિક્કારને પાત્ર છે. કારણ કે, આ કાળમાં શાસ્રાભ્યાસિઓને પણ મંદિરો કે મૂર્તિઓ સિવાય ચાલતું નથી. " ૩૬—જૂઓ સાગારધર્માંમૃત પૃ૦–૪૩.

મૂર્તિને નામે વિદેશી ન્યાયાલયોમાં જઈને સમાજની લાખોની સંપત્તિ ઉપર પાણી ફેરવી રહ્યો છે. તે સંપ્રદાય કંદોરાવાળી મૂર્તિને જ પસંદ કરે છે—મોક્ષનું કારણ માને છે. વીતરાગ—સંન્યાસી–ફકીરની પ્રતિમાને એક બાળક ઉપર જેમ ઘરેણાં લાદે તેમ શણગારી તેની શોભામાં વધારો થયો સમજે છે અને વર્ધમાન વા ઈતર જિનની મૂર્તિને વિદેશી પોષાક ( જાકીટ, કોલર, ઘડીઆળ વિગેરે ) પહેરાવી તેનું રમકડાં જેટલું સૌંદર્ય પણ નષ્ટ કરી નાખી ઉલટભર્યો જન્મનો લાહો લીધે જાય છે. આ સમાજના કુલગુરૂઓએ પોતાને પસંદ પડેલા વસ્ત્રપાત્રવાદના સમર્થન માટે પૂર્વના મહાપુરૂષોને પણ ચીવરધારી બનાવ્યા છે અને વર્ધમાન મહાશ્રમણની નગ્નતા ન દેખાય તેવો પણ પ્રયત્ન કર્યો છે. વળી એ વિષયના અનેક ગ્રંથો લખી વસ્ત્રપાત્રવાદનેજ સજ્જડ કરવાને તેઓ મથી રહ્યા છે. તેઓને માટે આપવાદિક મનાએલો વસ્ત્રપાત્રવાદનો માર્ગ વર્તમાનમાં ઔત્સર્ગિક માર્ગ જેવો થઈ ગયો છે. તેઓ ત્યાં સુધીનું પણ માંડે છે કે, ગમે તેવા અગમ્ય જંગલમાં, ગમે તેવી ભીષણ ગુહામાં કે ગમે તે પર્વતના દુર્ગમ શિખર ઉપર ભાવના ભાવતાં કેવળજ્ઞાન પામેલા પુરુષ યા સ્ત્રીને જૈની દીક્ષા માટે શાસન દેવ (?) વસ્ત્ર પહેરાવે છે ! ! ! અને [1] વસ્ત્ર વિના-

---

૧ " કુર્મા પુત્ર નામના સાધુ, કેવળી થયા પછી વિચારે છે કે, જો હું ચારિત્ર લઉં તો પુત્રશોકના વિયોગને લીધે મારાં માબાપનું મરણ થાય. " ૧૨૫. " કોઇ તીર્થંકરને ઇંદ્રે પૂછ્યું છે,

ના કેવળિને અમહાવ્રતી તથા અચારિત્રી કહેતાં પણ અચકાતા નથી—તેઓના મનમાં કોઇ નવસ્ત્રું રહે તે ગમતું નથી—જાણે વસ્ત્રપાત્ર વિના કોઈનો આરો જ ન હોય!!! કોઇ ઝાડાના દરદીને વૈદ્યે અફીણ ખાવાનું ચીંધ્યું હોય અને પછી તે દરદી જેમ નિરંતરને માટે અફીણિયો—અફીણનો ખરીદાએલો અને અફીણનો ગુલામ–બની જાય છે તેમ એ પક્ષના સાધુઓ આહાર, વસ્ત્ર અને પાત્રના આપવાદિક વિધાનને પણ એ જ રીતે વળગી રહી તેના ગુલામ બની ગએલા જોવામાં આવે છે. એટલેથી જ અટક્યું નથી, પરંતુ દિન પર દિન તેઓની હાજતો–જરૂરિયતો–એટલી બધી વધી ગઈ છે કે, સમાજ તેને પહોંચતાં પહોંચતાં નીચોવાઈ ગયો છે–નીચોવાતો જાય છે. વર્તમાનમાં આદર્શમાં આદર્શ સદ્‌ગૃહસ્થ જે મિતતા સાચવતા દેખાય છે તેની સરખામણી કરતાં એ અચેલક વર્ધમાનના (?) સાધુઓનું પલ્લું તદ્દન નીચું નમે છે હુ માનું છઉં તેમ તેઓ પોતાની આ જાતની પ્રવૃત્તિથી મહાશ્રમણ વર્ધમાન અને તેના પ્રવચનની આશાતના કરતા હોય એમ જણાય છે. તેઓ એ જાતનો ભીષણ મૂર્તિવાદ સ્વીકારે છે કે તેમાં, વર્તમાનમાં તો અહિંસા દેવી પણ હોમાઈ ગયાં છે, તેઓ જ્ઞાનની પૂજાઓ ભણાવે છે, જ્ઞાન પાસે લાડવાના, પતાસાના અને પૈસાના ઢગલા

---

કે એ કુર્મા પુત્ર કેવળી મહાવ્રતી ક્યારે થશે ? ” ૧૭૫.—કુર્માપુત્ર ચરિત્ર. આ ઉપરથી આપ સમજી શકશો કે, જૈન ગ્રંથકારો ફક્ત વસ્ત્ર વિનાના કેવળિને પણ મહાવ્રતી નથી માનતા—જૈનકથાનુયોગની આ વિચિત્રતા જોવા જેવી છે.

કરે છે-કરાવે છે, પરંતુ તેમનાં સંતાનો વિદ્યાવિહીન થતાં જાય છે, તેમનું સાહિત્ય ભંડારોમાં બંધ બારણે સડતું જાય છે-જ્ઞાનના પૂજારી ( પૂજા-અરિ ) તે પક્ષે જ્ઞાન ભંડારો ઉપર ખંભાતી તાળાં મારી તેને પોતાનું કેદી બનાવી દીધું છે. જ્ઞાન માટે બ્રાહ્મણ-સંપ્રદાયમાં જેમ વેદોનો ઈજારો બ્રાહ્મણોએ જ રાખ્યો છે તેમ આ પક્ષના સાધુઓ ( પછી ભલે, તે મારા જેવા ગૃહસ્થો પાસે ભણેલા હોય ) કહે છે કે, સૂત્રો વાંચવાનો હક્ક તો અમારો જ છે-શ્રાવકોનો નથી. તેમની ધાર્મિક સંપત્તિમાં પરમ નિર્ગ્રંથતા, આદર્શ શ્રાવકતા, ઉચ્ચ જીવન, અનાગ્રહી જીવન, પરમ અહિંસકતા, પ્રામાણિકપણું, માર્ગાનુસારિતા-એ બધાંને બદલે વિલાસી સાધુતા, નામની શ્રાવકતા, ચેલાઓની વૃદ્ધિ, પુસ્તકોની મમતા, અયુક્ત પદવીઓનો મિથ્યા આડંબર, ગુણી અને ગુણ તરફ ઈર્ષ્યાલુતા, મોટાં મોટાં દેવાલયો, અચેલક અને પરમ તપસ્વી તીર્થંકરોનાં લાખોનાં ઘરેણાં તથા આદિનાથનો સવાલખો મુકુટ છે. અને મારા સમાજની આવી કઢંગી સ્થિતિ ચિતરતાં ઘણું લાગી આવે છે. હું માનું છઉં તેમ જેઓ પોતાના વડિલોનાં વચનોનો અનુકૂળતા પ્રમાણે ઉપયોગ કરવા જાય છે તેઓની આથી પણ વધારે કઢંગી સ્થિતિ થાય એ શક્ય છે—સુશક્ય છે. આ શ્વેતાંબર પક્ષમાં વળી એક પંથ છે, જેનું નામ 'સ્થાનકવાસી' છે. આ સંપ્રદાય મૂર્તિવાદને સ્વીકારતો નથી જ. તેના સાધુઓમાં ક્યાંય ક્યાંય ત્યાગની ભાવના દેખાય છે, પણ હવે તો તેઓનું પણ લક્ષ્ય શોખીન થવા ઉપર ગયું જણાય છે. મારા મત

પ્રમાણે મૂર્તિવાદને સર્વથા અવિધેય ઠરાવવો તે પણ અનુચિત છે, તેમ કરવાથી ઘણાનું કલ્યાણ માર્યું જાય છે. થયું " કરે તે ભોગવે અને વાવે તેવું લણે. " મને તો બધા કરતાં વિશેષ વાત એ લાગે છે કે, આ ત્રણે પક્ષવાળાઓએ પોતપોતાનાં અનુકૂળ મંતવ્યો ભલે જૂદાં જૂદાં ઠરાવ્યાં, પણ તે બધાંને તે ત્રણે જણાઓએ વર્ધમાનને નામે ચડાવવાનું જે સાહસ કર્યું છે તેને હું ભયંકર પાપ—અપરાધ—અન્યાય—માનું છઉં અને તે કરતાં તેઓએ ગોઠવેલા પોતપોતાના મંતવ્યનું એકાંત સમર્થન અને પરસ્પર ઇતરનો તિરસ્કાર, તેને મહાભીષણ પાપ માનું છઉં અને આ જ બાબતને હું તમસ્તરણની બહેન ગણું છઉં.

હવે વાંચકોને પ્રશ્ન થશે કે, આમ રજમાંથી ગજ થવાનું શું કારણ ? તલમાંથી તાડ થવાનો શો હેતુ ? તેના જવાબમાં મારે અત્યંત નમ્રતા પૂર્વક જણાવવું પડે છે કે, તે બધાનો હેતુ—

' **જૈન સાહિત્યમાં થએલો વિકાર** ' છે. સાહિત્યમાં સમયે સમયે પરિવર્તન થવું સ્વાભાવિક છે, પણ જે પરિવર્તન અનિષ્ટ આકારમાં થાય છે તેનું પરિણામ સમાજના હિતને બદલે નાશમાં આવે છે.

શરીરમાં સોજો ચડવો એ એક ભીષણ વ્યાધિ છે તેમ સાહિત્ય ઉપર ચડેલો એકાંતતાનો અને અનુકૂલતાનો ( સ્વાચ્છન્દ્યનો ) સોજો પણ તેવો અને તેટલો જ ભયંકર છે. સાહિત્યના આ સોજાને ઉતારવા માટે જો કોઈ રામબાણ ઉપાય હોય તો તે તેનો તથ્ય ઇતિહાસ છે. અહીં

આરે વાચકો સમક્ષ સાહિત્યને લગતી બધી ઐતિહાસિક સ્થિતિને કહેવાનું સ્થાન નથી, તો પણ મારા ભાષણના જે કેટલાક મુદ્દાઓ છે તેનું મારે પૃથક્કરણપૂર્વક વિગતવાર વિવેચન કરવાનું છે. તે મુદ્દાઓનો ક્રમ મેં આ રીતે ગોઠવ્યો છેઃ—૧શ્વેતાંબર–દિગંબરવાદ. ૨ ચૈત્યવાદ ૩ દેવદ્રવ્યવાદ અને ૪ આગમવાદ. હું ધારું છઉં ત્યાં સુધી તો આ ચાર મુદ્દાઓમાંજ મારૂં આખું ભાષણ પુરૂં થાય છે.

૧ લા મુદ્દામાં મારે શ્વેતાંબર દિગંબરોના ઇતિહાસને પ્રકાશિત કરવાનો છે. તેમાં તે બન્ને મતોના મૂળ કારણ સંબંધે વિશેષ ઊહાપોહપૂર્વક વિચાર કરવાનો છે. અને સાથે એ પણ વિચારવાનું છે કે અંગસૂત્રોમાં એ વિષે શું શું જણાવ્યું છે તથા શ્વેતાંબર દિગંબરોના તફા પડયા પછી જૈનશાસન કેવી કેવી ખરાબી વચ્ચે પસાર થયું છે, એ હકીકત પણ સમજાવવાની છે.

૨ જા મુદ્દામાં મારે ચૈત્યવાદને ચર્ચવાનો છે, તેમાં મુખ્યપણે અનેક પ્રમાણો સાથે ચૈત્યશબ્દનો મૂળ અર્થ સમજાવવાનો છે અને એ પણ બતાવવાનું છે કે અંગસૂત્રોમાં ચૈત્ય શબ્દ કયાં કયાં કેવા કેવા અર્થમાં વપરાયો છે તથા ચૈત્યની ઉપયોગિતા અને તેનો મૂર્તિપૂજાના ઇતિહાસ સાથેનો સંબંધ પણ સ્પષ્ટ કરવાનો છે. વળી આ બીજા મુદ્દામાં મૂર્તિપૂજાની આવશ્યકતા જણાવ્યા પછી મૂર્તિ કેવી હોવી જોઇએ ? તેને કયાં રાખવી જોઇએ ? તે નગ્ન હોવી જોઇએ કે કંદોરાવાળી હોવી જોઈએ ? ઈત્યાદિ

મૂર્તિવિષયક અનેક પ્રશ્નો તે પણ પ્રમાણપૂર્વક સ્પુટ કરવાના છે.

૩ જા મુદ્દામાં દેવદ્રવ્ય સંબંધે વિચારવાનું છે. તે કલ્પિત છે કે અહિંસા વિગેરેની પેઠે અપરિવર્તનીય તત્વ છે? અંગસૂત્રોમાં તેનું વિધાન વા ઉલ્લેખ છે કે નહીં? તેની શરુઆત ક્યારથી થઇ? કોણે કરી? શા માટે કરી? એ વિષે વિગતવાર વિચાર કર્યા પછી દેવદ્રવ્યની વર્તમાન સ્થિતિ અને ઉત્પતિ સંબંધે પણ યથામતિ જણાવવાનું છે. વચ્ચે વચ્ચે દેવદ્રવ્યને લગતી કેટલીક કથાઓની શાસ્ત્રીય અસંગતતા જણાવી જૈનકથાનુયોગ વિષે પણ બે શબ્દ લખવાના છે.

૪ થા મુદ્દામાં એ વાત જણાવવાની છે કે, શું સાધુઓ જ આગમો વાંચી શકે? વાંચવાનો હક્ક શ્રાવકોનો નથી જ? આગમો વાંચવા માટે વર્તમાનમાં જે ઉપધાનની પ્રથા પ્રચલિત છે તે ક્યારથી શરુ થઈ? શા માટે શરુ થઇ? સાધુઓને જ આગમો વાંચવાનો પટ્ટો કોણે લખી આપ્યો છે? તે વિષે સાધુઓના આચારસૂત્રમાં કે અન્ય ગ્રંથોમાં શું શું જણાવ્યું છે?

આ પ્રકારે એ ચારે મુદ્દાઓને અનુક્રમપૂર્વક ચર્ચી તે ચર્ચાને અંગે આવતો મારો નિર્ણય સમાજને સૂચિત કરવાનો છે,

૧ શ્વેતાંબર–દિગંબરવાદ.

શ્વેતાંબર અને દિગંબર એ બન્ને શબ્દો જૈન સંપ્રદાયના શ્રમણોપાસકોને ( શ્રાવકોને ) તો લાગુ પડી શકતા

નથી. જો કદાચ લાગુ પાડવામાં આવે તો તે બન્ને શબ્દોનું પ્રવૃત્તિકારણ તેઓમાં ઘટતું ન હોવાથી તેઓ માટે તે બન્ને શબ્દો નિરર્થક જેવા છે. તેઓમાં શ્વેતાંબરતા કે દિગંબરતાને સૂચવતી એક પણ નિશાની ન હોવાથી તેઓની શ્વેતાંબર અને દિગંબર સંજ્ઞા કીડાને ઇન્દ્રગોપ (ઇન્દ્રનું પાલન કરનાર) કહેવા બરાબર પારંપરિક, રૂઢ અને અર્થશૂન્ય છે. જો તે શ્રમણોપાસકો માત્ર ધોળાં વસ્ત્રો પહેરતા હોય વા તદ્દન નગ્ન રહેતા હોય તો જ તેઓને માટે આ શબ્દો વાપરી શકાય એવો વ્યુત્પત્તિશાસ્ત્રનો મત છે–આ ઉપરથી એવી અટકળ કાઢી શકું છઉં કે, ગમે ત્યારે આ શબ્દોની પ્રવૃત્તિ થઈ હોય પણ તેનું મૂળ કારણ આપણા ગુરૂપુરુષો (?) જ હોવા જોઇએ. આ શબ્દોના મૂળ પ્રવર્તક તરીકે સાધુઓને, વર્તમાન સરકારે વિશેષ ધન્યવાદ આપવો ઘટે છે, કે જેને પરિણામે તે કોર્ટ દ્વારા બન્ને સમાજ પાસેથી લાખો રુપિયા કમાઈ રહી છે. શ્વેતાંબર દિગંબર સંજ્ઞાનો સંબંધ સાધુચર્યા સાથે જ છે એથી બીજી પણ એક બાબત તરી આવે છે કે, તે બન્નેના શ્રમણોપાસકોની ચર્યામાં કશો ભેદ નહીં હોય–વર્તમાનમાં જે ભેદ આપણે અનુભવીએ છીએ તે તો તે તપોધનોના દુરાગ્રહરુપી તાડનો રસ છે કે જેઓએ સાધારણ–પ્રકાર–ભેદને પણ એક માર્ગરુપે પકડી રાખ્યો હશે. આ વાત આપણને ત્યારે જ સૂઝે તેમ છે, જ્યારે આપણને ચડેલું તે રસનું ઘેન ઉતરી શકે.

શ્વેતાંબરોનાં સૂત્રો કહે છે કે, વસ્ત્રો અને પાત્રો

રાખવાં પણ જોઈએ. તે સિવાય નબળા, સુકુમાર અને રોગિઓ માટે સંયમ દુરારાધ્ય છે—જો સાધુઓ વસ્ત્રો ન રાખે તો કડકડતી ટાઢમાં અસહનશીલ સાધુઓનું શું થાય ? તાપ સળગાવીને તાપણી કરતાં જે હિંસા થાય છે તે કરતાં વસ્ત્રો રાખવામાં એટલી હિંસાનો સંભવ નથી. સાધુઓને વિશેષ કરીને જંગલમાં રહેવાનું હોવાથી ત્યાં ડાંસ મચ્છર વિગેરે જંતુના ઉપદ્રવો થવાનો વિશેષ સંભવ છે માટે જે સાધુ એટલું દુઃખ સહી શકતો નથી, તે જો વસ્ત્ર ન રાખે તો તેને વિના કારણે સંયમ પાળતાં પાછા પડવું પડે છે. વળી જે સાધુએ લજ્જાને જીતી નથી તેને પણ વસ્ત્ર રાખવાની જરૂર છે. કારણ કે, તે (સાધુ) ફાટેલ તૂટેલ વા જૂનું, મેલું કે કોઈનું ઉતરેલું વસ્ત્ર પોતાની કેડ ઉપર વીંટીને લજ્જાને જીતવાનો પ્રયાસ કરી શકે છે—જ્યારે તેને જરા પણ લોક લજ્જાનો ભય રહેતો નથી ત્યારે તે વસ્ત્ર ન રાખે તો પણ ચાલી શકે છે. એ પ્રકારે પાત્ર રાખવામાં પણ સંયમની જ સાધના સમાએલી' છે. જમતી વખતે માત્ર હાથમાં લઈને સ્નિગ્ધ અને દ્રુત (દ્રવવાળો) આહાર કરવાથી તેનો કેટલોક ભાગ નીચે પણ પડે છે અને તે દ્વારા કલ્પિત દૃષ્ટિએ જીવહિંસાનો વિશેષ સંભવ છે. (હું ધારૂં છું કે, ચણા અને ચોળા જેવા શુષ્ક પદાર્થો તો નિર્દોષ રીતે માત્ર હાથમાં પણ (પાત્રની સહાયતા વિના) ખાઈ શકાય છે. વળી જે સાધુ બિમાર હોય, પથારીમાંથી ઉઠવાની જેની શક્તિ ન હોય તેને પણ પાત્ર સિવાય

ચાલી શકતું નથી. જો પાત્ર હોય તો તેને માટે બીજો સાધુ પાત્ર દ્વારા તદુચિત આહાર લાવી શકે છે. તેમ પાત્ર હોય તો જ તેનાં ખરચુ પાણી રીતસર થઈ શકે છે. જે સાધુઓ વસ્ત્ર-પાત્ર સિવાય પણ નિર્દોષ સંયમ પાળી શકે છે તેઓ માટે વસ્ત્ર-પાત્ર રાખવાની કાંઇ રાજાજ્ઞા નથી. છેક વિક્રમના ૭ મા ૮ સૈકા સુધી તો સાધુઓ કારણે જ વસ્ત્ર રાખતા, તે પણ માત્ર એક કટીવસ્ત્ર ( કાછડી જ ) અને કટીવસ્ત્ર પણ જો અકારણે પહેરવામાં આવતું તો તે સાધુ, કુસાધુ ગણાતો. આ હકીકતને શ્રીહરિભદ્રસૂરિએ પોતાના સંબોધપ્રકરણમાં આ રીતે જણાવી છેઃ—

"कीवो न कुणइ लोयं, लज्जइ पडिमाइ जल्लमुवणेइ।
सोवाहणो य हिंडइ बंधइ कडिपट्टयमकज्जे" ॥

( સંબોધપ્રકરણ, પૃ. ૧૪. )

પોતાના સમયના કુસાધુઓનું સ્વરૂપ દર્શાવતાં શ્રીહરિભદ્રસૂરિજીએ ઉપલી ગાથામાં જણાવ્યું છે કે, " કલીબ-દુર્બળ-( શ્રમણ ) લોચ કરતા નથી, પ્રતિમાનું વહન કરતાં લાજે છે, શરીરનો મેલ ઉખેડે છે, જોડા પહેરીને હિંડે છે અને કાર્ય વિના (પ્રયોજન વિના) કટિપટ્ટ ( કટિવસ્ત્ર—કાછડી ) ને બાંધે છે.

આ રીતે સાધુઓને માત્ર એક કટિવસ્ત્ર રાખવાનું જ દૃઢ થાય છે. અને તે પણ સૂત્ર સાહિત્યની સંકલના થયા પછીના ગ્રંથોથી એટલે કે અર્વાચીન ગ્રંથોથી. આ સંબંધે આચારાંગ-સૂત્રમાં નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

૧ " જે મુનિ અચેલ ( વસ્ત્ર રહિત ) રહે છે તેને આવી ચિંતા નથી રહેતી કે, મારાં વસ્ત્ર ફાટી ગયાં

છે, (બીજું) વસ્ત્ર માગવું પડશે, સૂતર માગવું પડશે, સોય માગવી પડશે, (વસ્ત્રને) સાંધવું પડશે, સીવવું પડશે, ચનો કરીને મોટું કરવું પડશે, ઊતરડવું પડશે, પહેરવું પડશે કે વીંટાળવું પડશે. વળી–" (૩૬૦)

"વસ્ત્ર રહિત રહેતાં તેવા મુનિઓને કદાચ વારંવાર તણખલાં કે કાંટા ભરાયા કરે, ટાઢ વાએ, તાપ લાગે, ડાંસ અને મચ્છરો કરડે; વિગેરે જાત જાતના સ્પર્શો સહવા પડે. એમ કર્યાથી લાઘવ (અલ્પચિંતા–નિરૂપાધિપણું) પ્રાપ્ત થાય છે અને તપ પણ પ્રાપ્ત થાય છે." (૩૬૧.)

"માટે જેમ ભગવાને કહ્યું છે તેને જ સમજી જેમ અને તેમ બધે ઠેકાણે સમપણું જાણતાં રહેવું. × × × ' (૩૬૨)

આચારાંગ સૂત્રના ઉપર્યુક્ત ઉલ્લેખથી આ વાત સાફ જણાય છે કે, સમર્થ અને સહનશીલ મુનિઓ તદ્દન નગ્ન રહેતા અને ભગવાને જણાવેલી સમતાને બને ત્યાં સુધી જાળવવાનો પ્રયત્ન કરતા. તે સૂત્રમાં આવો કોઇ એક જ ઉલ્લેખ નથી, કિંતુ તેવા બીજા અનેક ઉલ્લેખો છે. તેમાં બીજા શ્રુતસ્કંધ ભાગમાં વસ્ત્રૈષણા' નામનું એક પ્રકરણ છે જેમાં મુનિએ 'વસ્ત્રો કેવાં અને કેમ લેવાં?' એ વિષેનો વિગતવાર હેવાલ આપેલો છે. તેમાં જણાવ્યું છે કે—

૨ "ત્રીજી પ્રતિજ્ઞા—સાધુ અથવા સાધ્વીએ, જે વસ્ત્ર ગૃહસ્થે અંદર પહેરીને વાપરેલું વા ઉપર પહેરીને વાપરેલું હોય તેવું વસ્ત્ર પોતે માગી લેવું વા ગૃહસ્થે આપવા માંડતાં નિર્દોષ જણાતાં ગ્રહણ કરવું. એ ત્રીજી પ્રતિજ્ઞા" (૮૧૩)

"ચોથી પ્રતિજ્ઞા–મુનિ અથવા આર્યાએ ફેંકી દેવા લાયક વસ્ત્રો માગવાં એટલે કે જે વસ્ત્રો બીજા કોઇ પણ શ્રમણ, મુસાફર, રાંક કે ભીખારી ચાહે નહિ તેવાં પોતે માગી લેવાં વા ગૃહસ્થે પોતાની મેળે આપતાં નિર્દોષ જણાતાં ગ્રહણ કરવાં. એ ચોથી પ્રતિજ્ઞા." (૮૨૪)

તે સૂત્રમાં વસ્ત્ર રાખવાનું કારણ જણાવતાં જણાવ્યું છે કે,–

૩ "જે સાધુ વસ્ત્રરહિત (નગ્ન) હોય તેને એવું થાય કે, હું ઘાસનો કે કાંટાનો સ્પર્શ ખમી શકું છું, ટાઢ, તાપ અને ડાંસ તથા મચ્છરોના ઉપદ્રવને સહી શકું છું, તથા બીજા પણ અનુકૂળ પ્રતિકૂળ પરીષહો ખમી શકું છું, પરંતુ નગ્ન રહેતાં લજ્જા–પરીષહ ખમી શકતો નથી, તે સાધુએ કટિબંધન (કટિબંધ વસ્ત્ર) રાખવું."—(૪૩૩)

"જો લજ્જા જીતી શકાતી હોય તો અચેલ (નગ્ન–દિગંબર) જ રહેવું, તેમ રહેતાં તૃણસ્પર્શ, ટાઢ, તાપ, ડાંસ, મચ્છર તથા બીજા પણ અનેક પરીષહો આવે તે સહન કરવા. એમ કર્યાથી અનુપાધિપણું (લાઘવ) પ્રાપ્ત થાય છે. અને તપ પણ પ્રાપ્ત થાય છે. માટે જેમ ભગવાને કહ્યું છે તેને જ સમજી જેમ બને તેમ બધે ઠેકાણે સમપણું જાણતાં રહેવું." (૪૩૪)

વળી કેટલાક મુનિઓ એક વસ્ત્ર અને એક પાત્ર રાખતા વા બે વસ્ત્ર અને એક પાત્ર રાખતા તે વિષે નીચે પ્રમાણે જણાવ્યું છે.

૪ "જે સાધુ પાસે પાત્ર સાથે માત્ર એક જ વસ્ત્ર હોય

તેને એમ ચિંતા નહિ થવાની કે, હું બીજું વસ્ત્ર માગીશ. તે મુનિ નિરવદ્ય વસ્ત્ર યાચે અને જેવું મળે તેવું પહેરે. યાવત્ ઉનાળો આવતાં તે પરિજીર્ણ વસ્ત્ર પરઠવી દે, અથવા તે એક વસ્ત્ર પહેરે. પણ અંતે છાંડી કરીને વસ્ત્રરહિત થઇ નિશ્ચિંત થાય. એમ કર્યાથી તેને તપ પ્રાપ્ત થાય છે. માટે જેમ ભગવાને ભાષ્યું છે તેને જ સમજી જેમ બને તેમ સર્વત્ર સમપણું સમજતા રહેવું."—(૪૨૯)

"જે સાધુ પાસે પાત્ર સાથે બે વસ્ત્ર હોય તેને એવો ઇરાદો નહિ થાય કે, હું ત્રીજું વસ્ત્ર માગીશ. જો બે વસ્ત્ર ન હોય તો યથાયોગ્ય વસ્ત્ર માગી આવવાં અને જેવાં મળે તેવાં જ પહેરવાં. એ રીતે તે સાધુનો આચાર છે."—(૪૨૪)

"હવે જો મુનિ એમ માને કે શીયાળો વીતી ગયો છે અને ઉનાળો બેઠો છે તો તેણે તે પરિજીર્ણ વસ્ત્રો પરઠવી દેવાં, વા વખતસર (કારણે) પહેરવાં, વા ઓછાં કરવાં એટલે કે એક વસ્ત્ર રાખવું અને અંતે તે પણ છોડી વસ્ત્ર-રહિત—દિગંબર થઈ નિશ્ચિંત બનવું. આમ કરતાં તપ પ્રાપ્ત થાય છે. માટે જેમ ભગવાને ભાષ્યું છે તેને સમજી જેમ બને તેમ સર્વત્ર સમપણું સમજવું."—(૪૨૫)

જે મુનિઓ સહનશીલતાને અભાવે વા લજ્જાલુપણાને લીધે એક વા બે વસ્ત્રોને રાખે છે તેવા વસ્ત્રધારિઓ વિષે તે આચારાંગ સુત્રમાં નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

૫ "ભિક્ષુ વા ભિક્ષુણીએ એષણીય વસ્ત્રોને યાચવાં, જેવાં મળે તેવાં પહેરવાં કિંતુ તેને સુધારવાં કરવાં નહિ,

તથા ધોવાં કે રંગવાં નહિ, જો ધોએલાં કે રંગેલાં હોય તો પહેરવાં નહિ, અને ગ્રામાન્તરે જતાં તે અલ્પવસ્ત્રી મુનિએ તેને સંતાડવાં નહિ. વસ્ત્રધારી મુનિનો એ જ આચાર છે." —( ૮૩૨ )

સ્થાનાંગ સૂત્રમાં પણ વસ્ત્ર રાખવાનાં એ જ કારણો દર્શાવ્યાં છે. જેમકે—

૬ " આ ત્રણ કારણ હોય તો સાધુઓએ" (वत्थं) એક વસ્ત્રને ધારણ કરવું:—લજ્જા, ઘૃણા અને પરીષહ અર્થાત્ જે સાધુ લજ્જાને અને ઘૃણાને જીતી શકયો નથી, અને સંકટોને સહી શકતો નથી, તેણે વસ્ત્રને ( એક વસ્ત્રને ) ધારણ કરવું.

વસ્ત્ર રાખવાનાં જે કારણો ઉપર જણાવ્યાં છે, પાત્ર રાખવાનાં પણ તેવાં જ કારણો સૂત્રગ્રંથોમાં નોંધાએલાં છે. તે વિષે આચારાંગ સૂત્રના 'પાત્રૈષણા' નામના પ્રકરણમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:—

૭ " મુનિ વા આર્યાએ જ્યારે પાત્ર જોઇતું હોય ત્યારે તુંબી પાત્ર વા માટીનું પાત્ર અથવા એવી જ તરેહનું બીજું કોઈ પણ પાત્ર લેવું. અને જે મુનિ યુવાન અને મજબૂત બાંધાનો હોય તેણે માત્ર એક જ પાત્ર રાખવું, બીજું નહિ." —( ૮૪૧ )

" ૮ ત્રીજી પ્રતિજ્ઞા—મુનિ અથવા આર્યા, ગૃહસ્થે વાપરેલું વા ગૃહસ્થના વપરાતા બે ત્રણ પાત્રોમાંનું એક પાત્ર માગ્યાથી વા પોતાની મેળે ગૃહસ્થે આપતાં ગ્રહણ કરે, એ ત્રીજી પ્રતિજ્ઞા."—( ૮૪૯ )

"ચોથી પ્રતિજ્ઞા—મુનિ અથવા આર્યા જે પાત્ર ફેંકી દેવાં જેવું હોય અને તેથી જેને બીજા કોઈ ભિક્ષુક, બ્રાહ્મણ કે ભીખારી લોક લે નહિ તેવું પાત્ર માગ્યાથી વા પોતાની મેળે ગૃહસ્થે આપતાં ગ્રહણ કરે. એ ચોથી પ્રતિજ્ઞા." (૮૫૦)

ઉપરની જ હકીકતને સ્થાનાંગ સૂત્રનો નીચેનો ઉલ્લેખ વિશેષ દૃઢ કરે છે:—

૯"નિર્ગ્રન્થો વા નિર્ગ્રંથીઓ ત્રણ જાતનાં પાત્રોને વાપરી શકે છે;–તુંબીપાત્ર, કાષ્ઠપાત્ર અને મૃત્તિકાપાત્ર."

પાત્ર રાખવાનાં કારણો જણાવતાં સ્થાનાંગ સૂત્રની ૧૨મા સૈકાની ટીકામાં પણ નીચે પ્રમાણે જણાવ્યું છે:—

૧૦ "અશકત, બાલ, વૃદ્ધ, શૈક્ષ ( નવો દીક્ષિત થએલો ભિક્ષુ), અતિથિ, ગુરુ અને અસહન શીલવર્ગ; એ બધા માટે પાત્ર રાખવાની જરૂર છે. તથા સામાન્ય સાધુ સમુદાય માટે અને જે સાધુ, પાત્ર સિવાય નિરવદ્ય રીતે જમી શકતો નથી તે માટે પણ પાત્રની જરુર છે." '

---

१. " जे अचेले परिवुसिए, तस्स णं भिक्खुस्स णो एवं भवइः–परिजिन्ने मे वत्थे, वत्थे जाइस्सामि, सुत्तं जाइस्सामि, सूइं जाइस्सामि, संधिस्सामि, सीविस्सामि, उक्कसिस्सामि वोक्कसिस्सामि, परिहरिस्सामि, पाउणिस्सामि. " (३६०)

" अदुवा तत्थ परक्कमंतं भुज्जो अचेलं तणफासा फुसंति, सीयफासा फुसंति, तेउफासा फुसंति, दंस–मसगफासा फुसंति, एगयरे, अन्नयरे विरूवरूवे फासे अहियासेति । अचेले लाघवं आगममाणे, तवे से अभिसमण्णागए भवति " (३६१)

"जहेयं भगवता पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्व-ताए समत्तमेव समभिजाणिया." (३६२)

२ "अहावरा तच्चा पडिमा–से भिक्खू वा भिक्खुणी वा, से जं पुण वत्थं जाणेज्जा। तं जहा–अंतरिज्जगं वा उत्तरिज्जगं वा, तहप्पगारं वत्थं सयं वा णं जाणेज्जा, जाव–पडिग्गहेज्जा। तच्चा पडिमा." (८१३)

अहावरा चउत्था पडिमा–से भिक्खू वा भिक्खुणी वा उज्झियधम्मियं वत्थं जाइज्जा। जं चऽण्णे बहवे समण–माहण–अतिहि–किवण–वणीमगा णावकंखंति। तहप्पगारं उज्झियध-म्मियं वत्थं सयं वा णं जाणेज्जा, परो वा से देज्जा, फासुयं जाव पडिग्गहेज्जा। चउत्था पडिमा." (८१४)

३. "जे भिक्खू अचेले परिवुसिते, तस्स णं एवं भवति, चाएमि अहं तणफासं अहियासित्तए, सीयफासं अहियासित्तए, तेउफासं अहियासित्तए, दंस–मंसगफासं अहियासित्तए, एगयरे, अन्नतरे विरूवरूवे फासे अहियासित्तए; हिरिपडिच्छादणं च णो संचाएमि अहियासित्तए, एवं से कप्पति कडिबंधणं धारि-त्तए." (४३३)

"अदुवा तत्थ परक्कमंतं भुज्जो अचेलं तणफासा फुसंति, सीयफासा फुसंति, तेउफासा फुसंति, दंस–मसगफासा फुसंति, एगयरे, अन्नयरे विरूवरूवे फासे अहियासेति। अचेले लाघ-वियं आगममाणे, तवे से अभिसमन्नागए भवति। जहेतं भग-

वया पवेदियं तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए समत्तमेव समभिजाणिया. " (४३४)

४. " जे भिक्खू एगेण वत्थेण परिवुसिते पायबितिएण, तस्स णो एवं भवइ—बितियं वत्थं जाइस्सामि। से अहेसणिज्जं वत्थं जाएज्जा, अहापरिग्गहियं वा वत्थं धारेज्जा—जाव गिम्हे पडिवन्ने, अहापरिजुन्नं वत्थं परिट्ठवेज्जा। अदुवा एगसाडे, अदुवा अचेले लाघवियं आगममाणे तवे से अभिसमन्नागए भवइ। जहेयं भगवया पवेइयं तमेव अभिसमेच्चा सव्वओ सव्वत्ताए समत्तमेव समभिजाणिया. " ( ४२९ )

" से भिक्खू दोहिं वत्थेहिं परिवुसिते पाततितिएहिं, तस्स णं णो एवं भवति, ततियं वत्थं जाइस्सामि। से अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा जाव—एवं खलु तस्स भिक्खुस्स सामग्गियं. " (४२४)

" अह पुण एवं जाणेज्जा, उवक्कंते खलु हेमंते, गिम्हे पडिवन्ने, अहापरिजुन्नाइं वत्थाइं परिट्ठवेज्जा, अदुवा संतरुत्तरे, अदुवा ओमचेलए, अदुवा एगसाडे, अदुवा अचेले लाघवियं आगममाणे, तवे से अभिसमण्णागए भवति। जहेयं भगवता पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वत्ताए समत्तमेव अभिजाणिया. " (४२५)

५. " से भिक्खू वा भिक्खुणी वा अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा, अहापरिग्गहाइं वत्थाइं धारेज्जा, णो धोएज्जा, णो

रंगेज्जा, णो धोय–रत्ताइं वत्थाइं धारेज्जा, अपलिउंचमाणे गामंतरेसु ओमचेलिए। एतं खलु वत्थधारिस्स सामग्गियं"(८३२)

६. "तीहिं ठाणेहिं वत्थं धरेज्जा, तंजहा–हिरिपत्तितं दुगुंछापत्तियं, परीसहवत्तियं." (१७१)

७. "से भिक्खू वा भिक्खुणी वा अभिकंखेज्जा पायं एसित्तए। से जं पुण पायं जाणेज्जा, तंजहा–अलाउपायं वा, दारुपायं वा, मट्टियापायं वा, तहप्पगारं पायं। जे निग्गंथे तरुणे जाव थिरसंघयणे,से एगं पायं धारेज्जा,णो बीयं"(८४१)

८. "अहावरा तच्चा पडिमा–से भिक्खू वा भिक्खुणी वा से जं पुण पादं जाणेज्जा संगतियं वा वेजयंतियं वा तहप्पगारं पायं सयं वा जाव–पडिग्गहेज्जा। तच्चा पडिमा."(८४९)

अहावरा चउत्था पडिमा–से भिक्खू वा भिक्खुणी वा उज्झियधम्मियं पादं जाएज्जा, जं चऽण्णे बहवे समण–माहणा जाव–वणीमगा णावकंखंति, तहप्पगारं पादं सयं वा णं जाव पडिग्गहेज्जा। चउत्था पडिमा." (८५०)

९. "कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा ततो ततो पायाइं धारित्तते वा, परिहरित्तते वा, तंजहा–लाउयपादे वा, दारुपादे वा, मट्टियापादे वा." (१७०)

એ રીતે શ્વેતાંબરોના એ પ્રામાણિક ગ્રંથોમાં મને તો ક્યાંય એમ લાગતું નથી કે, વસ્ત્ર–પાત્ર માટે જ વિશેષ આગ્રહ કરાયો હોય, વા તે સિવાય સંયમ નથી જ, તે સિવાય મુક્તિ જ નથી, તે સિવાય કલ્યાણ નથી જ, એમ પણ કહેવાયું હોય. તેમાં તો એમ સાફ સાફ જણાવ્યું છે કે, જે સાધુઓ વસ્ત્ર–પાત્ર વિના પણ નિર્દોષ સંયમ પાળી શકતા હોય, તેઓને માટે તો વસ્ત્ર–પાત્રની જરુર નથી અને જે સાધુઓ તે વિના સંયમને પાળી શકવા જેટલા સમર્થ ન હોય તેઓ વસ્ત્ર પાત્રને (એક વા બે વસ્ત્રને અને એકાદ પાત્રને) રાખે તો પણ હરકત નથી–બન્નેનું ધ્યેય સંયમ છે, ત્યાગ છે અને આત્મશ્રેય છે. વસ્ત્ર–પાત્ર રાખનારે તેના ગુલામ બનવાનું નથી અને નગ્ન રહેનારે નગ્નતાના ગુલામ બનવાનું નથી. તાત્પર્ય એ કે, કોઈ પણ સ્થિતિના દાસ ન બનતાં, કોઈ જાતનો એકાંત દુરાગ્રહ ન કરતાં જેટલી જરુરિયાતો (ઉપાધિઓ) ઓછી થાય તેમ કરવાનો પ્રયત્ન કરવાનો છે. એ જ પ્રયત્નવાળો માર્ગ વર્ધમાને આચરેલો છે અને આર્ષગ્રંથોમાં નોંધાએલો છે.

---

१०. "अतरंत[१]–बाल[२]–वुड्ढा[३] सेहा[४]–ऽऽदेसा[५] गुरु[६] असहुवग्गो[७]। साहारणो[८]वग्गहाऽलद्धि[९]कारणा पायगहणं तु." (पृ० १३८)

---

१. पृ० ६४–६५. २. पृ० १८६–१८७. ३. पृ० ८३, ४. पृ० ८१–७९–८०. ५. पृ० ११९. ६. स्थानांग० स० पृ० १३८, ७. १९४ आचारांग सूत्र (रा० रवजीभाईवाळुं मूल अने भाषांतर) ८. १९५–१९६. ९. स्थानांग. स० पृ० १३८.

તે જ માર્ગમાં ત્યાગ છે, આત્મસ્વાતંત્ર્ય છે, અને ઘરબાર છોડ્યાનો સાર પણ તેમાં જ છે.

હું ધારૂં છું ત્યાં સુધી આ સંબંધે દિગંબર-ગ્રંથોને ઉપર જણાવ્યા કરતાં વધારે જણાવવાનો-કહેવાનો-અવકાશ રહેતો નથી. શું એમ માની શકાય ખરૂં કે, તે ગ્રંથોમાં આવું લખ્યું હોય-સાધુ માંદો પડયો હોય-મરતો હોય તે ભલે, પણ તેણે કપડાના કકડાને પણ અડવું નહિ, તેનાં ખરચુપાણી પથારીમાં જ થતાં હોય તે ભલે, પણ તેણે માટીની ઠીબને પણ હાથ લગાડવો નહિ. ઉગ્ર સંયમના પોષક દિગંબર ગ્રંથોએ પણ જેમ સાધુઓને ખાવાની છૂટ આપી છે તેમ સંયમ નિમિત્તે જ વસ્ત્ર-પાત્રની પણ છૂટ આપવી જોઇએ-જો તે ગ્રંથોમાં તે જાતનું વિધાન ન હોય તો હું માનું છું કે, તે તેના રચનારની ખામી છે. અભ્યાસી અને ઉમેદવાર મનુષ્યો માટે એવી કોઇ સ્થિતિ ભાગ્યે જ છે, જેમાં એકાદ બારી રાખ્યા સિવાય તેઓનું નભી શકે વા તેઓ ચલાવી શકે-બનતાં સુધી આત્મસમતાને જાળવી જાળવીને ચાલવું એ ખરૂં, પણ જ્યારે તે સમતા જ ગુમ થવાની નોબત આવે ત્યારે માત્ર તેને સ્થિર રાખવા માટે ઔષધની પેઠે વસ્ત્ર-પાત્ર રાખવાની મનાઈ કોઈ આચાર-સાહિત્યમાં સંભવી શકતી નથી. દિગંબરોના રાજવાર્તિક અને જ્ઞાનાર્ણવ વિગેરે ગ્રંથોમાં આદાનસમિતિ અને પારિષ્ઠાપનિકા સમિતિનાં નામો જોવામાં આવે છે તથા તે ઉપર થએલું વિવેચન પણ તેમાં જણાય છે માટે વસ્ત્ર-પાત્ર સંબંધે દિગંબરોની માન્યતા

વિષે મેં જે ઉપરની અટકળ બાંધી છે તે મારા ધારવા પ્રમાણે ખોટી જણાતી નથી.-રાજવાર્તિકમાં ૨૭૧ મે પૃષ્ઠે તે વિષે આ પ્રમાણે જણાવ્યું છે:—

"वाङ्–मनोगुप्ति–ईर्या–आदान–निक्षेपणसमिति–
आलोकितपान–भोजनानि पंच" ॥ ८ ॥

અર્થાત્ અહિંસારૂપ મહાઉદ્યાનની રક્ષા કરનારે તેની ફરતી પાંચ વાડો બાંધવાની છે. તે આ પ્રમાણે:—વાણીનો સંયમ, મનનો સંયમ, જતાં આવતાં સાવધાનતા, લેતાં મૂકતાં (એટલે ઉપકરણોને લેતાં મૂકતાં) સાવધાનતા અને આલોકિત ખાનપાનમાં સાવધાનતા. આ ઉલ્લેખમાં ખાનપાનની સાવધાનતાનો જૂદો ઉલ્લેખ કરેલો હોવાથી આદાનનિક્ષેપણમાં તેનો સંબંધ જણાતો નથી તેથી એ ચોથી વાડનો સંબંધ નિર્ગ્રંથોનાં ઉપકરણો ( વસ્ત્ર પાત્ર વિગેરે ) સાથે ઘટાવવો સંગત અને ઉચિત જણાય છે, જ્ઞાનાર્ણવમાં ૧૯૦ મે પૃષ્ઠે એ જ હકીકતને આ પ્રમાણે જણાવી છે:—

"शय्या–ऽऽसनो–पधानानि शास्त्रोपकरणानि च ।
पूर्वं सम्यक् समालोच्य प्रतिलिख्य पुनः पुनः॥ १२ ॥
गृह्णतोऽस्य प्रयत्नेन क्षिपतो वा धरातले ।
भवत्यविकला साधोरादानसमितिः स्फुटम्" ॥ १३ ॥

અર્થાત્ "શય્યા, આસન, ઓશિકું, શાસ્ત્રને સાચવવાનાં ઉપકરણો; એ બધાંને બરાબર જોઇ, વારંવાર તપાસી લેતો મૂકતો સાધુ અવિકલપણે આદાન સમિતિને સાચવી

શકે છે." તેમાં આ જ પ્રકરણમાં વ્યુત્સર્ગસમિતિનો (નિક્ષેપણાસમિતિનો) પણ ઉલ્લેખ છે. ઉપરનો જ્ઞાનાર્ણવનો ઉપકરણોને લગતો ઉલ્લેખ શાસ્ત્રોપકરણોનો પણ નિર્દેશ કરે છે તો તે, શરીરોપકરણો–તે પણ ઔષધવત્ વપરાતાં વસ્ત્ર–પાત્રોનો ઐકાંતિક નિષેધ શી રીતે કરે? વળી વર્ધમાનને નામે ચાલતા પ્રવચનમાં, તેમાં પણ નિર્દોષ બાહ્યસામગ્રીમાં ક્યાંય એકાંત સંભવી શકતો નથી. કારણ કે, તે પ્રવચનનું નામ જ અનેકાંતિક દર્શન છે. છતાં જો વર્ધમાનને નામે ચાલતા ચોપડામાં તેના મુનિમે આવી બાહ્ય સામગ્રીમાં પણ ક્યાંય એકાંતનો આંકડો પાડ્યો હોય તો હું તો તે ચોપડાનો વહિવટ વર્ધમાનાનુગામી છે એવું કદી પણ માની શકું નહિ, સ્વીકારી શકું નહિ, પછી ભલે તે શ્વેતાંબરોનો હોય વા દિગંબરોનો હોય. અસ્તુ.

આ ઉપરથી વાંચકો સમજી શકશે કે, શ્વેતાંબરતા અને દિગંબરતાની ભીંત કેવળ આગ્રહના જ પાયા ઉપર ચણાએલી છે. બન્ને સંપ્રદાયના પ્રાચીન ગ્રંથોનો વસ્ત્ર–પાત્ર માટે એક સરખો અભિપ્રાય છે છતાં વર્તમાનમાં તે વિષે જે ભીષણ મતભેદ જણાય છે તેનું મૂળ કારણ બન્ને સંપ્રદાયના પૂર્વના ગુરૂઓનો અને વર્તમાન કુલગુરૂઓનો દુરાગ્રહ, સ્વાચ્છંદ, શૈથિલ્ય અને મુમુક્ષુતાનો અભાવ; એ સિવાય બીજું કાંઈ હોઈ શકતું નથી–એક તટસ્થ વિદ્વાનને (જેને શ્વેતાંબર દિગંબરનો ગંધ પણ નથી) બન્ને સંપ્રદાયના પ્રાચીન ગ્રંથોમાં જણાવેલા આચાર–વિભાગને વાંચવાનું કહેવામાં આવે તો તે ભાગ્યે જ એમ જાણી શકશે

કે, આ ગ્રંથ શ્વેતાંબરોનો છે અને આ ગ્રંથ દિગંબરોનો છે. શું કોઇ સામાન્ય બુદ્ધિનો માણુસ પણ એમ કહી શકશે કે, જે ક્રીશ્ચીયન છરી–કાંટાવતી જમે છે તે અને જે ક્રીશ્ચીયન હાથથી જમે છે તે બન્ને જૂદા જૂદા ધર્મવાળા છે વા એક હસ્તભોજી મતનો ક્રીશ્ચીયન છે અને બીજો કાંટાભોજી મતનો ક્રીશ્ચીયન છે. જો આ બન્ને ક્રીશ્ચીયનો જૂદા જૂદા થઇ શકતા હોય તો જ શ્વેતાંબરો અને દિગંબરો પણ જૂદા જૂદા થઇ શકે છે–અન્યથા તેઓની જૂદાઈ તો દૂર રહી, પણ તેઓનાં તે તે નામો પણ સંભવતાં નથી.

હવે આપણે તે શ્વેતાંબરતા અને દિગંબરતાના મૂળ તરફ નજર કરીએ કે, જે આજથી ૨૦૦૦–૨૨૦૦ વર્ષો પહેલાં વવાએલું છે અને ત્યારથી જ તે ઉપર આગ્રહનો રસ રેડી રેડીને તેને પુષ્ટ અને દૃઢ કરવામાં આવેલું છે:— આ હકીકત તો આપણે સાંભળીએ છીએ કે, વડિલ વર્ધમાનના સમયે ભગવંત પાર્શ્વનાથના સાધુઓ પણ હતા, જેઓને આપણે ઋજુપ્રાજ્ઞ તરીકે જાણીએ છીએ. મારા ધારવા પ્રમાણે સભ્ય સંસારમાં એવું સંભવતું નથી કે, જે વિવેકી અને સરલ હોય તે જડ અને વક્ર કરતાં વધારે આરામ ભોગવે વા વધારે છૂટ લે. હું તો ધારૂં છું કે, જડ અને વક્ર કરતાં વિવેકી અને સરળ મનુષ્યો ઉપર વધારે જવાબદારી છે. જે જાતનું આચરણ તેઓ આચરશે તે જ આચરણ તરફ વક્ર અને જડોની પ્રવૃત્તિ થશે–વક્ર અને જડોને તો કહેવાની છૂટ છે કે, વિવેકી કરે એમ અમારે કરવું, એ જ અમારે માટે હિતરુપ છે. આમ

આવાથી વિવેકી અને સરળ મનુષ્યોએ તો પોતાનો આચાર એવો સુદૃઢ અને અપવાદ વિનાનો રાખવો જોઇએ કે, જેથી તેઓની પાછળ ચાલનારો વર્ગ પણ સુદૃઢ અને નિરપવાદી આચારોને પાળી શકે. આવી વસ્તુસ્થિતિ હોવા છતાં આપણા સાંભળવામાં એમ આવે છે કે, ઋજુ અને પ્રાજ્ઞ સાધુઓ કરતાં વક્ર અને જડ સાધુઓનો આચાર વિશેષ કઠિન અને દુસ્સહ કરવામાં આવ્યો છેઃ—ઋજુ પ્રાજ્ઞ સાધુઓ પંચરંગી વસ્ત્રો, રેશમી વસ્ત્રો વા બહુમૂલ્ય વસ્ત્રો પહેરી પણ શકે અને વક્ર જડ સાધુઓએ તો શક્યતાનુસારે અચેલ ( વસ્ત્ર રહિત વા એકવસ્ત્રી કે દ્વિવસ્ત્રી, તે પણ વસ્ત્ર જાનું, મેલુ, ફાટેલું, ગૃહસ્થે વાપરેલું વા જેવું મળે તેવું સુધાર્યા વિનાનું કારણે જ વપરાય ) જ રહેવું જોઈએ. સમુદાયને ઉદ્દેશીને કરેલું ખાનપાન ઋજુપ્રાજ્ઞો લઇ શકે અને તે જ ખાનપાન, વ્યક્તિની દૃષ્ટિએ પણ વક્ર જડો માટે દૂષિત ગણાય. ઋજુપ્રાજ્ઞો રાજપિંડ પણ લઇ શકે અને વક્ર જડોથી તો તેને લેવાય જ નહિ. તેઓ પ્રતિક્રમણની ક્રિયા માટે કામચારી હોઇ શકે અને વક્રજડોએ તો તે ક્રિયા નિરંતર અને નિયમિત કરવી જોઇએ. તેઓ શય્યાતરના ઘરનું જમી શકે અને વક્ર જડોથી તેના ઘરનો આહાર લેવાય જ નહિ, તથા વિહાર, જ્યેષ્ઠ કનિષ્ઠની વ્યવસ્થા અને વંદનાદિ વ્યવહાર માટે ઋજુપ્રાજ્ઞો નિરંકુશ રહે અને તે જ કાર્યો માટે વક્ર જડોને ગુરુની પરતંત્રતા રાખવી પડે, આમાંનો નિરંકુશ આચાર ભગવંત પાર્શ્વનાથના ઋજુપ્રાજ્ઞ સાધુઓનો છે, અને સાંકુશ

આચાર ભગવંત વર્ધમાનના વક્રજડ સાધુઓનો છે. અહીં હું વાચકોને પોતાને જ પૂછું છું કે, ઉપર્યુક્ત બે જાતના આચારોમાં કયા આચારમાં વિશેષ ત્યાગ જણાય છે, કોના આચારમાં વિશેષ કસોટી જણાય છે અને કયો આચાર વિશેષ મર્યાદિત જણાય છે? મારી ધારણા પ્રમાણે તો વાચકોને વર્ધમાનના જ આચારોમાં ત્યાગ કસોટી અને મર્યાદા જણાવાં જોઇએ—જો ત્યાગનો અર્થ જરૂરિયાતો ઓછી કરવાનો હોય, જો ત્યાગનો અર્થ નિરંકુશતાને રોકવાનો હોય, જો ત્યાગનો અર્થ સહન કરવાનો હોય અને જો ત્યાગનો અર્થ મર્યાદામાં રહેવાનો હોય તો સૌ કોઇ એક અવાજે કબુલ કરશે કે, વર્ધમાનના જ આચારોમાં ત્યાગ, મુનિતા અને વૈરાગ્ય ભરપૂર ભર્યો છે અને ઋજુપ્રાજ્ઞ પુરૂષોના તે તે આચારોમાં અનુકૂળતા, આરામ, યથેચ્છવર્તિતા અને અમર્યાદા તરવરી રહી છે. કદાચ પાર્શ્વનાથ સ્વામિની હયાતિમાં તેમના શિષ્યોમાં આ જાતનું સુખશીલ વર્તન નહિ હોય પરંતુ તેઓનું નિર્વાણ થયા પછી તે બે (પાર્શ્વનાથ અને વર્ધમાન) ધર્માચાર્યોના ૨૫૦ વર્ષના વચગાળાના કોઇ પણ વખતે પાર્શ્વનાથના સંતાનો ઉપર તે સમયના આચારહીન બ્રાહ્મણ–ગુરૂઓની અસર થઈ હોય અને તેને લઈને તેઓએ પોતાના આચારોમાંથી કડકપણું કાઢી નાખી, ઘણા નરમ અને સુકર આચારો બનાવી લીધાં હોય એ સંભવતું અને ઘટતું છે. ધારો કે, આપણો કોઈ પાડોશી હમેશા નાતો ધોતો હોય, ખાતો પીતો હોય, મનગમતાં વસ્ત્રો પણ પહેરતો હોય અને તેની આવી રીત

બાત હોવા છતાં પણ તે એક સાધુ વા ભિક્ષુ, ગુરૂ તરીકે પોતાની પ્રતિષ્ઠા વા પૂજ્યતા જાળવી શકતો હોય તો હું નથી ધારતો કે, તેનો બીજો ત્યાગી પાડોશી તેના આચરણને અનુસરવામાં વધારે વિલંબ કરી શકે. ક્લિષ્ટ આચારોને પાળવામાં, લજ્જાને જીતવામાં, શરીરને વશ રાખવામાં અને એવી બીજી પણ અનેક ત્યાગની બાબતોમાં માનવ પ્રાણી મૂળથી જ ઢીલો રહેલો જોવાય છે. એથી તે જ્યાંસુધી પોતાની સગવડતા સચવાય તેવા આચારોને, તેવા નિયમોને વા તેવી ક્રિયાઓને પાળતાં જો ધર્માચરણ કરી શકતો હોય તો તેવા સુકર નિયમો તરફ ઝટ વળી જાય છે અને જ્યાં ભૂખ્યા રહેવાનું કહેવામાં આવતું હોય, અચેલ રહેવાનો આચાર પળાતો હોય તથા જ્યાં શરીરની પ્રત્યેક સગવડતાને રોધવામાં આવતી હોય તે બાજુએ તે, જવલ્લે જ વળે છે, વળતાં છતાં ભાગ્યે જ નિર્વિઘ્ને પાર પહોંચે છે—અંગ–સૂત્ર–ગ્રંથોમાં હું જોઇ શકયો છું તેમ વર્ધમાન જેવા સમર્થ યોગી પુરુષની પાસે પણ, નગ્ન થવામાં પાર્શ્વનાથનાં સંતાનો અચકાયાં છે. તેઓએ વર્ધમાનની પરીક્ષા –માત્ર સૂકી વાક્પરીક્ષા–લેવા કેટલાક પ્રશ્નો પૂછયા છે અને જ્યારે તેમની પાસેથી તેનાં મનગમતાં સમાધાનો તેઓને મળ્યાં, તેમાં પાર્શ્વનાથની સાક્ષી ભળી ત્યારે જ તેઓએ વર્ધમાનને પણ માથું નમાવ્યું છે. સૂત્રોમાં જ્યાં જ્યાં વર્ધમાન અને તેમના નિર્ગ્રંથોનો સમાગમ થએલો છે ત્યાં બધે ઠેકાણે નિર્ગ્રંથોએ તેમને પ્રદક્ષિણા દઇ અને વંદન કરી પોતાના વક્તવ્ય વા પ્રષ્ટવ્યની શરુઆત કરેલી છે એવી સંકલના

જડી આવે છે એટલુ જ નહિ પણ સ્કંદક જેવા અન્યમતી તાપસે પણ વર્ધમાનને મળતાં જ જૈન નિર્ગ્રંથોને છાજે તેવો તેમનો સત્કાર કરેલો છે એવી પણ નોંધ ભગવતી સૂત્રના બીજા શતકમાં મોજૂદ છે. પરંતુ જ્યાં જ્યાં પાર્શ્વાપત્યોની વાત આવે છે ત્યાં સર્વત્ર તેઓએ વર્ધમાન વા તેમના સ્થવિરોને મળતાં જ સાધારણ સત્કાર કર્યાનો પણ ઉલ્લેખ મળતો નથી. કિંતુ તેઓએ વર્ધમાન વા તેના સ્થવિરો પાસે જઈ અને તેઓની સાથે વાતચીત કરી તેમને ઓળખ્યાનો, તેમને વંદનાદિ કર્યાનો અને તેમનો ધર્મ સ્વીકાર્યાનો ઉલ્લેખ મળી આવે છે. સૂત્રોમાં તો આવા અનેક ઉલ્લેખો વિદ્યમાન છે. તેમાંના એકાદ બે તેવા ઉલ્લેખો તરફ અહીં હું વાચકોનું ધ્યાન ખેંચું છું. ભગવતી સૂત્રના નવમા શતકના બત્રીશમા ઉદ્દેશકમાં ગાંગેય નામના એક પાર્શ્વાપત્યની કથા આવે છે. તેમાં એમ જણાવેલું છે કે,

૧ "એક સમયે વર્ધમાન, વાણિજ્યગ્રામના દ્રુતિપલાશ નામના ચૈત્યમાં પધાર્યા હતા. ત્યાં તેમનો ઉપદેશ સાંભળવા ત્યાંનો સમાજ મળ્યો હતો અને તે સદુપદેશનું શ્રવણ કરીને તે લોક–સમૂહ પાછો પોત પોતાને ઠેકાણે ચાલ્યો ગયો હતો.

તે ગામમાં વર્ધમાનને ગાંગેય નામે પાર્શ્વાપત્ય અનગાર મળ્યા હતા. તેઓ વર્ધમાનની પાસે ગયા હતા અને તેમની નજીકમાં બેસી તેઓએ વર્ધમાનને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. પોતાના પૂછેલા પ્રશ્નોના જવાબો મળ્યા ત્યારથી જ તે પાર્શ્વાપત્ય ગાંગેય અનગારે વર્ધમાનને સર્વજ્ઞ અને સર્વદર્શી તરીકે ઓળખ્યા હતા. પછી તેને વંદનાદિ કરી

તેણે પોતાનો ચતુર્યામ ધર્મ મૂકી વર્ધમાનનો પંચયામ માર્ગ સ્વીકારી પોતાનું શ્રેય સાધ્યું હતું. આ જ ઋજુપ્રાજ્ઞ (?) ગાંગેયે વર્ધમાનની પરીક્ષા લીધી હતી અને તે અર્થે તેણે, તેમને અનેક પરોક્ષ પ્રશ્નો પણ પૂછયા હતા. આ પ્રમાણે બીજા *કાલાસ્યવેશિક પાર્શ્વાપત્યે વર્ધમાનના સ્થ-

१ " ते णं काले णं, ते णं समए णं वाणियगामे णामं णयरे होत्था. वण्णओ, दुइपलासे चेइए, सामी समोसढे, परिसा णिग्गया, धम्मो कहिओ, परिसा पडिगया. ते णं काले णं, ते णं समए णं पासावच्चिज्जा गांगेये णामं अणगारे जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छइत्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते ठिच्चा समणं भगवं महावीरं एवं वयासी: "–

" तप्पभिइं च णं से (पासावच्चिज्जे) गंगेये अणगारे समणं भगवं महावीरं पच्चभिजाणइ–सव्वण्णू सव्वदरिसी । तए णं से गंगेये अणगारे समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, वंदइ, णमंसइ; वंदित्ता, णमंसित्ता एवं वयासी–इच्छामि णं भंते ! तुब्भे अंतिए चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं, एवं जहा कालासवेसियपुत्ते अणगारे तहेव भाणियव्वं जाव० सव्वदुक्खप्पहीणे । "

—(भगवती० बा० पृ० ७३८–७३९–७८७)

*" ते णं काले णं, ते णं समए णं पासावच्चिज्जे काला-

વિરો સાથે સમાગમ થતાં કોઈ જાતનો સામાન્ય વિનય પણ દાખવ્યો નથી, પરંતુ તે સમાગમને પરિણામે તેને વક્રજડોની ટોળીમાં ભળવું પડયું હતું." એ કેવી ઋજુ પ્રાજ્ઞતા! અને કેવી વક્રજડતા! આ બન્ને પાર્શ્વાપત્યોને લગતો જે ઉલ્લેખ મળી આવે છે તેમાંનો ઉપયોગી ભાગ નીચે ટીપમાં આપું છું. તે વિષે સવિસ્તર જોનારે તો તે બન્ને આખાં પ્રકરણો જોવાં જોઇએ.

ઋજુ અને પ્રાજ્ઞ પુરૂષોનો તો એવો એક સ્વાભાવિક નિયમ છે કે, તેઓ ક્યાંય આગ્રહી હોતા નથી, ગુણના પ્રેમી હોય છે અને 'गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः' જેવી સદુક્તિઓને તેઓ જ ચરિતાર્થ કરે છે. તેઓ એવા તો નમ્ર હોય છે કે, તદ્દન અજાણ્યા પણ ગુણી વા તપસ્વી માનવને મળતાં જ ઉચિત આદર કરવાનું ચૂકતા નથી. હવે આપણે સમીક્ષણ કરીએ કે, ઋજુ પ્રાજ્ઞની આ સ્થિતિ ક્યાં અને આપણા ઋજુપ્રાજ્ઞની વર્ધમાન જેવા દીર્ઘ તપસ્વીની પરીક્ષા લેવાની તે પણ અનમ્ર વૃત્તિ ક્યાં? આ હેતુથી અને આવાં બીજાં પણ અનેક પ્રમાણોથી હું એવું અવધારી શકું ખરો કે, વર્ધમાનને વખતે, પાર્શ્વનાથની પ્રજા સુખશીલ થઈ ગઇ હતી અને તે ત્યાં સુધી કે, વર્ધમાન જેવા મહાત્માને ઓળખી શકવા જેટલી સ્થિતિવાળી પણ તે ન રહી હતી. ભગવતી સૂત્રમાં તેના સંકલન કરનારે એક

---

सवेसियपुत्ते णामं अणगारे जेणेव थेरा भगवंतो तेणेव उवागच्छइ, उवागच्छइत्ता थेरे भगवंते एवं वयासीः "–

(भग० बा० पृ० १३१)

...ળે પાર્શ્વાપત્યીય કાલાસ્યવેશી અનગારના મુખે વર્ધ-માનના નિર્ગ્રંથો સાથે સામાયિક વિષે ચર્ચા કરાવી છે. તે ચર્ચાને છેવટે તે પાર્શ્વાપત્યીય સાધુ, એ વાતને કબૂલ કરે છે કે, "હે નિર્ગ્રંથો! જેવું તમે સામાયિકનું સ્વરુપ અ-ણાવ્યું છે તેવું મેં સાંભળ્યું નથી, તેમ તેવું મને કોઇએ કહ્યું નથી" ઇત્યાદિ. એ વિષે ભગવતી સૂત્રમાં આ પ્રમાણે નોંધાએલું છે:—

*"આ અવસરે પાર્શ્વાપત્ય કાલાસ્યવેશિક પુત્ર અન-

---

* "एत्थ णं से (पासावच्चिज्जे) कालासवेसियपुत्ते अणगारे संबुद्धे थेरे भगवंते वंदइ, णमंसइ; वंदित्ता, णमंसित्ता एवं वयासी—एएसि णं भंते! पयाणं पुव्विं अण्णाणयाए, असवणयाए, अबोहियाए, अणभिगमेणं, अदिट्ठाणं, अस्सुयाणं, असुयाणं, अविण्णायाणं, अव्वोगडाणं, अव्वोच्छिण्णाणं, अणिज्जूढाणं, अणुवधारियाणं, एयमट्ठं णो सद्दहिए, णो पत्तिइए, णो रोइए; इयाणिं भंते! एएसि णं पयाणं जाणणाए, सवणयाए, बोहियाए, अभिगमेणं, दिट्ठाणं, सुयाणं, विण्णायाणं, वोगडाणं, वोच्छिण्णाणं, णिज्जूढाणं उवधारियाणं एयमट्ठं सद्दहामि, पत्तियामि, रोएमि, एवमेयं से जहेयं तुब्भे वयह। तए णं ते थेरा भगवंतो कालासवेसियपुत्तं अणगारं एवं वयासी—सद्दहाहि अज्जो!, पत्तियाहि अज्जो!, रोएहि अज्जो! से जहेयं अम्हे वयामो। तए णं कालासवेसियपुत्ते अणगारे, थेरे भगवंते वंदइ, नमंसइ; वंदित्ता, णमंसित्ता एवं

ગાર બુદ્ધ થયા—બોધ પામ્યા અર્થાત્ સામાયિકાદિના સ્વરૂપથી માહિતગાર થયા, અને તેમને વર્ધમાનના (વક્રજડ) સ્થવિરોને વંદન, નમન કરી આ પ્રમાણે કહ્યું કે—હે ભગવંતો ! તમે જે પદો કહ્યાં છે એના પૂર્વના અજાણપણાથી, પૂર્વે એને નહિ સાંભળવાથી, એને લગતો બોધિલાભ ન મળવાથી અથવા મારામાં જાતે વિચાર કરવાની બુદ્ધિ ન હોવાથી, એનો વિગતવાર બોધ ન થએલો હોવાથી, તે પદોને મેં જાતે ન જોએલાં હોવાથી, ન સાંભળેલાં હોવાથી, તે પદો મારી સ્મૃતિમાં ન આવતાં હોવાથી, તેને મેં વિશિષ્ટપણે ન જાણેલાં હોવાથી, ગુરુએ તેને વિશેષતાપૂર્વક ન કહેલાં હોવાથી, તે પદો વિપક્ષથી અપૃથગ્ભૂત હોવાથી, ગુરુએ તેને કોઇ મોટા ગ્રંથથી ટુંકાં કરીને ન ઉદ્ધરેલાં હોવાથી અને એ જ હેતુથી તે પદો અનવધારિત રહેલાં હોવાથી આપે કહેલા આ અર્થને મેં સદ્દહ્યો ન હતો, તે તે અર્થ ઉપર મને વિશ્વાસ કે રૂચિ પણ ન હતાં. પરંતુ હે ભગવંતો ! હમણાં મેં આપની પાસેથી એ પદોને જાણ્યાં છે, સાંભળ્યાં છે અને યાવત્ અવધાર્યાં છે તેથી કરીને મને આપે કહેલી હકીકતમાં શ્રદ્ધા, વિશ્વાસ અને રૂચિ થયાં છે અને તમે જે આ કહો છો તે, એ પ્રમાણે છે. આ રીતે

---

पयासी—इच्छामि णं भंते ! तुब्भे अंतिए चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ता णं विहरित्तए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह " इत्यादि.

( भगवतीसूत्र, बाबूवाळं, पृ० १३४–१३५)

એક ઋજુપ્રાજ્ઞ સંપ્રદાયના મુનિની વાણી સાંભળી વર્ધમાનના (વક્રજડ) સ્થવિરોએ તેને કહ્યું કે, હે આર્ય ! જે અમે કહીએ છીએ તેમાં શ્રદ્ધા ધરો, વિશ્વાસ કરો અને રૂચિ રાખો. ત્યાર પછી તે ઋજુપ્રાજ્ઞ કાલાસ્યવેશિક મુનિએ, તે સ્થવિરોને એમ કહ્યું કે, હે ભગવંતો ! મારી એવી વૃત્તિ છે કે, હું મારો ચતુર્યામ ધર્મ મૂકી, આપના પ્રતિક્રમણસહિત પંચયામ ધર્મને સ્વીકારી વિહરૂં. તેના જવાબમાં તે સ્થવિરોએ વિશેષ કોમળતાથી કહ્યું કે, હે દેવપ્રિય ! સુખ થાય તેમ કરો અને તેમ કરવામાં ઢીલ ન કરો "–

(ભગવતીસૂત્ર, બાબૂવાળું, પૃ૦ ૧૩૪–૧૩૫)

આ ઉલ્લેખમાં વર્ધમાનના વક્રજડ શિષ્યો પાસેથી ઋજુપ્રાજ્ઞ પાર્શ્વાપત્યે તદ્દન નહિ જાણેલું જાણ્યું, નહિ સાંભળેલું સાંભળ્યું–અને તેમ કરી તેણે પોતાનો પરાપૂર્વથી ચાલ્યો આવતો ચતુર્યામ માર્ગ મૂકયો અને વક્રજડોનો પંચયામ સપ્રતિક્રમણ માર્ગ સ્વીકારી પોતાનું શ્રેય સાધ્યું. આ હકીકત પણ મારા ઉપરના અવધારણને ટેકો આપતી હોય તેમ મને લાગે છે. આ ઉપરાંત માર્ગ બદલવા સંબંધે વર્તમાન અંગગ્રંથોમાં બીજા પણ પાર્શ્વાપત્યોને લગતા એવા અનેક ઉલ્લેખો મળી આવે છે કે જે મારી માન્યતાના સમર્થનની તરફેણ કરતા હોય એમ મને જણાય છે; આ વિષે હું 'પાર્શ્વનાથ અને વર્ધમાન'ના મથાળા નીચે એક જૂદો જ સવિસ્તર નિબંધ લખવાનો છું. અહીં તો તે વિષે વધારે લખવું અસ્થાને હોવાથી અને પ્રસ્તુત નિબંધની કાયામાં નકામો વધારે થાય તેવું હોવાથી તે વિષયને જતો

ફરી પાછો મારી પ્રસ્તુત ચર્ચા ઉપર જ આવું છું. ઉપર જણાવેલી મારી બધી દલીલો આ એક વાતને સ્પષ્ટપણે સૂચિત કરે છે કે, વર્ધમાનના સમયમાં પાર્શ્વનાથની વાડી કરમાઇ ગયા જેવી હતી, તે ઉત્તમ ત્યાગના પવિત્ર પાણીથી સિંચાતી ન હતી, કિંતુ તેને સુખ શીલતાનું કિંપાકના રસ જેવું આપાતમધુર પાણી મળ્યે જતું હતું. વાચકોએ યાદ રાખવું જોઇએ કે હું શ્વેતાંબરતા અને દિગંબરતાના મૂળની શોધ કરી રહ્યો છું અને મને તો મારા યથામતિજન્ય મનન પછી પાર્શ્વાપત્યોની સુખશીલતામાં તે મૂળ સમાયું જણાય છે. વર્ધમાનની આસપાસનાં પાર્શ્વાપત્યોની સુખશીલતામાં મને તો મીનમેખ જેવું જણાતું નથી, તેમ તેઓની ઋજુતા અને પ્રાજ્ઞતામાં પણ મારો જરા ય મત ભેદ નથી. મારો મતભેદ એટલો જ છે કે, તેઓ કાંઇ તે જાતના સુખશીલ આચારોને લીધે ઋજુપ્રાજ્ઞ ન હતા, પણ જ્યારે તેઓને વર્ધમાન તરફથી કે તેના નિર્ગ્રંથો તરફથી જ્યારે કાંઈ સમજાવવામાં આવતું ત્યારે તેઓ તે બાબતને શીઘ્ર સમજી લેતા અને શીઘ્ર સ્વીકારી લઇ પોતાના વર્તનમાં ઘટતો ફેરફાર પણ કરી લેતા–શરૂઆતમાં પોતે સ્વીકારેલી સુખશીલતાની ચુસ્તતાને લીધે વા બીજા કોઇ કારણથી તેઓએ વર્ધમાન વા તેના નિર્ગ્રંથો સાથે એક ભિન્ન ધર્મી જેવું વર્તન ભલે ચલાવ્યું હોય, પણ જ્યારે તે બધા પરસ્પર વિશેષ સમાગમમાં આવ્યા ત્યારે સમાગમમાં આવનાર તે પ્રત્યેક પાર્શ્વાપત્યે વર્ધમાનનો કઠક ત્યાગ માર્ગ અનુસર્યો છે, તે વાત સૂત્રોમાં આવેલા પાર્શ્વાપત્યોના પ્રત્યેક

ઉલ્લેખને છેડે ઘણા સરળ અને નિખાલસ શબ્દોમાં ટંકાએલી આજ પણ જોવામાં આવે છે. એ શબ્દો જ, તે પાર્શ્વોપત્યોની ઋજુતા અને પ્રાજ્ઞતાને સાધવા પૂરતા છે, પણ તેઓના તે બન્ને ગુણોનો, તે સુખશીલ આચારો સાથે કશો સંબંધ હોય એમ મને તો ભાસતું નથી. પાર્શ્વનાથ પછી દીર્ઘ-તપસ્વી વર્ધમાન થયા, એમણે, એમનું આચરણ એટલું બધું કડક અને દુસ્સહ રાખ્યું હતું કે, હું ન ભૂલતો હોઉં તો તેવું આચરણ બીજા કોઇ ધર્માચાર્યે આચર્યું હોય, એવી નોંધ આજ સુધીના ઇતિહાસમાં તો મળી જણાતી નથી.

જેમ પરદેશિઓની, પરદેશી પદાર્થોની અને પરદેશી રીતભાતોની ગુલામીમાં જડકાએલી વર્તમાન-ભારત પ્રજાને બને તેટલી સાદાઈની જરૂર છે. બને તેટલું સ્વદેશિમય બનવાની જરુર છે અને બને તેટલી જરુરિયાતોને ઓછી કરી, સુખશીલપણાને જતું કરી આદર્શપુરુષ પરમસત્યમૂર્તિ મહાત્મા ગાંધીજીને પગલે ચાલવાની જરૂર છે. તેમ તે સમયે આજથી લગભગ અઢીહજાર વર્ષ પહેલાં-ગુરુઓમાં પેસી ગએલા વિલાસના પિશાચને કાઢવા માટે, આરામની ગુલામીને દૂર કરવા માટે અને ગુરુઓએ નાખેલા પ્રજા ઉપરના બોજાને હલકો કરવા માટે આદર્શમાં આદર્શ ત્યાગ, આત્મભાવ અને પરમસત્યના સંદેશની જરૂર હતી, તેથી વર્ધમાને પોતાની ભરજુવાનીમાં પણ સંયમી થઈ પોતાના આચરણને એટલું બધું કડક કર્યું હતું કે, જે કડકાઈની કલ્પનાને પણ વર્તમાન માનવ પહોંચી શકતો નથી-એ જ

કડકાઈના પ્રભાવે તે સમયના ગુરુઓમાં પાછો ફરીવાર ત્યાગનો સંચાર થયો અને તેઓ નિર્ગ્રંથના નામને ખરેખર શોભાવવા લાગ્યા. તથા જે નવા નિર્ગ્રંથો થતા હતા તેઓ તો બને તેટલું વર્ધમાનનું જ અનુસરણ કરતા હતા. આ રીતે એકવાર ફરી પણ ભારતમાં ત્યાગનો ધર્મ પરાકાષ્ઠાએ પહોંચી ચૂકયો હતો.

ગાડાંનાં પૈડાં જેમ ઉંચાં નીચાં થયાં કરે છે, પ્રકાશ પછી અંધારું આવ્યા કરે છે, અને તડકો છાંયો ફર્યા કરે છે તેમ ભારતમાં તે સમયની ત્યાગની ઝળહળતી જ્યોતિ અમાવાસ્યાની કાળરાત્રીના તિમિરમાં લીન થઈ ગઈ હતી-બુઝાઈ ગઈ હતી અને પાછો ભાવિ તિમિરસંચરણની સંધ્યાએ પોતાનો રંગ પ્રકાશ્યો હતો. ' हतं सैन्यमनायकम्' એ ઉક્તિ ભારતની પ્રજાને બરાબર લાગુ પડતી આવી છે-સેના પૂરજોસમાં લડતી હોય અને વિજયમાળ વરવાને માત્ર પાંચ દસ જ પળ બાકી હોય તેવામાં જો નાયક પડ્યાની ખબર સંભળાય તો ભારતની સેના કીવી કીવી કરતા કાગડાઓની પેઠે નાશી જાય છે અને પોતાના ક્ષત્રિયવટને લાંછિત કરે છે, તે રીત, ભારતના ધર્મક્ષેત્રમાં કે બીજા બધા વ્યવહારમાં અત્યાર સુધી સરખી લાગુ પડેલી છે. વર્ધમાનનું નિર્વાણ થયું એટલે પરમત્યાગ માર્ગના ચક્રવર્તીનું તિરોધાન થયું અને એમ થવાથી તેના ત્યાગિ-નિર્ગ્રંથો નિર્નાયક જેવા થઈ ગયા. તો પણ હું માનું છું કે, વર્ધમાનના પ્રતાપથી ત્યાર પછીની બે પેઢીઓ સુધી વર્ધમાનનો કડક ત્યાગ-માર્ગ ઠીક ઠીક ચાલ્યો હતો. જો કે જે સુ-

ખશીલોએ તે ત્યાગ-માર્ગને સ્વીકાર્યો હતો તેઓ માટે કેટલીક છૂટછાટ પણ મૂકવામાં આવી હતી અને તેઓને ઋજુપ્રાજ્ઞના સંબોધનથી પ્રસન્ન રાખવામાં આવ્યા હતા. તો પણ મારા ધારવા પ્રમાણે તેઓ આ કઠકાઇને સહી શકવાને અસમર્થ નીવડયા હતા અને વર્ધમાન, સુધર્મા તથા જંબૂ જેવા સમર્થ ત્યાગિની છાયામાં તેઓ એવા દબાઈ ગયા હતા કે, ચૂંચાં ન કરતાં ગમે તે રીતે થોડી છૂટ લઇને પણ વર્ધમાનના માર્ગને અનુસરતા હતા. પણ હવે તો વર્ધમાન, સુધર્મા કે, જંબૂ-કોઈ પ્રતાપી નર માથે ન હોવાથી તેઓએ શીઘ્ર કહી નાખ્યું કે, જિનનો આચાર જિનના નિર્વાણની સાથે જ નિર્વાણને પામ્યો છે-જિનની જેવો સંયમ પાળવાને જોઇતું શરીરબળ કે મનોબળ હવે રહ્યાં નથી, તેમ ઉચ્ચકોટિનો આત્મવિકાસ અને પરાકાષ્ઠાનો ત્યાગ-માર્ગ પણ હવે લોપાયો છે. માટે હવે તો વર્ધમાનના સમયે જે છૂટો લેવાતી હતી તેમાં પણ સંયમની સગવડતાની ખાતર (?) વધારો કરવાની જરુર જણાય છે. મારા ધારવા પ્રમાણે તો આ સંક્રાંતિ કાળમાં જ શ્વેતાંબરતા અને દિગંબરતાનું બીજ વવાયું છે અને જંબૂસ્વામિના નિર્વાણ પછી એને ( એ બીજને ) જ પોષણ મળ્યા કર્યું હોય એમ મને લાગે છે. આ હકીકત કાંઈ નરી મારી કલ્પના નથી. પરંતુ તે બાબતને વર્તમાન ગ્રંથો પણ ટેકો આપી રહ્યા હોય એમ મને લાગે છે. વર્તમાન સૂત્રગ્રંથોમાં અને બીજા પણ કેટલાક ગ્રંથોમાં પ્રસંગ આવ્યે એવું જણાવ્યું છે કે:—

*"मण-परमोहि-पुलाए आहारग-खवग-उवस कप्पे। संजमतिय-केवलि-सिज्झणा य जंबुम्मि वुच्छिण्णा ॥ २५९३ ॥

અર્થાત્ "જંબૂસ્વામિના નિર્વાણ પછી નીચે જણાવ્યા પ્રમાણે દશ વાનાંનો લોપ થયો છે: ૧ મનઃપર્યવજ્ઞાન, ૨. પરમાવધિ, ૩. પુલાકલબ્ધિ, ૪. આહારકશરીર, ૫. ક્ષપકશ્રેણી, ૭. જિનકલ્પ, ૮. સંયમત્રિક (યથાખ્યાત સંયમ, પરિહારવિશુદ્ધિક સંયમ અને સૂક્ષ્મસંપરાય સંયમ) ૯. કેવલજ્ઞાન અને સિદ્ધિગમન." આ હકીકતથી આટલી વાત તો સ્પષ્ટ થાય છે કે, જંબૂસ્વામી પછી જિનકલ્પનો લોપ થયાનું જણાવીને હવે પછી જિનકલ્પની આચરણાને બંધ કરવી અને તે રીતે આચરનારાઓનો ઉત્સાહ કે વૈરાગ્ય નષ્ટ કરવો. એ ઉલ્લેખમાં એ સિવાય બીજો ઉદ્દેશ તો મને

* વિશેષાવશ્યક ભાષ્ય. (ય० ग्रं० पृ० १०३५) વિશેષાવશ્યકના આ ઉલ્લેખને ભાષ્યકાર શ્રીજિનભદ્રજીએ તીર્થંકર વચન (જિણવયણ) કહ્યું છે અને ટીકાકાર શ્રીમલધારી હેમચંદ્રજીએ પણ માખી ઉપર માખી કરીને તે જ વાતને દઢ કરી છે. શ્રદ્ધાંધતાની બલીહારી છે. ગાથામાં લખ્યું છે કે, "જંબૂને સમયે આટલાંવાનાં વિચ્છિન્ન થયાં છે" આ રીતનો ઉલ્લેખ તો તે જ મનુષ્ય કરી શકે, જે જંબૂસ્વામિની પછી થયો હોય. તો હું વાચકોને પૂછું છું કે જંબૂસ્વામી પછી ૨૫ મા એવા કોણ તીર્થંકર-જિન-થઈ ગયા છે કે, જેમના વચનરૂપ આ ઉલ્લેખ હોઈ શકે. આ અને આવા સંખ્યાબંધ ઉલ્લેખો તે પવિત્ર જિનોને નામે આપણા કુલગુરૂઓએ ચડાવી દીધા છે, જેને લીધે આપણે કશું વિવેકપૂર્વક વિચારી શકતા નથી-આ કાંઇ ઓછું તમસ્તરણ છે !!!

સમજાતો નથી. હું તો માત્ર 'જિનકલ્પ' લોપ થયાનો ગ્રંથપાઠ જણાવી શકું છું, પરંતુ તે પાઠ ક્યારનો છે? અને કોનો રચેલો છે? એ વિષે કાંઈ કહી શકતો નથી. તો પણ એ પાઠને દેવર્ધિંગણિના સમય સુધીનો ગણવામાં કશો બાધ હોય એમ મને જણાતું નથી અર્થાત્ એ પાઠનો આશય પરંપરાએ ચાલ્યો આવતો હોય તેને લઈને સૂત્રગ્રંથોમાં પણ તેને ગણિશ્રીએ ઉમેર્યો હોય-સમાવ્યો હોય-તે સંભવતું છે-જંબૂસ્વામિના નિર્વાણ પછી જિનકલ્પ વિચ્છિન્ન થયાનો જે વજ્રલેપ કરવામાં આવેલો છે અને તેની આચરણા કરનારને જિનાજ્ઞાબાહ્ય સમજવાની સ્વાર્થી એકતરફી અને દંભી ધમકીનો ઢંઢેરો પણ જે પીટાએલો છે તેમાં જ શ્વેતાંબરતા અને દિગંબરતાના વિષવૃક્ષનું બીજ સમાએલું છે અને તે બીજરોપના સમારંભનો (?) પણ તે જ સમય છે કે જે સમય જંબૂસ્વામિના નિર્વાણનો છે. આ ઉપરાંત એ સમયે એ મૂળ નખાયાનાં બીજાં પણ અનેક પ્રમાણો છે. જેમાંનું એક બૌદ્ધગ્રંથોમાંથી અને બીજું દિગંબરોની પટ્ટાવલી ઉપરથી હું તારવી શકયો છું. બુદ્ધધર્માનુસારી સૂત્રપિટકના '[1]મજ્ઝિમનિકાય' નામના ગ્રંથમાં એક એવી

---

१ एवं मे सुतं—एकं समयं भगवा सक्केसु विहरति सामगामे. तेन खो पन समयेन निगंठो नातपुत्तो × × × होति. तस्स * * * भिन्ना निगंठा द्वेधिकजाता, भण्डनजाता, कलहजाता विवादापन्ना अञ्ञमञ्ञं मुखसत्तीहि वितुदंता विहरंति ''

અર્થાત્ "મેં એવું સાંભળ્યું છે કે, એક સમયે ભગ-

મતલબનો ઉલ્લેખ મળી આવે છે કે, "જ્ઞાતપુત્રના (વર્ધમાનના) નિર્ગ્રંથોમાં મતભેદ થયો હતો." ઉપરની ગાથામાં જિનકલ્પ વિચ્છિન્ન થયાનો જે ઉલ્લેખ કરેલો છે તેનો મતલબ આ છે કે—જંબૂસ્વામી પછી અર્થાત્ વર્ધમાનના નિર્વાણ બાદ ૬૪ વર્ષે તેમના નિર્ગ્રંથોમાં બે તડ પડયાં હતાં. જેમાંનું એક નરમ તડ એમ કહેતું હતું કે હવે જિનકલ્પ વિચ્છિન્ન થઇ ગયો છે એથી આપણે તેને આચરી શકીએ જ નહિ, ત્યારે બીજું ગરમ તડ તે જિનકલ્પનું પક્ષપાતી હતું અને તેની આચરણાની પણ હિમાયત કરતું હતું. આ બે તડોના મતભેદનો જ ઉલ્લેખ, એ બૌદ્ધ ગ્રંથોમાં થએલો હોય તેમ આ ગાથાના 'जंबुम्मि वुच्छिण्णा' પદ ઉપરથી આપણે ઘણી સરલતાથી અવધારી શકીએ છીએ. આ હકીકતને દિગંબરોની પટ્ટાવલી પણ પુષ્ટ કરતી લાગે છે. શ્વેતાંબરોની અને દિગંબરોની પટ્ટાવલીમાં વર્ધમાન, સુધર્મા તથા જંબૂનાં નામ તો એક સરખી રીતે અને એક જ ક્રમથી નોંધાએલાં છે. પરંતુ ત્યાર પછી આવતાં નામોમાં તદ્દન જૂદાઇ જણાય છે અને તે એટલી બધી કે, જંબૂસ્વામી પછી તેમાંનું એક પણ નામ સરખું જણાતું નથી.

---

વાન (બુદ્ધ), શાકય (દેશ) માં શ્યામગામમાં વિહરતા હતા. તે વખતે જ્ઞાતપુત્ર નિર્ગ્રંથ પણ હતા. આ જ્ઞાતપુત્રના નિર્ગ્રંથોમાં દ્વૈધીભાવ (જૂદાઈ) થયો હતો, તેઓનું ભાંઠણું થયું હતું અને તેઓમાં કલહ થયો હતો—તે જૂદા થએલા નિર્ગ્રંથો પરસ્પર બકવાદ કરતા વિહરતા હતા"— મજ્ઝિમનિકાય—પૃ૦—૨૪૩—૨૪૫.

આ પ્રકારે જંબૂસ્વામી પછીથી જ આ પટ્ટાવલીઓ તદ્દન જૂદી જૂદી ગણાવા લાગી તેનું જો કોઈ પણ કારણ હોય તો તે આ એક જ છે કે, જે સમયથી તદ્દન જૂદા જૂદા પટ્ટધરનાં નામોની યોજના આરંભાઈ તે જ સમયે-જંબુસ્વામિના નિર્વાણ બાદ-એ વર્ધમાનના સાધુઓમાં તફાવ પડી ગયો હતો. તે પડી ગએલો ભેદ, ધીરે ધીરે દ્વેષ વા વૈરના રુપમાં પ્રચ્છન્નપણે બદલ્યે જતો હતો. એ સમયે જે પુરૂષો જાતે મુમુક્ષુ હતા, તેઓ તો પોતાથી બને શકે તેટલું ઉચ્ચ ત્યાગાચરણ સેવતા હતા. અને જેઓ પહેલાં સુખશીલતાથી જ ટેવાયા હતા તેઓ થોડી પણ મર્યાદિત છૂટ લઈને પરાકાષ્ઠાના ત્યાગની ભાવનાવાળા રહેતા હતા. અર્થાત્ જંબુસ્વામી પછી પણ તે મુમુક્ષુઓમાંના કેટલાક તો વર્ધમાનના કડક ત્યાગ માર્ગને જ અનુસરનારા હતા અને કેટલાક, જેઓએ મિત છુટ લીધી હતી તેઓ કદાચ અથવા નિરંતર એકાદ વસ્ત્ર (કટિવસ્ત્ર) રાખતા હશે, પાત્ર પણ રાખતા હશે અને નિરંતર શૂન્ય સ્મશાનો તથા અરણ્યોમાં નહિ રહેતાં કદાચ કદાચ વસતિઓમાં પણ રહેતા હશે. મને કાંઈ તે સમયનું પ્રત્યક્ષ જ્ઞાન નથી તો પણ શ્રીહરિભદ્રની આગળ જણાવેલી ગાથા ઉપરથી અને મારી બુદ્ધિથી એટલું તો કલ્પી શકું છું કે, મુમુક્ષુ પુરૂષો સંયમ-નિર્વાહ માટે આથી વધારે છુટ લે તેમ હું માની શકતો નથી. આ મુમુક્ષુઓમાં જે વચલો વર્ગ હતો અર્થાત્ જે પૂરો મુમુક્ષુ ન હતો પણ અત્યારની જેમ મતાગ્રહી હતો તે કોઈ રીતે પોતાની હસ્તીને આચંદ્રાર્ક સ્થાપવાને

ઇચ્છતો હતો એટલે તેઓમાં એક પક્ષ વસ્ત્રપાત્રવાદમાં જ મુક્તિ જોતો હતો અને બીજો પક્ષ નગ્નતામાં જ મુક્તિ માનતો હતો—હવે ત્યાગને આચારમાં મૂકવાની વાતો દૂર રહી, પણ પોતપોતાના પક્ષને વર્ધમાનને નામે ચડાવવાના તાનમાં તેઓ એવા એક સમયની રાહ જોતા હતા કે, જે સમયે જાહેરમાં હોહા કે કજિયો કર્યા સિવાય તે બન્ને જુદા પડી જાય. વીરનિર્વાણ પછીનો આ સમય દેશની પ્રજા માટે ઘણો ભીષણ હતો. મગધમાં—જ્યાં વર્ધમાનનું સામ્રાજ્ય હતું—દૂકાળનાં વાદળાં ઘેરાયાં હતાં અને હજુ વીરનિર્વાણને પૂરાં બસેં વર્ષ નહિ વીત્યાં હોય તેટલામાં તો એક સાથે બાર દૂકાળી પડી હતી. એ દૂકાળને પસાર કરી પાછો દેશ ઠીક ઠીક થયો એટલામાં તો એટલે વીરનિર્વાણ પછી પાંચમા છઠ્ઠા સૈકામાં ફરીને તે બાર વર્ષના ભયંકર દૂકાળ રાક્ષસે મગધને પોતાની દાઢમાં લીધો હતો. આવા ભીષણ સમયે ત્યાગિઓનાં તપો પણ ડોલ્યાં હતાં, આચારો પણ ફરી ગયા હતા, અને અન્નના અભાવે દિનપરદિન સ્મૃતિ શક્તિનો નાશ થતો હોવાથી જે પરંપરાગત કંઠસ્થ વિદ્યા ચાલી આવતી હતી તે પણ ભૂલાઇ જવા લાગી હતી—તેનો મોટો ભાગ વિસ્મૃત પણ થઇ ગયો હતો. પરંતુ હવે જે યાદ હતું તેને જાળવી રાખવું એવી ભાવનાથી સુકાળના સમયે મથુરામાં આર્ય શ્રી સ્કંદિલાચાર્યે બાકી રહેલા બધા શ્રુતધરોને બોલાવ્યા હતા. તેમાં જેઓ મતાગ્રહી, સુખશીલ અને નરમ હડના હતા તેઓ પણ આવ્યા હતા. જેને જેને જે જે યાદ હતું તે બધું તેઓ ઉતરાવવા લાગ્યા, પણ આમાં જ મત-

ભેદ થયો કે, નિર્ગ્રંથોના આચારો માટે શું લખવું ?–શું નગ્નતાનું જ વિધાન કરવું કે વસ્ત્રપાત્રવાદનું જ વિધાન કરવું–એક કહે કે, નગ્નતાનું જ વિધાન કરવું ત્યારે બીજો કહે કે, વસ્ત્રપાત્રવાદનું જ વિધાન કરવુ. આવી તકરાર હોવા છતાં પણ દીર્ઘદર્શી સ્કંદિલ મુનિએ અને ત્યાર પછીના ઉદ્ધારક દેવર્ધિ ગણિએ સૂત્રોમાં તો કયાંય નગ્નતાનું જ કે કયાંય વસ્ત્રપાત્રવાદનું જ વિધાન કર્યું નથી. પરંતુ યથાયોગ્ય તે બન્ને બાબતોને ન્યાય આપ્યો છે. માથુરીવાચનાના મૂળ પુરૂષ અને વલભીવાચનાના મૂળ પુરૂષ એ બન્ને મહાત્માઓને હું હૃદયપૂર્વક કોટિશઃ અભિવંદન કરૂંછું કે, તેઓએ તે તે સમયના કોઇ જાતના વાતાવરણમાં ન આવી આચારપ્રધાન આચારાંગસૂત્રમાં સાધુઓના આચારોની સંકલના કરતાં માત્ર સાધારણપણે જ ભિક્ષુ અને ભિક્ષુણીના આચારો જણાવ્યા છે–તેમાં કયાંય જિનકલ્પ કે સ્થવિરકલ્પ તથા શ્વેતાંબર કે દિગંબરનું નામ પણ આવવા દીધું નથી. ધન્ય છે તે અનાગ્રહી મહાપુરૂષોને, ધન્ય છે તેઓની મુમુક્ષુતાને અને ધન્ય છે તેઓની જનનીને. જેઓ આચારાંગ સૂત્રમાં જણાવેલા ભિક્ષુઓ અને ભિક્ષુણીઓના આચારોને કદાગ્રહ સિવાય માત્ર એક જ વાર વાંચી જશે, તેઓને, મેં જે વાત ઉપર જણાવેલી છે તેમાં કાંઇ કહેવા જેવું રહેશે નહિ. મારી ધારણા છે અને તે ઘણે ભાગે ખરી છે કે, આ માથુરી વાચનાના સમયે જ તે સાધુઓમાં સ્પષ્ટ રુપે બે પક્ષો પડયા હતા. શ્વેતાંબરોમાં દિગંબરો વિષે જે દંતકથા છે તે, વીરાત્ ૬૦૯ માં દિગંબરોની ઉત્પત્તિ જણાવે

છે. તો તે દંતકથામાં જણાવેલો સમય અને માથુરીવાચનાનો સમય લગભગ પાસે પાસેનો હોવાથી ઉપર જણાવેલી મારી કલ્પનાને ટેકો મળવાનો સંભવ છે. બસ, હવે એક મગની બે ફાડ થઈ, તલ તારા અને મગ મારા થયા, એક પિતાના બે પુત્રોએ પોતાનો મઝિયારો વહેંચી લઇ પિતાના ઘર વચ્ચે એક મોટી ભીંત ચણવી શરૂ કરી–બન્ને પુત્રોને વર્ધમાન ઉપર મમત્વ હોવાથી તે બન્નેએ પોતપોતાના સિદ્ધાંતને વર્ધમાનને નામે ચડાવી આગ્રહના આવેશથી અનેકાંતમાર્ગ અને અપેક્ષાવાદના વર્ધમાનના મૂળ નિયમ-ને તોડી પરસ્પર શબ્દાશબ્દીનું મહાભારત માંડયું. એકે એકને બોટિક ( બોડિયો ) કહ્યો, નિહ્નવ કહ્યો; ત્યારે બીજાએ તેનો જવાબ ભ્રષ્ટ અને શિથિલ શબ્દોમાં વાળ્યો–બન્ને પક્ષોએ ઝપાટાબંધ પોતપોતાના પક્ષને પ્રબળ કરવા પોતાની અનુચિત અને એકાંતિક કલ્પનાને પણ વર્ધમાનને નામે ચડાવી તે જાતનાં શાસ્ત્રો ( શસ્ત્રો ? ) પણ ઘડી નાખ્યાં અને તેમાં પણ તેઓની જે સ્થિતિ થઈ હતી તે હું મારા શબ્દોમાં ન જણાવતાં આર્ય શ્રી સિદ્ધસેનના જ શબ્દોમાં ટાંકુ છું:

" ग्रामान्तरोपगतयोरेकामिषसंगजातमत्सरयोः ।
स्यात् सौख्यमपि शुनोर्भ्रात्रोरपि वादिनोर्न स्यात् ॥

–वादद्वात्रिंशिका–१

તેઓ બન્ને બંધુઓ આવેશમાં ને આવેશમાં આ વાત પણ વીસરી ગયા કે, મુક્તતાનો વિશેષ સંબંધ આત્મા

અને તેની વૃત્તિઓ સાથે છે કે વસ્ત્રપાત્ર અને નગ્નતા સાથે છે. તે બન્ને પક્ષે, ભવિષ્યની પ્રજાને પોતપોતાના પક્ષમાં જ મુક્તિના પટ્ટાનો દસ્તાવેજ મળી શકવાની અછાજતી અને બાલિશ વાત પણ કહી નાખી છે, જેના પરિણામે વર્તમાન પ્રજા ખરેખર મુક્તિને ( શાંતિથી મુક્તિને ) મેળવી રહી છે, એવું હું તો પ્રત્યક્ષપણે અનુભવું છું. પાણીમાં તરવાનું શીખનાર એક બાલક પણ સમજી શકે છે કે, તરવાની કળાનો અભ્યાસ થતાં સુધી તુંબડું કે દોરડું રાખવું પડે છે, પરંતુ તે અભ્યાસ પૂરો થયા પછી અને તરવામાં પૂરી રીતે નિપુણતા મેળવ્યા પછી તુંબડું કે દોરડું ભારરૂપ થાય છે. પણ જે અભ્યાસી તે કળામાં કાચો પાકો છે અને સંશયશીલ છે તેને તો પોતાનો પૂરો વિશ્વાસ થયા સિવાય તુંબડું કે દોરડું સલામતી માટે રાખવું પડે છે. આવી સરળ અને બાળસુબોધ બાબતમાં કોઇ એમ કહે કે, નહિ, પ્રત્યેક તરનારે નિરંતર દોરડું વા તુંબડું રાખવું જ જોઇએ, તે સિવાય તેની મુક્તિ નથી. અને બીજો કોઈ એમ કહે કે, દરેક તરનારે પોતાના આત્મબળ ઉપર વિશ્વાસ રાખીને જ પાધરો કૂવામાં ભૂસકો મારવો જોઇએ અને દોરડા કે તુંબડાનો સ્પર્શ પણ કરવો નહિ. જો રખેને તરવાનાં કોઈ ઉપકરણનો સ્પર્શ થઈ ગયો તો તેમાં સારાવાટ નથી—આ બન્ને મત એવા છે કે, બાળકો પણ તેને હસી કાઢે છે તેમ શ્વેતાંબરતા અને દિગંબરતાનો આગ્રહ પણ એવો જ મુમુક્ષુઓ માટે હાસ્યપાત્ર છે. હું માનું છું કે, જો તેઓએ કોઇ જાતનો આગ્રહ ન રાખતાં માત્ર સૂત્રગ્રંથોને અનુસારે

જ પોતપોતાનો પક્ષ માંડયો હોત અને લખ્યું હોત કે, ‘ભિક્ષુઓએ બને તેટલી જરૂરિયાતો ઓછી રાખવી અને ન છૂટકે માત્ર સંયમ નિર્વાહ માટે કાંઈ છૂટ લેવી પડે તો તે ઘણી જ ઓછી લેવી’ આટલા જ અક્ષરોમાં તે બન્ને પક્ષોનો આશય આવી જાય છે. સઘળું સમાધાન થઈ જાય છે અને બેમાંથી એકે પક્ષ જરા પણ ખાંડો થતો નથી. પરંતુ જેઓ આગ્રહને ઘોડે ચડયા હોય તેઓના ચિત્તમાં આવી મધ્યસ્થતા કે ઋજુતા કયાંથી આવે, જ્યાં હુંસાતુંસીની નોબતો વાગતી હોય ત્યાં અપક્ષતાની તંતૂડી કોણ સાંભળે? તેઓએ પક્ષો–તે પણ અકાટ્ય પક્ષો માંડયા અને ભલેને પ્રજાના આધ્યાત્મિક બળનું ખેદાનમેદાન થઇ જાય, માનસિક બળનું સત્યાનાશ વળી જાય તો પણ ‘देहं पातये’ અને ‘कार्यं साधये’ ની રીતે તેઓએ પોતાનું વિશિષ્ટ બળ આ રસ્તે જ ખર્ચવા માંડયું અને જે વાત વર્ધમાને નહોતી કહી, જે વાત વર્ધમાનના પ્રવચનમાં તેના સાંકળનારાઓએ નહોતી ચડાવી તે જ વાતને તેઓએ વર્ધમાનને નામે ચડાવી અનેક ગ્રંથો લખવા માંડયા અને સાહિત્યરુપી અપૂર્ણ નિરોગી શિશુને, તે વર્ધમાનને નામે ચડાવાતા ઉમેરાઓની ખટાશ પાઇ પાઇને એટલું બધું શોફિત (સૂજેલું) કરી દીધું કે, વર્તમાનમાં, તે, તેનો સોજો છે વા વાસ્તવિક રક્ત છે તે પણ કળી શકવું કઠણ થઇ પડયું છે–એક તરફ આચાર્ય, શ્રીજિનભદ્રજીએ એવો પ્રઘોષ કર્યો કે, ‘જિનકલ્પ, વિચ્છિન્ન થઇ ગયો છે’ એમ શ્રીજિને (!) કહ્યું છે. આ જાતના ખોટી રીતે જિનને નામે ચડેલા પ્રવાહને અનુસરીને અને તે રીતે ચાલતા સંપ્રદાયને આદર આપીને

આચારાંગ સૂત્રના ટીકાકાર શ્રી શીલાંકસૂરિજીએ તે આચારપ્રધાન ગ્રંથમાં જ્યાં જ્યાં વસ્ત્રપાત્રને લગતા નિયમો નોંધાયા છે ત્યાં ઘણે ઠેકાણે એવો ઉલ્લેખ કર્યો છે કે, 'આ તો જિનકલ્પિનો આચાર છે' 'આ સૂત્ર જિનકલ્પિને ઉદ્દેશીને લખાયું છે' અને 'આ વાત તો જિનકલ્પિને ઘટે તેમ છે' હું ધારું છું ત્યાં સુધી ટીકાકારના એ ઉલ્લેખો તદ્દન મૂળાસ્પર્શી છે. કારણ કે, જો તેમ નામના વિભાગવાર જ આચારોનું બંધારણ હોત તો મૂળમાં જ તેવો ઉલ્લેખ શામાટે ન નોંધાત. મૂળમાં તો માત્ર વિશેષતા વિનાના 'ભિક્ષુ' અને 'ભિક્ષુણી' શબ્દોથી જ આચાર લખવાનો આરંભ થએલો છે. સાથે સાથે અહીં મારે એમ પણ બતાવી દેવું જોઈએ કે, ટીકાકારશ્રી એ જાતનો મૂળાસ્પર્શી અર્થ કરતાં કેટલેક ઠેકાણે તો પોતાના સંપ્રદાયથી પણ વિરુદ્ધ ગયા છે અને તેમ કરી કેટલેક ઠેકાણે તો ચોકખી રીતે સ્ખલિત થયા છેઃ—આચારાંગ સૂત્રમાં[૧] પૃ૦ ૧૧૩ મેં ૫૫૬ મી કલમમાં, પૃષ્ઠ ૧૯૦ મેં ૮૨૪ મી કલમમાં અને પૃ૦ ૧૯૪ મેં ૮૪૧ મી કલમમાં એક સરખી રીતે ભિક્ષુ અને ભિક્ષુણીના આચારો નોંધાયા છે. છતાં ટીકાકારશ્રીએ એ કલમોના ભાવને જિનકલ્પિઓને માટે ઘટાવવાનું સાહસ કરી સ્પષ્ટપણે પોતાના સાંપ્રદાયિક સિદ્ધાંતનો બાધ કર્યો છે. કારણ કે, શ્વેતાંબર સંપ્રદાયમાં જિનકલ્પના અધિકારી તરીકે પુરૂષને જ ગણેલો છે, પણ સ્ત્રીને નથી ગણી. તો જે આચાર, એક સરખી

૧. રા. રવજીભાઈવાળું આચારાંગસૂત્ર.

રીતે ભિક્ષુ અને ભિક્ષુણી માટે નોંધાએલો હોય તેને જિન-કલ્પિનો આચાર શી રીતે કહેવાય ? કદાચ ટીકાકારના માનની ખાતર તેને જિનકલ્પિનો આચાર માનીએ તો પછી તેમાં આવેલા ' ભિક્ષુણી ' શબ્દના અર્થને શી રીતે સંગત કરવો. વળી જે જિનકલ્પ વિચ્છિન્ન થયાનો ઢુંઢુભી જિન-ભદ્રજીએ શ્રીજિનને નામે વગાડયો છે તેને જો ઉચિત અને પ્રામાણિક માનીએ તો તેને લગતા આચારોની નોંધ સૂત્રોમાં તેમ બીજા ગ્રંથોમાં શી રીતે હોઈ શકે ? આ રીતે પોતાના સમયના સંપ્રદાયની રક્ષા કરવા જતાં " * जिणकप्पिया इत्थी न होइ " [ અર્થાત્ સ્ત્રી, જિનકલ્પી હોઈ શકતી નથી ] એ જાતના સાંપ્રદાયિક સિદ્ધાંતને ટીકાકારશ્રીએ બાધિત કર્યો છે. એ હકીકત, તેઓ માટે ' अजानिरासे उष्ट्रप्रवेशः ' જેવી થઈ છે. આ પ્રકારે માત્ર સંપ્રદાય મોહને લીધે જ આવાં પ્રવચનનાં અનેક વ્યાપક સૂત્રો પણ વિપર્યાસને પામ્યાં છે, પરંતુ સંપ્રદાય મોહ એટલો બધો અમૂલ્ય છે કે, તેની રક્ષા માટે આવા અનેક વિપર્યાસોનો હિસાબ ગણાતો નથી. આપણા માન્યતમ અને ધન્યતમ વડીલોની આ સ્થિતિને જ હું તમસ્તરણ કહું છું અને આ હકીકતને જ હું સાહિત્યમાં થએલો વિકાર કહું છું. આ સ્થળે વાંચકો સ્પષ્ટપણે સમજી શકયા હશે કે, જૈનસાહિત્યમાં વિકાર થવાથી થએલી હાનિનું પ્રથમ ફળ તો આ શ્વેતાંબરતા અને દિગંબરતાની નિરર્થક પણ ભીષણ લડાઈ છે. મારે આ

* પરિહાર્યમીમાંસા—મુનિશ્રી આનંદસાગરજી અને મુનિશ્રી નેમવિજયજી રચિત—(રા. રવજીભાઈવાળા આચારાંગની પ્રસ્તાવના.)

સંબંધે અહીં વિશેષ લખવાનું પ્રસંગપ્રાપ્ત છે, પણ બહુ લંબાણ થવાની બીકથી આ બાબતને આટલેથી જ મારે પડતી મૂકવી પડે છે. છેવટે મારે એટલું તો કહેવું જોઇએ કે, હું ઉપર જણાવી ગયો છું તે પ્રમાણે આ ઝઘડો પરસ્પર સાધુઓનો જ હતો અને છે. પણ તેઓએ શ્રાવકોની ક્રિયાપદ્ધતિમાં પણ તે ઝઘડાને ઉમેરી તે (પવિત્ર પદ્ધતિ) ને લાંછિત કરવાની ચૂક કરી નથી. અને તેમ કરી, શ્રાવકોની એકતામાં ભંગાણ પાડી તેઓને પણ પોતાની જેવા કલહી અને જક્કી બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેથી વર્તમાન શ્વેતાંબર દિગંબરના મહાસમરાંગણનું સેનાપત્ય પણ તેઓને અને તેઓનાં વર્તમાન સંતાનોને જ છાજે છે, એમાં કહેવામાં કોઈ માનનો ભૂખ્યો પણ મનુષ્ય બે મત રાખતો હોય એમ જણાતું નથી. આ વિષે મારે 'ચૈત્યવાદ' ના બીજા મુદ્દામાં વિશેષ જણાવવાનું છે તો પણ સંક્ષેપમાં એટલું તો જણાવવાની જરુર છે કે, બાપદાદાઓએ વાવેલા એ ઝાડ ઉપર આજ સુધીમાં કેટલાં અને કેવાં કેવાં મીઠાં મુખ્ય ફળો પાકતાં આવ્યાં છેઃ—

૧. શ્વેતાંબરો સ્પષ્ટપણે જૂદા પડયા પછી વીરાત્ ૮૮૨ વર્ષે તેઓમાંનો ઘણો ભાગ 'ચૈત્યવાસી' થઇ ગયો.

૨. વીરાત્ ૮૮૬ વર્ષે તેઓમાં 'બ્રહ્મદ્વીપિક' નામના નવા સંપ્રદાયની શરુઆત થઇ.

૩. વીરાત્ ૧૪૬૪ વર્ષે 'વટગચ્છ' ની સ્થાપના થઇ.

૪. વિક્રમાત્ ૧૧૩૯ વર્ષે ષટ્કલ્યાણકવાદ નામે નવો મત શરુ થયો.

૫. „ ૧૨૦૪ વર્ષે ખરતર સંપ્રદાયનો આરંભ થયો.

૬. „ ૧૨૧૩ વર્ષે આંચલિક મતની શરુઆત થઈ.

૭. „ ૧૨૩૬ વર્ષે સાર્ધપૌર્ણિમીયક મત નીકળ્યો.

૮. „ ૧૨૫૦ વર્ષે આગમિક મતનો પ્રારંભ થયો.

૯. „ ૧૨૮૫ વર્ષે તપાગચ્છનો પાયો રોપાયો.

૧૦. „ ૧૫૦૮ વર્ષે લુંકામતનું બીજ વવાણું અને ૧૫૩૩ વર્ષે તેમનો સાધુસંઘ સ્થપાયો.

૧૧. „ ૧૫૬૨ વર્ષે કટુકમત સ્થપાયો.

૧૨ „ ૧૫૭૦ વર્ષે વીજામત નીકળ્યો અને

૧૩. „ ૧૫૭૨ વર્ષે પાર્શ્વચંદ્રસૂરિએ પોતાનો પક્ષ સ્થાપવા વીરમગામમાં કમર કસી.

આ ઉપરાંત એ જ વૃક્ષમાંથી ઢુંઢીયા, તેરાપંથી, ભીખમપંથી, ત્રણુથોઇવાળા અને વિધિપક્ષી વિગેરે અનેક શાખાઓ પણ ફાલીફુલી છે. તથા ચોથ પાંચમનો ઝગડો, અધિક મહિનાનો ઝગડો, ચૌદશ પૂનમનો ઝગડો, ઉપધાનનો ઝગડો, શ્રાવકો પ્રતિષ્ઠા કરે કે નહિ ? તેનો ઝગડો વિગેરે વિગેરે અનેક અવાંતર કલેશો પણ ચાલુ થયા છે અને તે તે ઝગડાને સમર્થિત કરવા માટે કેટલાક ગ્રંથો પણ લખાઈ ચૂકયા છે—તથા વર્તમાનમાં પણ આપણા વહિલ કુલગુરૂઓએ તેવા ગ્રંથો બનાવી ભાવિપ્રજાને સશસ્ત્ર બનાવવાની પ્રવૃત્તિ શરૂ રાખી છે, તે માટે તેઓને કેટલો બધો ધન્યવાદ ! ! ! ! ! આ પરિવર્તનો વચ્ચે એવા પણ મહાપુરૂષો થઈ ગયા છે કે, જેઓએ આ

પડતા સમાજને બચાવી લીધો છે અને ક્રિયોદ્ધાર કરી પાછો યથાસ્થાને આણવા પ્રબળ પ્રયત્ન પણ સેવ્યો છે. તેમ કેટલોક એવા પણ મહાપુરૂષો (!) થઈ ગયા છે કે જેઓએ પડતા સમાજ તરફ લક્ષ્ય ન કરતાં માત્ર પોતાની સત્તાને જમાવવાને જ પ્રયત્નો સેવ્યા છે—વિક્રમસંવત્ ૧૩૦૨ માં ક્રિયોધ્ધારક જગચ્ચંદ્રસૂરિના સુખશીલ ગુરૂભાઇ વિજયચંદ્રસૂરિએ નીચે પ્રમાણેની ઉદ્‌ઘોષણા કરી પોતાની સત્તાને અચળ બનાવી હતી.

§ ૧. ગીતાર્થો વસ્ત્રની પોટલીઓ રાખી શકે.
૨. ,, હમેશાં ઘી દૂધ વિગેરે ખાઈ શકે.
૩. ,, કપડાં ધોઈ શકે.
૪. ,, ફળ અને શાક લઇ શકે.
૫. ,, સાધ્વીએ આણેલો આહાર વાપરી શકે અને
૬. ,, શ્રાવકોને આવર્જિત કરવા ( ખુશી કરવા પોતાના પક્ષમાં મેળવવા ) તેઓની સાથે બેસીને પ્રતિક્રમણ પણ કરી શકે. ઇત્યાદિ—( ધર્મસાગરની શોધિત પટ્ટા-

---

§ વિજયચંદ્રસૂરિએ આ ઉદ્‌ઘોષણાઓ માત્ર ગીતાર્થો માટે કરેલી છે એમ પટ્ટાવલીના ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટપણે કળી શકાય છે. પરંતુ વર્તમાનમાં તો એવો કોઈ સાધુ ભાગ્યે જ હશે કે, જે, એ પ્રત્યેક ઉદ્‌ઘોષણની તામિલ ન કરતો હોય અથવા વર્તમાનમાં વર્તતો સાધુ માત્ર ગીતાર્થ હોય એ પણ સંભવિત છે—એમ હોયા સિવાય ઘરે ઘરે આચાર્યો, બ્રાહ્મણીયા શાસ્ત્રવિશારદો, ન્યાયવિશારદો, ઉપસેલા ઉપાધ્યાયો, ગણિઓ અને પં૦ ન્યાસો કીડીઓની પેઠે ક્યાંથી ઉભરાય—(પંચમકાલ ! ! !)

વલી, ૪૫ મા દેવેન્દ્રસૂરિનું પ્રકરણ.) આવા શ્રીપાર્શ્વનાથ સ્વામિના ઋજુપ્રાજ્ઞ શિષ્યોના આચાર જેવા સુખશીલ આચારોને અને તે પણ એક આચાર્યદ્વારા મુદ્રિત થઈને ઉદ્દઘોષિત થતા આચારોને જોઈને કયો ગીતાર્થ ત્યાગ તરફ લક્ષ્ય કરે, કયો ગીતાર્થ ઘી દૂધ ન ખાય, કયો ગીતાર્થ ફળ શાક ન ખાય, કયો ગીતાર્થ ગોચરી જવાની તસ્તી લે અને કયો ગીતાર્થ શ્રાવકોનું માખણ ન લે. હું ધારૂં છું કે, પૂજ્ય જગચ્ચંદ્રસૂરિએ ક્રિયોધ્ધાર કરી જે ઉગ્ર ત્યાગની સ્થાપના કરવાનો પ્રયાસ કર્યો હતો, તે ઉપર આ સાહેબે પાણી ફેરવવા જેવું કરીને નિર્ગ્રંથોના વિશુદ્ધ આચારોને ધૂળમાં મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને તેમ થવું પણ ઉચિત હતું. કારણ કે–' **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** ' એ જાતની પ્રાકૃતિક ફોજદારીમાંથી એવો કોણ બળવંત છે કે જે બચી શકે. આ જ પ્રકારે દિગંબરોમાં પણ નાના મોટા અનેક પંથો પડી ગયા હતા અને પડિ ગયા છેઃ–દ્રાવિડસંઘ, યાપનીય સંઘ, કાષ્ઠાસંઘ, માથુરસંઘ, ભિલ્લક સંઘ, તેરાપંથ, વીસપંથ, તારણપંથ અને ભટ્ટારકપ્રથા વિગેરે. પરિણામમાં બન્ને પક્ષને મોટી ખોટ ગઈ છે અને તે એ કે, જે આચારો ચારિત્રને ઉજ્વલ કરીને આત્માને બળવંત બનાવતા હતા તેનો સરવાળે વર્તમાનમાં બન્નેમાં અભાવ–સર્વથા અભાવ–થઇ ગયો છે. અને ધર્મ, માત્ર એક નિર્વાહના સાધન જેવો થઇ પડયો છે; શ્રાવકોમાં ધાર્મિક (?) વૈર ખૂબ જોશથી વધ્યે જાય છે, અને દિન પરદિન કલહની સામગ્રીઓમાં થતો વધારો અટકાવી શકાતો નથી.

અહીં હું ઇચ્છું છું કે, ઉપર જણાવેલા પ્રત્યેક મતનો સવિસ્તર ઇતિહાસ આપું, પણ લખતી વખતે મારી પાસે તેટલો સમય, તેમ તેટલી સામગ્રી ન હોવાથી તે બાબતને મારે બીજા પ્રસંગ ઉપર છોડવી પડે છે. મારા નમ્ર મત પ્રમાણે જ્યારે ગુરૂઓ ચૈત્યવાસી થયા ત્યારે સાધુઓના પવિત્ર બંધારણોને ઘણું જ નુકશાન લાગ્યું છે અને તે એટલું બધું છે કે અત્યાર સુધીમાં પણ તેનો પ્રતીકાર થવો તદ્દન અશક્ય થઇ પડયો છે—ચૈત્યવાસ થયા પછી ઘણા મહાપુરૂષોએ તેનો પ્રતીકાર કરવા અનેક અનેક ભગીરથ પ્રયત્નો સેવ્યા છે, પણ તેઓથી તે ચૈત્યવાસની વિષમયી અસરનું સમૂલ ઉન્મૂલન તો થઈ શકયું નથી, એ એક આપણાં દુર્ભાગ્યની જ નિશાની છે. ઇચ્છા હતી કે, આ ચૈત્યવાસનો વિગતવાર હેવાલ આપું, પરંતુ મારે તેને ટુંકો કર્યા સિવાય ચાલે તેમ નથી. જેઓ ઉતાવળથી તે વિષે વિગત જાણવા ઇચ્છતા હોય તેઓને માત્ર એક સંઘપટ્ટક જોઈ જવાની ભલામણ કરૂં છું. આ સમયનો હેવાલ આપતાં 'સંબોધ પ્રકરણ' માં (પૃ૦ ૧૩–૧૮) શ્રી હરિભદ્રસૂરિજી*

---

* શ્રી હરિભદ્રસૂરિજી પોતે 'પણ ચૈત્યવાસી' સંપ્રદાયના હતા. માત્ર તેમનામાં ફેર એટલો હતો કે, તેઓ સદાચારી, શાસ્ત્રાભ્યાસી અને સુવિહિતાનુસારી હતા અને તે સમયના તેમના સંપ્રદાયની સ્થિતિ તો ઉપર લખ્યા પ્રમાણે વર્તે જતી હતી. એ સ્થિતિ વિપરીત લાગવાથી તેમને આ રીતે લખવું પડયું છે. એથી જ એમ કળાય છે કે, તેઓ હરેક ચૈત્યવાસી ન હતા, પણ તે સંપ્રદાયના હતા. વર્તમાન યતિ સંપ્રદાયમાં પણ એવું દેખાઈ આવે છે કે, તેનો

જણાવે છે કે, "આ લોકો ચૈત્યમાં અને મઠમાં રહે છે, પૂજા કરવાનો આરંભ કરે છે, પોતાની જાત માટે દેવદ્રવ્ય-

---

ઘણો મોટો ભાગ અનાદરણીય કોટિનો છે, તો પણ કેટલાક (ભલે ને બે ત્રણ) યતિઓ સદાચારી અને સુવિહિતાનુસારી દેખાઈ આવે છે. શ્રી હરિભદ્રસૂરિજી વિષે 'શતાર્થી' નામના ગ્રંથમાં હેમચંદ્રાચાર્યના સમસમયી સોમપ્રભસૂરિ જણાવે છે કે—"હરિભદ્રસૂરિ, મધ્યાહ્ને સમયે દુઃસ્થિત એટલે દુઃખી વા રાંક લોકોને ભોજન આપતા હતા" સોમપ્રભાચાર્યે પોતાની શતાર્થીમાં હરિભદ્રને 'કામદ' વિશેષણ આપીને ઉપરનો અર્થ જણાવ્યો છે. 'કામદ' શબ્દની ટીકા કરતાં તેઓએ આ પ્રમાણે જણાવ્યું છેઃ—

"कामद !—शङ्खवादनपुरस्सरं प्रातर्लोकानां स्व–पर-शास्त्र–संशयच्छेदनरूपान् मध्याह्ने दुस्थितानां यथाभीष्टभोजन-प्राप्तिरूपान्, अपराह्ने प्रतिवादिनां वादविनोदरूपांश्च (कामान्) ददाति–इति (कामद !)"–(शतार्थी–लि० पृ० १८)

હરિભદ્રની માત્ર આ એક દાન દેવાના (બૌદ્ધ સાધુઓની જેવા) આચાર ઉપરથી તેમને ચૈત્યવાસી સંપ્રદાયના કહેવાની મારી હિમ્મત ચાલે છે. અન્યથા તેઓના ગ્રંથો તો ગણધરોની (?) વાણીને પણ ભૂલાવે તેવા છે. આ દાન દેવાની હકીકતને ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી મહારાજે પણ પોતાના ગ્રંથમાં (દ્વાત્રિંશિકામાં) યાદ કરી છે. આ વિષે મારો નમ્ર મત એવો છે કે, જ્યાં સુધી આ શતાર્થીવાળો ઉલ્લેખ અપ્રામાણિક ન ઠરે ત્યાં સુધી શોધકો તેમને ચૈત્યવાસી સંપ્રદાયના કહે એ અયુક્ત નથી. એમ કહેવામાં આપણે કાંઈ તેઓનું અપમાન કરતા નથી, એ વિષે વિશેષ ગવેષણ કરી જે તથ્ય જણાશે તેને પ્રકટ કરવાની મારી વૃત્તિ છે.

નો ઉપયોગ કરે છે, જિનમંદિર અને શાળા [1]ચણાવે છે, એમાંના કોઇ લોકો એમ કહે છે કે, શ્રાવકોની પાસે સૂક્ષ્મ વાતો કહેવી ‡નહિ, તેઓ મુહૂર્તો કાઢી દે છે, નિમિત્તો [2]બતાવે છે અને ભભૂતી પણ [3]નાખે છે. તેઓ વિવિધ રંગનાં સુગંધિત તથા ધૂપિત વસ્ત્રો પહેરે છે, સ્ત્રીઓની[4] સામે ગાય છે, સાધ્વીઓએ લાવેલું વાપરે છે, તીર્થના પંડયા લોકોની જેમ અધર્મથી ધનનો સંચય કરે છે, બે ત્રણ વાર ખાય છે, તાંબૂલ વિગેરેને વાપરે છે, ઘી, દૂધ, વિગેરેને ગળચે છે, ફળ, ફુલ, અને સચિત્ત પાણીનો પણ ઉપયોગ કરે છે, જમણવારના પ્રસંગે મિષ્ટ આહારને મેળવે છે, આહાર માટે ખુશામત કરે છે, પૂછતાં છતાં પણ સત્ય ધર્મને બતાવતા નથી.

---

૧. વર્તમાનમાં સાધુઓ મોટી સંસ્થાઓ (પાઠશાળાઓ) વિગેરેને સ્થાપે છે અને તેના વહિવટમાં પણ માથાં મારી સંસ્થાઓની દુર્દશા કરી રહ્યા છે તે સૌ કોઇને પ્રત્યક્ષ છે. આ રીત શાળાઓ ચણાવવા કરતાં પણ ભૂંડી છે. ‡ શ્રાવકોને આગમો નહિ વાંચવા દેવાની હકીકતનું મૂળ આ ઉલ્લેખમાં સમાએલું છે. ૨. પોતાના ભકતોને સટ્ટો કરવાની સલાહ દેતા, સટ્ટો કરવા બહાર ગામ મોકલતા અને ખુદ પોતે પણ લોટરી કે સટ્ટામાં ભકતને લાભ મળે તે અર્થે જાપ કરતા કેટલાક સાધુઓને (?) મેં પ્રત્યક્ષ જોએલા છે. ૩ જેઓને સંતાનો ન થતાં હોય એવી સ્ત્રીઓને તો ખાસ ગુરૂજીને હળવે હાથે વાસક્ષેપ નખાતો સૌ કોઈ નજરે જૂએ છે-વાસક્ષેપ ભભૂતીનો ભાઈ છે. ૪ અત્યારે પણ આ રીત પ્રસિદ્ધ છે.

સવારે સૂર્ય ઊગતાં જ ખાય છે. વારંવાર ખાય છે, વારંવાર વિગઇઓને ખાય છે. લોચ કરતા નથી. શરીર ઉપરનો મેલ ઊતારે છે. *સાધુઓની પ્રતિમા ધરતાં લાજે છે. ઓડા રાખે છે. અને કારણ સિવાય [2]પણ કેડ ઉપર કપડું વીંટે છે. પોતે ભ્રષ્ટ છતાં બીજાઓને આલોચના આપે છે, થોડી ઉપધિનું પણ પડિલેહણ કરતા નથી. વસ્ત્રો, શય્યા, ઓઠા, વાહન, આયુધ અને તાંબા વિગેરેનાં પાત્રો રાખે છે, નાચ છે, તેલ ચોળાવે છે, શૃંગાર સજે છે, અત્તર ફુલેલ લગાવે છે. [3]અમુક ગામ મારૂં અને અમુક કુલ મારૂં એમ મમત્વ કરે છે. [4]સ્ત્રીઓનો પ્રસંગ રાખે છે. શ્રાવકોને કહે છે કે, [5]મૃતકાર્ય (કારજ) વખતે જિનપૂજા કરો અને તે મૃતકોનું ધન, જિનદાનમાં આપી દો. પૈસાને માટે [6]અંગાદિ

---

૧. પાલીતાણા અને અમદાવાદ જેવા સાધુઓના અખાડાવાળા સ્થળમાં આ રીતનો અનુભવ થવો શક્ય જણાય છે. * વર્તમાન ગુરુઓ ? તો આ પ્રતિમાને ધરતા લાજતા નથી, પણ તેઓનો ઠામુકો વિચ્છેદ થયો જ બતાવે છે!!! અને એમ કહી પૂજ્ય શ્રીહરિભદ્રસૂરિજીને અપમાનિત કરતા જણાય છે! ૨. વિના કારણે કેડ ઉપર વસ્ત્ર વીંટવાની રીતને અનાચાર કહેવામાં આવ્યો છે તો વર્તમાનમાં પોટલિયા ( વસ્ત્રની પોટલી રાખનારા ) સાધુઓને હરિભદ્રસૂરિજી કયા શબ્દોથી વિભૂષિત કરેત ? ૩. આ રીત અત્યારે સ્પષ્ટપણે ચાલુ છે. ૪. ઉપધાનાદિ તપો (?) જેમાં વિશેષે કરીને સ્ત્રીઓ જ ભાગ લે છે, તે જ્યાં પ્રવર્તતાં હોય ત્યાંના પ્રસંગ સાથે આ પ્રસંગને સરખાવો. ૫ વર્તમાનમાં મરણ પાછળ દેરાસરમાં પૂંજ ( પૂજાની સામગ્રી ) મેલવાની, સ્નાત્ર ભણાવવાની અને અઠ્ઠાઇ ઉત્સવો કરવાની જે ધમાલ ચાલી રહી છે તે ચૈત્યવાસિઓના જ છે. ૬. વર્તમાનમાં જ્યારે ભગવતી સૂત્ર કે કલ્પસૂત્ર વંચાય

સત્રોને શ્રાવકોની સામે વાંચે છે. શાળામાં કે ગૃહિના ઘરમાં ખાજાં વિગેરેનો પાક કરાવે છે. [7]નાંદ મંડાવે છે પોતાના હીનાચારવાળા મૃતગુરૂઓનાં દાહસ્થળો ઉપર પીઠો ચણાવે છે. બલિ કરે છે. [8]તેઓના વ્યાખ્યાનમાં સ્ત્રીઓ તેમના (ગુરૂજીના) ગુણ ગાય છે. [9]માત્ર સ્ત્રીઓની સમક્ષ પણ તેઓ વ્યાખ્યાન આપે છે અને સાધ્વીઓ માત્ર પુરૂષોની સમક્ષ પણ વ્યાખ્યાન આપે છે. ભિક્ષા માટે [10]હિંડતા નથી. મંડળીમાં બેસીને ભોજન પણ કરતા નથી. આખી રાત સુવે છે. ગુણવંત જનો તરફ દ્વેષ રાખે છે. ક્રયવિક્રય કરે છે. પ્રવચનને બાને વિકથાઓ કરે છે. પૈસા આપીને નાના બાલકોને ચેલા કરવા માટે વેચાતા લે છે. મુગ્ધ

---

છે ત્યારે શ્રાવકોને પોતાના ગજવામાં હાથ નાખવો પડે છે, એ વાત શ્રોતાજનોથી જાણીતી છે. આ રીતમાં એટલો સુધારો થયો છે કે ખુલ્લી રીતે તે પૈસા ગુરૂજી લેતા નથી. ૭. નાંદ મંડાવવાની ચાલુ પ્રથામાં ચૈત્યવાસિઓની કમાણી હતી, કમાણી તો અત્યારે પણ છે, કિંતુ તેને ગુરૂજી લેતા નથી–આ પ્રથા ચૈત્યવાસિઓએ કરેલી છે. ૮. જેમ લગ્નમાં ફટાણાં ગાય છે તેમ અપાસરામાં 'ગુરૂજીને જોઇએ રૂપાના ડાંડા' ઇત્યાદિ મધુર ધ્વનિથી સ્ત્રીઓ ગુરૂજીની ગમ્મત ઉડાવે છે–આ રીત નિંદનીય છે અને ચૈત્યવાસિઓની છે માટે અનાચરણીય છે. ૯. વર્તમાનમાં આ રીત પણ કેટલેક ઠેકાણે પ્રવર્તી રહી છે. ૧૦ નિર્દોષ ભિક્ષા લેવા જેવા અગત્યના કામ માટે શ્રીગૌતમ પોતેજ પધારતા હતા ત્યારે વર્તમાન આચાર્યો (?) તો તે અર્થે ક્ષુલ્લકોને અઢાવે છે. જાણે કે તે કામ મજૂરોનું ન હોય–જ્યાં સાધુઓ માટેજ રસોડાં ખુલ્લાં મૂકાય ત્યાં વળી ભિક્ષાની નિર્દોષતા શી? (પંચમ

જનોને ઠગે છે. [11]જિનપ્રતિમાઓને વેચે છે અને ખરીદે છે. ઉચ્ચાટન વિગેરે પણ કરે છે [12]વૈદું કરે છે. જંતરમંતર કરે છે, દોરાધાગા કરે છે. [13]શાસનની પ્રભાવનાને બાને લડાલડી કરે છે. સુવિહિત સાધુઓની પાસે શ્રાવકોને જવાની મનાઈ કરે છે. શાપ વિગેરે દેખાવનો ભય દેખાડે છે. દ્રવ્ય આપીને અયોગ્ય શિષ્યોને પણ વેચાતા લે છે. વ્યાજવટું કરે છે. ધીરધાર કરે છે. [14]અવિહિત અનુષ્ઠાનમાં પ્રભાવના હોવાનું જણાવે છે. [15]પ્રવચનમાં નહિ જણાવેલા તપની પ્રરૂપણા કરી તેનાં ઉજમણાં કરાવે છે. પોતાને માટે વસ્ત્ર, પાત્ર, ઉપકરણો અને દ્રવ્ય પોતાના ગૃહસ્થોને ઘરે ભેગું કરાવે છે. પ્રવચનને સંભળાવીને ગૃહસ્થો પાસેથી પૈસાની કાંક્ષા રાખે છે. જ્ઞાનકોશની વૃદ્ધિને માટે ધનને ભેગું કરે છે અને કરાવે છે. તે બધામાં કોઈનો સમુદાય પરસ્પર મળતો નથી. પરસ્પર બધામાં વિસંવાદ છે. પોત પોતાની બડાઈ કરીને સામાચારીનો વિરોધ કરે છે. બધા લોકો વિશેષે કરીને સ્ત્રીઓને જ ઉપદેશ આપે છે. યથાચ્છંદે વર્તે છે. ધમાધમી કરે છે. ભક્તના સરસવ જેટલા ગુણને પણ મેરૂ જેવડા ગાઈ બતાવે છે. બાનાંઓને બતાવીને વધારે ઉપકરણો રાખે છે. ઘરે ઘરે જઈને ધર્મકથાઓને કહેતા કહેતા ભમે છે. બધા અહમિંદ્ર છે. પોતાની ગરજ પડચે મૃદુ થાય છે અને ગરજ સરે મત્સર ધરે છે, ગૃહસ્થોનું

---

કાળ) ૧૧–૧૨ આ બન્ને રીત વર્તમાનમાં યતિઓમાં છે. ૧૩–૧૪–૧૫ વર્તમાનમાં આ રીતોની હયાતી માટે કશું પ્રમાણ આપવાની જરૂર નથી. એ રીતો ઠેર ઠેર પ્રચલિત છે.

બહુ માન કરે છે. ગૃહસ્થોને સંયમના સખા કહે છે. ચંદરવા પુંઠીયાનો વધારો કરે જાય છે. નાંદની આવકમાં પણ વધારો કરવો ચૂકતા નથી તેઓ ગૃહસ્થોની પાસે સ્વાધ્યાય કરે છે અને પરસ્પર તો જૂઝે છે તથા ચેલાઓ માટે પરસ્પર લડી મરે છે." છેવટમાં તેઓશ્રી જણાવે છે કે–' આ સાધુઓ નથી પણ પેટભરાઓનું પેડું છે." "જેઓ એમ કહે છે કે, તેઓ તીર્થંકરનો વેશ પહેરે છે માટે વંદનીય છે, તે માટે હરિભદ્ર સૂરિજી જણાવે છે કે, એ વાત ધિક્કારને પાત્ર છે–આ શિરશૂળની વાતનો પોકાર કોની પાસે કરીએ" આ રીતે શ્રી હરિભદ્રસૂરિજીએ પોતાના સંપ્રદાયની–ચૈત્યવાસની–સ્થિતિ માટે ઘણું સવિસ્તર લખીને એની સખત ટીકા કરી છે અને એ સાધુઓને નિર્લજ્જ અમર્યાદ ક્રૂર વિગેરે અનેક વિશેષણોથી નવાજ્યા પણ છે. આ હકીકતને મળતી કેટલીક હકીકત મહાનિશીથ સૂત્રમાં પણ મેં જોઈ છે. પરંતુ તેને અહીં આપી પુનરૂક્તિ કરવાની જરૂર જણાતી નથી. આ ઉપરાંત આ સંબંધે અને બીજી કેટલીક ઉપયોગી બાબતો વિષે 'શતપદી' (ગુજરાતી ભાષાંતર) નામના ગ્રંથમાં પણ ઘણું સવિસ્તર જણાવેલું મેં વાંચ્યું છે. પરંતુ તે માટે તે ગ્રંથો જોઇ લેવાની ભલામણ કર્યા સિવાય અહીં હું તેમાંનું કશું લખી શકું તેમ નથી. ચૈત્યવાસિઓના જે આચારો ઉપર જણાવેલા છે તેમાંના કેટલાક આચારો તો અત્યારે પણ તેવા જ પ્રવર્તે છે અને કેટલાક આચારોમાં થોડો થોડો સુધારો પણ થયો જણાય છે. આ સંબંધે નીચે જે ટિપ્પણો આપ્યાં છે તે

તરફ વાચકોનું ખાસ ધ્યાન ખેચું છું. હું તો માનું છું કે, જે રોગ હાડોહાડ વ્યાપી ગયો હોય તેનું શીઘ્ર ઉન્મૂલન થવું ઘણું કઠણ પડે છે તેમ જે ચૈત્યવાસની અસર સાધુઓના મૂળ આચારો ઉપર થઈ ગઈ છે તે શીઘ્ર મટવી ઘણી મુશ્કેલ લાગે છે. તો પણ મહાત્મા ગાંધીજી જેવા કોઈ પુરૂષને જૈન સમાજ ઉત્પન્ન કરે તો, તે રોગ, એક ક્ષણ પણ ટકી શકે નહિ. આપણી જેમ દિગંબરોને પણ મોટી ક્ષતિ થઇ છે, તે આ કે, તેઓમાં વર્તમાનમાં સાધુઓ રહ્યા જ નથી. અને જે ભટ્ટારકો રહ્યા છે, તે બધા નગ્ન રહેવાનો ડોળ કર્યાં છતાં એટલા બધા પરિગ્રહી બની ગયા છે કે, એક પણ હીનાચારમાં આપણાથી ઉતરતા નથી. આટલું લખીને અને આ લખાણમાં શ્વેતાંબર દિગંબરને લગતો ઇતિહાસ તથા તે બે પક્ષના પરિણામે થએલી ચારિત્રની હાનિને જણાવીને મારા પ્રથમ મુદ્દાની ચર્ચાને અહીં સમાપ્ત કરી, હવે 'ચૈત્યવાદ'ના બીજા મુદ્દાની ચર્ચા તરફ મારે વળવાનું છે. તો તે તરફ વાંચકો પણ પોતાનું લક્ષ્ય કરશે, એવી આશા રાખી અહીં હું પ્રસ્તુત મુદ્દાનો જ ઉપક્રમ કરવાની રજા લઉં છું.–

## ચૈત્યવાદ.

જેમ ઉપર જણાવ્યા પ્રમાણે એક ફુટના પરિણામે આપણો વિશુદ્ધ જિનકલ્પ અને સ્થવિરકલ્પ નષ્ટ થયો અને તેને બદલે પરંપરાકલ્પ તથા રુઢિકલ્પ દાખલ થયો તે રીતે ચૈત્યપૂજાના સંબંધમાં પણ બનવા પામ્યું છે એમ હું માનું છું. આ બાબતને આપની સમક્ષ મૂકતાં પહેલાં મારે

'ચૈત્ય'ના ઇતિહાસને લગતો કેટલોક આવશ્યક ઉલ્લેખ કરવાનો છે અને તે આ પ્રમાણે છેઃ—માત્ર જૈન શબ્દ-કોશનું પ્રમાણ આપીને કહેવામાં આવે છે કે–"चैत्यं जिनौकः, तद्बिम्बम्"–(હેમચંદ્ર.) અર્થાત્ 'ચૈત્ય' શબ્દનો અર્થ 'જિનગૃહ' અને 'જિનબિમ્બ' થાય છે. કોશનું આ પ્રમાણ, હું પણ સ્વીકારું છું. પરંતુ સંસ્કૃત સાહિત્ય-માં એવા શબ્દો સંખ્યાબંધ છે કે, જેઓનો અર્થ વાતા-વરણને વશે ફર્યા કરે છે. આપણો ચર્ચાસ્પદ 'ચૈત્ય' શબ્દ પણ તે જ શબ્દોમાંનો એક છે. જ્યારે જ્યારે ઐતિહાસિ-કોમાં શબ્દોના ઇતિહાસની પૃચ્છા થાય છે ત્યારે તેઓ, તેના વાતાવરણજન્ય અર્થ તરફ લક્ષ્ય ન કરતાં તેની મૂળ ઉત્પત્તિ, વ્યુત્પત્તિ અને પ્રવૃત્તિ તરફ લક્ષ્ય કરે છે. આ રીતે જો 'ચૈત્ય' શબ્દની મૂળ ઉત્પત્તિ, વ્યુત્પત્તિ અને પ્રવૃત્તિ તરફ લક્ષ્ય કરવામાં આવે તો જ તેનો ખરો અર્થ આપણાથી કળી શકાય તેમ છે. 'ચિતા' 'ચિતિ,' 'ચિત્ય' અને 'ચિત્યા' એ ચાર શબ્દોમાં 'ચૈત્ય' શબ્દનું મૂળ જડી આવે છે. એ ચારે શબ્દોનો અર્થ એક સરખો છે અને તે 'ચે' થાય છે અર્થાત્ 'ચે'નું સંબંધી એટલે એના ઉપર બનેલું કે તે નિમિત્તે બનેલું વા તેની જ કોઇ બીજા આકારે રહેલી સત્તા–યાદગિરી–તેને 'ચૈત્ય' કહે-વામાં આવે છે–જે સ્થળે મૃતકને અગ્નિશાયી કરવામાં આવે છે ત્યાં તેની ખાખ ઉપર જ કાંઇ નિશાન કરવામાં આવે છે તેને જ 'ચૈત્ય' કહેવામાં આવે છે–'ચૈત્ય' શબ્દનો એ અર્થ મૂળ અર્થ છે, મુખ્ય અર્થ છે અને પ્રાચીનમાં પ્રાચીન અર્થ છે. મારા ભાષણને સમયે પણ મેં તેનો આ

જ અર્થ જણાવ્યો હતો. કદાચ આ રીતનો અર્થ કરવામાં હું ભૂલતો હોઉં તો તે માટે વાચક મહાશયો નીચેનાં પ્રમાણો તરફ દૃષ્ટિ કરવા ચૂકશે નહિ. સંસાર પ્રસિદ્ધ ઇંગ્રેજી વિશ્વકોશમાં ( Encyclopaedia–એન્સાઇક્લોપીડીઆમાં ) 'ચૈત્ય' શબ્દ માટે નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

Chaitya:—( Sanskrit, an adjective form derived from "Chita" a funeral pile )-In accordance with its etymology the word might denote originally anything Connected with a funeral pile e. g. The bimulus raised over the ashes of the dead person, or a tree marking the spot. Such seems to have been its earlier use in Indian literature, whether Brahamanical, Buddhist, or jain; but as the custom of erecting Monuments over the ashes or over the relics of departed saints prevaited chiefly among the Buddhists and the jains, the word ( or one of the Prakrit equivalents, Pali chaitya, etc. ) is especially Characteristic of their literature. In this sense it is practically synonymous with stupa, 'tope,' in India (though stupa is rasker archiecture and chaitya the religious, term) and has various equivelents in the countries of Asia to which the custom extended with the spread of Buddhism- At a later period chaitya was used more generally to denote any shrine, reliquary

or sacred tree. This is clear not only from the references in the literature, but also from the express statement in a Sanskrit dictionary of synonymous, the Vi va pravasa of Mahesvara kavi (A. D. 1111), quoted by the commentary of Mallinatha, (14th Century A. D.)on Kalidas's Meghaduta, verse 23.

**EncycloPaedia of**
**Religion and Ethics**
**Vol 3. page 335**

"ચૈત્ય. ( સં. ચિતા શબ્દમાંથી નિષ્પન્ન થએલું વિશેષણ ) તેની વ્યુત્પત્તિ અનુસાર આ શબ્દનો મૂળ અર્થ 'ચિતાના સંબંધી કોઈ' એવો થાય. ઉદાહરણ તરીકે મરી ગએલા માણસની રખ્યા ઉપર ઉભો કરેલો સ્તુપ ( tumulus ) અગર તે સ્થાનના ચિહ્ન રૂપે રોપવામાં આવેલું ઝાડ. આ શબ્દનો પ્રાચીનમાં પ્રાચીન અર્થ આ જ પ્રકારનો ભારતીય સાહિત્યમાં—પછી તે સાહિત્ય બ્રાહ્મણ હો બૌદ્ધ હો અગર તો જૈન હો—થએલો જોવામાં આવે છે. પરંતુ સ્વર્ગવાસી મહાત્માઓનાં અવશિષ્ટ એવાં અસ્થિ અગર ભસ્મ ઉપર આ પ્રકારનાં સ્મારકો બાંધવાનો રીવાજ મુખ્યત્વે કરીને બૌદ્ધો અને જૈનોમાં જ પ્રવર્તેલો હોવાથી આ શબ્દ ( જેનું એક પ્રાકૃત ભાષાનું—પાલીનું રૂપ ચેતિય, ઈત્યાદિ થાય છે ) તેમના જ સાહિત્યનો ખાસ પારિભાષિક શબ્દ છે. આ અર્થમાં તે વસ્તુતઃ ભારત—વર્ષમાં મળી

આવતા 'સ્તુપ' શબ્દનો પર્યાય બને છે. સ્તુપ અને ચૈત્ય-માં ફરક એટલો છે કે, સ્તુપ શબ્દ તે શિલ્પશાસ્ત્રને લગતો છે ત્યારે ચૈત્ય એ શબ્દ ધર્મશાસ્ત્રને લગતો છે. એશિઆ ખંડમાં બુદ્ધ ધર્મના ફેલાવા સાથે જે જે દેશોમાં તે રીવાજ પ્રચલિત થતો ગયો તેમ તેમ તે તે દેશની ભાષામાં તે શબ્દના અનેક પર્યાય શબ્દો ઉત્પન્ન થતા ગયા.

પાછળના સમયમાં આ ચૈત્ય શબ્દ વધારે સામાન્ય રીતે કોઇ પણ મંદિર, અવશિષ્ટાધાર–ભાજન અગર પવિત્ર વૃક્ષના વાચક તરીકે ઉપયોગમાં લેવાવા લાગ્યો હતો. આ બાબત જેટલી સાહિત્યમાં મળી આવતા તેના ઉલ્લેખો દ્વારા સિદ્ધ થાય છે તેટલી જ પર્યાયદર્શક સંસ્કૃત કોષો ઉપરથી, ઉ. ત. કાલિદાસ કવિ રચિત મેઘદૂતના ૨૩ મા શ્લોક ઉપરની મલ્લિનાથની (ઇ. સ. ની ૧૪ શતાબ્દી) ટીકામાં ઉલ્લિખિત કરેલા મહેશ્વર કવિ (ઈ. સ. ૧૧૧૧) ના 'વિશ્વપ્રવાસ' ઉપરથી પણ જોઇ શકાય છે.

–એન્સાઇક્લોપીડિઆ ઑફ રીલિજીઅન એન્ડ એથિક્સ.

૨. બનારસથી પ્રકટ થતી નાગરી પ્રચારિણીપત્રિકા-માં 'દેવકુલ' વિષેના લેખમાં 'ચૈત્ય' શબ્દ સંબંધે આ પ્રમાણે ઉલ્લેખ છેઃ—

"देवपूजा का पितृपूजा से बडा संबंध है। देवपूजा, पितृपूजा से ही चली है। मंदिर के लिये सबसे पुराना नाम 'चैत्य' है, जिसका अर्थ चिता (दाहस्थान) पर बना हुआ स्मारक है। शतपथ ब्राह्मणमें उल्लेख है कि शरीरको भस्म

करके धातुओ में हिरण्यका टुकडा मिला कर उन पर स्तूपका चयन ( चुनना ) किया जाता था । बुद्ध के शरीर–धातुओं के विभाग तथा उनपर स्थान स्थानपर स्तूप बनने की कथा प्रसिद्ध ही है । बौद्धों तथा जैनों के स्तूप और चैत्य पहले स्मारक चिह्न थे, फिर पूज्य हो गए ”

(પંડિત ચંદ્રધર શર્મા ગુલેરી, બી–એ, અજમેર)

૩. સમિતિવાળા આચારાંગ સૂત્રમાં તે વિષે નીચે પ્રમાણે જણાવ્યું છેઃ–‘ चेइयमहेसु ’ ( પૃ૦ ૩૦૮ ) ‘ चेइयाइं’ ( પૃ૦ ૩૬૬–૩૬૭ ) ‘[१]रुक्खं वा चेइयकडं ’ ‘[२]थूभं वा चेइयकडं ’ ( પૃ૦ ૩૮૨ ) અને ‘[३]मडयथूभियासु वा ’ ‘ मडय चेइयेसु वा ’ ( પૃ૦ ૪૨૦ ) એ રીતે અને એટલે સ્થલે આચારાંગ સૂત્રમાં ‘ ચૈત્ય ’ શબ્દનો ઉપયોગ થએલો છે. સૂત્રોમાં જ્યાં જ્યાં ‘ ચૈત્ય ’ શબ્દનો ઉપયોગ થયો છે ત્યાં ત્યાં વધારેમાં વધારે રીતે તેનો અર્થ ‘ વ્યંતરાયતન ’ કરવામાં આવ્યો છે. આ વ્યંતરાયતન, તે બીજું કશું નહિ પણ શ્મશાનમાં, ઉજ્જડ જગ્યામાં, ખંડેરોમાં કે ગૃહસ્થોની રહેવાની હદના કોઇ ભાગમાં બાળેલાં કે દાટેલાં મૃતશરીરો ઉપર ચણાવેલા ચોતરા, સ્તૂપો કે કબરો છે–વિશેષે કરીને મૃતકોનાં બાળવા કે દફનાવવાનાં ઠેકાણામાં જ વ્યંતરોનો નિવાસ લોક પ્રતીત છે માટે તેવે સ્થળે ચણેલા

---

૧. ચૈત્યસ્થાનીય–ચિતાનું સ્મારક–વૃક્ષ. ૨. ચૈત્યસ્થાનીય સ્તૂપ ૩. મૃતકોની સ્તૂપિકા–નાના નાના સ્તૂપો. ૪. મૃતકોનાં ‘ ચૈત્યો ( ચિતા સૂચક સ્મારકો. )

ચોતરા, સ્તૂપો કે કબરો, જેને આપણે 'ચૈત્ય' શબ્દથી સંબોધીએ છીએ, તેને વ્યંતરાયતન (વ્યંતરનું રહેઠાણ) ની સંજ્ઞા પણ ઘટતી આવે છે. વળી 'रुक्खं वा चेइयकडं' 'थूभं वा चेइयकडं' 'मडयथूभियासु' 'मडयचेइएसु' (મૃતકચૈત્યેષુ) એ બધા ઉલ્લેખો તો તે જ અર્થને દૃઢ કરે છે, જે અર્થને આપણે ઉપરના પ્રમાણથી નિર્વિવાદ સમજેલા છીએ. આ રીતે આચારાંગ સૂત્ર, 'ચૈત્ય' શબ્દના ઉપરના પ્રમાણિત અર્થને જ ટેકો આપે છે.

૪ આ ઉપરાંત સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી), જ્ઞાતધર્મકથા, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ અને વિપાકશ્રુત; એ બધાં સૂત્રોમાં પણ જ્યાં જ્યાં માત્ર આ 'ચૈત્ય' શબ્દ વપરાયો છે ત્યાં તેનો અર્થ 'વ્યંતરાયતન' જ કરેલો છે અને એ અંગોમાં માત્ર બે ચાર ઠેકાણાં જ એવાં છે જ્યાં આપણે 'ચૈત્ય' શબ્દથી 'જિનચૈત્ય' (જિનની ચિતા ઉપર ચણેલું સ્મારક ચિહ્ન) સમજવાનું છે તથા જ્યાં 'અરિહંતચૈત્ય' એવો સ્પષ્ટ પાઠ જણાય છે ત્યાં તો તે અર્થ (અરિહંતોની ચિતા ઉપર ચણેલું સ્મારક ચિહ્ન) અનાયાસ સિદ્ધ જ છે. (યદ્યપિ ટીકાકારોએ 'જિનચૈત્ય' વા 'અરિહંત ચૈત્ય'નો અર્થ જિનપ્રતિમા વા જિનમંદિર કર્યો છે તે ખરો છે. પરંતુ અંગોમાં આવેલા 'ચૈત્ય' શબ્દનો એ રીતે અર્થ કરતાં તેઓએ જે વિષમ ભૂલ કરી છે તેને હું હવે પછી જણાવવાનો છું) ઉપર જણાવેલાં સૂત્રકૃતાંગ વિગેરે અંગોમાં જ્યાં જ્યાં

'ચૈત્ય' શબ્દ વપરાયો છે. તે બધાં સ્થલોનો સૂત્રપાઠ આ પ્રમાણે છેઃ—

(૨) સૂત્રકૃતાંગ—"(૧) मंगलं देवयं चेइयं पज्जुवासति" –( નાલંદીયઅધ્યયન, સ૦ પૃ૦ ૪૨૫ ) અંગસૂત્રોમાં જ્યાં જ્યાં 'અમુક પુરૂષ, અમુક વ્યક્તિનો આદર કરે છે' એવા ઉલ્લેખો આવે છે ત્યાં સર્વ ઠેકાણે આ ( मंगलं देवयं चेइयं पज्जुवासति ) ઉલ્લેખ નોંધાએલો છે. આનો આ અર્થ છે–' જે ઉપાસક છે તે પોતાના ' ઉપાસ્ય 'ની મંગલની પેઠે વા માંગલિક રીતે અને દેવતાની પેઠે તથા ' ચૈત્ય 'ની પેઠે વા દેવના ' ચૈત્ય 'ની પેઠે પર્યુપાસના કરે છે. અર્થાત્ જેમ ધર્મવીર અને કર્મવીર પુરૂષોનાં ચૈત્યો–દેહ થયા પછી તેઓની ચિતા ઉપર ચણાએલાં સ્મારકો–પર્યુપાસ્ય છે તેમ એ ઉપાસ્ય પણ તે ઉપાસકને પર્યુપાસ્ય છે.

(૩) સ્થાનાંગ—" (૧) मंगलं देवतं चेतितं पज्जुवासेत्ता ( સ૦ પૃ૦ ૧૦૮ ) આ ઉલ્લેખનો અર્થ ઉપર પ્રમાણે છે.

(૨-૩) ( " मंगलं देवयं चेइयं पज्जुवासामि. " ) ( સ૦ પૃ૦ ૧૪૨ અને ૨૪૪ ) આવા ઉલ્લેખમાં આવેલા 'ચૈત્ય 'નો અર્થ ઉપર જણાવાઇ ગયો છે.

(૪) ( "तासि णं × उवरि चत्तारि, चत्तारि चेतितथूभा × × × तेसि णं चेतितथूभाणं पुरतो चत्तारि मणिपेढिआओ, तासि णं × उवरिं चत्तारि चेतितरुक्खा " )

( સ૦ ૨૨૯–૨૩૦ નંદીશ્વર—વિચાર ! ) આ ઉલ્લેખમાં 'ચૈત્યસ્તૂપ' શબ્દ વપરાએલો છે, એનો અર્થ પણ ઉપર જણાવ્યા પ્રમાણે જ સમજવાનો છે, અન્યથા તે શબ્દનો આ પ્રકરણમાં સમન્વય થવો સંભવતો નથી.

(૪) समवायांग–(१) ( "सुहम्माए सभाए माणवए चेइयक्खंभे × × × वइरामएसु गोलवट्टसमुग्गएसु जिण-सकहाओ ") (સ૦ પૃ૦ ૬૩) આ સ્થળે વપરાએલો 'ચૈત્ય-સ્તમ્ભ' શબ્દ, તે જ અર્થને સૂચવે છે, ચૈત્યનો જે પ્રાચીનતમ અને પ્રધાન અર્થ છે. ટીકાકાર મહાશય પણ અહીં તે મુખ્ય અર્થને જ અનુસર્યા છેઃ–( सुधर्मसभामध्ये षष्टियोजनमानो माणवको नाम चैत्यस्तंभोऽस्ति, तत्र वज्रमयेषु गोलवद् वृत्ता वर्तुलाः ये समुद्गका भाजनविशेषाः, तेषु जिनसक्थीनि + + + तीर्थकराणां × अस्थीनि प्रज्ञप्तानि " ) ( સ૦ પૃ૦ ૬૪ ) અર્થાત્ સુધર્મસભાની વચ્ચે એક ચૈત્યસ્તંભ છે, તેમાં વજ્રમય ગોળાકાર ભાજનમાં તીર્થંકરો-નાં હાડકાંઓ રાખેલાં જણાવ્યાં છે " આ સ્તમ્ભની ઉંચાઈ ટીકાકારે ૬૦ યોજન જણાવી છે, તેની સામું વાચકોએ જોવાનું નથી. કારણ કે એ દિવ્ય સ્તંભ છે. હું તો તેને ૬૦ ને બદલે ૬૦૦૦૦ યોજન ઉંચો માનવાને પણ તૈયાર છું (?)

(૨) " णायाधम्मकहासु णं णायाणं ××× चेइआइं "–સ૦ ( પૃ૦ ૧૧૬ ) (૩) " उवासगदसासु णं उवासगाणं ××× चेइयाइं ( સ૦ પૃ૦ ૧૧૯ ) (૪) ×अंतगडाणं ××

चेइयाइं '–(સ૦ પૃ૦ ૧૨૧ ) ( ૫ ) " अणुत्तरोववाइयाणं × चेइयाइं "–( સ૦ પૃ૦ ૧૨૨ ) તથા ( ६ ) दुहविवागाणं × चेइयाइं, सुहविवागाणं चेइयाइं "–( સ૦ પૃ૦ ૧૨૫ ) એ પાંચ સ્થળે 'ચૈત્ય ' શબ્દનો ઉપયોગ થએલો છે. સમવાયાંગ સૂત્રમાં એક એવું પ્રકરણ છે, જેમાં બારે અંગમાં આવેલા વિષયોની નોંધ કરેલી છે. તે સ્થળે ઉપરના પાંચ ઉલ્લેખો આવેલા છે. તેમાં જણાવ્યું છે કે, " જ્ઞાતાધર્મકથા સૂત્રમાં જ્ઞાતોનાં ચૈત્યો, ઉપાસકદશા સૂત્રમાં ઉપાસકોનાં ચૈત્યો, અંતકૃદ્દશા સૂત્રમાં અંતકૃતોનાં ચૈત્યો, અનુત્તરૌપપાતિકદશામાં અનુત્તરૌપપાતિકોનાં ચૈત્યો અને વિપાકમાં દુઃખ વિપાકવાળાનાં અને સુખ વિપાકવાળાનાં ચૈત્યો કહેલાં છે. " આ ઉલ્લેખોમાં પણ ' ચૈત્ય ' નો તે પ્રધાન અર્થ ' ચિતા ઉપર ચણેલું સ્મારક ' જ ઘટી શકે છે. અર્થાત્ જો ' જ્ઞાત ' શબ્દનો ટીકાકારે કરેલો ' ઉદાહરણ ' અર્થ આપણે કબૂલ રાખીએ તો ' જ્ઞાતોનાં ચૈત્યો ' નો અર્થ આ પ્રમાણે થાય છેઃ–' જ્ઞાતા૦ ' સૂત્રમાં જેનાં જેનાં ઉદાહરણો દર્શાવ્યાં છે તેનાં ' ચૈત્યો ' પણ તેમાં વર્ણવેલાં છે અને આ ' ચૈત્યો ' તે ચિતા ઉપર ચણેલાં સ્મારકો સિવાય બીજાં સંભવતાં નથી. એ જ રીતે–ઉપાસકદશા સૂત્રમાં નિરૂપાએલા ઉપાસકોનાં ચૈત્યો, અંતકૃદ્દશા સૂત્રમાં જણાવેલા અંતગડ-પુરૂષોનાં ચૈત્યો, અનુત્તરૌપપાતિકદશા સૂત્રમાં સૂચવાએલા અનુત્તરવિમાનગામિઓનાં ચૈત્યો અને વિપાક સૂત્રમાં નોંધાએલા તે તે દુઃખી અને સુખી પુરૂષોનાં ચૈત્યો–એ બધા ઉલ્લેખોનો સમન્વય પણ ' જ્ઞાતોનાં

ચૈત્યો ' પેઠે જ થઈ શકે છે અને સમન્વયનો આ જ પ્રકાર તથ્ય અને ઇષ્ટ પણ છે. ટીકાકારે તો એ ઉલ્લેખમાંના 'ચૈત્ય' શબ્દને વ્યંતરાયતન-વાચી કહ્યો છે, જે આપણી વ્યાખ્યાને તો અનુકૂળ થાય છે. ( જૂઓ સ૦ પૃ૦ ૧૧૭-૧૧૯-૧૨૧ ૧૨૨-૧૨૬ ) પરંતુ તે અર્થ, આ પ્રકરણમાં સંગત થઈ શકતો નથી. વાચકો પોતે જ વિચારી શકશે કે, જ્ઞાતોનાં વ્યંતરાયતનો, ઉપાસકોનાં વ્યંતરાયતનો, અંતકૃતોનાં વ્યંતરાયતનો અને અનુત્તરવિમાનગામિનાં વ્યંતરાયતનો ઇત્યાદિ વાક્યોનો અર્થ કશો થઇ શકતો નથી. અને એમ કરવા જતાં અસંગતિ જેવું લાગે છે. તેથી અહીં ટીકાકારના એ અર્થને ઉપેક્ષી આપણે તે પ્રસિદ્ધ અર્થને જ ઘટાવવાનો છે.

(૭) " एएसि णं चउव्वीसाए तित्थगराणं × चउव्वीसं चेइयरुक्खा भविस्संति "-( સ૦ પૃ૦ ૧૫૪ ) અર્થાત્ " એ ચોવીશે તીર્થંકરોનાં ચોવીશ ચૈત્યવૃક્ષો થશે " આ સ્થળે વપરાએલો ' ચૈત્યવૃક્ષ ' શબ્દ પણ પોતાના સ્મારક વા નિશાન તરીકેના અર્થને જ સૂચવે છે. ટીકાકાર શ્રીએ પણ અહીં તો એ જ અર્થને ટેકો આપ્યો છે, તેઓ જણાવે છે કે-" चेइयरुक्खा बद्धपीठवृक्षाः, येषामधः केवलानि उत्पन्नानि इति "-( સ૦ પૃ૦ ૧૫૬ ) એટલે જે વૃક્ષોની નીચે પીઠ બંધાએલું છે-ચોતરો વિગેરે ચણાએલું છે તેવા અને જેની નીચે તીર્થંકરોને કેવળ બોધ પેદા થએલો છે તે વૃક્ષોને અહીં ' ચૈત્યવૃક્ષો ' કહેલા છે-તીર્થંકરોને પેદા થએલા કેવળ બોધના સ્મારકરુપ પીઠબદ્ધ વૃક્ષો જ અહીં ચૈત્યવૃક્ષો છે. એ પ્રમાણે સૂત્રકૃતાંગ, સ્થાનાંગ અને

સમવાયાંગના ' ચૈત્ય ' શબ્દને લગતા બધા ઉલ્લેખો તેના તે પ્રધાન અને પ્રાચીન અર્થનો જ સંવાદ કરે છે. તથા બાકીનાં ' ભગવતી ' વિગેરે અંગો પણ એ વિષે એવો જ અભિપ્રાય દર્શાવે છે. તે આ પ્રમાણે છેઃ–

(૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ ( ભગવતી ) સૂત્રમાં 'ચૈત્ય' શબ્દનો ઉપયોગ જે જે ઠેકાણે થએલો છે, તેની હકીકત આ પ્રમાણે છેઃ–(૧) " असुरकुमाररण्णो × सभाए सुहम्माए माणवए चेइए खंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहूओ जिणसकहाओ संणिक्खित्ताओ चिट्ठंति"–(બા૦ પૃ૦ ૮૭૭) આ ઉલ્લેખ, સમવાયાંગ સૂત્રના પેલા ઉલ્લેખને મળતો છે અને તેનો અર્થ પણ તેવો જ છે–અહીં પણ શ્રીજિનનાં હાડકાંઓ વજ્રમય ગોળ ડબ્બામાં ભરીને એ ચૈત્યસ્તમ્ભમાં રાખેલાં છે, એ જ બાબતનો ઉલ્લેખ છે અને ચૈત્યસ્તમ્ભના આ ભાવમાં ટીકાકાર પણ ટેકો આપે છે તેથી અહીં યોજાએલો ' ચૈત્યસ્તમ્ભ ' શબ્દ પોતાના મૂળ અને પ્રાચીન અર્થને સૂચવે છે એ નિર્વિવાદ છે. તથા ( ૨ ) " चेइयाइं वंदइ "–( બા૦ પૃ૦ ૧૫૦૭–૧૫૦૮–૧૫૦૯ )

(૩) " अरहंतचेइयाणि वा " ( બા૦ પૃ૦ ૨૪૬–૨૫૬ ) (૪) " देवयं चेइयं " ( બા૦ પૃ૦ ૧૫૧–૨૧૮–૮૭૭–૧૨૪૬ ) (૫) " चेइयमहे " ( બા૦ પૃ૦ ૭૯૯ ) આ ચારે ઉલ્લેખોમાં પણ ' ચૈત્ય ' શબ્દના તે જ ભાવનો સમન્વય કરવો સમુચિત જણાય છે જે તેનો મુખ્ય અને પ્રાચીન ભાવ છે. આ ઉપરાંત નીચેને બધે ઠેકાણે ' ચૈત્ય '

શબ્દનો ઉપયોગ વ્યંતરાયતન ( વ્યંતરનું રહેઠાણ ) અર્થમાં થએલો છેઃ–(૬) " गुणसिलए चेइये " (બા૦ પૃ૦ ૫–૧૪૮–૧૮૨–૧૯૧–૧૯૨–૫૦૯–૫૧૧–૫૧૨–૫૧૪–૬૨૨–૧૩૦૫–૧૩૮૧–૧૪૦૪–૧૪૧૪. (૭) " छत्तपलासए चेइये " ( પૃ૦ ૧૫૩–૧૬૪ ) ( ૮ ) " पुप्फवईए चेइये " ( પૃ૦ ૧૮૨–૧૮૬–૧૮૭–૧૮૯–૧૯૦–૧૯૨–૮૩૬ ) ( ૯ ) " नंदणे चेइए " ( પૃ૦ ૨૧૧–૨૨૫ ) (૧૦) " पुण्णभद्दे चेइए " ( પૃ૦ ૩૦૬–૮૩૮–૮૪૨–૧૧૨૪–૧૧૨૭ ) (૧૧) माणिभद्दे चेइए " ( પૃ૦ ૭૧૩ ) ( ૧૨ ) " दूइपलासे चेइए " ( પૃ૦ ૭૩૮–૮૭૦–૯૩૪–૧૪૨૨ ) (૧૩) " बहुसालए चेइए " ( પૃ૦ ૭૮૭–૭૮૮–૭૯૩–૭૯૯–૮૦૦–૮૦૨–૮૦૪–૮૩૧–૮૩૪–૮૩૭ ) (૧૪) " कोट्ठए चेइए " ( પૃ૦ ૮૩૮–૮૪૨–૯૭૭–૯૭૮–૧૨૦૦–૧૨૩૩-૧૨૩૬–૧૨૫૦–૧૨૫૩–૧૨૬૫) (૧૫) " संखवणे चेइए " ( પૃ૦ ૯૬૦–૯૭૪ ) (૧૬) " चंदोत्तरायणे चेइए " ( પૃ૦ ૯૮૭ ) (૧૭) " मंडिकुच्छिंसि चेइए " ( પૃ૦ ૧૨૪૨ ) (૧૮) " चंदोयरणंसि चेइए " ( પૃ૦ ૧૨૪૨ ) (૧૯) " कंडियायणंसि चेइए " (પૃ૦ ૧૨૪૩) (૨૦) "सालकोट्ठयए चेइए"(પૃ૦ ૧૨૬૫–૧૨૬૬–૧૨૬૮–૧૨૭૦ ) (૨૧) " एगजंबुए चेइए " ( પૃ૦ ૧૩૧૦–૧૩૧૩ ) ટીકાકારે પણ તે બધે ઠેકાણે ' ચૈત્ય ' શબ્દથી ' વ્યંતરાયતન ' સમજવાનો જ આગ્રહ કર્યો છે. તે વિષે તેઓએ જણાવ્યું છે કે—" चितेर्भावः कर्म वा चैत्यम्,

तच्चेह व्यन्तरायतनम्, नतु भगवतामर्हतामायतनम्" (પૃ૦ ૫) પ્રસિદ્ધ કોશકાર શ્રીહેમચંદ્રજી જણાવે છે કે—"चिति–चित्या–चितास्तुल्याः" (–મર્ત્યકાણ્ડ–૩૯)–ચિતિ, ચિત્યા અને ચિતા, એ ત્રણે શબ્દો સમાનાર્થક છે અને તે ત્રણેનો અર્થ 'ચે' થાય છે. ઉપર જણાવેલા ટીકાના ઉલ્લેખમાં ટીકાકારશ્રીએ આ 'ચિતિ' શબ્દનો જ ઉપયોગ કર્યો છે અને તેમ કરી આ સ્થળે તો 'ચૈત્ય' શબ્દની ઉત્પત્તિ, વ્યુત્પત્તિ, પ્રવૃત્તિ અને અર્થ; એ બધું પ્રાચીન અને પ્રધાન જણાવ્યું છે અર્થાત્ એ પ્રકારે આ ઉલ્લેખે 'ચૈત્ય'ના પ્રધાન અને યૌગિક અર્થને જ દૃઢીભૂત કરી 'ચૈત્ય' શબ્દને લોકપ્રવાહથી મુક્ત કરી સ્વતંત્ર કર્યો છે.

જ્ઞાતાધર્મ કથા સૂત્રમાં અને બાકીનાં બીજાં અંગોમાં પણ જ્યાં જ્યાં 'ચૈત્ય' શબ્દનો ઉપયોગ થયો છે ત્યાં તેનો વિશેષ કરીને 'વ્યંતરાયતન' અર્થ કરેલો છે– તે તે સૂત્રોમાં જે જે ઠેકાણે તે શબ્દ યોજાયો છે તે ઠેકાણાં આ છેઃ—

(૬) જ્ઞાતાધર્મકથાસૂત્ર—(૧) "पुण्णभद्दे चेइए"—(સ૦ પૃ૦–૩–૭–૧૯૩–૨૨૨–૨૫૨) (૨) "गुणसिलए चेइए" (સ૦ પૃ૦ ૧૧–૩૯–૪૬–૫૫–૭૧–૭૮–૨૪૧–૨૪૬–૨૪૭–૨૫૧) (૩) "अंबसालवणे चेइए" (સ૦ પૃ૦ ૨૪૮) (૪) "कोट्ठए चेइए" (સ૦ પૃ૦ ૨૫૧) (૫) "काममहावणे चेईए" (સ૦ પૃ૦ ૨૫૧) અને (૬) "देवयं चेइयं पज्जुवासणिज्जे" (સ૦ પૃ૦ ૨૪૫).

(૭) ઉપાસકદશા—(૧) "पुण्णभद्दे चेइए" (સ૦

પૃ૦ ૧-૧૯ ) (૨) " दूइपलासए चेइए " ( સ૦ પૃ૦ ૧-૧૩-૧૮ ) (૩) " कोट्ठए चेइए " ( સ૦ પૃ૦ ૩૧-૩૪-૫૩ ) (૪) " गुणसिले, चेइए " ( સ૦ પૃ૦ ૪૮ ) આ સાતમા અંગમાં આ ચારે ઉલ્લેખોમાં વપરાએલો 'ચૈત્ય' શબ્દ 'વ્યંતરાયતન' ને સૂચવે છે અને હવે પછીના આ બે ઉલ્લેખોમાં તે શબ્દનો અનુક્રમે સામાન્ય ચૈત્ય, અને 'અરિહંતચૈત્ય' અર્થ છે. તે ઉલ્લેખો આ છે: " देवयं चेइयं" ( સ૦ પૃ૦ ૪૦ ) ( ૬ ) " अरिहंत-चेइयाणि वा " ( સ૦ પૃ૦ ૧૨ ) અર્થાત્ આ અંગનો એક પણ ઉલ્લેખ 'ચૈત્ય' શબ્દના મુખ્ય અને પ્રાચીન અર્થને વ્યભિચરતો નથી.

(૮) અંતકૃદ્દશા—(૧) "पुण्णभद्दे चेतिए " ( ભાંડા૦ લિ૦ ૧૦૭૯ પૃ૦ ૧-૧૬-૧૮ ) (૨) "गुणसिलते चेतिते" ( પૃ૦ ૧૩-૧૪-૧૬ ) ( ૩ ) " काममहावणे चेतिए " ( પૃ૦ ૧૬ ) આ ઉલ્લેખો પણ 'વ્યંતરાયતન' ના અર્થને ટેકો દે છે.

(૯) अनुत्तरौपपातिकदशा (૧) "गुणसिलए चेतिए" ( ભાંડા૦ લિ૦ ૧૨૦ પૃ૦ ૨૭-૨૯ ) આ ઉલ્લેખ પણ એ જ જાતનો છે.

(૧૦) પ્રશ્નવ્યાકરણ—(૧) "पुण्णभद्दे चेइए" ( સ૦ પૃ૦ ૧ ) (૨) " भवण—घर—सरण—लेण—आवण—चेतिय—देवकुल—चित्तसभा—पवा—आयतण—आवसह—भूमिघर—मंड·वाण य कए" " સ૦ પૃ૦ ૯૩ ) આ પ્રકરણમાં જે જે

નિમિત્તોથી હિંસા થાય છે તે બધાંનો નામનિર્દેશ કરેલો છે. તેમાં બીજાં નામો સાથે 'ચૈત્ય' નો પણ ઉલ્લેખ કરેલો છે અને સાથે 'દેવકુલ' નો ઉલ્લેખ કરેલો હોવાથી અહીંનો 'ચૈત્ય' શબ્દ ચિતા ઉપર ચણેલા સ્મારકને જ સૂચવે છે. આ ઉપરાંત (૨) "चेतियाणि" (સ૦ પૃ૦ ૯૩) અને (૩) "तवस्सि–कुल–गुण–संघ–चेइयट्ठे" (સ૦ પૃ૦ ૧૨૨) આવા પણ બે ઉલ્લેખો મળે છે. તેમાં પ્રથમના ઉલ્લેખમાં 'ચૈત્યોને' દેવોના પરિગ્રહરુપે સૂચવ્યા છે. સ્વર્ગમાં પણ શ્રીજિનનાં અસ્થિઓ પહોંચેલાં છે ? એટલે ત્યાં તેમનું સ્મારક 'ચૈત્ય' હોય એ સંભવિત છે. બીજો ઉલ્લેખ 'ચૈત્ય' ની રક્ષા કરવાની સૂચના કરે છે–એ રીતે એ બન્ને ઉલ્લેખો કોઈ ધર્મવીરના સ્મારક ચિહ્ન સિવાય કોઈ બીજા અર્થને સૂચવી શકે તેમ નથી.

(૧૧) વિપાકસૂત્ર—(૧) ("पुण्णभद्दे चेइए")— (પૃ૦ ૧) (૨) (गुणसिलए चेइए) (પૃ૦ ૧૦૩) આ બન્ને ઉલ્લેખોમાં આવેલો 'ચૈત્ય' શબ્દ પણ તે જ 'વ્યંતરાયતન'ને સૂચવે છે, જે વિષે અત્યાર સુધીમાં ઘણું લખાઇ ચૂકયું છે. આ રીતે અગ્યારે અંગોમાં વપરાએલો 'ચૈત્ય' શબ્દ, તેના પ્રાચીન અને પ્રધાન અર્થને સૂચવવામાં કયાંય પછાત રહેતો હોય વા, તેનો તે અર્થ કયાંય અસંગત થતો હોય એમ મને તો જણાતું નથી.

ભારતના પ્રાચીન વાસ્તુશાસ્ત્રી શ્રીવરાહમિહિરે પોતાની બૃહત્સંહિતાના પ૨ મા વાસ્તુવિદ્યા નામના અધ્યાયમાં એવું જણાવ્યું છે કે "चैत्ये भयं ग्रहकृतम्" (ग्रहा भूतानि

( પૃ૦ ૬૮૭ ) અર્થાત્ જો કોઈ ગૃહસ્થ 'ચૈત્ય' ની પાસે પોતાનું ઘર ચણાવે તો તેને ભૌતિક ભય થવાનો સંભવ છે. આથી આ વાત વિશેષ દૃઢ થાય છે કે, ચૈત્યની જગ્યાએ ભૂતોનો વાસો સંભવિત છે અને તે ઉપરથી તેનું સામીપ્યજન્ય 'વ્યંતરાયતન'નું અભિધાન, જે સૂત્રોમાં ઠેક ઠેકાણે જણાએલું છે તેની યુક્તતામાં વિવાદ જેવું જણાતું નથી. અને તેના ચૈત્યના-પ્રાચીન તથા પ્રધાન અર્થને-ચિતા ઉપર ચણેલા સ્તૂપરુપ-અર્થને પણ કશો બાધ લાગતો નથી.

હવે મારે 'ચૈત્ય'ના તે પ્રાચીન અર્થને જ વિશેષ દૃઢીભૂત કરવા માટે કેટલાક પ્રસિદ્ધ પ્રસિદ્ધ કોશોનાં પણ પ્રમાણો આપવાનાં છે તે આ પ્રમાણે છેઃ—

૫. પાલીભાષાના સુપ્રસિદ્ધ કોશમાં 'ચૈત્ય' શબ્દ વિષે નીચે પ્રમાણે જણાવ્યું છેઃ-

Chaityam—A religious Building or shrine, a temple, a thupa or Buddhist relie Shrine, a sacred tree, a tomb [ चैत्यं ]

--Dictionary of
The Pali Language by Childers.
P. 102.

૬ 'चैत्यं जिनौकः, तद्बिम्बम्' લખનારા શ્રીહેમચંદ્ર સૂરિ પણ 'ચૈત્ય' શબ્દ વિષે નીચે પ્રમાણે જણાવી ગએલા છેઃ-" चित्यं मृतकचैत्ये स्यात् "-( अनेकार्थ० द्विस्वर० ૩૬૬ ) આ ઉલ્લેખમાં એમણે 'મૃતકચૈત્ય' ( મડાંઓનું

ચૈત્ય ) શબ્દ વાપરી ' ચૈત્ય ' શબ્દના તે જ અર્થનો ઉપયોગ કર્યો છે, જે તેનો પ્રધાન અને પ્રાચીન અર્થ છે.

૭ ' વાચસ્પત્ય–અભિધાન ' નામના વિશાલકાય કોશમાં આ શબ્દ વિષે નીચે પ્રમાણે જણાવ્યું છે:–"ચૈત્ય ન૦ चित्याया इदम् × अण्. "सेतु–वल्मीक–निम्नास्थि-चैत्याद्यैरुपलक्षिता. "–( याज्ञवल्क्य स्मृति )

૮ ' શબ્દ કલ્પદ્રુમ ' નામના વિશ્રુત કોશમાં ' ચૈત્ય શબ્દ વિષે નીચેનો ઉલ્લેખ મળી આવે છે: " ચૈત્ય–ન૦ પુ૦ चित्यस्य इदम् " यत्र यूपा मणिमयाश्चैत्याश्चापि हिरण्मयाः "–( મહાભારત )

૯ ' બંગલા ભાષાર અભિધાન ' નામના બંગાળી કોશમાં ' ચૈત્ય ' શબ્દનો અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે:—

" ચૈત્ય–( ચૈત ) સ્મૃતિસ્તંભ, ચિતા ( શ્મશાન )+ ય ( ઇદમર્થે યત્ ) પુ૦ રથ્યા ( ગુજરાતી–રાખ ) કિંવા શ્મશાન પાર્શ્વસ્થ બૌદ્ધગણેર ( ગૂ૦ ગણનું ) પૂજ્યવૃક્ષ, શ્મશાનતરુ, ચિતા સંબન્ધીય.

આ રીતે ' ચૈત્ય ' શબ્દનો જે અર્થ મેં જણાવ્યો છે, તેમાં હું ધારૂં છું તે પ્રમાણે વાચકોને કોઇ રીતે સંશય, વિપર્યય કે ભ્રમ થવાનો અવકાશ રહેતો નથી–જૈન સૂત્રોએ અને બીજા બીજા પ્રામાણિક કોશોએ એ જ અર્થને પ્રધાન ભાવે સ્વીકાર્યો છે. હજી પણ મારા શ્રદ્ધાળુ જૈન

ભાઇઓ એ સંબંધે એ જાતનો સંશય કરી શકે છે કે, જૈન ધર્મમાં આ રીતના સ્તૂપો કરવાનો રીવાજ પ્રચલિત હતો કે નહિ તેની શી ખાત્રી છે?—અંધ શ્રદ્ધા, વિવેચક દૃષ્ટિ પાસે સંશય કર્યે જાય છે અને તે દૃષ્ટિ, ધીમે ધીમે તેના સંશયો છેદતી જાય છે—હું તેવી ખાત્રી કરી આપવાને પણ બંધાએલો છું અને તે માટે એક કરતાં વધારે ઉલ્લેખોને તે પણ સૂત્રગ્રંથોના ઉલ્લેખોને—નીચે પ્રમાણે રજુ કરૂં છું:—

૧. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ—[ બા૦ પૃ૦ ૧૪૦—૧૪૭ ]

"तए णं से सक्के देविंदे देवराया × × × भवणवइ-वाणमंतर–जोइस–वेमाणिए देवे एवं वयासी–× तओ चिइगाओ रएह × तित्थगरचिइगाए, गणहरचिइगाए, अणगारचिइगाए अगणिकायं विउव्वह × खीरोदगेणं णिव्वावेह × तए णं सक्के भगवओ × दाहिणं सकहं गेण्हइ" (इत्यादि.) "तए णं से सक्के × वेमाणिए देवे जहारियं एवं वयासी– × भो देवाणुप्पिया ! सव्वरयणामये महए महालये, तओ चेइयथूभे करह–एगं भगवओ तित्थगरस्स चिइगाए, एगं गणहरचिइगाए, एगं अवसेसाणं अणगाराणं चिइगाए × तए णं ते × करेंति × तए णं जेणेव साइं साइं भवणाणि,×सगा सगा माणवगा चेइयक्खंभा, तेणेव×उवागच्छित्ता वइरामएसु गोलसमुग्गएसु जिणसकहाओ पक्खिवंति"

આ ઉલ્લેખમાં શ્રીજિનનો નિર્વાણ—પ્રસંગ વર્ણવ્યો છે, તેમાં જણાવ્યું છે કે, "[1]દેવેંદ્ર દેવરાજ શક્રે, દેવોને કહ્યું

---

૧ સૂત્રકારો અને ટીકાકારોનો એવો ખ્યાલ છે કે, મહાવીરની

કે, તમે ત્રણ ચિતિકા—ચે—બનાવો—એક તીર્થંકરની, બીજી ગણધરની અને ત્રીજી સર્વ સાધુઓની, તેમાં આગ પ્રગટાવો અને પછી તેને જલસેકથી ટાઢી પાડો. પછી તે શક્રાદિ દેવોએ યથોચિત રીતે તે પવિત્ર ભસ્મમાંથી શ્રી જિનનાં અસ્થિઓ વીણી લીધાં." [ ઇત્યાદિ ] ત્યાર બાદ શક્રે આર્ય રીત પ્રમાણે દેવોને કહ્યું કે, હે દેવો ! તમે મોટામાં મોટા અને રત્નમય ત્રણ ચૈત્યસ્તૂપો રચો—એક તીર્થંકરની ચિતા ઉપર, બીજો ગણધરની ચિતા ઉપર અને ત્રીજો સાધુઓની ચિતા ઉપર. દેવોએ શક્રના વચન પ્રમાણે ત્યાં ત્રણ સ્તૂપો કર્યાં અને પછી તે બધા દેવો પોતપોતાને ઠેકાણે ગયા—પોત પોતાને ઠેકાણે જઈ, તે અસ્થિઓને વજ્રમય ગોળ ડબ્બામાં મૂકી તેઓએ તે ડબ્બાઓને પોત પોતાના ચૈત્યસ્તંભોમાં રાખ્યા." ટીકાકારો પણ એ જ અભિપ્રાયનું સમર્થન કરે છેઃ—" ततश्चितिकानिर्वापणादनु भगवतस्तीर्थकरस्य × × सक्थि शक्रो गृह्णाति × विद्याधराश्चिताभस्मशेषामिव गृह्णन्ति × भस्मनि गृहीते अखातायामेव गर्तायां जातायां मा भूत् तत्र पामरजनकृताशातनाप्रसङ्गः,

---

પ્રત્યેક ક્રિયા પ્રધાનપણે દેવો કરે તેમાં જ તેની વિશેષ મોટાઈ છે, તેમ ધારી તેઓએ મહાવીરનાં હાડ સુદ્ધાં પણ સ્વર્ગમાં મોકલાવી દીધાં છે. આ ખ્યાલનું એવું ભીષણ પરિણામ આવ્યું છે કે, વર્તમાનમાં મનુષ્યો માનવ જાતિમાં થએલા મહાવીરને પણ ઓળખી શકતા નથી—હું તો પ્રત્યક્ષ જોઈ રહ્યો છું કે, મહાવીરને કોઈ સ્વર્ગવાસી ભાઈ, ખરી રીતે ઓળખતો હોય તે ભલે, પરંતુ અમને તો તેમની ખરી ઓળખ કોઈએ કરાવી નથી.

सातत्येन तीर्थप्रवृत्तिश्च स्यादिति स्तूपविधिमाह— ×त्रीन् चैत्यस्तूपान् × कुरुत चितात्रयक्षितिषु इत्यर्थः ”— ( આ૦ પૃ૦ ૧૪૦–૧૪૭ ) જે ભાવ, ઉપર્યુક્ત મૂળ પાઠમાં જણાવ્યો છે તે જ ભાવનો અક્ષરાનુવાદ ટીકાકારે કરેલો છે. વિશેષમાં એટલું જણાવ્યું છે કે, ભગવંતના દાહસ્થળની આશાતના ન થાય અને નિરંતર તીર્થપ્રવૃત્તિ થાય એ કારણથી ત્યાં–ચિતાની જગ્યાએ–ચૈત્યસ્તૂપો કરવામાં આવે છે. આ રીતે તેમણે ‘ ચૈત્ય ’ ના પ્રધાન અર્થની પૂજ્યતા પણ દર્શાવી છે. આવો એક બીજો ઉલ્લેખ ‘ જ્ઞાતા ’ અંગ–સૂત્રની ટીકામાં પણ છે. તેને જોનારાએ સમિતિવાળા તે સૂત્રનું પૃ૦ ૧૫૫ મું જોવું અને આ હકીકતને નક્કી કરી લેવી.

હવે તો વાચકોનાં મન ઠંડાં થયાં હશે અને તેઓ ‘ ચૈત્ય ’ શબ્દના પ્રધાન અર્થ વિષે અને તેમ કરવાની જૈની પદ્ધતિ વિષે પણ ઉપર્યુક્ત અનેક પ્રમાણોથી સમજી શકયા હશે. તો હવે મારે તેઓને સ્પષ્ટપણે જણાવી દેવાની જરૂર છે કે, એ ‘ ચૈત્ય ’ શબ્દના પ્રધાન અર્થમાં જ મૂર્તિ-પૂજાનું મૂળ સમાએલું છે—મૂર્તિનો મૂળ ઇતિહાસ એ ચૈત્યો જ છે અને મૂર્તિનો પ્રથમ આકાર પણ તે જ છે—વર્તમાનમાં જે જે મૂર્તિઓ દેખાય છે તે, ઉત્ક્રાંતિની દૃ-ષ્ટિએ વિકાસ પામેલી એક જાતની શિલ્પકળાનો નમૂનો છે—જે મૂર્તિઓ, શ્વેતાંબર જૈનોને તાબે છે તેઓનું સૌંદર્ય અને શિલ્પ તેઓએ ટીલાં, ચગદાં અને બનાવટી આંખો ચોડીને તથા એ પ્રકારનાં બીજાં શિષ્ટાઽસંમત અને અશા-

બીય આચરણો આચરીને અને કેટલીક કૃત્રિમતાઓ કરીને નષ્ટ ભ્રષ્ટ કરી નાખ્યું છે, છતાં તેઓ, મૂર્તિ–પૂજકતાનો દાવો કરે છે એને હું ધર્મદમ્ભ કે ઢોંગ સિવાય બીજું માની શકતો નથી. પૂજ્યની મૂર્તિને પુતળીની પેઠે મન ગમતી રીતે નચાવતાં પણ તેના પૂજકતાનું સૌભાગ્ય આ સમાજે જ પ્રાપ્ત કર્યું છે!!!!! આ સ્થિતિથી તો એક મૂર્તિપૂજક તરીકે મને પણ દુઃખ થાય છે.

હું આગળના એક પ્રમાણમાં જણાવી ગયો છું કે, આપણા પૂર્વજોએ ચૈત્યોને પૂજવા માટે નહિ, પણ તે તે મરનાર મહાપુરુષની યાદગીરી રાખવા માટે બનાવ્યાં હતાં. પરંતુ પાછળથી તેની પૂજા શરુ થઈ હતી અને તે આજ સુધી પણ ચાલી આવી છે. જે ભાઈ, એક પદાર્થના વિકાસક્રમનો ઈતિહાસ સમજી શકે છે, તે જ ભાઈ ઉપરની બાબતોને સહજમાં સમજી શકશે. પરંતુ જે ભાઈના મનમાં વર્તમાન ધર્મ, તેના વર્તમાન નિયમો અને તેમાં પરાપૂર્વથી પેસી ગએલી કેટલીક અસંગત રુઢિઓ તથા વર્તમાન મૂર્તિપૂજા વિગેરે અનાદિનું ભાસતું હશે––રાજા ભરતના સમયનું લાગતું હશે–તે બંધુને હું જાતે શાસ્ત્રો વાંચવાની ભલામણ કર્યા સિવાય બીજું કાંઇ સમજાવી શકતો નથી. આપ સૌ કોઇ જાણોછો કે, વડનું બી કેટલું બધું સૂક્ષ્મ અને હલકું હોય છે, પણ જતે દહાડે અનેક જાતના અનુકૂળ સંયોગો મળવાથી તે જ બી એવું રુપ ધારણ કરે છે કે, જેની કલ્પના પણ આપણને આવી શકતી નથી. આ જ પ્રકારે પદ્ધતિ માત્ર, જેની શરુઆત તદ્દન સાદી, અલ્પ

અને અમુક હેતુ ઉપર અવલંબેલી હોય છે તે, જતે દહાડે એવું મોટું અને વિચિત્ર રુપ ધારણ કરે છે કે, જેથી આપણને તેની પ્રારંભિક સ્થિતિનો ખ્યાલ આવવો કે આપવો પણ કઠણ થઈ પડે છે—જે ચૈત્યો માત્ર યાદગીરી માટે હતાં, તે પછીથી પૂજાવા લાગ્યાં, ક્રમે ક્રમે તે સ્થળે દેવકુલિકાઓ થવા લાગી, તેમાં ચરણપાદુકાઓ સ્થપાવા લાગી અને પછી ભક્તોની હોંશથી (?) તે જ જગ્યાએ મોટાં મોટાં દેવાલયો અને મોટી મોટી મૂર્તિઓ પણ વિરાજવા લાગી. આ સ્થિતિ આટલેથી જ ન અટકી, પણ હવે તો ગામે ગામ અને એક ગામમાં પણ શેરીએ શેરીએ તેવાં અનેક દેવાલયો બંધાઈ ગયાં છે અને બંધાતાં જાય છે. આમ થવાથી મારી સમજ પ્રમાણે 'अतिपरिचयाद् अवज्ञा' થઈ છે. કારણ કે, હવે તો દેવાલય બંધાવનારો કોઇ ભક્ત જ્યાં દેવાલય બંધાયું છે વા બંધાય છે ત્યાંના સ્થાનસૌંદર્ય કે વાતાવરણ સૌંદર્ય તરફ જરા પણ લક્ષ્ય આપતો જણાતો નથી. મેં એવાં પણ દેવાલયો જોએલાં છે, જે ગીચવસ્તીની વચ્ચે ભારે કોલાહલમાં ઉભેલાં છે તથા જેની સામોસામ ભક્તોનાં પાયખાનાં અને મૂત્રીઓ શોભી રહી છે. મુંબઈમાં તો મેં એવું જોયું કે, ગોડીજીમહારાજના મંદિરની તદ્દન લગોલાગ આપણા ગૌતમાવતારો (?) નાં પાયખાનાં અને મૂત્રી વિરાજી રહી છે. જે જગ્યાએ ઉભા રહેતાં પણ નિરોગીનું આરોગ્ય બગડે તે જગ્યાએ મંદિરો બાંધી—બંધાવી જિનભક્તિ કરનારાઓનું સાહસ અવર્ણનીય છે—આવી જિનભક્તિ તો ઇંદ્રોએ પણ નહિ કરી હોય. થયું.

જે ભાઈઓને 'ચૈત્યો' નો આકાર જોવો હોય તેઓને કાર્લી અને બોરીવલ્લીની ગુફાઓ જોવાની જરૂર છે. જેમ જેમ ચૈત્યના આકારો બદલાતા ગયા તેમ તેમ તેના અર્થો પણ બદલાતા ગયા—પ્રારંભનો 'ચૈત્ય' શબ્દ અન્વર્થ હતો અને હવેનો 'ચૈત્ય' શબ્દ રુઢ છે—કારણ કે, તેને, તેનો મૂળ અર્થ છોડી લોકોની ઈચ્છા પ્રમાણે ચાલવું પડે છે—આ શબ્દની જેવા બીજા પણ અનેક શબ્દો, સાહિત્યમાં વધી ગયા છે કે, જેઓ મૂળ અન્વર્થ હોઈ પાછળથી રુઢિ વશ થઈ ગયા છે—જેમકે; બ્રાહ્મણ, શ્રાવક, જતી, ગુરુજી ( ગોરજી ) અને ક્ષત્રિય વિગેરે. 'ચૈત્ય' શબ્દનો પ્રારંભિક અર્થ 'ચિતા ઉપર ચણેલું સ્મારક–ચિન્હ– હતો', જ્યારે તે સ્થળે તે સ્મારકને જાળવી રાખવા કે ઓળખાવવા પાષાણખંડ વા શિલાલેખ મૂકવામાં આવતો ત્યારે 'ચૈત્ય' નો અર્થ પાષાણખંડ વા શિલાલેખ પણ થયો, જ્યારે એ સ્મારક ચિન્હને બદલે વા સ્મારક ચિન્હ ઉપર કોઈ ઝાડને રોપવામાં આવતું ત્યારે 'ચૈત્ય' નો અર્થ 'વૃક્ષ— 'ચૈત્યવૃક્ષ' પણ થયો. જ્યારે તે સ્મારક ચિન્હ પાસે યજ્ઞાદિ પવિત્ર ક્રિયાઓ કરવામાં આવતી ત્યારે 'ચૈત્ય' નો અર્થ 'યજ્ઞસ્થાન પણ થયો. ( જૂઓ–સ૦ ઔપપાતિક ટીકામાં ચૈત્યનું વર્ણન તથા અમરકોશવાળો 'ચૈત્ય' શબ્દ ), જ્યારે તે સ્મારક ચિન્હને દેવકુલિકાના ( દેવળીના ) ઘાટમાં બનાવવામાં આવતું ત્યારે, 'ચૈત્ય' નો અર્થ 'દેવળી' પણ થયો. જ્યારે તે સ્થળે ચણેલી દેવળીમાં પાદુકાઓને પધરાવવામાં આવતી ત્યારે 'ચૈત્ય' નો અર્થ પાદુકાસમેત દેવળી કે માત્ર

'પાદુકા' થયો, જ્યારે તે સ્થળે મોટું ભવ્ય દેવાલય ચણવામાં આવતું અને તેમાં મૂર્તિઓ પધરાવવામાં આવતી ત્યારે 'ચૈત્ય' નો અર્થ દેવાલય કે મૂર્તિ થયો—અત્યાર સુધી 'ચૈત્ય' શબ્દ અન્વર્થ રહ્યો, પરંતુ જ્યારે ચિતાદાહ સિવાયના સ્થલાંતરે દેવાલયો ચણાયાં કે તેમાં મૂર્તિઓ સ્થપાઇ ત્યારે તે રુઢ થયો, 'ડિત્થ' ની પેઠે સંજ્ઞાશબ્દ થયો અને આરંભમાં માત્ર સાદશ્યથી અને હવે તો કેવળ લૌકિક સંકેતથી 'ચૈત્ય' નો અર્થ મંદિર વા મૂર્તિ થયો—થાય છે. આ રીતે પરિસ્થિતિ પ્રમાણે 'ચૈત્ય' શબ્દના અનેક અર્થો પલટાયા છે, તે બધાનો સરવાળો કરતાં તેના એકંદર સાત અર્થો થાય છે અને તે આ પ્રમાણે છેઃ—

૧. ચૈત્ય—ચિતા ઉપરનું સ્મારક ચિન્હ, ચિતાની રાખ.

૨. ,, —ચિતા ઉપરનો પાષાણખંડ, ઢેકું કે શિલાલેખ.

૩. ,, —ચિતા ઉપરનું પીપળાનું કે તુલસી વિગેરેને પવિત્ર વૃક્ષ ( જુઓ, મેઘદૂત, પૂર્વમેઘ, શ્લો૦ ૨૩ )

૪. ,, —ચિતા ઉપર ચણેલા સ્મારકની પાસેનું યજ્ઞસ્થાન વા હોમકુંડ.

૫. ,, —ચિતા ઉપરનું દેરીના ઘાટનું ચણતર—સામાન્યદેરી.

૬. ,, —ચિતા ઉપરની પગલાંવાળી દેરી કે ચરણપાદુકા.

૭. ,, —ચિતા ઉપરનું દેવળ કે વિશાલકાય મૂર્તિ.

ચૈત્યના આ ચારે અર્થો તેની વ્યુત્પતિને છાજે તેવા છે. અને તેનો રુઢિજન્ય આઠમો તથા નવમો અર્થ, તેની વ્યુત્પત્તિથી ઘણો દૂર રહે છે એટલે, તે લાક્ષણિક છે, રુઢ છે. અને શબ્દાનુગામી ન હોવાથી નિરર્થક જેવો છે,હું માનું છું તે પ્રમાણે એક એક અર્થનો સર્વવ્યાપી પ્રચાર થતાં અને એક એક અર્થનો સર્વવ્યાપી નાશ થતાં સો સો કે બસેં બસેં વર્ષો તો લાગ્યાં હશે. ' ચૈત્ય ' શબ્દનો પ્રચલિત દેવાલય કે મૂર્તિ અર્થ આઠમો નવમો હોવાથી તદ્દન છેવટનો–આધુનિક છે. એમ આપણે ઉપરના પ્રમાણોથી સમજી શક્યા છીએ. તેથી આચાર્ય [1]હરિભદ્રના ઉલ્લેખથી કે આચાર્ય હેમચંદ્રના [2]કોશ

---

૧. " चेइयसद्दो रूढो 'जिणिंदपडिम' त्ति अत्थओ दिट्ठो "–(સંબોધ પ્રકરણ, દેવસ્વરૂપ, શ્લો૦ ૩૨૮ પૃ૦ ૯૨ ) અર્થાત્ ' ચૈત્ય ' શબ્દનો ' જિનેંદ્રપ્રતિમા ' રુઢ અર્થ છે. હરિભદ્રસૂરિએ પોતાની લલિતવિસ્તરામાં ( પૃ૦ ૭૬–૭૭ ) ચૈત્ય ' શબ્દની વ્યુત્પત્તિ કરતાં જણાવ્યું છે કે, चित्तम्–अन्तःकरणम् , तस्य भावः कर्म वा ( वर्णद्दढादिलक्षणे ष्यञि कृते ) चैत्यं भवति " પરંતુ આ પ્રકારની વ્યુત્પત્તિ, શબ્દશાસ્ત્રની દૃષ્ટિએ ઘટતી નથી. કારણ કે, ' चैत्य ' શબ્દમાં બેવડો ત અર્થાત્ ' त्त ' સંભવતો નથી ( તેઓ પોતે પણ ' चैत्यं भवति ' નો ઉલ્લેખ કરતાં એક તવાળો જ ચૈત્ય શબ્દ લખે છે. ) અને આ હરિભદ્રીય વ્યુત્પત્તિ પ્રમાણે તો બેવડા તવાળો અર્થાત્ ' चैत्त्य ' શબ્દ બને છે. જો કદાચ ' ચૈત્ય ' શબ્દને બેવડા ' ત ' વાળો–' त्त ' વાળો જ માનીએ તો હેમચંદ્રના " त्योऽचैत्ये " ॥ ८ । २ । १३ ॥ સૂત્રમાં તેનું વર્જન સંભવતું નથી. કારણ કે, તે સૂત્ર એકવડા'ત' વાળા ' ત્ય ' નો જ ' ચ ' કરતું હોવાથી

૨ " चैत्यं जिनौकः, तद्बिम्बम् " ॥

ઉપરથી 'ચૈત્ય' શબ્દનું છેલ્લું છેવટ આવી શકતું નથી. તેઓ તો પોતાના સમયના પ્રચલિત અર્થને જ પોતાના ગ્રંથોમાં લખી શકે–આથી હું કાંઈ એમ જણાવતો નથી કે, તેઓએ જણાવેલો અર્થ ખોટો છે, મને તો બીજા અર્થોની જેમ તે અર્થ પણ માન્ય છે. પરંતુ તે વિષે મારે એટલું જ કહેવાનું કે, પ્રચલિત દેવાલય કે મૂર્તિ એ કાંઈ 'ચૈત્ય' શબ્દનો પ્રધાન અર્થ કે મૂળ અર્થ નથી. એટલું જ નહિ પણ તે બન્ને અર્થો તદ્દન પછીના અને રુઢિના કરેલા છે. સૂત્રોના ટીકાકારોએ પણ સૂત્રમાં આવેલા 'ચૈત્ય' શબ્દની વ્યુત્પત્તિ ( चितेर्भाव : कर्म वा ) તો બરાબર જણાવી છે, પણ જ્યાં 'अरिहंतचेइयाइं' વા એકલું 'चेइयाइं' આવે છે ત્યાં તેઓ તેનો વ્યુત્પત્તિજન્ય વાસ્તવિક અને પ્રધાન અર્થ ન કરતાં કેવળ પોતાના સમયની લોક રુઢિને અનુસર્યા હોય, એમ મને લાગે છે. અને એમ હોવાથી

---

'चैत्त्यना' એવડા 'ત' ને–'त्त' ને 'ચ' ની પ્રાપ્તિ'જ નથી. તેથી હેમચંદ્રની સાક્ષીએ 'ચિત્ત' ઉપરથી 'ચૈત્ય'ની બનાવટ રીતસર નથી. તથા કોઈ કોશમાં આ જાતની વ્યુત્પત્તિ જણાતી નથી. વળી એ વ્યુત્પત્તિનો અર્થ પણ 'ચૈત્ય'ના પ્રચલિત અર્થમાં ઘટતો નથી. કેટલાક તો 'चित्तम् आह्लादयति तत् चैत्यम्' એમ વ્યુત્પત્તિ કરીને વ્યુત્પત્તિને અનુકૂળ અર્થ મેળવે છે, પણ 'ચિત્ત' શબ્દ ઉપરથી 'ચૈત્ય' શબ્દ બનતો નથી એ તો હમણાં જ જણાવાઈ ગયું છે–અભયદેવ સૂરિએ અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના ટીકાકારે કેટલેક ઠેકાણે ( જૂઓ૦ સ૦ સ્થાનાંગ ટીકા પૃ૦ ૨૩૨ અને જંબૂદ્વીપ૦ ટી૦ પૃ૦ ૧૪૦–૧૪૭ ) આ વ્યુત્પત્તિ કરીને શબ્દશાસ્ત્રને વિરાધ્યું છે.

'ચૈત્ય' ના આઠમા, નવમા અર્થને જણાવીને જ ચાલતા થયા છે. તેઓએ 'ચૈત્ય'નો અર્થ કરતાં ઘણે ઠેકાણે જણાવ્યું છે કે, "संज्ञाशब्दत्वात् देवबिम्बम्, तदाश्रयत्वात् तद्गृहमपि चैत्यम् (બા. ભગ. પૃ. ૫–બા. રાયપ૦ પૃ૦ ૪) અર્થાત્ 'ચૈત્ય' શબ્દ સંજ્ઞાશબ્દ છે તેથી તેનો અર્થ વ્યુત્પત્તિ અનુસાર ન કરતાં રુઢિ અનુસારે લેવાનો છે અને તે 'દેવબિંબ' કે 'દેવગૃહ' છે. ટીકાકારોના આ ઉલ્લેખથી વાચકો સમજી શકશે કે, તેમણે કરેલો અર્થ, તે આઠમો, નવમો છે અને તે, પરાપૂર્વથી ચાલ્યો આવેલો તેમના સમયનો રુઢ અર્થ છે. આ રીતે અર્થ કરવાનો પ્રકાર, તે પણ એક જાતનો સાહિત્ય વિકાર છે, એમ હું માનું છું અને વર્તમાનમાં ચાલતો મૂર્તિવાદને નામે ચડેલો કલહ પણ આ વિકારને જ આભારી હોય એમ મને સ્પષ્ટ જણાય છે. મારૂં માનવું છે કે, કોઈ પણ ટીકાકારે મૂળના આશયને મૂળના સમયના વાતાવરણને જ ધ્યાનમાં લઈને સ્પષ્ટ કરવો જોઈએ. આ રીતે ટીકા કરનારો હોય તે જ ખરો ટીકાકાર હોઈ શકે છે. પરંતુ મૂળનો અર્થ કરતી વખતે મૌલિક સમયના વાતાવરણનો ખ્યાલ ન કરતાં જો આપણે પરિસ્થતિને જ અનુસરીએ તો તે મૂળની ટીકા નથી, પણ મળનું મૂસળ કરવા જેવું છે. હું સૂત્રોની ટીકાઓ સારી રીતે જોઈ ગયો છું, પરંતુ તેમાં મને ઘણે ઠેકાણે મૂળનું મૂસળ કરવા જેવું લાગ્યું છે અને તેથી મને ઘણું દુઃખ થયું છે. આ સંબંધે અહીં વિશેષ લખવું અપ્રસ્તુત છે, તો પણ સમય આવ્યે 'સૂત્રો અને તેની ટીકાઓ' એ વિષે હું વિગતવાર હેવાલ

આપવાનું મારું કર્તવ્ય ચૂકીશ નહિ. તો પણ આગળ જણાવેલા, શ્રીશીલાંકસૂરિએ કરેલા, આચારાંગના કેટલાક પાઠોના અવળા અર્થો ઉપરથી અને આ ' ચૈત્ય ' શબ્દના અર્થ ઉપરથી આપ સૌ કોઈ જોઈ શકયા હશો કે, ટીકાકારોએ અર્થો કરવામાં પોતાના સમયને જ સામો રાખી કેટલું બધું જોખમ ખેડયું છે. હું આ બાબતને પણ સ્વીકારું છું કે, જો મહેરબાન ટીકાકાર મહાશયોએ મૂળનો અર્થ મૂળના સમય પ્રમાણે જ કર્યો હોત તો જૈનશાસનમાં વર્તમાનમાં જે મતમતાંતરો જોવામાં આવે છે તે ઘણાં ઓછાં હોત અને ધર્મને નામે આવું અમાસનું અંધારું પણ ઘણું ઓછું વ્યાપત.કલેશમાં સર્વત્ર આગ્રહ જ રાણો હોય છે અને તેથી સાહિત્યનાં મૂળ સત્યો, ધૂળમાં મળી ગએલાં છે–મળતાં જાય છે, પણ કોના ભાર છે કે, તે સાહિત્યવિકારને અટકાવી મૂળને બરાબર કાયમ રાખી શકે? હા ! ! ! હું ભૂલું છું કે, મૂળ તો હમેશાં ધૂળમાં જ રહે છે, માટે તે તદ્દન સડી જવા યોગ્ય છે અને તેમાંથી પ્રકૃતિદેવી સુંદર વૃક્ષને ઉગાડે છે તેમ આપણાં ભાગ્યે કોઈ સુંદર વૃક્ષની ઉત્પત્તિ માટે જ આપણાં ( જીવતાં જાગતાં ) મૂળો પણ સડતાં હોય તો તે સંભવતું અને ઘટતું છે.

મારી આ બીજા મુદ્દાની ચર્ચાથી આપને એ બાબત ધ્યાનમાં આવી હશે કે, ચૈત્ય અને તેના પ્રાચીન અને પ્રધાન અર્થનું સ્વરૂપ શું છે? તેમાં પરિસ્થિતિ પ્રમાણે જે જે ફેરફારો થયા છે અને છેવટ જે વિકાર થયો છે તે પણ આપના ધ્યાનમાં આવ્યો હશે. આટલા ઉપરથી જો

આપ સાહિત્યવિકાર જન્ય આપના મૂર્તિપૂજાના અનાદિવાદના એકાંતને કાંઈક ઢીલો કરશો અને વર્ધમાનના અનેકાંત માર્ગ ઉપર દૃષ્ટિ રાખી અમૂર્તિપુજકોની સાથે પ્રેમથી વર્તશો તો હું મારી આ નિબંધ માટે થએલા ઉજાગરાઓને પણ લેખે લાગ્યા ગણવાની વ્યાજબી કામના કરી શકીશ.

## દેવદ્રવ્યવાદ.

હવે મારો ત્રીજો મુદ્દો નામે 'દેવદ્રવ્ય' વાદ છે, તેની વિગતવાર શરૂઆત મારે અહીંથી કરવાની છે. 'ચૈત્યવાદ' ના મુદ્દા સાથે આ મુદ્દો ઘણો વિશિષ્ટ સંબંધ ધરાવે છે તેથી જ મેં પ્રથમ ચૈત્યવાદને ચર્ચ્યો છે અને ત્યારબાદ તુરત જ આ મુદ્દાને ચર્ચવો ઉચિત ધાર્યો છે—જેઓ એમ માને છે કે, જ્યાં મૂર્તિ હોય ત્યાં દેવદ્રવ્ય હોવું જ જોઈએ, તેઓનું આ મત મારા મત પ્રમાણે અયુક્ત છે છતાં ઘડીભરને માટે આપણે તેને માની લઈએ, તો પણ જે કારણોથી દેવદ્રવ્યની અવિહિતતા અને અર્વાચીન કલ્પના ઠરી શકે છે તે કારણો આ છેઃ—ઉપર પ્રમાણે જણાવેલી ચૈત્યવાદવાળી ચર્ચાથી આપ સૌ કોઈ જાણી શકયા હશો કે, મૂર્તિવાદ, ચૈત્યવાદ પછીનો છે એટલે તેને ચૈત્યવાદ જેટલો પ્રાચીન માનવાને આપણી પાસે એક પણ એવું મજબૂત પ્રમાણ નથી કે, જે શાસ્ત્રીય ( સૂત્રવિધિ નિષ્પન્ન ) હોય વા ઐતિહાસિક હોય. આમ તો આપણે અને આપણા કુલાચાર્યો સુદ્ધાં મૂર્તિવાદને અનાદિનો ઠરાવવાની તથા વર્ધમાન ભાષિત જણાવવાની બણગાં ફુંકવા જેવી વાતો કર્યા કરીએ છીએ, પણ જ્યારે તે વાતોને સિદ્ધ કરવા

માટે કોઇ ઐતિહાસિક પ્રમાણ વા અંગસૂત્રનું વિધિવાક્ય માંગવામાં આવે છે ત્યારે આપણી પ્રવાહવાહી પરંપરાની ઢાલને આગળ ધરીએ છીએ અને બચાવ માટે આપણા વડિલોને આગળ કરીએ છીએ–મેં ઘણી કોશીશ કરી તો પણ પરંપરા અને બાવા વાક્યં પ્રમાણું સિવાય મૂર્તિવાદને સ્થાપિત કરવા માટે મને એક પણ પ્રમાણ વા વિધાન મળી શકયું નથી. વર્તમાન કાળમાં મૂર્તિપૂજાના સમર્થનમાં કેટલીક કથાઓને (ચારણમુનિની, દ્રૌપદીની કથા, સૂર્યાભની કથા અને વિજયદેવની કથા) પણ આગળ કરવામાં આવે છે. કિંતુ વાચકોએ આ બાબત, ખાસ લક્ષ્યમાં લેવાની છે કે, વિધિગ્રંથોમાં દર્શાવાતો વિધિ–આચાર ગ્રંથોમાં દર્શાવાતું આચારવિધાન–ખાસ શબ્દોમાં જ દર્શાવવામાં આવે છે, પણ કોઈની કથાઓમાંથી કે કોઈનાં ઓઠાં લઇને અમુક અમુક વિધાન વા આચાર ઉપજાવી શકાતો નથી–એક કથામાં તેના નાયકે જે અમુક જાતનું આચરણ કર્યું હોય તે બધાને માટે વિધેય કે સિદ્ધાંતરૂપ હોઈ શકતું નથી–તે લબ્ધિધારી સાધુઓએ કે બીજાં કોઇ પાત્રોએ ચૈત્યોને વાંદ્યા કે જિનગૃહે જઇને પૂજા કરી, તે ઉપરથી આપણે એવો સર્વ સાધારણ સિદ્ધાંત ઉપજાવીએ કે, તે સમયના બધા લોકો તે જાતનું આચરણ કરતા હતા, એ તદ્દન અસંગત છે–થોડીએક વ્યક્તિઓનો આચાર, કોઈ જાતના સ્પષ્ટ વિધાન વિના સર્વ સાધારણ આચાર થઈ શકતો નથી. જો વ્યક્તિઓનાં આચરણો ઉપરથી જ આચારોનું વિધાન દર્શાવાતું હોય તો પછી આચારના કે વિધિના ગ્રંથોને

જૂદા રચવાની શી જરૂર છે?–કથાનુયોગથી જ બધાં વિધિ વિધાનો તારવી શકાતાં હોય તો ચરણકરણાનુયોગનો વધારો કરવો વ્યર્થ જેવો છે. સારાં કે નરસાં આચરણો કરનારાની કથાઓ ઉપરથી જો તે તે આચારોનું બંધારણ બંધાતું હોત તો નીતિના ગ્રંથો કે કાયદાના ગ્રંથોની જરૂર શા માટે પડે? મારૂં તો એમ માનવું છે કે, જ્યારે આચારના ગ્રંથો જૂદા જ રચવામાં આવ્યા છે–આવે છે–અને તેમાં પ્રત્યેક નાના મોટા આચારોનું વિધાન કરવામાં આવ્યું છે –આવે છે, તે છતાં તેમાં જે વિધાનનો ગંધ પણ ન જણાતો હોય તે વિધાનના સમર્થનમાટે આપણે કથાઓનાં ઓઠાં લઇએ કે કોઇનાં ઉદાહરણો આપીએ તે બાબતને હું તમસ્તરણ સિવાય બીજા શબ્દથી કહી શકતો નથી–હું હિમ્મત પૂર્વક કહી શકું છઉં કે, મેં સાધુઓ તેમ શ્રાવકો માટે દેવદર્શન કે દેવપૂજનનું વિધાન કોઈ અંગસૂત્રોમાં જોયું નથી,–વાંચ્યું નથી. એટલું જ નહિ પણ ભગવતી વિગેરે સૂત્રોમાં કેટલાક શ્રાવકોની કથાઓ આવે છે, તેમાં તેઓની ચર્યાની પણ નોંધ છે, પરંતુ તેમાં એક પણ શબ્દ એવો જણાતો નથી કે, જે ઉપરથી આપણે આપણી ઉભી કરેલી દેવપૂજનની અને તદાશ્રિત દેવદ્રવ્યની માન્યતાને ટકાવી શકીએ.

હું આપણા સમાજના ધુરંધરોને નમ્રતાપૂર્વક વિનંતિ કરું છું કે, તેઓ, મને તે વિષેનું એક પણ પ્રમાણ વા પ્રાચીન બિધાન–વિધિવાક્ય–બતાવશે તો હું તેઓનો ઘણો જ ઋણી થઇશ. કદાચ આ ઉપરથી આપમાંના કોઇ

મહાશયો એમ સમજી લે કે, આ લખનાર તો મૂર્તિવાદનો વિરોધી જણાય છે, તો આ સમજને ખોટી પાડવા માટે હું આગળ જણાવી ગયો છું અને અહીં પણ જણાવું છું કે, હું તે વાદનો વિરોધી નથી, પરંતુ જરુરિયાતપૂરતો તેનો વિધાયક છું અને કામચારિપણે સત્સંગ, શાસ્ત્રાધ્યયન, તપ, શીલ વિગેરેની જેમ તરતમતાએ મૂર્તિવાદમાં પણ આત્મવિકાસની નિમિત્તતા જોઈ રહ્યો છું, માની રહ્યો છું અને જણાવી રહ્યો છું–વર્તમાન ઉપદેશકોમાં અને મારામાં માત્ર ફેર એટલો જ છે કે, તેઓ તે વાદનું એકાંતપૂર્વક વિધાન કરે છે અને તે વિધાનને પુષ્ટ કરવા તેને વર્ધમાન વા તેના અંગપ્રવચનને નામે ચડાવે છે તથા તે અર્થે એવી જ કેટલીક કથાઓનું પણ આલંબન લે છે, ત્યારે તે વાદ માટે હું એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવું છું કે, ભલે તે વાદ વર્ધમાને ન કહ્યો હોય, ભલે તેને લગતું વિધિવાક્ય અંગોમાં ન મળી શકતું હોય, તો પણ તે, લોકના પ્રવાહવાહી ભાગને શરૂઆતમાં આત્માની મૂળ સ્થિતિનું ભાન કરાવવા એક દર્પણ[1] સમાન છે માટે તેનું મર્યાદિત સેવન તેઓને ઘણું ઉપયોગી છે–તેના સેવન કરનારાએ આ વાત ખાસ લક્ષ્યમાં રાખવાની છે કે, તે સેવન, અફીણના બંધાણ જેવું ન થવું જોઈએ, પણ તે સેવનથી કાલક્રમે–ધીરે–ધીરે–સેવકોમાં પવિત્ર

---

૧ "जम्हा जिणाण पडिमा अप्पपरिणामदंसणनिमित्तं आयंसमंडलाभा सुहाऽसुहज्झाणदिट्ठीए—"

(संबोधप्रकरण–श्लो० ४० पृ० २)

આચારો, પવિત્ર વિચારો, પવિત્ર જીવન, વિશુદ્ધ નીતિ, અને અખંડ પ્રામાણિકતા જેવા માણસાઈને છાજતા ગુણો તો આવવા જ જોઈએ. કદાચ આપણે અશુદ્ધ સંસ્કારોના ભીષણ દબાણથી દબાએલા હોઇએ તો પણ એ વાદના વિવેકપૂર્વક આશ્રયથી હું માનું છું કે ગમે તેવો અશુદ્ધ ગણાતો મનુષ્ય પણ વેલો મોડો વિશુદ્ધ થયા સિવાય રહી શકે જ નહિ. મહર્ષિ દેવચંદ્રજીના શબ્દમાં કહું તો--

"नामे हो प्रभु नामे अद्भुत रंग,
ठवणा हो प्रभु ठवणा दीठे उल्लसेजी ।
गुण आस्वाद हो प्रभु गुण आस्वाद अभंग,
तन्मय हो प्रभु तन्मयताए जे धसेजी" ॥ ६ ॥

પરંતુ જો આપણે તેમ ન કરીએ અને જેમ એક મશીન ક્રિયા કર્યે જાય છે તેમ પ્રત્યેક ક્રિયા કર્યે જઇએ તો મૂર્તિવાદ તો શું પણ સાક્ષાત્ વર્ધમાન પણ આપણું શ્રેય કરી શકે નહિ. મહાશયો ! અહીં હું ક્ષંતવ્ય છું. કોઈ વાચક મહાશય મારા વિષે ગેરસમજુતી ન કરી જાય તે અર્થે મારે વિષયાંતર કરીને પણ મૂર્તિવાદ સંબંધે મારો સંક્ષિપ્ત અભિપ્રાય જણાવવો પડ્યો છે, તે વિષે હું પ્રસંગ વશે મારા વિશેષ વિચારોને પણ આપની સમક્ષ રજુ કરવાની કામના કરી પાછો પ્રસ્તુત વિષય ઉપર આવું છું. ઉપર જણાવ્યા પ્રમાણે જો મૂર્તિવાદને લગતું કોઈ પુરાતન ઐતિહાસિક પ્રમાણ વા અંગનું વિધિવાક્ય નથી મળી શકતું તો તેને અવલંબેલા 'દેવદ્રવ્ય' નો સાધક ઉલ્લેખ તો મળે જ ક્યાંથી? દેવદ્રવ્યને વર્ધમાનભાષિત

રુપે વા તેને અંગવિહિતરુપે જણાવનારે સૌથી પહેલાં મૂર્તિંવાદની વર્ધમાનભાષિતતા અને અંગવિહિતતા સાબીત કરવી જોઇએ. એમ કહ્યા કે કર્યા સિવાય ' દેવદ્રવ્ય અનાદિનું છે ' ' દેવદ્રવ્ય શાસ્ત્રમાં લખેલું છે અને અમુક આચાર્ય (?) કે અમુક પં૦ ન્યાસ ( ? ) દેવદ્રવ્યને શાસ્ત્રાગમોક્ત તરીકે બતાવી રહ્યા છે ' એ બધું અરણ્યરુદન સમાન છે—પ્રલપિત પ્રાય છે. મારે અહીં એક વાર આ વિષે ફરી પણ જણાવવું પડે કે, વર્તમાન વિદ્યમાન અંગોમાં ' દેવદ્રવ્ય ' શબ્દ કે તે વિષેનો એક પણ ઉલ્લેખ મળી શકતો નથી—તેનું વિધાન મળતું નથી તેમ અંગમાં આવેલી કોઇ કથાઓમાં સુદ્ધાં તેનો ઉલ્લેખ મળી શકતો નથી—આપ એમ ન સમજશો કે, તે ઉલ્લેખ કરવાનો પ્રસંગ સૂત્રગ્રંથોમાં નહિ આવ્યો હોય, સૂત્રોમાં ઘણી જગ્યાએ પુણ્યબંધ અને પાપબંધને લગતી તથા દેવગતિનાં અને નરકગતિનાં કારણોને લગતી અનેક કથાઓ અને અનેક બાબતો આવી રહી છે, પણ તેમાં ક્યાંય પાછલા સાહિત્યની પેઠે " [1]वुड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो " " [2]रक्खंतो जिणदव्वं परित्त-संसारिओ भणिओ " " [3]भक्खंतो जिणदव्वं अणंतसंसारिओ भणिओ " " [4]जिणधणमुविक्खमाणो दुल्लहबोहिं कुणइ जीवो " " [5]दोहंतो जिणदव्वं दोहिच्चं दुग्गयं लहइ "

---

૧. જિનદ્રવ્યને વધારતો જીવ તીર્થંકર પણું પામે છે. ૨. જિનદ્રવ્યને સાચવતો જીવ, અલ્પ સંસારી થાય છે. જિનદ્રવ્યને ખાતો જીવ, અનંત સંસારી થાય છે. ૪. જિનધનની ઉપેક્ષા કરતો જીવ, દુર્લભબોધ થાય છે. ૫. જિનદ્રવ્યનો દ્રોહ કરનારો જીવ, દુર્ગતિ પામે છે.

—સંબોધ પ્રકરણ.

આવો એક પણ ઉલ્લેખ મને મળી શકયો નથી. તેથી જ વર્તમાન આચાર્યોના ? અને નગરશેઠોના વહાલામાં વહાલા દેવદ્રવ્યના સિદ્ધાંત માટે મારે ઉપર પ્રમાણે અભિપ્રાય જણાવવો પડે છે–પડયો છે.

જે વાત અંગોના મૂળ પાઠોમાં નથી, તે વાત તેનાં ઉપાંગોમાં, નિર્યુક્તિઓમાં, ભાષ્યોમાં ચૂર્ણિઓમાં, અવચૂર્ણિઓમાં અને ટીકાઓમાં શી રીતે હોઇ શકે ? ઉપાંગો, નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ, અવચૂર્ણિઓ અને ટીકાઓ એ બધા ગ્રંથો એટલા માટે જ લખાય છે–લખાયા છે કે, કોઇ પ્રકારે મૂળની વસ્તુ સ્પષ્ટ થાય. નહિ કે, મૂળમાં રહેલી કોઈ જાતની અપૂર્ણતાને તે ગ્રંથો પૂરી કરે. હું માનું છું ત્યાં સુધી મૂળના વ્યાખ્યાનરૂપે લખાએલા તે ગ્રંથોમાં, જેનો મૂળમાં ગંધ નથી તેવો 'દેવદ્રવ્ય' શબ્દ કે તેને લગતી હકીકત કોઈ પ્રકારે આવવી સંભવતી નથી, છતાં જો તે તે ગ્રંથકારોએ પોતપોતાના વાતાવરણ અને પરિસ્થિતિને અનુસરીને મૂળને લગતા તે તે ગ્રંથોમાં કયાંય આ નિર્મૂળ ઉલ્લેખ કર્યો હોય તો 'ચૈત્ય' શબ્દના જિનગૃહ વા જિનબિમ્બ અર્થની પેઠે તેની પ્રાચીનતા કે વિધેયતા સિદ્ધ થઈ શકતી નથી. પરંતુ તે ઉલ્લેખ, પરિસ્થિતિજન્ય થતા–થએલા–કેટલાક ઉમેરાઓમાંનો એક ઉમેરો–વધારો–ગણી શકાય ખરો, હું તો ત્યાં સુધી માનું છું કે, શ્રમણ ગ્રંથકારો, જેઓ પાંચ મહાવ્રતના પાલક છે, સર્વથા હિંસાને કરતા નથી, કરાવતા નથી અને તેમાં સમ્મતિ પણ આપતા નથી, જેઓ માટે કોઈ જાતનો દ્રવ્યસ્તવ વિધેય રૂપે હોઇ શકતો નથી તેઓ

હિંસામૂલક આ મૂર્તિવાદના વિધાનનો અને તદવલંબી દેવ-દ્રવ્યના વિધાનનો ઉલ્લેખ શી રીતે કરે? મેં જોયું છે તે પ્રકારે શ્રીહરિભદ્ર સૂરિના ઘણા ખરા ગ્રંથોમાં આ મૂર્તિ-વાદના વિધાનને લગતો અને દેવદ્રવ્યની વૃદ્ધિને લગતો ઉપદેશ અપાએલો છે, તે ઉપરાંત તેઓએ દેવદ્રવ્યના ભક્ષકને, દેવદ્રવ્યના ઉપેક્ષકને અને જિનાજ્ઞા સિવાય અનુચિત રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ કરનારાને સંસારસમુદ્રમાં ડુબતા પણ જણાવ્યા છે. હરિભદ્રસૂરિનો સમય વિક્રમનો આઠમો સૈકો સ્થિર થએલો છે અને આપણા સૂત્રગ્રંથોનું છેલ્લું સંસ્કરણ, જે દેવર્ધિગણિએ વલભીમાં (વળામાં) કર્યું હતું તેનો સમય વીરાત્ ૯૮૦ એટલે વિક્રમાત્ ૫૧૦ નો શાસ્ત્રનિશ્ચિત છે અને વીરાત્ ૮૮૨ એટલે વિક્રમાત્ ૪૧૨ વર્ષે નિર્ગ્રંથોએ ચૈત્યવાસ શરૂ કર્યાની હકીકત ઉપર જણાવાઈ ગઇ છે. તો આ ૪૧૨–૫૧૦ અને વિક્રમનો આઠમો સૈકો, એ એક સદી અને બે ત્રણ સદીના વચગાળાના સમયમાં એવી કોઇ સ્થિતિ આવી ગઇ હોય કે, જેને લઇને જે બાબતને તાજા જ સંસ્કારિત થએલા સૂત્રગ્રંથોમાં ન જોતાં છતાં પણ શ્રીહરિભદ્રસૂરિને પોતાના ઘણા ગ્રંથોમાં ચર્ચવી પડી હોય અને વિહિત પણ કરવી પડી હોય. હરિભદ્રસૂરિ પછીના જે જે ગ્રંથોમાં આ મૂર્તિવાદ અને દેવદ્રવ્યવાદ ચર્ચાયો છે અને વિહિત પણ થએલો છે તે બધાનું મૂળ તે હરિભદ્રસૂરિ છે એમ હું માનું છું, પરંતુ એ હરિભદ્રના ગ્રંથોમાં તે વાત ક્યાંથી આવી? તે પ્રશ્ન ખાસ વિચારણીય છે. અર્વાચીન સૂરિઓને જેમ હું મતાગ્રહી કહીને પ્રશંસુ છું તેમ આ

મહાપુરૂષ માટે કહી શકાય તેમ નથી—તેમના ગ્રંથોમાં જે મધ્યસ્થતા, ગંભીરતા અને સત્યપ્રિયતા મેં જોઈ છે, ત્યાર પછીના ગ્રંથોમાં તે લેખનપદ્ધતિ મને ભાગ્યે જ મળી શકી છે. હવે આપણે આ પ્રસ્તુત વિવાદનો નિકાલ ત્યારે જ લાવી શકીએ, જ્યારે હરિભદ્રના ગ્રંથોમાં આવેલા મૂર્તિવાદ અને દેવદ્રવ્યની હકીકતનું મૂળ શોધી શકીએ જો કે આ એક ઐતિહાસિક પ્રશ્ન ઘણો જટિલ છે તો પણ તેની ગુંચ-નો નિવેડો આપણે આ રીતે લાવી શકીએ છીએઃ—આચા-રાંગ સૂત્રમાં આવેલી વર્ધમાનની ચર્ચા ઉપરથી માલૂમ પડે છે કે, તેમનો ત્યાગ ઘણો જ કડક હતો અને વધુમાં કહીએ તો તેવા ત્યાગને જાળવી રાખવા માત્ર તેવા જ પુરૂષો સમર્થ હોય છે અને તેઓ ઘણા વિરલ હોય છે— જંબુ સ્વામી પછી જિનકલ્પ વિચ્છિન્ન થવાની જે દંતકથા પ્રચલિત છે તે દ્વારા જ વર્ધમાનના ત્યાગની કડકાઈ સ્પષ્ટ થઇ જાય છે. 'વર્ધમાનનું નિર્વાણ થયા પછી જંબુસ્વામી સુધીના સમયમાં—વીરનિર્વાણના પ્રથમ સૈકામાં—મહાત્મા બુદ્ધના મધ્યમ માર્ગે ઘણી લોકપ્રિયતા મેળવી લીધી હતી. તેમના માર્ગનો એ ઉદ્દેશ હતો કે, શરીરને વિશેષ ન સતાવતાં એવી પ્રવૃત્તિ કરવાની જરૂર છે કે, જે દ્વારા મન સ્થિતપ્રજ્ઞ રહે અને લોકોપકાર પણ થાય—ખુદ વર્ધમાન કાયદંડવાદી હતા અને મહાત્મા બુદ્ધ મનોદંડવાદી હતા. આ મધ્યમ માર્ગ વધતાં વધતાં એટલો બધો વધી ગયો કે; સમ્રાટ્ અશોકના સમયમાં તો તે લગભગ સર્વવ્યાપી થઇ શકયો હતો. વીરાત્ બીજા અને ત્રીજા સૈકાની વચ્ચેનો સમય મધ્યમ

માર્ગ માટે ઘણો જ અનુકુળ હતો. તે સમય તે જ હતો જે સમયે મહારાજા અશોકનું ધર્મરાજ્ય પ્રવર્તતું હતું. આ સમયે સંસારની ચઉખંડ ધરતીમાં ચારે તરફ બૌદ્ધ મઠો સ્થપાયા હતા–જેમાં રહીને તે સાધુઓ બની શકે તેટલી લોકસેવા કરવાને સજ્જ રહેતા હતા અને સમ્રાટ અશોક તથા તેની પ્રજા તેઓને સેવા કરવાની સામગ્રી (ધનાદિ સાધન) પૂરી પાડતા હતા–તે ભિક્ષુઓ દરદિઓને ઔષધ આપતા હતા, દીન દુઃખિઓને સહાય આપતા હતા, દરદી પશુ અને પક્ષિઓની પણ ચિકિત્સા કરતા હતા, વિદ્યાર્થીઓને વિદ્યાદાન દેતા હતા, આરોગ્યસમિતિના કામમાં પણ સહાય કરવાને ચૂકતા ન હતા તથા ઘવાયેલા ધાડુપાડોની સેવા શુશ્રુષા કરી તેઓને પણ પરમદયાળૂ બનાવતા હતા. ( જૂઓ શ્રમણનારદ. ) આ રીતે તે બૌદ્ધ ભિક્ષુઓ કોઇ પણ પ્રકારે લોકોની વ્યવહારૂ સેવામાં જ પોતાનું જીવન ગાળતા હતા અને તે દ્વારા કોઇ જાતનો બડબડાટ કર્યા સિવાય જ બુદ્ધ પ્રવચનને સર્વવ્યાપી બનાવી રહ્યા હતા. એ રીતે આ મધ્યમ માર્ગની પરિસ્થિતી જેટલી લોકોપયોગી હતી તેટલી જ પ્રજાસેવક મુમુક્ષુઓ માટે સરળ અને સુંદર હતી. હું માનું છું કે, તે કાળના વર્ધમાનના કડક ત્યાગથી કંટાળેલા જૈન ભિક્ષુઓ ઉપર બૌદ્ધોની આ સરળ અને ઉપયોગી મધ્યમ માર્ગની અસર થાય તે સંભવિત છે અને ઘટતું પણ છે. જંબૂસ્વામીના નિર્વાણબાદ તે જૈન ભિક્ષુઓમાં જિનકલ્પને અંગે જે કાંઇ ચડભડાટ ચાલ્યો હતો તે ચડભડાટને શમાવવા આ એક જ ઉપાય હતો કે, તેઓ પોતાથી

દુસ્સાધ્ય એવા કડક ત્યાગના માર્ગને બદલી આ મધ્યમ માર્ગ જેવા સરળ અને ઉપયોગી માર્ગનો આશ્રય લઈ પોતાનું આત્મ કલ્યાણ સાધે અને લોક કલ્યાણ પણ સાધે. તે વખતે જે ભિક્ષુઓ વસ્ત્રપાત્રવાદના સખત વિરોધી હતા અને વર્ધમાનના કડક ત્યાગના અનુયાયિઓ હતા, તેઓ ઉપર આ મધ્યમ માર્ગ કદાચ અસર ન કરી શકે, પરંતુ જે ભિક્ષુઓ વસ્ત્રપાત્રવાદનો પણ સ્વીકાર કરતા હતા તેમ સ્વકલ્યાણ અને પરકલ્યાણના આકાંક્ષી હતા તેઓને આ મધ્યમ માર્ગ ગમે તેમાં જરાય નવાઈ જેવું નથી. પણ આ હકીકત સંભવિત છે કે, તેઓ કોઈ રીતે પોતાની વર્ધમાન પ્રતિની ભક્તિને–શ્રદ્ધાને–ઓછી કરવા ચાહતા ન હતા તેથી બુદ્ધના મધ્યમ માર્ગને અનુસરતાં પોતાનું વર્ધમાનાનુયાયિત્વ ગુમાવવું પડે એવા ભયથી તેઓએ પોતાના વડિલનો માર્ગ દીપાવવા એક એવો આ મધ્યમ માર્ગ જેવો સરળ અને ઉપયોગી માર્ગ કાઢવો ધાર્યો હતો–કાઢ્યો હતો–કે, જે દ્વારા તેઓ બૌદ્ધ ભિક્ષુઓની પેઠે લોક સેવા કરી શકે અને પોતાનું આત્મસ્વાથ્ય પણ સાચવી–મેળવી–શકે. આ મધ્યમ માર્ગને અનુસરનારા જૈન ભિક્ષુઓએ પોતાના તે માર્ગનું કોઈ ખાસ વિશેષ નામ આપ્યું હોય એમ જણાતું નથી. અને તે માર્ગનું જૂદું નામ હોય તે સંભવતું પણ નથી. કારણ કે, તે જૈન ભિક્ષુઓએ માત્ર વર્ધમાનના કડક આચારોને થોડા નરમ કર્યા હતા, મઠવાસને વા વસતિવાસને સ્વીકાર્યો હતો, વસ્ત્રપાત્રની ઉપયોગિતા તેઓને સમ્મત હતી, ઉપદેશ દ્વારા, ગ્રંથરચનાદ્વારા, મંત્ર તંત્રદ્વારા

અને નિમિત્ત જ્ઞાન દ્વારા તેઓ નિરીહ ભાવે લોકોની નિર્દોષ સેવા કરવાને ઈચ્છુક હતા અને તેમ કરી બુદ્ધના માર્ગની પેઠે વર્ધમાનનો માર્ગ ફેલાવવાની તેઓની કામના હતી. આ સરળ માર્ગમાં તત્ત્વવાદને લગતો કોઇ ખાસ ભેદ હતો નહિ, પરંતુ માત્ર આચારોની જ સરળતા હતી તેથી કોઇ ખાસ વિશેષતા વિનાના તે સરળ માર્ગને જૂદું નામ આપી તે સમયના ચડભડાટવાળા ભિક્ષુ-સંઘમાં વિશેષ ફુટ પાડવી તેઓને અનુચિત લાગી હોય અને તેથી જ તેઓએ તે માર્ગને કોઇ જૂદા નામે ન પ્રકટ કર્યો હોય એ સંભવતું છે. હું આ વાતને પણ સ્વીકારૂં છું કે, સાધારણ રીતે થાય છે તેમ આ માર્ગમાં પણ ક્રમે ક્રમે પક્ષાપક્ષ થતા રહ્યા હશે, મતાગ્રહ ચાલુ રહ્યો હશે અને હઠવાદ પણ વધતો રહ્યો હશે અને આખરે તેના પરિણામમાં શ્વેતાંબર દિગંબરની જેમ નજીવા ભેદને લીધે પણ આ નનામા માર્ગને બીજા માર્ગોની પેઠે તદ્દન જૂદું થવું પડયું હશે. હવે જો આપણે એમ કલ્પીએ કે, વીરાત્ બીજા સૈકાથી નામ વિનાનો આ સરળ માર્ગ પ્રચલિત થયો હોય અને ત્યાર પછીના ૫–૬–સૈકાઓ વીતતાં સુધી પક્ષાપક્ષી, મતાગ્રહ અને હઠવાદનું રસાયન ખાઇને પુષ્ટ થયો હોય અને છેવટ વીરાત્ ૮૮૨ વર્ષે ચૈત્યવાસને નામે સંસારમાં પ્રકટ થયો હોય તો તે સંભવતું છે—વીરાત્ ૮૮૨ વર્ષે પ્રકટ થએલા ચૈત્યવાસનું મૂળ, મને એ સરળ માર્ગમાં જ ભાસતું હોવાથી મેં અહીં આ જાતનો ઉલ્લેખ કર્યો છે.

કોઇ પણ ધાર્મિકસ્થિતિની શરૂઆત ઘણી સાદી હોય

છે, કલ્યાણકર હોય છે અને જનતાને લાભ પહોંચાડનારી હોય છે. પરંતુ જ્યારે તેમાં આગ્રહ, અંધતા અને અવિવેકનું મિશ્રણ થાય છે ત્યારે તેને એક જૂદા પંથ વા સંપ્રદાયરૂપે ગણવામાં આવે છે. અને જ્યારે તેમાં સ્વચ્છંદ, સ્વાર્થ અને વિલાસની માત્રા વધી જાય છે ત્યારે આપોઆપ તેનો અંતકાળ આવે છે અને તે એક જ માર્ગની અંતકાળની સ્થિતિમાં અને પ્રારંભની સ્થિતિમાં એટલું બધું અંતર જણાય છે, જેટલું અંતર નર અને ખરમાં હોય છે. શ્રીહરિભદ્ર સૂરિએ જે સાધુઓનો દુઃખજનક ચિતાર પોતાના ગ્રંથમાં આપ્યો છે, તે સ્થિતિને હું આ સરળ માર્ગનું છેવટનું તદ્દન વિકૃત સ્વરૂપ માનું છું–કહેવાય છે કે, વીરાત્ બીજા સૈકામાં થએલા ભદ્રબાહુ સ્વામીએ મરકીનો ઉપદ્રવ નિવારવા માટે અને સંઘમાં શાંતિ થવા માટે 'उवसग्गहर' સ્તોત્ર બનાવ્યું હતું. વીરાત્ પાંચમા સૈકામાં થએલા વિદ્યાસિદ્ધ આર્યખપુટાચાર્યે પોતાની વિદ્યાના ચમત્કારથી ઘણે સ્થળે સંઘોપયોગી કાર્યો કર્યાં હતાં. વીરાત્ છઠ્ઠા સૈકામાં થએલા વજ્રસ્વામિએ પોતાની ગગનગામિની વિદ્યાથી એક દેશમાંથી બીજા દેશમાં લઈ જઈને દુકાળના ભીષણ પંજામાંથી જૈન સંઘને સુરક્ષિત રાખ્યો હતો અને વીરાત્ ૧૧-૧૨ મા સૈકા વચ્ચે થએલા હરિભદ્રસૂરી ઘણા દુઃખી જનોને ભોજન આપીને તેઓનું પોષણ કરતા હતા–આ હકીકતો વર્ધમાનના કડક માર્ગી ભિક્ષુઓને ઘટી શકતી નથી. પરંતુ ઉપર જણાવેલા મધ્યમ માર્ગના અવલંબક ભિક્ષુઓને જ ઘટી શકે છે. એ રીતે સરળ અને લોકોપ-

ચોગી મધ્યમ માર્ગને લગતા મારા ઉપરના ઉલ્લેખને આ આચાર્યોની જીવનઘટના, મારા મત પ્રમાણે ટેકો આપે છે. આ જ બાબતને લક્ષ્યમાં રાખીને, જો આપણે વધારે વિચાર કરીએ તો આપણને આ ઇતિહાસમાં જ મૂર્તિવાદનું અને દેવદ્રવ્યનું મૂળ મળી શકે તેમ છે. મારી ઇચ્છા હતી કે, હું આ સ્થળે તે સમયના બીજા પણ અનેક આચાર્યોના વૃત્તાન્તોને દર્શાવી ઉપર જણાવેલા મંતવ્યને વિશેષ દૃઢ કરૂં, પણ દીલગીર છું કે, તે સંબંધે હું કાંઇ વિશેષ જણાવી શકતો નથી. તેનું કારણ એ છે કે, વીરાત્ ૧૦૦૦ સુધીના ઇતિહાસનો ઘણો ખરો ભાગ હજુ સુધી વિશેષ અંધારામાં છે. તેમાંનું જે કાંઇ મળી આવે છે તેમાં કેટલાંક નામોની અને તેને લગતી ઉપયોગી દંતકથાવાળી થોડી થોડી હકીકતની માત્ર યાદીઓ છે, જે, પરંપરાને આધારે વર્તમાન પટ્ટાવલીઓમાં નોંધાએલી છે. આ તો બુદ્ધના તે સમયના પ્રવર્ધમાન માર્ગની પરિસ્થિતિ ઉપરથી અને આપણા ઇતિહાસમાં મળી આવતા ચૈત્યવાસના ઉલ્લેખ ઉપરથી તે (ચૈત્યવાસ) ના મૂળને શોધવાનો મારો ઉપલક પ્રયાસ માત્ર છે; આ વિષે હું દૃઢતાપૂર્વક એટલું જણાવી શકું છું અને આગળ જણાવી ચૂકયો છું કે, જે મૂર્તિવાદનું વિધાન અને દેવદ્રવ્યનો ગંધ સૂત્ર (અંગ) ગ્રંથોમાં મળતો નથી તેનો સમર્થનપૂર્વક ઉલ્લેખ હરિભદ્રસૂરી કરે છે તેનું મૂળ શું હોવું જોઇએ? એ પ્રશ્નનો ઉત્તર તે પોતે જ આપો આપ એક એવી પરંપરાને શોધી કાઢે છે કે, જે મૂર્તિવાદની અને દેવદ્રવ્યની માનનારી હતી અરે જેનું શાસ્ત્રવિશ્રુત

નામ ચૈત્યવાસ-પરંપરા હતું. આ ઉપરથી મૂર્તિવાદ અને દેવદ્રવ્યને લગતા હરિભદ્રના ઉલ્લેખોના મૂળ રૂપે આપણે પણ તે જ પરંપરાને સ્વીકારવાની છે-જેને આપણે હમણાં જ શાસ્ત્રશ્રુત પરંપરા કહી છે. આ પરંપરા કાંઇ બીલ્લીના ટોપની જેમ વીરાત્ ૮૮૨ વર્ષે શીઘ્ર જ નહિ ઉગી નીકળી હોય, પરંતુ એક ઘટાદાર વૃક્ષની જેમ તેનો પણ આસ્તે આસ્તે વિકાસ થયો હશે અને છેવટે તેમાં વિકાર થયા પછી જ તેને ભૂશાયી પણ થવું પડ્યું હશે. એક સાધારણ આંબાને પેદા થતાં, ફાલતાં, ફુલતાં અને પ્રાંતે મૃત્યુના મુખમાં પડતાં પણ ઘણો સમય-લાગે છે-અપેક્ષિત છે. તો એક મોટી સંપ્રદાયપરંપરાને પેદા થતાં, પ્રચલિત થતાં, દૃઢ બનતાં અને એક નવીન માર્ગરૂપે ચિરકાળ સુધી ટકીને નાશ પામતાં જો પાંચ છ સૈકાઓ કે તેથી થોડો ઘણો વધારે સમય લાગે તો તે ક્રમવિકાસની દૃષ્ટિએ સર્વથા સંભવતું છે-આ જ પ્રકારે બીજા સંપ્રદાયોનો શરૂઆતથી નાશ થતાં સુધીનો ઇતિહાસ વાંચતાં પણ એટલા જ સમયની પ્રતીતિ થવી શક્ય લાગે છે અને મેં પણ આ જ દૃષ્ટિએ ઉપર જણાવ્યું છે કે, આ ચૈત્યવાસપરંપરાનું મૂળ બુદ્ધના મધ્યમ માર્ગના ધોરણ ઉપર તે જ સમયે રોપાણું છે, જે સમયે વીર, સુધર્મા કે જંબૂ જેવા કડક ત્યાગના શોખીનોનો અભાવ હતો, જે તેવા કડક ત્યાગિઓ હતા તે ઘણા જ ઓછા હતા અને જેઓની સંખ્યા વિશેષ હતી તેઓનું લક્ષ્ય બુદ્ધના મધ્યમ માર્ગ જેવા સરળ માર્ગ ઉપર ચોંટી ચૂક્યું હતું અર્થાત્ વીર પછી બીજા સૈકામાં જ આ

પરંપરાનું ઘણું ગૂઢ મૂળ રોપાયું હતું, જે દ્વારા શ્વેતાંબરતા અને દિગંબરતાના વિષવૃક્ષને પણ પોષણ મળ્યું હતું અને છેવટ જે જતું જતું વીર પછી ૯ સૈકામાં પ્રકટ થયું, તે પણ એવી સડેલી રીતે પ્રકટયું કે, વીર પછી ૧૧ મા સૈકામાં થએલા આચાર્ય હરિભદ્રને, પોતાના સંપ્રદાયના પણ તે મૂળની ઉપર તીક્ષ્ણ કુઠાર ચલાવી તેને ભોંભેગું કરવાનો પ્રયાસ પોતાના ગ્રંથોમાં કરવો પડયો હતો, જે આજ આપણને પ્રત્યક્ષ છે. આ રીતે હરિભદ્રે કરેલો મૂર્તિવાદનો ઉલ્લેખ, દેવદ્રવ્યનો ઉલ્લેખ અને આ પરંપરા સામે કરેલો તેમના વિરોધનો ઉલ્લેખ, એ ત્રણે મારી આ ક્રમિક વિકાસની કલ્પનાને ટેકો આપવા માટે મને પૂરતા જણાય છે. હવે મારે અહીં એ વાતને જરા વધારે સ્પષ્ટ કરવાની જરૂર છે કે, ચૈત્યવાસની આ પરંપરા સાથે મૂર્તિવાદ અને દેવદ્રવ્યનો કઈ જાતનો સંબંધ છે? જો હું આ પ્રશ્નનો ઉત્તર રીતસર આપી શકું તો જ આ પ્રસ્તુત મુદ્દાને રીતસર ચર્ચી શકું તેમ છું. અત્યાર સુધીમાં એવું એક પણ પ્રમાણ મળતું નથી, જેથી એવું સાબીત થાય કે, વર્ધમાનના સમયે મૂર્તિવાદ વર્તમાન કાળની પેઠે એક માર્ગ રૂપે પ્રચલિત થયો હોય તથા વીરાત્ ૯૮૦ વર્ષે સંકલિત થએલું સાહિત્ય પણ એ બાબત માટે કોઈ જાતનો વિધાયક પ્રકાશ પાડી શકતું નથી, કે, જે મૂર્તિવાદ સાથે પ્રધાન પણે વિશેષ સંબંધ ધરાવતો હોય. આ ઉપરથી આપણે એટલા સાદા સત્યને ઉપજાવી શકીએ છીએ કે, વીરાત્ ૯૮૦ વર્ષ સુધીના વા વિક્રમાત્ ૫૧૦ વર્ષ સુધીના સમયમાં એક પ્રવાહી માર્ગ

રૂપે મૂર્તિવાદનો ઉત્કટ ગંધ જણાતો, નથી. તો પણ મારે આ વાત કબૂલ રાખવી પડે છે કે, લોકસ્વભાવને લીધે વીરનિર્વાણ પછી જ તેનો ગંધ, કદાચ ક્યાંય ક્યાંય પ્રકટ પણ થયો હોય. ભારતવર્ષમાં મૂર્તિવાદનો પ્રારંભ અને પ્રાબલ્ય શી રીતે થયાં તે વિષે એક વિદ્વાન જણાવે છે કે–

"मूर्तिपूजाकी उत्पत्ति या तो यहीं की बसी हुइ जंगली जातियोंकी नकल करके हुइ होगी या उस समयकी बाहर से आवा करनेवाली जातियोंकी देखादेखी सीखी गइ होगी × बुद्ध के जीवन में शायद उन के लिए कोइ मंदिर नहीं बना था, परंतु उनकी मृत्यु के उपरांत बहुत से मंदिर बन गये जिनमें उनकी मूर्तियां रक्खी गइ × जब तांत्रिक बौद्ध मत का प्रचार बढा तब बहुतसे मंदिर बनाये जाने लगे × तांत्रिक मत के अनुसार बौद्ध, वैष्णव और शैव मतों का मेल हो कर असा धर्म निकला जिसमें देवता और देवीकी पूजा साथ साथ होने लगी। शक्ति या प्रकृति की पूजा पांचवीं या छठ्ठी शताब्दी से शुरु हुइ। तांत्रिक मत ही के बाद से मूर्तिपूजनने जोर पकडा" –(सरस्वती, १९१९ जुलाइ, देवोत्तरका इतिहास पृ० ७–२०)

આ પંડિતે મૂર્તિપૂજાની પ્રબળતાનો પાંચમો યા છઠ્ઠો સૈકો નોંધેલો છે, અને તેનો આરંભ બુદ્ધના નિર્વાણ પછી ઠરાવેલો છે. બુદ્ધની હયાતીમાં જ જ્ઞાતપુત્રનું– વર્ધમાનનું નિર્વાણ થએલું હોવાથી આપણે એમ કલ્પી શકીએ કે, જ્ઞાતપુત્રના નિર્વાણ પછી લગભગ અડધો

સૈકો વીત્યા બાદ એ મધ્યમ માર્ગના સંસ્થાપકના સ્મરણ ચિહ્નો રૂપે બુદ્ધનાં મંદિરો અને મૂર્તિઓ બની હોય. એ સમયે વર્ધમાનના ભિક્ષુઓ સર્વથા નિસ્પૃહ, લોકૈષણાની ઉપેક્ષા કરનારા અને કડક ત્યાગિઓ હોવાથી બુદ્ધનાં એ મંદિરો અને મૂર્તિઓ જોતાં જ ઢીલા પડી શકે તેમ નહોતા—તેઓને ઢીલા પડવાને માટે થોડા સમયની અને થોડી નિરંકુશતાની જરૂર હતી. જ્યારે વીરનિર્વાણની લગભગ પોણી સદી પૂરી થવા આવી (વીરનિ૦ ૬૪) અને તેઓનો જંબુસ્વામી જેવો બલિષ્ઠ સેનાપતિ ખોવાયો ત્યારે—હવે—તેઓએ ધીરે ધીરે એ કડક માર્ગને છોડી પોતાના માનેલ, સરલ અને ઉપયોગી મધ્યમ માર્ગનો આશ્રય લેવાની શરૂઆત કરી હતી—જેઓ કડક હતા તેઓ તો કડક જ રહ્યા હતા પણ જેઓ એ કડકાઈને સહી શકતા ન હતા તેઓએ આ મધ્યમ માર્ગને વીરભાષિત માનીને આશ્રિત કર્યો હતો. મધ્યમ માર્ગની શરૂઆત ઘણી જ સુંદર અને ઉપયોગી હતી. તેમાં તેઓ, લોકોને માટે બૌદ્ધભિક્ષુઓની જેમ પોતાનો ઘણો ભોગ આપતા હતા અને બની શકે તે રીતે એ જૈનભિક્ષુઓ નિર્દોષપણે લોકોપયોગી થયા હતા. હું ધારૂં છું કે, જૈનોનો આ મધ્યમ માર્ગ જેમ જેમ વિશેષ લોકોપયોગી બન્યો હશે તેમ તેમ તેઓને પોતાની કેટલીક પ્રવૃત્તિઓ ફેરવવી પડી હશે અને કેટલીક એવી નવી પ્રવૃત્તિઓ સ્વીકારવી પડી હશે કે, જે પરોક્ષ રીતે વા પરંપરાએ સંયમની બાધક થતી હોય—તેઓએ લોકોના હિત માટે એમ ઉપદેશ્યું હોય કે, સત્પુરૂષોના સ્મારકની આપણી સમક્ષ યાદગિરી રાખ-

વાની વિશેષ જરૂર છે કે, જેની સ્મૃતિથી આસ્તે આસ્તે આપણો વિકાસ થવો શક્ય અને સુલભ બને તેમ છે. આ જાતના ઉપદેશથી વર્ધમાનના સ્મારકની શરૂઆત કરવી તે, અહિંસાપ્રધાન સંયમના બીજા અને ત્રીજા ( કરાવવું અને કરનારને અનુમોદન આપવું ) ભાંગાની બાધક ગણાય છે તો પણ તે બાધક પ્રવૃત્તિને લોકોપયોગી ગણીને તે સમયની વર્તમાન પરિસ્થિતિ જોતાં તેઓએ નિર્દોષ માની હોય એમ સંભવે છે. એ જ રીતે તેઓએ દાનશાળાઓ, સત્રાગારો અને પાઠશાળા વિગેરે લોકહિતનાં કાર્યોમાં પણ પોતાનો હાથ ઘાલ્યો હોય તે પણ સ્થાન પ્રાપ્ત છે અને એ બધાં કાર્યોની રીતસર વ્યવસ્થા કરવા લોકો તરફથી એ સાધુઓ જ નિમાયા હોય તો તેમાં પણ કાંઇ અસંગતી નથી. આ બધાં કાર્યોને પહોંચી વળવા અને રીતસર પાર ઉતારવા તેઓને લોકો તરફથી ધનાદિની સામગ્રી પુરી પડતી હોય તો એમાં પણ કાંઇ વિકલ્પ કરવાનો નથી. આ ભિક્ષુઓ આચારે પવિત્ર હતા, વિચારે વિશુદ્ધ હતા, માત્ર તેઓને ત્યાગની પરાકાષ્ઠા જ અસહ્ય લાગતી હતી, તેથી તેઓ જે રીતે લોકોપયોગી થઇને વર્ધમાનના માર્ગના પ્રચારક થાય અને પોતાના તથા પારકાના કલ્યાણ સાધક થાય એ રીતિના આ આપવાદિક માર્ગને અનુસર્યા હતા. લોકો પોતાની વા તે સમયના પોતાના સમાજની પ્રગતિ માટે જે ધનાદિ સામગ્રી, તે ભિક્ષુઓને સોંપતા હતા તેનું નામ મંગલદ્રવ્ય, શાશ્વતદ્રવ્ય કે નિધિદ્રવ્ય રાખવામાં આવ્યું હતું. અહીં મારે પ્રસંગોપાત્ત આ પણ એક બાબતને જણાવી દેવાની જરૂર

છે કે, જે નિર્ગ્રંથો ધનનો સ્પર્શ પણ કરતા ન હતા, જે નિર્ગ્રંથો સદ્ય ત્યાગના અને આત્મકલ્યાણના અભિલાષી હતા અને જે નિર્ગ્રંથો પોતાની સંયમ–પદ્ધતિને લોકહિતના રૂપમાં ફેરવી નાખી વર્ધમાનનો માર્ગ દીપાવવાને આતુર હતા તેઓ તે મધ્યમ માર્ગ ઉપર આરૂઢ થતાંની સાથે જ કાંઈ લોકોપયોગી સર્વ પ્રકારના આરંભોને પણ કરવા મંડ્યા હતા તેમ માનવું શક્ય જણાતું નથી. આ એક સાધારણ ધોરણ છે કે, જેમ મનુષ્યને ચડતાં વાર લાગે છે તેમ ઉતરતાં પણ વખત લાગે છે, તે ધોરણ પ્રમાણે આપણા એ નિર્ગ્રંથ મહાનુભાવોએ ગમે તેવો સરળ માર્ગ સ્વીકાર્યો હતો તો પણ ઉપદેશતરંગિણીના આ શ્લોકમાં વર્ણવેલો તેઓનો આચાર લગભગ અબાધિત રહ્યો હતો:—

"[1]भुञ्जीमहि वयं भैक्षं शीर्णं वासो वसीमहि ।
शयीमहि महीपीठे कुर्वीमहि किमीश्वरैः "॥१४५॥पृ०४९

"[2]पद्भ्यामध्वनि संचरेय विरसं भुञ्जीय भैक्षं सकृज्
जीर्णं सिग् निवसीय भूमिवलये रात्रौ शयीय क्षणम् ।

---

૧ "ભિક્ષા માગીને ભોજન કરવું, શીર્ણ (ફાટેલ તૂટેલ) વસ્ત્રો પહેરવાં. જમીન ઉપર સૂવું. ૨ પગે પ્રવાસ કરવો, એકવાર નીરસ આહાર લેવો, જીર્ણ વસ્ત્ર પહેરવું, જમીન ઉપર સૂવું, રાતે ક્ષણવાર સુવું, નિઃસંગ રહેવું, સર્વત્ર સમ રહેવું, પરમજ્યોતિનું ધ્યાન કરવું. ૩ પગમાં જોડા ન પહેરવા, યાનયાયી ન થવું. ૪ કેશો ઉતારવા, થોડું થોડું ખાવું, વ્યંજન વિનાનું (શાકાદિ વિનાનું) ભોજન કરવું, દિવસે ન સુવું, સ્નાન અને ભોજનનો ત્યાગ કરવો અને સંસ્કૃત (સંસ્કારેલું) પાણી પીવું."

निस्सङ्गत्वमधिश्रयेय समतामुल्लासयेयाऽनिशं
ज्योतिस्तत् परमं दधीय हृदये कुर्वीय किं भूभुजा ? ॥१६८॥
³पद्भ्यां गलदुपानद्भ्यां संचरन्तेऽत्र ये दिवा ।
चारित्रिणस्त एव स्युर्न परे यानयायिनः ॥ १६१ ॥
⁴केशोत्तारणमल्पमल्पमशनं निर्व्यञ्जनं भोजनं
निद्रावर्जनमह्नि मज्जनविधित्यागश्च भोगश्च न ।
पानं संस्कृतपाथसामविरतं येषां किलेत्थं क्रिया
तेषां कर्ममयामयः स्फुटमयं स्पष्टोऽपि हि क्षीयते ।१७०।पृ० ५७

જ્યારે આ મધ્યમ માર્ગના પ્રારંભનો સમય હશે ત્યારે તે નિર્ગ્રંથો ઉપદેશ દ્વારા અને ગ્રંથરચના દ્વારા લોકોપકાર કરતા હશે—શરૂઆતમાં તો બને તેટલી નિર્દોષતા સાચવીને જ આ માર્ગ વિજયવંત કરવાનું તેઓનું ધ્યેય હશે, પણ જેમ જેમ સમય વીત્યો તેમ તેમ તેઓએ કેટલાક વિશેષ અપવાદોને સ્વીકારીને પણ લોક શ્રેયનું કામ માથે લીધું હશે અને તેઓ ધીરે ધીરે બૌદ્ધોના મઠવાસની સમીપમાં આવ્યા હશે—જે હું હમણાં જ ધનાદિ સામગ્રી વિષે ઉલ્લેખ કરી ગયો તે કાંઈ મારો કલ્પિત વિચાર નથી, પરંતુ તે સમયે મઠવાસની નિકટ આવતા જૈનાચાર્યોને, જૈન રાજાએ ધનદાન આપ્યાના અને તે કાળની જૈન પ્રજાએ સામાજિક શુભ કામ માટે ધન સોંપ્યાના અનેક ઉલ્લેખો મળી આવે છેઃ—[1]આચાર્ય સિદ્ધસેનને રાજા

---

૧ " श्रीसिद्धसेनसूरिश्चान्यदा बाह्यभुवि व्रजन् ।
दृष्टः श्रीविक्रमार्केण राज्ञा राजाध्वगेन सः ॥६१॥

વિક્રમાદિત્યે એક ક્રોડ રૂપિયા આપવા માંડયા હતા અને તે રૂપિયા વિક્રમના ચોપડામાં શ્રી સિદ્ધસેનને નામે પણ લખાયા હતા. પરંતુ અકિંચન સિદ્ધસેને તેને લેવાની પોતાની અરૂચિ જણાવી હતી અને તેનો ઉપયોગ વિક્રમને યથારૂચિ કરવાનું જણાવ્યું હતું તેથી વિક્રમે, તે સિદ્ધસેનને અર્પેલું ધન, દુઃખી સાધર્મિક અને ચૈત્યોના ઉદ્ધારમાં વાપર્યું હતું. [2]આચાર્ય જીવસૂરિને લલ્લ નામના એક

---

तस्य दक्षतया तुष्टः प्रीतिदाने ददौ नृपः ।
कोटिं हाटकटङ्कानां लेखकं पत्रकेऽलिखत् ॥ ६२ ॥
तद्यथा–धर्मलाभ इति प्रोक्ते दूरादुद्धृतपाणये ।
सूरये सिद्धसेनाय ददौ कोटिं नराधिपः ॥ ६४ ॥
उवाच सिद्धो नोऽस्माकं यथारुचि तथा कुरु ॥६५॥
तेन द्रव्येण चक्रेऽसौ साधारणसमुद्गकम् ।
दुःस्थसाधर्मिकस्तोम–चैत्योद्धारादिहेतवे " ॥६६॥
( प्रभावकच० पृ० ९५ )

२ ययौ लल्लः प्रभोः पार्श्वे चक्रे धर्मानुयोजनम् ॥९७॥
× श्रुत्वेति स प्रपेदेऽथ ससम्यक्त्वां व्रतावलीम् ॥१०१॥
द्रव्यलक्षस्य संकल्पो विहितः सूर्यपर्वणि ॥१०२॥
कथमर्धं मया शेषं व्ययनीयं तदादिश ॥ १०३ ॥
मम चेतसि पूज्यानां दत्तं बहुफलं भवेत् ।
तद् गृह्णीत प्रभो ! यूयं यथेच्छं दत्त वाऽऽदरात्॥१०४॥
( प्रभा० पृ० ८५. )

જૈન ગૃહસ્થે પચાસ હજાર રૂપિયા અર્પણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, "જો આપ આ ધન લ્યો તો મને ઘણો લાભ થશે, આપ આ ધન લઇને યથેચ્છ દાન દઈ શકશો" પરંતુ તે આચાર્યે પણ સિદ્ધ-સેનની જેમ તેજ કારણને લીધે ( સાધુતામાં બાધ આવ-વાના કારણને લીધે ) તે ધનનો સ્વીકાર ન કરતાં લલ્લ શેઠ દ્વારા જ એક રમ્ય જૈનાલય બંધાવવામાં તેનો ખર્ચ કરાવ્યો હતો. અહીં આપણે એક જૈન ગૃહસ્થ, એક જૈન મુનિને રૂપિયા આપવાની વાત કહે છે, તે બાબત ખાસ વિશેષ ધ્યાનમાં રાખવાની છે—જો કે ત્યાગમૂર્તિ મુનિજીએ તે ધનને સ્વીકારવામાં પોતાનો ધર્મ ન માન્યો પણ એક જૈન ગૃહસ્થ—તે પણ જૈન ધર્મના જાણકાર ગૃહસ્થ—ત્યાગી યોગીને ધન આપવાની વાત કહે, એ એક નવાઈ જેવી બાબત નથી?

વર્તમાનમાં પણ સાધુઓ ગમે તેવા શિથિલ થઈ ગયા છે, કેટલાક તો પોતાના નામનાં ખાતાં ખોલીને ધર્મ પ્રભાવનાની (?) પ્રવૃત્તિ કરી રહ્યા છે, માસે માસે જેઓને માટે હજારોનો ખર્ચ થયે જાય છે, જેઓ પાસે ચલણી નોટો જેવી જથાબંધ પોસ્ટની ટીકીટો રહ્યા કરે છે અને જેઓ માત્ર પુસ્તકોના પર્વતના રખવાળ છે તેવા આ સાધુઓને પણ કોઈ જૈન ગૃહસ્થ એમ કદી પણ કહી શકે નહિ કે, 'મહારાજ! આ ધન લ્યો અને આપ એને યથેચ્છ વાપરો' જૈન ગૃહસ્થો સમજે છે કે, સાધુઓનો ધન લેવાનો આ-ચાર નથી અને સાધુઓને ધન દેવાનો આપણો ધર્મ પણ

નથી, આ હેતુથી જ તેઓ, જગ જાહેર રીતે સાધુઓને રોકડ પૈસા આપી શકતા નથી, તેમ તેઓ તે પ્રકારે લઇ પણ શકતા નથી. તો પછી જૈન ગૃહસ્થ લલ્લ શેઠે, જીવસૂરિને પચાસ હજાર રૂપિયા લેવાની કહેલી બાબત અને રાજા વિક્રમાદિત્યે સિદ્ધસેનને નામે રૂપિયા ચડાવ્યાની જે હકીકત આપણને સપ્રમાણ મળે છે, તેનો સમન્વય આપણે શી રીતે કરીશું ? મને તો આ બન્ને પ્રભાવકોની હકીકતો ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે, એ સમયના સાધુઓમાં સામાન્ય રીતે ધન લેવા દેવાનો વ્યવહાર શરૂ થઇ ચૂકયો હશે, પણ કેટલાક વિરલ મહાત્માઓ ધનનો પણ સ્પર્શ નહિ કરતા હોય—જો આ રીવાજ સાધારણ ન થયો હોય તો એક જૈન ગૃહસ્થની કે સંન્યાસિના આચારથી પરિચિત એક રાજાની એવી પ્રવૃત્તિ કદી પણ ન સંભવી શકે કે તેઓ એક આકંચન સાધુને પૈસા લેવાની વાત પણ કરી શકે. સાધુઓ માત્ર ઉપદેશ અને ગ્રન્થ રચના જેવી નિર્દોષ પ્રવૃત્તિથી લોકકલ્યાણને સાધતા હતા તેઓ હવે આ સમયે ( વિક્રમ અને લલ્લ શેઠને સમયે ) સમાજ પાસેથી ધન લઇને પણ લોકકલ્યાણની પ્રવૃત્તિમાં પડયા હતા, મંત્ર તંત્ર કરતા હતા, વૈદું કરતા હતા અને મંદિરો પણ બંધાવતા હતા. પ્રભાવક ચરિત્રમાં સિદ્ધસેન સંબંધે જે ઉલ્લેખ મળે છે તેમાં એમ જણાવ્યું છે કે, તેમણે સુવર્ણ સિદ્ધિ અને સર્ષપ વિદ્યા દ્વારા [1]કર્મારનગરના રાજા દેવપાલને અને [2]ભૃગુપુરના રાજા ધનંજય ( બલમિત્રના

૧ જૂઓ પ્રભાવક ચરિત્ર પૃ૦ ૯૫, શ્લો-૭૫ થી ૮૬. ૨. જૂઓ પ્રભાવક ચરિત્ર પૃ૦ ૧૦૨, શ્લો૦ ૧૬૫ થી ૧૬૮.

પુત્ર ) ને એમ બે રાજાઓને લડાઇમાં સૈન્યની અને પુષ્કળ ધનની સહાય કરી હતી અને એ પ્રકારે રાષ્ટ્રસેવામાં પણ ભાગ લીધો હતો. એ જ ગ્રંથમાં એક પ્રબંધ વિજયસિંહ [3]સૂરિનો આવે છે, તેમાં તેઓને 'ગુટિકાસિદ્ધ' ના માંત્રિક વિશેષણથી પ્રશંસવામાં આવ્યા છે. આ વિજયસિંહ સૂરિએ પોતાના મુખમાં ગુટિકા રાખીને એક મંદિર માટે રૂપિઆનો ખરડો કર્યો હતો. જેમાં કેટલાક બ્રાહ્મણોએ પણ ( કોઇએ પચાસ, સો, બસો એ રીતે ) રૂપિયા ભર્યા હતા અને તે રીતે તે ખરડામાં કુલ પાંચ હજાર રૂપિયા થયા હતા. તે રૂપીયા દ્વારા તે આચાર્યે એક વર્ધંકિ રત્નની ( સારા સૂતારની ) સહાયથી કાષ્ટનું જિનસદન સમરાવ્યું હતું. આ ઉપરાંત આચાર્ય [4]આર્યખપુટ, [5]આચાર્ય પાદલિપ્ત, આચાર્ય [6]રૂદ્રદેવ સૂરિ અને આચાર્ય [7]નાગાર્જુન વિગેરેની પણ એ પ્રકારની પ્રવૃત્તિ, તે તે પ્રબં-

---

૩ જૂઓ પ્રભાવક ચ૦ વિજયસિંહસૂરિપ્રબંધ પૃ૦ ૬૯-૭૮. ૪ જૂઓ પ્રભાવક ચ૦ પૃ૦ ૫૬ થી ૬૧-શ્લો-૧૪૬ થી ૨૩૨. ૫ જૂઓ પ્રભાવક ચ૦ પાદલિપ્તપ્રબંધ, પૃ૦ ૪૭ થી ૬૯. ૬ જૂઓ પ્રભાવકચ૦ પૃ૦ ૫૪-૫૫. ૭ જૂઓ પ્રભાવકચ૦ પૃ૦ ૬૨ થી ૬૬-શ્લો૦ ૨૪૮ થી ૩૦૬. આ ઉપરાંત પ્રભાવક ચરિતમાં વર્ણવાએલા પ્રત્યેક પ્રબંધમાં આવી આવી સંખ્યાબંધ હકીકતો મળે છે અને આ જાતની અસરો ચૈત્યવાસ નાબૂદ થયા પછી પણ અત્યાર સુધી ચાલી આવી છે-માનદેવસૂરિ, મુનિસુંદરસૂરિ, ૪૬ મા પટ્ટધર ધર્મઘોષ સૂરિ, હેમાચાર્યજી, મલયગિરિજી, અભયદેવસૂરજી, વાદિવેતાલશાંતિસૂરિ અને વાદિદેવસૂરિજી પ્રભૃતિ અનેક આચાર્યોના જીવનમાં આવી અનેક ઘટનાઓની

થોમાં, તે ગ્રંથોમાં વર્ણવાએલી છે. આ બધી હકીકતો જોતાં એ વાત સ્પષ્ટ માલુમ પડે છે કે, સમાજ પાસેથી ધન લઈને કાર્ય કરનારા નિસ્પૃહ આચાર્યોનો વંશ ધીરે ધીરે સસ્પૃહ થયો હોય અને પોતાની પાસે પણ પૈસા રાખી પોતાના વહિલોનો માર્ગ ટકાવી રહ્યો હોય. સંઘપટ્ટકમાં વર્ણવાએલા ચૈત્યવાસની શરુઆતના ઇતિહાસમાં જણાવવામાં આવ્યું છે કે, 'જ્યારે શ્રાવકો ધાર્મિક કાર્યો તરફ દુર્લક્ષ્ય કરવા લાગ્યા અને કેટલીક ધાર્મિક પ્રવૃત્તિઓ કે, જે શ્રાવકોને કરવા યોગ્ય હતી, તે બંધ પડવા લાગી તેવે સમયે એ બધી પ્રવૃત્તિઓને ચાલુ રાખવા માટે અને એ ધાર્મિક કાર્યોને સંભાળવા માટે નિર્ગ્રંથ સાધુઓને પણ પોતાના સંયમનો ભોગ આપવો પડયો હતો— મંદિરાદિની વ્યવસ્થા કરવી પડી હતી અને તે માટે પૈસા વિગેરેનો સંપર્ક, તેનો હિસાબ અને લેવડદેવડ વિગેરે પણ ઘણું કરવું પડતું હતું.'

મેં જે ઉપર જણાવ્યું છે કે, આ મધ્યમ માર્ગ તરફ વળેલો સાધુ–સંઘ. ધર્મની રક્ષા માટે ધીરે ધીરે ધનાદિ પ્રપંચ તરફ પણ વળ્યો હતો, તે હકીકતને એ ચૈત્યવાસના પ્રારંભનો ઇતિહાસ પણ પુષ્ટિ આપે છે.

---

નોંધ થએલી જોઇ શકાય છે. રાજા કુમારપાલ જિનમંદિરમાં વારવધૂ (વેશ્યા) ઓ દ્વારા આરતી કરાવતો હતો, એ પણ ચત્યવાસની અસર છે. "निसि निविसिऊण पट्टे आरत्तिय–मंगलाइं कारवइ। वारवहूनिवहेणं मागहगणगिज्जमाणगुणो ॥ ( कुमारपालना सम-समयी सोमप्रभ. )

એ સમયના કુશળ આચાર્યો બહુ પવિત્રતાપૂર્વક રહીને અને સાંયમિક અપવાદોને સેવીને પણ ધર્મકાર્ય કરતા હશે, તથા તેમની પાસે જે ધન એકઠું થતું હશે તે ધનને તેઓ પોતાને અર્થે ન વાપરતાં શ્રીસંઘના હિત અર્થે જ વાપરતાં હશે અને તેથી જ તે ધનને, તેઓ મંગળદ્રવ્ય, શાશ્વતદ્રવ્ય કે નિધિદ્રવ્યના નામથી વ્યવહારતા હશે. હરિભદ્રસૂરિએ પોતાના [1]સંબોધ પ્રકરણમાં 'જિનદ્રવ્ય'ના પર્યાય તરીકે આ ત્રણે શબ્દોને પણ મૂકયા છે. શબ્દ-શાસ્ત્રના નિયમ પ્રમાણે પર્યાયવાચક શબ્દોનો અર્થ એક સરખો જ હોય છે જેમકે; ઘટ, કલશ અને કુમ્ભ એ ત્રણે શબ્દોની વ્યુત્પત્તિ ભિન્ન ભિન્ન હોવા છતાં, તેના અર્થ-વ્યવહારમાં જરા પણ અંતર જણાતું નથી–મનુષ્ય, માનવ અને મનુજ એ ત્રણે પર્યાય શબ્દો એક જ ભાવને સૂચવે છે તેમ અહીં પણ શાશ્વતદ્રવ્ય, મંગલદ્રવ્ય, નિધિદ્રવ્ય અને જિનદ્રવ્ય એ ચારે શબ્દો એકાર્થક હોવાથી તે પ્રત્યે-કના ભાવમાં લેશ પણ અંતર સંભવતું નથી–જે ભાવ, શાસ્વતદ્રવ્ય શબ્દથી લેવાય છે તે જ ભાવને જિનદ્રવ્ય શબ્દ પણ સૂચવે છે અર્થાત્ શાશ્વતદ્રવ્ય શબ્દમાં જેટલી અર્થ–વ્યાપકતા સમાએલી છે તેટલી જ અર્થ–વ્યાપકતા

---

१. "पवरगुण–हरिसजणयं पहाणपुरिसेहिं जं तयाइण्णं ।
एगाऽणेगेहिं कयं धीरा तं बिंति जिणदव्वं ॥ ९५ ॥
मंगलदव्वं निहिदव्वं सासयदव्वं च सव्वमेगट्ठा ।
आसायणपरिहारा जयणाए तं खु ठायव्वं" ॥ ९६ ॥

'જિનદ્રવ્ય' શબ્દમાં હોય તો જ તે, તેનો પર્યાય હોઈ શકે છે. આ સંબંધે વધુમાં શ્રી હરિભદ્રસૂરિજી જણાવે છે કે–[2]એ મંગલદ્રવ્ય, શાશ્વતદ્રવ્ય, નિધિદ્રવ્ય અને જિનદ્રવ્ય શબ્દથી વ્યવહરાતું દ્રવ્ય, જ્ઞાન અને દર્શનનું પ્રભાવક છે અને જિન પ્રવચનને પ્રચારનારું છે અર્થાત્ જો સંઘમાં વિદ્યાની ખામી હોય તો તે અર્થે એ દ્રવ્યનો ઉપયોગ થઈ શકે છે, જો સંઘમાં સમ્યકત્વની ન્યૂનતા હોય તો તેની વૃદ્ધિ અને પુષ્ટિ માટે એ મંગલદ્રવ્યનો ઉપયોગ થઇ શકે છે અને જો સંઘમાં જિનપ્રવચનનો પ્રચાર ઓછો હોય તો તેનો અધિક પ્રચાર કરવા પણ એ દ્રવ્યની વપરાશ શાસ્ત્રાનુમત છે અર્થાત્ સંઘનાં ધાર્મિક અંગો કે, જેનું મૂળ, શરીરસ્વાસ્થ્ય, વિદ્યાનો પ્રચાર, આત્મજ્ઞાનની વૃદ્ધિ અને જિનપ્રવચનનો પ્રચાર છે, તે અર્થે એ દ્રવ્યનો ઉપયોગ કરવામાં આવે તો એવો કોણ મૂઢ કે મમત્વી હોય કે, જે તેનો નિષેધ કરે. શ્રીહરિભદ્રજીના એ બન્ને ઉલ્લેખો ઉપરથી એમ નિશ્ચિત થાય છે કે, એ સમયના કુશળ સૂરિઓએ, સમાજ પાસેથી સામાજિક કાર્ય માટે જે દ્રવ્ય મલતું હતું તે માટે જ એ ચારે શબ્દોને યોજ્યા હતા–છે. તથા તે શબ્દોના અર્થ ઉપરથી પણ તે જ વાત નીકળી શકે છે. અત્યારે પણ ધર્માદાયની પેઢીમાં કોઈ તીર્થંકરનું નામ ન ચલાવતાં જે આણંદજી કલ્યાણજી વા

---

૨. जिणपवयणवुड्ढिकरं पभावगं नाण–दंसणगुणाणं ।
वुड्ढतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो (पृ० ४) ॥९७॥

ડોસાભાઇ અભેચંદનું નામ ચલાવવામાં આવે છે તેથી પણ સ્પષ્ટ થાય છે કે, એ પેઢીનો વહીવટ અને ધન એ બધું મંગલદ્રવ્ય, શાશ્વતદ્રવ્ય કે નિધિદ્રવ્ય છે અને જ્યારે જરૂર પડે ત્યારે સંઘના હિત અર્થે તેને લગતા ગમે તે ક્ષેત્રમાં તેનો ઉપયોગ કરતાં કોઇ જાતનો દોષ આવતો હોય એવું શાસ્ત્રથી, ઇતિહાસથી અને ઉપર જણાવેલી હકીકત ઉપરથી પણ જાણી શકાતું નથી. અત્યાર સુધીના મારા પ્રસ્તુત ઉલ્લેખમાં હરિભદ્રના ગ્રંથોમાં આવતા મૂર્તિવાદનું અને દેવદ્રવ્યવાદનું મૂળ બતાવવાની મેં જે કોશીશ કરી છે, તેમાં મારા મત પ્રમાણે તો પ્રમાણિકતાપૂર્વક આ વાતને હું જણાવી શકયો છું કે, પૂર્વે જણાવેલા મધ્યમમાર્ગના અનુયાયિઓએ, જેનું વિધાન–વિધિવાક્ય–અંગગ્રંથોમાં મળતું નથી તેવા મૂર્તિવાદને માત્ર એક સાધારણ અને પ્રવાહી જનહિત અર્થે યોજેલો છે અને પછી તે બીજા અનેક ધર્મોની દેખાદેખીથી વધતો ગયો છે અને છેવટ ઉપર જણાવ્યા પ્રમાણે પાંચમી અને છઠ્ઠી શતાબ્દીના તાંત્રિક મતની પ્રબળતા થયા પછી તો તે, આપણા સમાજમાં એક વજ્રલેપ જેવો અને એકાંત વિધેય જેવો પણ થઇ ગયો છે, એટલું જ નહિ પણ હવે તો તે, કલેશનું મૂળ બની ગયો છે, તેને લઇને જૈનસમાજની પ્રશંસા આજે વકિલોમાં, બારિષ્ટરોમાં અને અદાલતોમાં પણ ગવાઇ રહી છે અને સમાજ, દિવસે દિવસે રાજયક્ષ્માથી ઘેરાએલા રોગિની પેઠે નાશના પંજામાં પડતો જાય છે, છતાં એ સામાજિક વ્યસનથી સમાજ, મર્યાદિતપણે મૂકાવો તો દૂર રહ્યો, કિંતુ સમા-

જના આગેવાન સૂરિઓ (?) સાધુઓ (?) અને શ્રીમંતો એ વાદની એકાંતતામાં જ સિદ્ધશિલાનો પટ્ટો લખાવી રહ્યા છે. મને ખેદ માત્ર એટલો જ થાય છે કે, જે પવિત્ર નિર્ગ્રંથોએ આ વાદને લોકહિતની દૃષ્ટિએ યોજ્યો હતો તે જ વાદ અત્યારે આપણને ગ્રસી રહ્યો છે—અહો!!! કેવું ભીષણ પરિવર્તન! કેવો પૈશાચિક વિકાર! અને સ્યાદ્વાદિઓની છાપવાળાઓનો પણ કેવો ભયંકર એકાંતવાદ!

હવે હું માત્ર એક ટુંકી હકીકતને જણાવીને મારા આ મુદ્દાને અહીં પૂરો કરી નાખવાની તૈયારીમાં છું, માટે આપ મહાશયો અધીર ન થતાં નીચેની હકીકતને પણ સાવધાનતાપૂર્વક વાંચી લેવાની કૃપા કરશો—જે દ્રવ્યનો ઉલ્લેખ સૂત્ર—અંગ—ગ્રંથોમાં ક્યાંય કળાતો નથી, માત્ર હરિભદ્રના ગ્રંથો ઉપરથી આપણે તેને શાશ્વતદ્રવ્ય, મંગળદ્રવ્ય, નિધિદ્રવ્ય કે જિનદ્રવ્ય એવાં એકાર્થક નામોથી ઓળખી ગયા છીએ અને જેની વપરાશને સંઘ—હિત માટે શાસ્ત્રાનુમત ઠરાવી ગયા છીએ, તે દ્રવ્યને લગતા 'શાશ્વત દ્રવ્ય' જેવા વ્યાપક અર્થવાળા જિનદ્રવ્ય કે દેવદ્રવ્ય શબ્દના વ્યાપક અર્થમાં સંકોચ શામાટે કરવામાં આવ્યો? ક્યારે કરવામાં આવ્યો? અને તેની કયા પ્રકારની વપરાશ સામે ભયંકર પાપોને સમન્વિત કરવામાં આવ્યાં?

જે મહાશયોએ ઉપરના ઈતિહાસને મનનપૂર્વક વાંચ્યો હશે તેઓ તો આ પ્રશ્નનો ઉત્તર મેળવી શક્યા હશે, તોપણ મારે વિશેષ સ્પષ્ટતાની ખાતર જણાવવાની જરૂર છે કે, જ્યારે તે મધ્યમમાર્ગનું છેલ્લું રૂપ ઉત્પન્ન થયું

અને તે નિધિદ્રવ્ય, જિનદ્રવ્ય, શાશ્વતદ્રવ્ય કે મંગલદ્રવ્ય-ની વ્યવસ્થા કરનારા સાધુઓ હરિભદ્રના શબ્દોમાં વર્ણવ્યા પ્રમાણે સ્વચ્છંદી, વિલાસી અને દંભી થયા ત્યારે તે મહાશયો (?) પોતાના મમત્વાસ્પદ એ સામાજિક અને પવિત્ર ધનના વારસ થયા, હક્કદાર થયા અને કહેવા લાગ્યા કે, એ દ્રવ્યનો ઉપયોગ તો અમે જ કરી શકીએ, એમાં બીજા ક્ષેત્રનો જરા પણ હક્ક નથી, ભલે બીજાં ક્ષેત્રો સીદાય. વળી તેઓ એ દ્રવ્યમાં પોતાનું જ સ્વામિત્વ જણાવવા માટે આમ પણ કહેવા લાગ્યા કે, એ તો જિનદ્રવ્ય છે-દેવદ્રવ્ય છે. એનો ઉપયોગ તો અમે પોતે જ કરી શકીએ. દેવની, દેવ-મંદિરની વા દેવને લગતાં બીજાં કાર્યોની વ્યવસ્થા અમે કરીએ છીએ માટે અમારા સિવાય બીજા કોઇ ક્ષેત્રનો હક્ક આ દ્રવ્ય ઉપર સંભવતો નથી, સંભવશે નહિ અને સંભવવો વ્યાજબી પણ નથી. આ ઉપરાંત એ અશઠ (?) સાધુઓ, જિન, જિનનું શાસન, જિનનું પ્રવચન, જિનની મૂર્તિ અને જિનનો ધર્મ; એ બધાંને નામે વધારે વધારે ધન ભેગું કરવા લાગ્યા અને મહારાજા લાઈબલ કેસના મહંતની જેમ કેટલાક તો નિત્ય નવી રાસ ક્રીડા જેવી ધર્મ રૂઢિઓ પણ રચવા લાગ્યા-તેઓએ, તે દ્રવ્યને વધારવા અને તેની નિયમિત આવક કરવા સમયે સમયે તે સમયના સંઘમાં અનેક નવાં નવાં લાકડાં પણ પેસાર્યાં. તે સમયનો સંઘ બિચારો શું કરે, તે, તો દુર્વાસા ઋષિ જેવા તે ઋષિઓના (?) શાપના ભયથી ધ્રૂજતો ધ્રૂજતો તેઓ જે

તેને જ તહત્તિ કરવા લાગ્યો અને તેઓના લાગા

પ્રમાણે તેઓને ધન પણ આપવા લાગ્યો—તેઓએ પૂજામાં અને તપમાં લાગા નાખ્યા, શાસ્ત્રોને ભણાવવા માટે તેમ સંભળાવવા માટે પણ પૈસા લેવાના લાગા નાખ્યા. અનેક જાતનાં નવાં નવાં તપો ઉભાં કરીને (તે નિધિદ્રવ્યને) વધારવાની પ્રવૃત્તિ શરૂ રાખી અને છેવટ તેઓ પોતે એક અજૈન અને પ્રામાણિક ગૃહસ્થની પાયરીથી પણ એટલા બધા નીચે ઉતરી ગયા કે, જો તેઓની એ સ્થિતિ વધારે સમય ચાલુ રહેત તો તેમનું મનુષ્યત્વ પણ ગુમ થાત એવો પ્રસંગ આવી પડયો હતો. આ સમયે તેઓના જ સંપ્રદાયના પણ સુધારક ચૈત્યવાસી સાધુ શ્રીહરિભદ્રે કમર કસીને તેઓને સમજાવવાની શરૂઆત કરી અને તે સમયના અને ભવિષ્યના જૈન સમાજને પ્રબુધ્ધ કરવા માટે તે વિષેના અનેક ગ્રંથો પણ તેઓએ તૈયાર કર્યા—એ ગ્રંથોમાં એ ચૈત્યવાસિઓની સામે થવા માટે જે ઉલ્લેખો કર્યા છે તેમાં આમ પણ લખ્યું છે કે, જિનને નામે, જિનના તીર્થને નામે અને જિનના પ્રવચનને નામે વા દેવને નામે, દેવનાં તીર્થને નામે અને દેવના પ્રવચનને નામે જે દ્રવ્ય સંગૃહીત થયું છે તે કોઈ ખાસ એક વ્યક્તિ કે સમાજ પોતાના વિલાસના કામમાં વાપરી શકે નહિ, પોતાના સ્વાર્થમાં યોજી શકે નહિ અને તેનો કોઈ રીતે દુરૂપયોગ કરી શકે નહિ. જો તે દ્રવ્યનો ઉપયોગ સમ્યક્ત્વની વૃધ્ધિ માટે, જ્ઞાનના પ્રચાર માટે અને પ્રવચનના પ્રચાર માટે ન કરવામાં આવે અને માત્ર વ્યક્તિ કે સમાજના વિલાસ અર્થે જ તેનો ઉપયોગ કરવામાં આવે વા એ ધનના વ્યવસ્થાપક

પોતાની સ્વેચ્છાએ ગમે ત્યાં તેનો ઉપયોગ કરે તો તે ઉપયોગ કરનાર અપ્રામાણિક છે, દુષ્ટ છે અને નરકનાં દુઃખનો ભાગી થાય છે. એટલું જ નહિ, પણ જો તે પવિત્ર દ્રવ્યને અનેક [1]અવિહિત ઉપાયોથી વધારવામાં આવે તો પણ તે વધારનાર એટલા જ અપરાધનો પાત્ર બને છે. માટે તે શાશ્વતદ્રવ્ય, નિધિદ્રવ્ય, જિનદ્રવ્ય કે મંગળદ્રવ્યનો ઉપયોગ એવે માર્ગે કરવો જોઈએ, જે માર્ગે તેની જ્ઞાન-દર્શન-પ્રભાવકતા અને પ્રવચનપ્રચારકતા સફળ થાય. તે વિશુધ્ધ દ્રવ્યનો દુરૂપયોગ થતો જોતાં પણ જે ન અટકાવે તેને પણ પાપિષ્ઠની કોટિમાં મૂકવામાં આવ્યો છે. આ રીતે તે દ્રવ્ય-ભોજી ચૈત્યવાસિઓને હઠાવવા માટે હરિભદ્ર સૂરિજીએ ઘણું ઘણું લખ્યું છે, પણ તેઓએ એવું તો ક્યાંય જણાવ્યું નથી, કે, જો એ દ્રવ્યનો ઉપયોગ જ્ઞાનના પ્રચારમાં, પ્રવચનના પ્રચારમાં અને સમ્યકત્વની વૃધ્ધિ માટે વા સંઘના હિતાર્થે કરવામાં આવે તો તે ઉપયોગ કરનારો પાપી બને છે-નરકગામી બને છે. ઉલટું તેઓએ તો એ દ્રવ્યને જ્ઞાનદર્શનપ્રભાવક અને પ્રવચનવૃધ્ધિકરનાં વિશેષણો આપીને તે તે માર્ગમાં તેનો ઉપયોગ કરવાનું સુવિહિત વિહિત દર્શાવ્યું છે-શિષ્ટસંમત જણાવ્યું છે. પછી આપણે જો કદાગ્રહથી વા સ્વચ્છંદતાથી તેમની આજ્ઞા ન માનીએ અને સ્વચ્છંદે વર્તીએ તેમાં આપણા સિવાય બીજા કોઈને

---

१ "जिणवर आणा रहियं वद्धारंता वि के वि जिणदव्वं ।
बुड्डंति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ॥१०२॥ पृ० ४

આપણે શી રીતે દૂષિત ગણી શકીએ. તેઓના આ ઉલ્લેખોથી એમ માલુમ પડે છે કે, આ જ અરસામાં શાશ્વતદ્રવ્ય કે જિનદ્રવ્ય શબ્દની વ્યાખ્યા તે બન્ને પક્ષોએ પોતપોતાના બચાવ માટે જૂદી જૂદી કરી હતી–એકે તેને સંકુચિત કરી હતી અને બીજાએ તેને વિશાળ કરી હતી–ચૈત્યવાસની હિમાયત કરનાર પક્ષે કહ્યું કે, આ જિનદ્રવ્ય અમારી પૈતૃકસંપત્તિ છે, એના અમે વારસ છીએ અને અમે પોતે જ દેવની, દેવની મૂર્તિની, દેવના મંદિરની, અને દેવના પ્રવચનની સઘળી વ્યવસ્થા કરીએ છીએ માટે એ દ્રવ્યનો અમારા સિવાય બીજું કોઈ ઉપયોગ કરી શકે નહિ. બીજા નિરીહ અને શાસનહિતૈષી પક્ષે કહ્યું કે, સાધુઓનો આચાર નથી કે, તેઓ દ્રવ્યનો સ્પર્શ પણ કરે વા મંદિરોની વ્યવસ્થા કરે. તેઓની પાસે જે દ્રવ્ય છે, તે મંગળદ્રવ્ય છે, જિનદ્રવ્ય છે, શાશ્વતદ્રવ્ય છે અને નિધિદ્રવ્ય છે માટે તેનો ઉપયોગ કોઇ એક વ્યક્તિ વા સમષ્ટિ પોતાના નિર્વાહ કે વિલાસ અર્થે કદી પણ કરી શકે જ નહિ. તેનો ઉપયોગ તો એવા માર્ગે કરવો જોઇએ કે, જે માર્ગે જિનના પ્રવચનની વૃદ્ધિ થાય, જિનના જ્ઞાનનો પ્રચાર થાય અને લોકોની પ્રવૃત્તિ જૈનધર્મ તરફ વધારે વળે અર્થાત્ એકંદર જૈનસંઘના હિત અર્થે તે દ્રવ્ય વપરાવું જોઇએ–એ હકીકત સર્વથા પ્રામાણિક, શાસ્ત્રથી અબાધિત અને સુવિહિતવિહિત છે. પરંતુ મારે ખેદ સાથે જણાવવું પડે છે કે, વર્તમાનમાં આ સ્થિતિ તો દૂર રહી, પરંતુ તે પવિત્ર નિધિદ્રવ્ય, જે સંઘહિત માટે યોજાયું છે તેનો ઉપયોગ માત્ર એક સંકુચિત ક્ષેત્રમાં જ

થઇ રહ્યો છે, તે પણ તે દ્રવ્યના વ્યવસ્થાપકોના સ્વચ્છંદે જ થઇ રહ્યો છે અને વ્યવસ્થાપકો જાણે તે દ્રવ્ય પોતાનું બાપુંકું ન હોય તેમ તે તરફ મમત્વ-પણે રાચી રહ્યા છે તેથી જ બીજાં ધાર્મિક ક્ષેત્રો, ( જે ક્ષેત્રોની પુષ્ટિની વર્તમાનમાં વિશેષ જરૂર છે ) માટે તે દ્રવ્ય શૂદ્રવત્ અસ્પૃશ્ય જેવું થઇ ગયું છે અને તે બધાં સૂકાઈ રહ્યાં છે. વર્તમાનમાં જે જે કારણોથી તે દ્રવ્યની વૃધ્ધિ થઇ રહી છે તેમાંનાં કેટલાંક તો સર્વથા અવિહિત છે અને કેટલાંક તો ગમ્મત આપે તેવાં છે. તથા વ્યવસ્થા-પકોની સત્તાથી તેનો ઉપયોગ કેટલાંક એવાં કાર્યોમાં થઈ રહ્યો છે કે, જેઓ મહાહિંસાનાં મૂળ છે અને તેમાં સટ્ટા જેવો જુગારનો પણ સમાવેશ થઇ જાય છે—જે પ્રવૃત્તિ શ્રીજિને નિષેધેલી છે તે દ્વારા જિનદ્રવ્યની વૃદ્ધિ કરવી વા તેમાં જિનદ્રવ્યનો ઉપયોગ કરવો તે, શ્રીજિનના અનુયા-યિઓને કેટલું બધું છાજે તેવું છે ! ! ! અને તેઓના ‘ જૈન ’ નામને સાર્થક કરે તેવું છે ! ! ! કલ્પના કરો કે, આપણા દેવ વર્ધમાન અત્યારે હયાત હોત તો અત્યારના હરેડ ભકતો જરૂર તેમને પણ દ્રવ્ય ચડાવત—સોના રૂપાના ફુલે વધાવત અને તેમની પાસે એ રીતે અઢળક ધનના ઢગલા થાત, તો શું તે દ્રવ્યને, તે નગ્ન દેવ પોતાના ખોબામાં લઇને ફરત વા તેને પોતાની માલિકીનું ગણીને કોઈને ત્યાં ખાતું પઠાવીને જમે કરાવત ? હું તો આ પ્રશ્નનો ઉત્તર નકારમાં આવતો સમજીને એટલું જણાવું છું કે, તે દ્રવ્યનો ઉપયોગ વીરને નામે ચાલતા ‘ મહાવીર

વિદ્યાલય ' જેવા સમાજોપયોગી કાર્યમાં થાત અને તે પણ તેમના આ જ ભક્તો કરત—આ રીતે કરવામાં હું તો જિન-દ્રવ્યના સંકુચિત અર્થનો પણ બાધ થતો જોતો નથી. એ પ્રકારે આપણે એક સાદી રીતેજ જિનદ્રવ્ય વા દેવદ્રવ્યની ભાવનાને વિચારીએ તો પણ જે હકીકત ઉપર જણાવેલી છે તે જ જણાઇ આવે તેમ છે.

૧૬ મા અને ૧૮ મા સૈકાના ગ્રંથકારોએ અને વર્તમાન સૂરિઓએ તથા સાધુઓએ આ વાદને વર્ધમાનને નામે ચઢાવીને એમ જણાવ્યું છે કે, "भक्खणे देवदव्वस्स × × × सत्तमं निरयं जंति सत्तवारा हो ! गोयमा !" અર્થાત્ વર્ધમાન કહે છે કે-" હે ગૌતમ ! દેવદ્રવ્યનો ખાનાર સાત વાર સાતમી નરકે જાય છે માટે કોઇએ દેવ-દ્રવ્ય ખાવું નહિ " હું માનું છું ત્યાં સુધી આ નિષેધ હરિભદ્રના નિષેધને મળતો જ છે અને ચૈત્યવાસિઓના પરા-પૂર્વથી ચાલ્યા આવતા સંસ્કારોને નાશ કરવા માટે જ કરા-એલો છે. આ વાત તો હું પણ સ્વીકારૂં છું કે, જો તે જિનદ્રવ્ય વા મંગલદ્રવ્યનો ઉપયોગ માત્ર વિલાસના અને સ્વચ્છંદી અનુચિત તથા અનુપયોગી કામમાં કરવામાં આવે, તેને ચોરી જવામાં આવે, કે અપ્રામાણિક રીતે ખર્ચી નાંખ-વામાં કે ઉડાવી દેવામાં આવે, તે માટે જ આ નિષેધ કરા-એલો છે. પરંતુ એ દ્રવ્યનો ઉપયોગ જ્ઞાનની, દર્શનની અને પ્રવચનની વૃદ્ધિ તથા પુષ્ટિ માટે અથવા તેના ઉદ્ધાર માટે કરવામાં આવે અને તે દ્વારા સંઘના દૂબળાં અંગોને પુષ્ટ

કરવામાં આવે, તો તે પ્રવૃત્તિ સામે કોઇ શાસ્ત્ર કે કોઈ સૂરિ ? પ્રામાણિક રીતે નિષેધ કરી શકે તેમ નથી.

વાંચકો એમ ધારતા હશે કે, આપણે વા આપણામાંનો કોઇ, કદી પણ દેવદ્રવ્યનો ઉપયોગ કરતા નથી. કિંતુ હું તો પ્રત્યક્ષ જોઇ રહ્યો છું કે, જૈન સંઘનાં ચારે અંગો પોતાના સમ્યકત્વની શુદ્ધિ અને વૃદ્ધિ માટે એ દ્રવ્યનો ઉપયોગ કરી રહ્યાં છે. અહીં હું વાચકોને નમ્રતાપૂર્વક અરજ કરૂં છું કે જો તેઓ જિનમૂર્તિને, જિનના મુકુટને, જિનની આકૃતિને અને જિનની આંગી વિગેરેને દેવદ્રવ્યરૂપે માનતા હોય તો તે બધાંને નેત્રદ્વારા જોઈને તેઓ જે રસ અનુભવે છે તે રસની ઉત્પત્તિ દેવદ્રવ્ય સિવાય બીજા શાથી થાય છે ? તથા તેઓ પોતાને ઘરેથી દેવના સંકલ્પથી જે ઘી દૂધ વિગેરે પૂજાનાં ઉપકરણો લઇ જાય છે અને તે ઉપકરણરૂપ જિનદ્રવ્યદ્વારા જ પ્રત્યેક વ્યક્તિ, જિનની અર્ચા કરીને પોતપોતાના સમ્યકત્વને અજવાળવાનો પવિત્ર ઉદ્દેશ રાખે છે તેમાં જિનદ્રવ્યના ઉપયોગ સિવાય બીજા શાનો ઉપયોગ છે ? જો આ રીતે જિનદ્રવ્યનો વ્યય કરવાથી નરકે જવાતું હોય તો હું નથી માનતો કે, કોઈ જૈન બચ્ચો જિનપૂજા વા જિનદર્શન કરે. કદાચ વાંચકો અહીં એમ કહેશે કે, એ ઉપયોગ તો અમે અમારા સ્વાર્થ માટે કરતા નથી. તો હું ફરીને તેઓને નમ્રપણે પૂછીશ કે, ભાઇ ! આપ જે જિનપૂજા વા જિનદર્શન કરો છો તે જિનના હિત માટે કરો છો ? કે તમારા હિત માટે કરો છો ? જો તમારા હિત માટે કરતા હો તો

એ કામને પણ તમારા ( હિતની પેઠે ) સ્વાર્થનું જ ગણવું જોઇએ. પરંતુ આપ એમ કહેશો કે, એ રીતનો ઉપયોગ કરતાં અમે તે દ્રવ્યને ખાઇ જતા વા ઉઠાવી દેતા નથી. કિંતુ અમારા આત્માને અજવાળીએ છીએ. અમારા સમ્યક્ત્વની શુદ્ધિ અને વૃદ્ધિ કરીએ છીએ તો મારે એટલું જણાવવું જોઇએ કે, આત્માને અજવાળવા માટે જિનપૂજા વા જિનદર્શનની જેટલી અગત્ય છે તેથી પણ વધારે અગત્ય, સંસારમાં જિનનો પરિચય આપવાની છે, તે પરિચયને આપણે ત્યારે જ આપી શકીએ જ્યારે દર્શનની જેમ જ્ઞાનના અને પ્રવચનના ક્ષેત્રમાં તે દ્રવ્યનો ઉપયોગ કરી તે બન્ને ક્ષેત્રોને પુષ્ટ બનાવીએ, સૂકાં મટાડી લીલાં બનાવીએ અને એક ડાહ્યા ખેડુતની પેઠે સ્વચ્છંદ, આગ્રહ અને મમત્વને છોડી દઇને સમયને ઓળખીને ક્ષેત્રમાં ધન વાવવાની કળાને હાથ કરીએ.

જિનદ્રવ્યના સમર્થ સમર્થક શ્રીહરિભદ્રસૂરિ ઉદ્ઘોષણાપૂર્વક જણાવે છે તે રીતે જ્ઞાનના પ્રભાવક, દર્શનના પ્રભાવક અને પ્રવચનના વૃદ્ધિકર તે મંગલદ્રવ્ય, શાશ્વતદ્રવ્ય, નિધિદ્રવ્ય કે જિનદ્રવ્યનો, તેનાં વિશેષણો પ્રમાણે ઉપયોગ કરીએ તો તેમાં જરાપણ અપ્રામાણિકતા નથી, લેશમાત્ર અશાસ્ત્રીયતા નથી અને કણમાત્ર દૂષણ પણ નથી. વસ્તુ સ્થિતિ આવી હોવા છતાં જો આપણે [1]પોતે કલ્પેલા અને શ્રી જિન ઉપર આરોપેલા 'જિનદ્રવ્ય' શબ્દને અને

---

१.न हु देवाण वि दव्वं संगविमुक्काण जुज्जए किमवि। नियसेवगबुद्धीए कप्पियं देवदव्वं तं ॥(९०) संबोधप्र० पृ० ४

તેના અયુક્ત સંકુચિત અર્થને જ વળગી રહી આપણા આગ્રહ, સ્વચ્છંદ અને સત્તાને પોષીએ તથા વર્તમાનમાં ક્ષીણ થતાં ઉપયોગી ક્ષેત્રોને ઉવેખીએ તો 'સમવારા હો ! ગોયમા !' નો ઉલ્લેખ આપણા સિવાય કયા ભદ્ર મનુષ્યને ઘટે તેમ છે ! ! ! ! !

આજથી છ વર્ષ પહેલાં રા. રા. કુંવરજીભાઈએ પોતે લખેલા 'દેવદ્રવ્ય' નામના નિબંધમાં ઉપરની જ હકીકતને તદ્દન સ્પષ્ટતાપૂર્વક જણાવી છે. તેઓશ્રી જણાવે છે કેઃ—"૭ શ્રાદ્ધવિધિ તથા યોગશાસ્ત્રદીપિકા વિગેરે અનેક ગ્રંથમાં કહ્યું છે કે, પુન્યવંત શ્રાવકોએ પુન્ય ધર્મની વૃદ્ધિને હેતે તથા શાસનના ઉદ્યોતને નિમિત્તે દેરાસરો, ધર્મશાળાઓ, પોસહશાળાઓ, ઉપાશ્રયો, જ્ઞાનના ભંડારો, પ્રભુનાં આભૂષણો, પ્રભૂ પધરાવવાના રથો, પાલખીઓ, ઇંદ્રધ્વજો. ચામરો, ચૈત્યનાં ઉપગરણો, તથા જ્ઞાનના ઉપગરણો વિગેરે અનેક વસ્તુઓ પોતાના દ્રવ્યથી અથવા પ્રયાસથી નિષ્પન્ન થયેલું કે કરેલું દેવદ્રવ્ય કે સાધારણ દ્રવ્ય હોય તેમાંથી નીપજાવવી; નીપજાવીને તે સાહિત્યોથી શાસનની ઉન્નતિ કરી, પાછળ તેની વ્યવસ્થા થાય તેવો બંદોબસ્ત કરી અથવા ઉપજ કરી આપી શ્રીસંઘને સંભાળને અર્થે સોંપવી" (દેવદ્રવ્ય પૃ૦ ૫.)

જ્યારે આ ઉલ્લેખ દ્વારા દેવદ્રવ્યના ખર્ચે જ્ઞાનના ભંડારો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો અને જ્ઞાનના ઉપગરણો કરવાની અનુમતિ અપાએલી છે તો વર્તમાનમાં સમાજમાં કેળવણીનો પ્રચાર કરવા માટે આપણે તે જ દ્રવ્યદ્વારા

રાષ્ટ્રીયશાળાઓ, રાષ્ટ્રીય મહાવિદ્યાલયો અને રાષ્ટ્રીય વિશ્વવિદ્યાલયો સ્થાપીએ તથા તેનાં સાધનો–છાત્રાલયો, છાત્રવૃત્તિઓ અને પુસ્તકાલયો–માં તે દ્રવ્યનો વ્યય કરીએ અને આ ઉપરાંત સંઘરક્ષાના મુખ્ય મૂળભૂત સંઘના સ્વાસ્થ્યની રક્ષા માટે તે દ્રવ્યદ્વારા ઠેક ઠેકાણે બ્રહ્મચર્યાશ્રમો, ઔષધશાળાઓ, રહેવાની સગવડો અને વ્યાયામશાળાઓ (અખેડાઓ) બંધાવીએ–સ્થાપીએ, તો તેમાં કયું શાસ્ત્ર આડું આવે છે ? મારા મત પ્રમાણે તો તે પ્રવૃત્તિમાં કુલગુરુઓનાં અને વ્યવસ્થાપકોનાં આગ્રહ–કદાગ્રહ–સત્તા અને સ્વચ્છંદ સિવાય બીજું કશું આડું આવતું હોય તેમ જણાતું નથી.

આજ ઘણા લાંબા સમયથી તે અત્યારસુધીમાં આપણા દર્શન ( સમ્યકત્વ ) ની શુદ્ધિ માટે અને વૃદ્ધિ માટે તે માર્ગમાં ઘણું દ્રવ્ય ખર્ચાએલું છે અને તેનો પાણીની પેઠે અમર્યાદ ઉપયોગ થએલો છે. તો હવે તે અર્થે જો આપણે તે માર્ગમાં એક શતક સુધી દ્રવ્યનો ઉપયોગ ન કરીએ તો પણ તે ક્ષેત્રમાં હાની થાય તેવો સંભવ નથી. તો પણ મારે એ ક્ષેત્ર માટે એટલું તો જણાવવું જોઈએ કે, જે જિનાલયો જીર્ણ હોય વા અપૂર્ણ હોય તે બધાંને સમરાવવા માટે અને પૂરાં કરવા માટે એ દ્રવ્યનો મર્યાદિત ઉપયોગ જરૂરનો છે.

આ રીતે હું બુદ્ધના મધ્યમમાર્ગની અસરથી શરૂ થએલા જૈન મધ્યમમાર્ગનો ઇતિહાસ આપી, તેની શરૂઆતના સૂરિઓની અકિંચનતા જણાવી, તે સૂરિઓની

પ્રજાની અકિંચનતા અને લોકહિતાર્થે ધનગ્રાહિતા સમજાવી, આ મુદ્દામાં ત્યાર પછીની સાધુપ્રજાની ધનલોલુપતા અને સ્વચ્છંદતા જણાવી ચુકયો છું અને તે ધનલોલુપ ચૈત્યવાસિ પ્રજાએ તે દ્રવ્યનાં શાશ્વતદ્રવ્ય, જિનદ્રવ્ય, મંગલદ્રવ્ય અને નિધિદ્રવ્ય જેવાં વિશાળ અર્થવાળાં શિષ્ટસંમત નામો ઉપર હડતાળ ફેરવી અને પોતાના બચાવ માટે તેઓનો સંકુચિત અર્થ ઊભો કરી સમાજને ભરમાવ્યાની હકીકત પણ સ્પષ્ટ કરી ગયો છું તથા આચાર્ય હરિભદ્રે તે નામોને જ્ઞાનદર્શન પ્રભાવક અને પ્રવચન–વૃદ્ધિ–કરનાર વિશેષણો આપી, તે બધાનો વિશાળ અર્થ તાજો કરી અને એ અર્થને જ આગળ કરી તે ચૈત્યવાસીઓની ખૂબ ઝાટકણી કાઢી છે તે પણ જણાવી ગયો છું અને ત્યાર પછીના સાહિત્યમાં જે ' भक्खणे देवदव्वस्स ' નો ઉલ્લેખ મળે છે તેનો ખરો ભાવ પણ મેં ઉપર ટાંકી બતાવ્યો છે, એ બધાનો સાર એ આવે છે કે વર્તમાનમાં માત્ર આપણા આગ્રહ અને અવિવેકથી જ આપણે એ બધા સવળા અને શિષ્ટ ઉલ્લેખોનો અવળો તેમ જ અશિષ્ટ અર્થ કરી, તેઓને વિકૃત કરીએ છીએ અને તેમ કરી આપણે છતે સાધને ' पादे कुठारः ' ની પ્રવૃત્તિમાં રાચી રહ્યા છીએ. એ પ્રકારે મેં યથામતિ મૂર્તિવાદ અને દેવદ્રવ્યવાદ, જેના વિધાનનો ગંધ પણ અંગ–ગ્રંથોમાં મળતો નથી, તેને સૂત્ર પછીનાં સાહિત્યનાં પ્રમાણોની અને તે સમયના મળતા ઈતિહાસની સહાયથી આપની સમક્ષ ચર્ચાસ્પદ રીતે રજુ કર્યો છે. હવે છેવટમાં ' तत्त्वं ग्राह्यं, के तत्त्वं परीक्ष्यं विवेकिभिः ' કહીને આ મુદ્દાને અહીં જ સમાપ્ત કરૂં છું.

## જૈન કથાનુયોગ.

મારી આગળની પ્રતિજ્ઞા પ્રમાણે હવે અહીંથી ચોથો આગમ–વાચનવાદનો મુદ્દો ચર્ચવો જોઇએ. પરંતુ તે પહેલાં જો આપને યાદ હોય તો મેં જૈનકથાનુયોગની અને શ્વેતાંબર દિગંબરના મૂર્તિવાદની પણ સમાલોચના કરવાનું વચન આપ્યું હતું, તદનુસાર તે-સંબંધે થોડું લખી આ પ્રસ્તુત મુદ્દાને બનતી ત્વરાએ ચર્ચવાની વિસ્મૃતિ કરીશ નહિ. જૈનકથાનુયોગની સમાલોચના કરવી તે એક આંબલીનાં પાંદડાં ગણવા જેવું દીર્ઘસૂત્રી કામ છે, પરંતુ સ્થાલીપુલાકન્યાયે ગમે તેવું દીર્ઘકાય પુસ્તક કે સાહિત્ય પણ સમાલોચી શકાય છે અને સમાલોચક સમાજમાં તે જાતની પ્રવૃત્તિ પણ પ્રામાણિક મનાય છે માટે હું પણ પ્રસ્તુત સમાલોચનામાં તે ન્યાયને અનુસરીને નીચે પ્રમાણે જણાવવાની રજા લઉં છું:—

આપણા કથાનુયોગમાં આવતાં વૃત્તાંતોના મુખ્ય બે પ્રકાર છે. એક ચરિતભાગ અને બીજો કલ્પિત ભાગ. તેમાં જે ચરિતભાગ છે તે વિષે મારે ખેદપૂર્વક જણાવવું પડે છે કે, તે વિભાગમાં ચરિતતા ઘણી જ ઓછી જણાય છે, પરંતુ પૌરાણિકતાની માત્રા એટલી બધી વધી ગઈ છે—વધારી દેવામાં આવી છે, જેથી તેને હવે ચરિતભાગનું નામ આપવું પણ કઠણ થઈ પડયું છે—તે ભાગમાં અતિશયોક્તિ તો એટલી બધી કરવામાં આવી છે, કે જેની મર્યાદા પણ સચવાણી ન હોવાથી તે, તેમાં અલંકારરૂપે ઘટી–રહી–શકતી નથી. ભગવતી સૂત્રમાં જ્યાં જ્યાં કોઈની

દીક્ષાની હકીકત આવે છે ત્યાં તે દીક્ષિત થનાર રાજા હોય, રંક હોય, બ્રાહ્મણ હોય કે વૈશ્ય હોય પણ તે બધાને માટે એક સરખો અને એક સામટો ત્રણલાખ (રૂપિયા) નો ખર્ચ બતાવ્યો છે એટલે દીક્ષા લેનારે-દીક્ષા લેતાં પહેલાં એક લાખ તો હજામને આપવા જોઇએ, એક લાખનું રજોહરણ લેવું જોઇએ અને એક લાખનું પાત્ર લેવું જોઇએ-આ ઉલ્લેખ જેટલો મર્યાદા વિરૂદ્ધ છે તેટલો જ શાસ્ત્ર-વિરૂદ્ધ છે. કદાચ કોઇ શ્રીમંતે એક લાખનું ઇનામ હજામને આપ્યું હોય તે સંભવે પણ ખરૂં, પરંતુ એક લાખનું રજોહરણ અને એક લાખનું પાત્ર શી રીતે સંભવે? જો કદાચ એમ કહેવામાં આવે કે, હીરા રત્ન જડિત રજોહરણ તથા તેવું જ પાત્ર લેવામાં આવે તો તે હકીકત સંભવે ખરી, પણ તેમ કરતાં દીક્ષા લેનાર દીક્ષા લેતાં જ જિનાજ્ઞાનો લોપ કરે છે-જો તેને હીરા અને રત્નો રાખવાં હોય તો નિર્ગ્રન્થ થવાનું કાંઈ કારણ નથી-હીરા અને રત્નો રાખવાથી નિર્ગ્રંથની નિર્ગ્રંથતા ઉપર પાણી ફરે છે. સૂત્રોમાં આવેલા ચરિત વિભાગમાં પણ આવાં-અતિશયોક્તિપૂર્ણ વર્ણનો એને-સૂત્રના મૂળ મુદ્દાને-હાનિ પહોંચાડે તેવાં છે-તેવાં વર્ણનોથી આપણો કથાનુયોગ કેવો દીપી નીકળે છે તે બાબત મારા બંધુઓ અને મારા વહિલ (પ્રમુખ) મોતીચંદભાઈ પણ જરા વિચાર કરીને જ મને ન્યાય આપવાને તત્પર થશે.

વર્ધમાન માટે લખાયું છે કે, તેમણે દીક્ષા લીધી ત્યારે તેમની પાસે ઇંદ્રે આપેલું દેવદૂષ્ય હતું, જેનું મૂલ્ય

પાછળથી લાખ સોનૈયા જેટલું અંકાયું હતું. હું અહીં પૂછું છું કે, નિર્ગ્રંથોના નાયક અને કડક ત્યાગના પ્રવર્તક વર્ધમાન, જેમના મુખ્ય શિષ્ય સુધર્માએ જેને નામે જંબૂને એવો સંદેશો આપ્યો હતો કે, ભગવંત વર્ધમાને ફાટેલું તૂટેલું અને ઉતરેલું વસ્ત્ર તે પણ કારણ પડયે જ રાખવાની અનુમતિ દર્શાવી છે, તેવા સમર્થ ત્યાગી જ્ઞાતપુત્રના જીવનમાં એ દેવદૂષ્યવાળી હકીકત સંગત થાય ખરી? શી રીતે સંગત થાય? ધારો કે, તેઓ, તે વસ્ત્રને અમૂર્છ ભાવે રાખતા હતા, પરંતુ ઉપર જણાવેલી અનુમતિને દર્શાવનારો પુરૂષ તે જાતના વસ્ત્રનો સ્પર્શ પણ શી રીતે અને કયા કારણે કરે? વર્તમાનમાં વર્ધમાન જેવા અસહકારના પ્રબળ પ્રવર્તક મહાત્મા ગાંધીજી જો અમુક કારણપૂર્વક અને પ્રજાના હિતને બાને સરકાર સાથે સહકાર કરે તથા પોતે જાતે અસહકારનો ઉપદેશ કરે તે બાબત જેટલી સંગત લાગે છે તેટલી જ વર્ધમાનના લાખ સોનૈયાના વસ્ત્રવાળી બાબત સંગત લાગે છે. વળી કહેવામાં આવે છે કે, વર્ધમાને રાજપિંડ કે દેવપિંડ લેવાનો નિષેધ કર્યો છે અને આ સ્થળે તો તે દેવપિંડનો નિષેધક વર્ધમાન પોતે જ લાખ સોનૈયાનું દેવદૂષ્ય રાખે છે, એ કેવી સંગત અને સુશોભિત ઘટના છે તે વાચકો પોતે જ વિચારી જોશે— નિષેધક પોતે, જે નિષેધને ન અનુસરતો હોય અને પોતાની નિષેધાજ્ઞાને પ્રચારિત કરવા ઇચ્છતો હોય તેનું વર્તન 'मनसि अन्यत्' અને 'वचसि अन्यत्' જેવું ગણવામાં આવે છે અને એવા માત્ર બોલી બતાવનારા નિષેધકોનો તો

અત્યારે કોઈ ભાવ પણ પૂછતું નથી. આપણા ગ્રંથકારોએ આવી આવી અનેક વાતો લખીને કેટલીક બાબતોમાં તો પુરાણોને પણ પાછાં પાડયાં છે અને તેમ કરીને જિનશાસનની પ્રભાવના કરી છે–કેવી સુંદર પ્રભાવના અને કેવો સુંદર તેનો ઉપાય ! !! કહેવાય છે કે, જ્યારે વર્ધમાન દેશના આપતા ત્યારે દેવો દ્વારા ત્રણ કિલ્લાઓ રચવામાં આવતા હતા. તે પણ પાષાણના નહિ, કિંતુ, રૂપાના, સોનાના અને રતનના હતા. કેવી વિચિત્ર હકીકત–એક નિર્ગ્રંથને સાદી અને સત્ય વાતને કહેવા માટે સૂત્રોમાં સ્થળે સ્થળે વર્ણવાએલો શિલાપટ્ટ કે વૃક્ષની છાયા પૂરતી છે, તેને બદલે એવી સાદી પ્રથાને પસંદ નહિ કરનારા આપણા ગ્રંથકારોએ રુપાના, સોનાના અને રતનના ત્રણ કિલ્લાઓને રચવામાં કેવી કુશળતા વાપરી છે. હું તો આ એક તદ્દન નવી જ વાત સાંભળું છું કે, ઉપદેશકો પણ કિલ્લામાં ભરાઈને ઉપદેશ આપતા હશે વા તેઓને કોઈના ડરથી કિલ્લામાં બેસીને ઉપદેશ દેવો પડતો હશે. આ રીતે ઉપદેશ અને કિલ્લાઓ વચ્ચે કોઈ પ્રકારનો સંબંધ ન હોવા છતાં જે તેઓએ, ઉપદેશ વખતે ત્રણ કિલ્લાઓ, કેટલીક વાવો અને કેટલાક નાટકો પણ બનાવી દીધાં છે–અને ખુદ વર્ધમાનને પણ ચતુર્મુખ બનાવી દીધા છે, તેવી તેઓની શિલ્પિતા પાસે વિશ્વકર્માને પણ શરમાવા જેવું થયું છે. વર્ધમાન સર્વજ્ઞ છે, એ વાતને આપણે સૌ સ્વીકારીએ છીએ તેથી આપણે એની સર્વજ્ઞતાનો લાભ લઈ આપણા માનીતા અને પ્રસાદ્ય પુરુષોના નામોલ્લેખો તેને મોઢે બનાવટી રીતે

કરાવીએ તે કેટલું બધું અનુચિત છે અને વર્ધમાનની આશાતના કરનારું છે—હું એમ કહું કે, તે મહાપુરૂષે પોતાના પવિત્ર મુખે મારા પિતાનું જીવનચરિત્ર કહ્યું હતું, તમે તેમ કહો કે, તે મહાપુરૂષે અમારાં વહાલાં સગાં-ઓને પણ સંભાર્યાં હતાં અને અભય કુમારની પાસે આપણા વડિલ, ધર્મના ધોરી સુશ્રાવક કુંવરજીભાઈનાં વખાણ કર્યાં હતાં. એ બધું કાંઈ અસંભવતું નથી, તેમ તે નિષેધ્ય પણ નથી. પરંતુ આપણા તરફથી કહેવામાં આવતી એવી એવી નિર્મૂળ હકીકતો આપણી મૂર્ખતાને જ સાબીત કરે છે. આચાર્ય હેમચંદ્રે પોતે બનાવેલા વીર ચરિત્રમાં (?) વર્ધમાનને શ્રીમુખે રાજા [1]કુમારપાળની પ્રશંસા કરાવીને તેને ખુશ કરવાનો જે લાવો લીધો છે તે, ઉપર જણાવેલાં વખાણ કરતાં ઓછો ઉતરે તેમ નથી. આ જાતના બીજા અનેક કલ્પિત ઉલ્લેખોથી વીરચરિત્રની ઐતિહાસિકતામાં કેટલી બધી ખોટ આવી છે? તેનો જવાબ એક ઐતિહા-સિક સિવાય બીજો કોણ દઈ શકે? વર્ધમાનનું માહાત્મ્ય વધારવા માટે તેની નગ્નતાને બદલે સવસ્ત્રતા કહીએ તથા સોનાના, મણિના અને હીરાના ત્રિગડાથી જ વા, દેવદેવી-ઓની દોડાદોડથી જ તેમના માહાત્મ્યનો ઉત્કર્ષ થતો સમજીએ તો માહાત્મ્યને સમજવાનો એ પ્રકાર સર્વથા વિપરીત છે અને આડંબરી સામગ્રીદ્વારા સમર્થ યોગિની એક[2] પરીક્ષા કરવા જેવો અનુચિત છે. આ ઉપરાંત એવી

---

૧. વીરચરિત્રમાં આવતી કુમારપાલની આ હકીકત માત્ર હેમા-ચાર્યજીના જ વીરચરિત્રમાં છે, એથી જ એને હું કલ્પિત માનું છું.

૨. "देवागम-नभोयान-चामरादिविभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते नाऽतस्त्वमसि नो महान् ॥"

બીજી પણ ઘણી બાબતો છે, જેથી આપણો ચરિત–વિભાગ, જે ઐતિહાસિક ગણાય છે, તે પણ પુરાણ જેવો થઈ ગયો છે, એ કાંઇ ઓછી દીલગીરીની વાત નથી. આ સ્થળે પ્રકુત વિષયનું માત્ર એક જ ઉદાહરણ આપી, હવે આપ સૌનું ધ્યાન કલ્પિત કથાઓ તરફ ખેંચીશ.

એક સ્થળે ઇંદ્રની તે ઋદ્ધિનું વર્ણન કરવામાં આવ્યું છે કે, જે ઋદ્ધિને લઇને તે, રાજા દશાર્ણના સમયે વર્ધમાનને વાંદવા આવ્યો હતો. તેમાં જણાવ્યું છે કે–તે ઇંદ્રના ૬૪૦૦૦ (?) હાથીઓ હતા, તે પ્રત્યેક હાથીને આઠ આઠ દાંત હતા, તે પ્રત્યેક દાંત ઉપર આઠ આઠ વાવો હતી, તે પ્રત્યેક વાવમાં આઠ કમળો હતા, જેટલાં કમળ હતાં તેટલી જ કર્ણિકાઓ હતી, તે પ્રત્યેક કર્ણિકા ઉપર એક એક પ્રાસાદ હતો, તે પ્રત્યેક પ્રાસાદમાં આઠ આઠ ઇંદ્રાણી સાથે એક એક ઇંદ્ર (શક્ર) બેઠો હતો અને તે પ્રત્યેક ઇંદ્રની સન્મુખ બત્રીશ પ્રકારનું નાટક થતું હતું, જેમાં એકસો આઠ દેવકુમારો અને એકસો આઠ દેવકન્યાઓ પાઠ લેતી હતી–અભિનય કરતી હતી.”

(જુઓ વૃદ્ધ ઋષિમંડલસ્તવ, આવશ્યકચુર્ણિ અને શ્રાદ્ધવિધિ પૃ૦ ૫૦–૫૨)

આ વર્ણન પાસે તો પુરાણનાં વર્ણનો પણ ફીકાં પડે છે. આમાં હાથીના દાંતો ઉપર પાણીની વાવો હોવાનો જે ઉલ્લેખ કરેલો છે તે તો અસત્‌માંથી સત્ કરવા જેવો સમગ્ર દેશ, કાલ, શાસ્ત્ર અને રૂઢિ વિરૂદ્ધ છે. તેમાં મુખ વિગેરેની બીજી બીજી સંખ્યાઓ પણ વિચારણીય છે,

પરંતુ તે તો કલ્પનાનો વિષય હોવાથી કદાચ અમર્યાદ અતિશયોક્તિમાં ખપી શકે, પણ દાંતો ઉપર વાવોનું હોવું તો ગમ્મતી અને નિરર્ગલ ગપ્પ જણાય છે. વર્તમાનમાં આવી આવી અનેક કથાઓ દ્વારા અપાશરામાં બેસીને રેશમ, કિનખાબ અને ઝીકના ત્રિગડામાં પાટ ઉપર વિરાજીને આપણા કુલગુરૂઓ શ્રોતાઓનાં માથાં ધૂણાવી રહ્યા છે, તે જોઇને મને તો ચોરામાં બેસીને અફીણીયા ગરાસિયાઓ પાસે ગપ્પા મારતા અને હોકારા કરતા ચારણોની સ્મૃતિ થઇ આવે છે. આશ્ચર્ય તો એ થાય છે કે, વ્યાપારવિદ્યામાં નિષ્ણાત વણિકો વિના વિચાર્યે જી હા, કે તહત્તના અર્જારવો શી રીતે કરતા હશે? પુણ્યપાક અને પાપપાકની કથાઓના તથા બીજી કથાઓના મોટા ભાગમાં મેં આવાં આવાં આખાં કોળાં ગલી જાય તેવાં અનેક વર્ણનો જોયાં છે, તેથી એ કથાઓને આ વર્ણનથી હલકી કેમ કહેવાય? જે સાહિત્યમાં ચરિતવિભાગ પણ પૂરા પૌરાણિક સ્વરૂપની જેવી સ્થિતિ ભોગવે છે તેના કલ્પિત કથા વિભાગનું તો કહેવું જ શું!!! કલ્પિત કથાઓમાં તેના જોડનારાઓએ સાહિત્યશાસ્ત્રોની મર્યાદાનો અને પૂરા કાર્યકારણની વ્યવસ્થાનો પણ ખ્યાલ રાખ્યો નથી—તેઓ કહે છે કે—જે પરિગ્રહનું પરિમાણ લે છે તેઓ અઢળક ધનના (પરિગ્રહના) ભાગી થશે, સાધુઓને દાન દેવાથી દાન દેનાર ચક્રવર્તી જેવો સમ્રાટ થશે, જે અહીં બ્રહ્મચર્ય પાળશે તે પછીથી હજારો દેવીઓનો ચિરસંગી થશે; આ હકીકતોમાં જો આપ-વિચારશો તો જણાશે કે, જે હેતુરૂપ

પદાર્થ છે અને ફળરૂપ પદાર્થ છે તે બન્ને વચ્ચે કેટલો બધો વિરોધ રહેલો છે—પરિગ્રહના અનિચ્છુકને અઢળક પરિગ્રહ શી રીતે મળે? દાન દેનારો ચક્રવર્તી રાજા શી રીતે થાય? અને બ્રહ્મચર્યનો સંસ્કારી, સુધરેલો વ્યભિચારી શી રીતે બને? આવી આવી અસંગતિઓ ઉપરાંત કેટલીક કલ્પિત કથાઓ પણ ઘડવામાં આવી છે કે, જેમાં વિશેષે કરીને સંસ્કારો અને મન ઉપર તોળાઇ રહેલી કર્મબંધની વ્યવસ્થાને પણ ધક્કો પહોંચ્યો છે—

[1]રા. કુંવરજીભાઇના દેવદ્રવ્યના નિબંધમાં આપ સા એવી અનેક કથાઓ જોઈ શકો છો અને તે દ્વારા ઉપર જણાવેલી વાતને સ્વમતિથીજ સમજી શકો તેમ છો. જુઓ ઋષભદત્તની કથા, પૃ૦ ૧૧. આ કથાના નાયકે સ્વકાર્યમાં વ્યગ્ર થવાથી દેવદ્રવ્યને લગતી વિસ્મૃતિ કરી હતી, તેથી તેને પાડો કરવામાં આવ્યો છે. મને તો એમ યાદ છે કે, "माया तैर्यग्योनस्य" અર્થાત્ તિર્યંચતાનો હેતુ દંભ છે, અહીં તો કથાકારે વિસ્મૃતિના પરિણામમાં શેઠને પાડો બનાવ્યો. પરંતુ, તેણે જે ઉધારે પરિધાપનિકા (પહેરામણી) લઇ જિનપૂજા કરી હતી તેના પરિણામમાં ઇંદ્રો પાસે તેની પૂજા ન કરાવી, એ 'वदतो व्याघातः' જેવું છે. જૂઓ સાગરશ્રેષ્ઠીની કથા, પૃ૦ ૧૩. આ કથાના સાગર શેઠે ચૈત્યદ્રવ્યથી ચૈત્યના કારીગરોમાં વ્યાપાર કરી માત્ર

૧. આ નિબંધમાં આઠમે પાને આપેલી બે ગાથાઓનો અર્થ તદ્દન ઉંધો થએલો છે. જો તેનો સવળો અર્થ રા. કુંવરજીભાઇને હાથે થયો હોત તો વર્તમાનમાં આવો ક્લેશ ન થાત.

૧૨ા રૂપિયા નફો લીધો હતો તેને પરિણામે તે જળચર થયો, વજ્રની ઘંટીમાં છ માસ સુધી પીલાયો, પછી ત્રીજી નરકે ગયો, મચ્છ થયો, ચોથી નરકે ગયો, પહેલીથી સાતમી સુધી અનેકવાર ગયો, પછી હજારવાર ભુંડ, હજારવાર ઓકડો, એમ હજાર હજારવાર હરણ, સસલો, સાબર, શીયાળ, બીલાડો, ઉંદર, નોળીયો, ઘરોળી, ઘો, સાપ, વીંછી, કૃમિ, પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, વૃક્ષ, શંખ, જળો, કીડો, માખી, ભમરો, મચ્છર, કાચબો, રાસભ, પાડો, અષ્ટાપદ, ખચ્ચર, ઘોડો, હાથી, વાઘ, અને સિંહ વિગેરે થયો, એટલું જ નહિ પણ, કથાકારે તો તેને માથે આથી પણ વિશેષ દુર્દશાનો ડુંગર મૂકયો છે. મારા માનવા પ્રમાણે એ સાગર શેઠે ચૈત્યની જે અવૈતનિક સેવા કરી હતી, તેના બદલામાં કથાકારની દૃષ્ટિએ જરૂર તે દિવ્યપુરૂષ થવો જોઈએ, પરંતુ કથામાં તે વિષે ઈસારો (ઈષત્કાર) પણ કર્યો નથી!!! હું માનું છું કે, અન્યાય કરનારા દંડને પાત્ર છે, પરંતુ તે દંડ, અન્યાયના પ્રમાણમાં જ ઉચિત લાગે છે. ઉપર જણાવેલા સાગરશેઠને ન્યાય આપનારી ફોજદારી કોર્ટ, તેનો ન્યાયાધીશ અને તેની ધારાસભા મને તો માનુષિક લાગતી નથી, પછી તો રા. કુંવરજીભાઈ કહે તે તહત્ત. જુઓ શ્રેષ્ઠિકથા, પૃ૦ ૨૨. આ કથાના શેઠનો તો ન્યારો જ રંગ કથાકારે પૂર્યો છે—એક નટે પોતાને દુઃખી કરતા શેઠને દુઃખી કરવા માટે શેઠના ચણાતા ઘરમાં દેરાસરની ઈંટનો કટકો, તે પણ કોઈ ન જાણે તેમ ભીંતમાં ચણી દીધો, આ કામના પારણામમાં, નહિ જાણતો

અને નહિ કરતો, પણ શેઠ તે ઘરમાં રહેવાથી નિર્ધન થઇ ગયો. આ કથામાં તો કથા જોડનારે કોઇ નવી જ કલમ લાગુ પાડી છે-જેથી અપરાધી મુક્ત થયો અને અપરાધને નહિ કરનાર તેમ નહિ જાણનાર તદ્દન નિરપરાધી અસીલ દંડનો ભોગ થયો-શી ચતુરાઇની વાત !!!!! આ કથામાં ધૂન-માંને ધૂનમાં કથાકારે અકૃતાગમના ભયંકર દૂષણને પણ જાણ્યું નહિ. કેવો ન્યાય ! આ સંબંધે જેમ હું વધારે જણાવું છું તેમ મને વિશેષ ખેદ થાય છે કે, જે મોતી-ચંદભાઇ પુરાણોનો ઉપહાસ કરે છે, તે જ ભાઇ આવી કથાઓને આદર્શ કથા તરીકે શી રીતે માનતા હશે ?

હું અહીં એવી કેટલીક કથાઓનો ઉલ્લેખ કરું, જ્યાં થોડાક અપવાદોને બાદ કરીને આ જ જાતની કથાઓનો મોટો સાગર ઉચ્છળતો હોય-જેઓને આવી કથાઓ જોવાની ખાસ ઇચ્છા હોય, તેઓએ પઉમચરિય, વિજયચંદ કેવળિચરિત, શ્રાદ્ધવિધિ, ઉપદેશસપ્તતિ, દ્રવ્યસપ્તતિ અને શ્રીપાળ રાસ વિગેરે મૂળ ગ્રંથો વા તેનાં ભાષાંતરો જોઇ જવાં અને તે જોયા પછી જો તેઓને એમ માલુમ પડે કે, જે મેં કહ્યું છે તે ખોટું છે તો મને તે વિષે જણાવવા જરુર કૃપા કરવી. કથાઓ તો શું પણ કેટલાક એવા ગ્રંથો રચાયા છે, તેઓને તે તે ગ્રંથકારોએ પરભાર્યા વર્ધમાનને નામે જ ચડાવી દીધા છે-પઉમચરિયના કર્તાએ પોતે રચેલું પઉમચરિય પણ વર્ધમાનને નામે ઢાળ્યું છે !!!

ભગવતી સૂત્રના સાંકળનારાએ પોતાની સંકલનાને વર્ધમાન અને ગૌતમના પ્રશ્નોત્તરોમાં ગોઠવી છે!! વસુદેવહિંડિના જોડનારે પોતાની જોડને સુધર્મા અને વર્ધમાનના સમયની જણાવી છે! વર્ધમાન દેશનાના રચનારે પોતાની મનઃપૂત દેશનાને વર્ધમાન દેશનાનું નામ આપ્યું છે!! આવી રીત અનેક ગ્રંથમાં અનુસરાએલી છે અને તે અત્યાર સુધીના ગ્રંથોમાં પણ અનુસરાય છે. ૧૬ મા સૈકામાં થએલા રત્નશેખર સૂરિએ પોતે બનાવેલી શ્રાદ્ધવિધિમાં એમ જણાવ્યું છે કે, અભયકુમારના પ્રશ્નોના જે જવાબો વર્ધમાને વાળ્યા હતા, તેનો હું આ શ્રાદ્ધવિધિ નામના ગ્રંથમાં સંગ્રહ કરૂં છું! ક્યાં બે હજાર વર્ષ પહેલાંના વર્ધમાન અને અભયકુમાર? અને ક્યાં આ પરમદિવસે થએલા રત્નશેખર સૂરિ? છતાં કદાચ કોઈ વધાના બળે તેઓશ્રીએ સિદ્ધશિલા (?) પાસે (સુધી) પહોંચ્યા હોય અને ત્યાં બિરાજેલા વર્ધમાન અને અભયકુમારને પૂછીને તેમણે એ ગ્રંથ બનાવ્યો હોય તો, તે આવા મહાપુરુષો માટે સુસંભવિત છે!!!!! આવા આવા અનેક ગ્રંથો, ગાથાઓ અને હવે તો દોહરાઓ સુદ્ધાં વર્તમાનમાં વર્ધમાનને જ નામે રળી ખાય છે. છતાં આપણે એટલા બધા વર્ધમાનના ભક્ત બન્યા છીએ કે, કોઇની પણ જોડમાં વર્ધમાનનું નામ પડતાં જ વિવેકને પણ કોરે મૂકી હાજી હા ભણી

---

૧. સમવાયાંગ અને નંદી સૂત્રમાં ભગવતીમાં આવતો વિષય જણાવ્યો છે તેમાં વર્ધમાન અને ગૌતમના પ્રશ્નોત્તરોના ઉલ્લેખનો ગંધ પણ નથી.

આપણું પોતાનું જ ફ્રૂડું કરીએ છીએ—આપણા ચરિત-વિભાગની અને આપણા કલ્પિત કથા—વિભાગની સ્થિતિ એટલી બધી ખરાબ છે કે, જો તેનું પૃથક્કરણ ન કરવામાં આવે અને કલ્પિત કથાઓને બુદ્ધની જાતક કથાઓની પેઠે માનુષિક રીતે સંભવતા ઢાળામાં ન ઢાળવામાં આવે તો જતે દહાડે તેને કોઈ સુંઘશે પણ નહિ. હું માનું છું કે, ગ્રહિલ ભક્તિના આવેશે આપણે કેવા કેવા અનર્થો કરીએ ( કરી નાખીએ ) છીએ અને તે જ કારણથી આપણે દેવ, ઇંદ્ર, શક્ર, શતક્રતુ, પુરંદર, મઘવા, મેરૂ અને શચી વિગેરેના મૂળ અને મુખ્ય અર્થો સુધી ન પહોંચતાં તેનાં પૌરાણિક રૂપે આપણા સાહિત્યમાં દાખલ કરી સાહિત્યને કદરૂપું કરીએ છીએ—કરી રહ્યા છીએ અને પૂર્વના કથા-કારોએ પણ એ જ કારણથી આવો વિકાર કરી સાહિત્યને કદરૂપું કરવામાં કચાશ રાખી નથી—તે કથાકારોનો આ એક જ ઉદ્દેશ હતો કે, કથાઓમાં ગમે તે જાતનાં ભયંકર ભયોને અને આડી ઉભી મોટી મોટી ઉધારારૂપ લાલચોને દર્શાવીને લોકોને સન્માર્ગ ઉપર લાવવા. આ ધૂનમાંને ધૂનમાં તેઓએ માત્ર પુરાણોની રીતિને અનુસરી અને સાહિત્ય-શાસ્ત્રની, ધર્મશાસ્ત્રની અને કલ્પનાના વિષયની મર્યાદાનો લોપ થતાં સુધી પણ પાછું વાળી જોયું નહિ. એથી તે-ઓના એ સદુદ્દેશને બદલે વર્તમાનમાં એવું વિચિત્ર પરિ-ણામ આવ્યું છે કે, લોકો રોકડ ધર્મને મૂકીને ઉધાર ધર્મને પંથે ચડી દિવસે દિવસે અધઃસ્થિત થતા જાય છે અને આપણો આ અધઃપાત ક્યાં અટકશે તે પણ કળી

શકાતું નથી. બસ. આથી વધારે આ હકીકતને લંબાવીને આપને કંટાળો આપવાની મારી વૃત્તિ નથી.

હું આગળ જણાવી ગયો છું કે, આપણા કુલગુરૂઓએ પોતપોતાના માંહોમાંહેના કેટલાક મત ભેદો આપણામાં પણ ઘુસાડી દીધા છે અને આપણને પણ તેમના જેવા કલહી બનાવી પોતાનો ગુરૂધર્મ બજાવવાને તેઓ જરા પણ ચૂકયા નથી–હું માનું છું કે, ચૈત્યવાસ થયા પછી સાધુઓના છેવટના ત્રણ ચાર ઉદ્ધારો થયા, છતાં પણ હજુ તેઓ પોતાના મૂળ માર્ગ ઉપર આવી શકયા જણાતા નથી–પરંતુ દિનપ્રતિદિન નિમ્નગાની પેઠે તેઓ નિમ્નપ્રવાહે વહ્યે જાય છે અને કેટલાક ઝઘડાઓને તો વર્ધમાનને નામે ચડાવી આપણને ભરમાવી રહ્યા છે–ચોથના શોખીન ભક્તો (!) કહે છે કે 'વર્ધમાન પોતે કહી ગયા છે કે, મારી પછી અમુક વર્ષે કાલકસૂરિ થશે અને તે, પાંચમની ચોથ કરશે' માટે ચોથને સાચવી રાખી કોઇએ વર્ધમાનની આજ્ઞા લોપવી નહિ. ત્યારે પાંચમના શોખીન ભકતો કહે છે કે, મૂળ તો પાંચમ જ હતી માટે તેને જ પાળવી. આ વિવાદ માટે જો ઇતિહાસને પૂછવામાં આવે તો તે, સ્પષ્ટપણે જાહેર કરે છે કે, આ બાબતમાં જે વર્ધમાનને વચ્ચે લાવવામાં આવે છે તે તદ્દન નિર્મૂળ વાત છે અને એ માત્ર પોતાના પક્ષને મોટાને નામે ચડાવી રળી ખાવાની કળા સિવાય બીજું કશું નથી. વૈદિકોનો ઋષિપંચમીનો તહેવાર જૂનામાં જૂનો છે, તે તહેવારના ઉત્સવ પ્રમાણે જૈનોએ પણ સાધુઓની સ્થાયિસ્થિતિના (ચાતુર્માસિક

(સ્થાતના) આરંભની ચોક્કસ મર્યાદા જણાવવા માટે તેને પર્વ દિવસરૂપે સ્વીકારેલો છે માટે ઇતિહાસ તો રૂઢ પરંપરાની દરકાર ન કરતાં પંચમીના પર્વને સ્વીકારવામાં જ પોતાની પ્રામાણિકતા સમજે છે. વળી બીજું આ છે કે, જે કારણથી પાંચમની ચોથ કરવામાં આવી હતી તે કારણ કાંઈ પ્રત્યેક વર્ષે રહેલું નથી-રહેતું નથી-તેથી મજબૂત કારણ સિવાય પાંચમની પ્રાચીન પરંપરાને લોપવી, તે પણ એક જાતનો મર્યાદા ભંજક આગ્રહ છે. દિગંબરો પણ પોતાના આ પર્વને પાંચમથી શરૂ કરી આજ હકીકતને ટેકો આપે છે. છતાં કદાચ આ યુગના બંધુઓ (સાધુઓ અને શ્રાવકો) આવા સ્પષ્ટ અને સાદા સત્ય તરફ ન વળી શકતા હોય તો લે ભલે, પરંતુ તે માટે કજીયા કરી પોતે વીરના પુત્ર તરીકેનું પોતાનું વીરત્વ ન દર્શાવે એટલું જ બસ છે. આ રીતે અધિક માસનો કલેશ પણ નિર્મૂળ છે અને લૌકિક છે. જ્યારે આપણે લૌકિક પર્વોને સ્વીકારીએ છીએ ત્યારે તેની વ્યવસ્થા પણ તેના આધારે જ કરવી જોઇએ. માટે આ અધિકમાસનો ફડચો પણ લૌકિક રીતીએ શીઘ્ર આવી શકે તેવો હોવા છતાં પણ તેમાં વર્ધમાનનું નામ વગોવી, તેના પ્રવચનને લાંછિત કરી આ આડંબરી લોકો શું કરવા ધારે છે તે જણાતું નથી. આ પ્રકારે શ્વેતાંબર અને દિગંબરમાં જે મૂર્તિપૂજાને લગતો ભીષણ કજીયો ચાલી રહ્યો છે તેનું મૂળ પણ આ બન્ને પક્ષના કુલગુરૂઓ જ છે. મૂર્તિ પૂજાનો ઉદ્દેશ જોતાં આ વાત સંભવતી નથી કે, મૂર્તિને કંદોરો હોવો જ જોઇએ, મૂર્તિને આંખો હોવા

છતાં પણ તેની ઉપર મોટી મોટી ચશ્મા જેવી આંખો ચો-ટાડવી જ જોઇએ કે મૂર્તિને નગ્ન જ રાખવી જોઇએ. મૂર્તિ પૂજકો મૂર્તિના કંદોરા ઉપરથી, મૂર્તિના ચશ્મા ઉપરથી કે મૂર્તિની નગ્નતા ઉપરથી કાંઈ બોધ લેતા હોય તે સંભવતું નથી, તેઓ તો માત્ર મૂર્તિના શાંત મુખ મંડલ ઉપરથી વા તેની યોગિમુદ્રા ઉપરથી એ જાતનો ભાવ પેદા કરે છે કે, આવી શમાવસ્થા એ, આત્માનો મૂળ ગુણ છે અને તેને, આ આકૃતિ જોઇને શી રીતે મેળવવો તેવા પ્રયાસો કરે છે. ન્યાયની દૃષ્ટિએ વિચારતાં એમ જાણી શકાય છે કે, ઉપાસ્યની જે સ્થિતિ આપણને પૂજ્ય હોય, પ્રિય હોય કે સ્મરણીય હોય તે સ્થિતિની જ મૂર્તિ હોય તે વધારે સંગત છે. જો ઉપાસ્યની સંન્યસ્ત સ્થિતિ આપણને પૂજ્ય હોય તો તેની સંન્યાસીની જેવી મૂર્તિ જ આદરણીય હોઇ શકે છે. તેની સ્થિતિને અનુરૂપ મૂર્તિ રાખવા છતાં જો આપણે તેની પાસે વા સામે સંન્યાસીના મઠના જેવું વાતાવરણ ન રાખીએ તો તે ઉપાસ્યની પૂજા નથી પણ મશ્કરી છે—સંસારનો કોઇ ઉચ્ચ સંન્યાસી કપડાં કે ઘરેણાં પહેરતો નથી, માથે લાકડાનો પણ મુકુટ રાખતો નથી, તેને કુંડલ, બાજુ બંધ, કડલીઓ કે કંદોરો હોતો નથી, તેની પાસે ફુલના ઢગલા થતા નથી અને તેના મઠમાં નાટકશાળામાં થાય તેટલા દીવા પણ થતા નથી—માત્ર તેની આસપાસનું વાતાવરણ શાંત અને નિર્મળ હોય છે. છતાં જો આપણે આપણા સંન્યાસીને વિરૂપ સ્થિતિમાં રાખીએ તો તે રીતને તેની મશ્કરી સિવાય હું બીજું કશું માનતો

નથી. કદાચ કોઈ ભાઈ એમ કહે કે, અમારે તે વર્ધમાનની સર્વ અવસ્થાઓ ઉપાસ્ય જ છે, તો તેને હું વિશેષ સુંદર માનું છું. પરંતુ તે પ્રત્યેક અવસ્થાની તદ્દન જુદી જુદી મૂર્તિઓ હોવી જોઈએ. ૧ વર્ધમાનની ક્રીડા અવસ્થાની. ૨ વર્ધમાનની અને યશોદાની ગૃહસ્થાવસ્થાની. ૩ વર્ધમાનની દીક્ષિતાવસ્થાની. ૪ વર્ધમાનની પરમયોગિમુદ્રાની અને ૫ વર્ધમાનની સિદ્ધાવસ્થાની એમ કર્યા સિવાય માત્ર એક યોગિમુદ્રામાં જ બધું કલ્પી શકાય નહિ. એક જ મુદ્રામાં બધી કલ્પના કરનાર માટે તો આકારવાળી મૂર્તિ કરતાં ગોળમટોળ પાષાણ જ પૂરતો છે. અસ્તુ. એવું એક પણ પ્રાચીન પ્રમાણ મળતું નથી કે, જે શ્વેતાંબરની અને દિગંબરની મૂર્તિની ભિન્નતાને સાબીત કરતું હોય. પ્રમાણો તો તેથી પ્રતિકૂળ મળે છે અને તે બધાં, બન્ને પંથની, મૂર્તિની એકતાને સૂચવે છે. જો ઘરથી જ તે બન્ને પંથની મૂર્તિઓ જુદી જુદી હોત તો શ્વેતાંબરો અને દિગંબરો માટે એક જ તીર્થ ઉપર આવીને એક જ મૂર્તિના સ્નાત્રાદિ વિધિ વિધાન કરવાના જે ઉલ્લેખો મળે છે તે શી રીતે મળી શકત?–શ્વેતાંબર સંઘવી પેથડનો સંઘ અને દિગંબર સંઘવી પૂનજી (પૂર્ણ) અગરવાલનો સંઘ; એ બન્ને ગિરનાર ઉપર એક સાથે ચડયા હતા અને બન્ને સંઘના લોકોએ શ્રી નેમિનાથનું સ્નાત્ર વિગેરે ઘણા હર્ષથી કર્યું હતું–જુઓ સુકૃત સાગર પૃ૦ ૩૯–શ્લો૦ ૨૧–૨૨. જો એ બન્ને સંઘો એક સરખી જ મૂર્તિને ન માનતા હોય તો એક જ મૂર્તિ–નેમિનાથ–નું સ્નાત્રાદિ શી રીતે કરે? વસ્તુપાળના

સંઘમાં ૨૦૦૦ શ્વેતાંબર તપોધનો અને ૧૧૦૦ દિગંબર ભટ્ટારકો ગયા હતા, તેઓને રસ્તામાં દેવદર્શન માટે મંદિરોની જરૂર પડે એ સંભવતી વાત છે. પરંતુ વસ્તુપાળે પોતાની સંઘ સામગ્રીમાં એકે દિગંબર પ્રતિમા લીધી હોય તેવો ઉલ્લેખ મળતો નથી માટે એમ કલ્પી શકાય છે કે, જે મંદિરો વસ્તુપાળે સાથે લીધાં હતાં તે દ્વારા જ તે ભટ્ટારકો પણ જિનદર્શન કરતા હતા. આથી એમ પણ સાબીત કરી શકાય છે કે, વસ્તુપાળે સાથે લીધેલી પ્રતિમાઓ અને મંદિરો બન્નેને (શ્વેતાંબર ગુરૂઓને અને દિગંબર ભટ્ટાકારોને) માન્ય અને પૂજ્ય હોવાં જોઇએ. જો શ્વેતાંબર દિગંબરોનું મૂર્તિસામ્ય ન હોય તો શ્વેતાંબર વસ્તુપાળના સંઘમાં દિગંબર ભટ્ટારકોની સ્થિતિ શી રીતે પોસાય?—જુઓ ઉપદેશ તરંગિણી પૃ૦ ૨૪૭. આ સંબંધે શ્રીધર્મસાગરજી પોતાના પ્રવચનપરીક્ષા નામના ગ્રંથમાં નીચે પ્રમાણે જણાવે છેઃ—

अथ दिगम्बरैः सह संभावितभाविविवादभञ्जनाय संघेन यत् कृतं तदाह—

मा पडिमाण विवाओ होहि त्ति विचिंतिऊण सिरिसंघो ।
कासी पल्लवचिंधं नवाण पडिमाण पयमूले ॥ ६७ ॥
तं सोऊणं रुट्ठो दुट्ठे खमणो वि कासि नगिणत्तं ।
निअपडिमाणं जिणवरविगोवणं सो विगयसन्नो ॥ ६८ ॥
तेणं संपइपमुहप्पडिमाणं पल्लवंकणं नत्थि ।
अत्थि पुण संपईणप्पडिमाणं विवायकालाओ ॥ ६९ ॥

पुव्विं जिणपडिमाणं नगिणत्तं नेव न वि पल्लवओ ।
तेणं नाऽऽगारेणं भेओ उभएसिं संभूओ ॥७०॥

प्रतिमासंबन्धी कलहो मा भूद् इत्यमुना प्रकारेण विचिन्त्य पर्यालोच्य, श्रीसंघो नवीनप्रतिमानां अद्यप्रभृति निर्मीयमाणानां जिनप्रतिमानां पदमूले पादसमीपे पल्लवचिह्नं वस्त्रपट्टलिकालक्षणं लाञ्छनमकार्षीत्—कृतवान् ॥६७॥ अथ श्री-संघकृत्यमधिगत्य दिगम्बरो यद् व्यधात् तदाह—तत् श्रीजिनेन्द्र प्रतिमानां पदमूले श्रीसंघकृतं पल्लवचिह्नं ज्ञात्वा दुष्टक्षपणको रुष्टः क्रोधाविष्टः सन् × निजानां स्वायत्तानां जिनप्रतिमानां नग्नत्वं दृश्यमानलिङ्गाद्यवयवत्वमकार्षीत्—अयं भावः-अहो ! अस्मन्निश्रितप्रतिमाकारतो भिन्नताकरणाय यदि श्रीसंघेन पल्लवचिह्नमकारि, करिष्यामस्तर्हि वयमपि श्वेताम्बरप्रतिमातो भिन्नत्वकरणाय किंचिच् चिह्नमिति विचिन्त्य मत्सरभावेन जिनप्रतिमानां नग्नत्वं विहितम् । श्वेताम्बरेण स्वयं वस्त्रधारित्वाद् वस्त्रचिह्नं कृतम्, दिगम्बरेण स्वयं नग्नत्वात् नग्नत्वमेव ॥ ६८ ॥ अथ मुग्धजनप्रत्यायनाय तच्चिह्नमाह—येन कारणेन विवादे समुत्पन्ने पल्लवचिह्नं प्रतिमासु संवृत्तं तेनैव कारणेन संप्रतिप्रमुखप्रतिमानां विवादात् पूर्वकालभाविनीनां त्रिखण्डाधिपतिसंप्रतिनृपप्रभृतिनिर्मापितानां जीर्णप्रतिमानां पल्लवाङ्कनं अञ्चलचिह्नं नास्ति न विद्यते, अस्ति विद्यते पुनः सांप्रतीनप्रतिमानां आधुनिकजिनप्रतिमानां पल्लवचिह्नमिति सांप्रतीनं

तत् × उज्जयन्तगिरिमाश्रित्य दिगम्बरैः सह विवादकालात् ॥ ६९ ॥ अथ विवादकालात् पूर्वं किमासीत् ? तदाह–पूर्वं विवादात् पूर्वकालं जिनप्रतिमानां नैव नग्नत्वं, नाऽपि च पल्लवकोऽञ्चलचिह्नम्, तेन कारणेन जिनप्रतिमानां उभयेषां श्वेताम्बर–दिगम्बराणां भेदो भिन्नत्वं न संभूतो नासीत्–सदृश आकार आसीत् ॥ ७० ॥ ”

( प्रवचनपरीक्षा–लि० पा० ३७–३८ )

“ કહેવાય છે કે, ગિરનાર પર્વત કોની માલિકીનો છે તે માટે શ્વેતાંબર અને દિગંબરો વચ્ચે એકવાર કલહ થયો હતો. તે પર્વત ઉપર મંદિરો અને મૂર્તિઓ બધી સમાનાકાર હોવાથી તે દ્વારા પર્વતની માલિકી કોની છે તે વિષે નિર્ણય થવો અશક્ય હતો. યાત્રા અને પૂજા માટે બન્ને સંપ્રદાયના લોકો તે પર્વત ઉપર ઘણા સમયથી આવતા જતા હોવાથી, પર્વતનું સ્વામિત્વ કયા સંપ્રદાયનું છે, તે શીઘ્ર કહી શકાય તેમ ન હતું, આ દુર્ગમ નિર્ણય માટે શ્વેતાંબરોના કાયોત્સર્ગના પ્રભાવે શાસન દેવી પ્રકટ થઈ અને તેણે ફેસલો કર્યો ? કે, આ તીર્થનું સ્વામિત્વ શ્વેતાંબરોનું છે. અત્યાર સુધી બન્ને સંપ્રદાયની મૂર્તિનો ઘાટ અને પૂજાનો પ્રકાર એક સરખો હોવાથી હવે પછી પણ એવો કલહ થવાનો ભય હતો તેથી શ્રી સંઘે ( શ્વેતાંબર સંઘે ) ત્યાર પછી બનાવવામાં આવતી પ્રત્યેક જિનપ્રતિમાના પગ પાસે વસ્ત્રની પાટલીનું નિશાન કર્યું–કરાવ્યું–હતું. આ જોઇને એ જ સમયથી દિગંબરોએ

પણ પોતાના તાબાની પ્રત્યેક પ્રતિમાઓને નગ્નતાનું એંધાણ કર્યું હતું-[1]શ્વેતાંબરો પોતે વસ્ત્રધારી હોવાથી તેઓએ પ્રતિમાઓને પણ વસ્ત્રધારી બનાવી હતી અને દિગંબરો પોતે નગ્નતાના હિમાયતી હોવાથી તેઓએ પોતાની પ્રતિમાઓને નગ્ન રાખી હતી. વસ્ત્રનું અને નગ્નતાનું એંધાણ વિવાદ થયો એ સમયથી શરૂ થયું હતું, તે પણ માત્ર વિવાદ શમાવવા માટે જ કરવામાં આવ્યું હતું. પરંતુ તે સમય પહેલાની પ્રતિમાઓમાં કોઇ જાતનું વિશિષ્ટ નિશાન ન હતું એથી જ જે પ્રતિમાઓ રાજા સંપ્રતિએ ભરાવેલી કહેવાય છે, તેમાં ક્યાંય એ જાતનું નિશાન મળતું નથી અને જે પ્રતિમાઓ તે વિવાદ સમય પછીની છે-અર્વાચીન છે, તેમાં એ બન્ને નિશાનો મળી આવે છે અર્થાત્ વિવાદ સમય પહેલાં જિનપ્રતિમાઓનું નગ્નત્વ ન હતું, તેમ વસ્ત્રધારિત્વ પણ ન હતું. તેથી એ બન્ને સંપ્રદાયની જિનપ્રતિમાઓનો આકાર એક સરખો હતો-તેમાં ક્યાંય કશો ભેદ ન હતો. ”

શ્રી ધર્મસાગરજીએ એ વિવાદના સમયનો ઉલ્લેખ કર્યો નથી, તો પણ ઉપદેશતરંગિણીમાં આવેલા ૨૪૮-૨૪૯ મા પાના ઉપરના ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટપણે જાણી શકાય છે કે, તે વિવાદ, જૂનાગઢના રાજા ખેંગારના રાજ્યકાળમાં આમ રાજાના ગુરૂ બપ્પભટ્ટિ સૂરિને સમયે થયો હતો, જે

---

૧ વર્ધમાન અત્યારે હયાત હોત તો તેને શ્વેતાંબરો વસ્ત્ર પહેરાવત અને દિગંબરો નગ્ન રહેવાનો હઠ કરત. પરંતુ સદ્ભાગ્યે તે મહાપુરૂષનું નિર્વાણ થયું છે, તે જ ઠીક થયું છે.

સમય, વિક્રમના નવમા સૈકાના પ્રારંભનો હતો. ઉપર જણાવેલા અનેક પ્રમાણોથી સ્પષ્ટ થાય છે કે, મૂર્તિઓની નગ્નતા અને વસ્ત્રધારિતા પાછળથી જ બનાવવામાં આવી છે, આપણા બન્ને સંપ્રદાયમાં નવમા સૈકાની શરૂઆતમાં જ તે ભેદ દાખલ થયો છે. ત્યાર પહેલાં આપણા બન્ને ભાઈઓની મૂર્તિ અને મૂર્તિપૂજા એક સરખાં જ હતાં, એવાં પ્રમાણોનો હવે ટોટો રહ્યો નથી. આવી વાસ્તવિક સ્થિતિ છતાં વર્તમાનમાં જ આપણે મૂર્તિઓ અને તીર્થો માટે પરસ્પર ઝેર વરસાવી રહ્યા છીએ, તેનું કારણ મને તો આપણા બન્નેના વડિલોના કદાગ્રહ સિવાય બીજું કશું જણાતું નથી. હું સાંભળું છું તે રીતે જો શ્વેતાંબરો અને દિગંબરો મૂર્તિપૂજા કરતા હોય તો મારા મત પ્રમાણે તેવી મૂર્તિપૂજા ન કરવામાં જ આપણું આત્મકલ્યાણ છે. મક્ષીજીમાં (?) શ્વેતાંબરો અને દિગંબરોને પૂજા કરવાનો સમય અંગ્રેજ બહાદુરે નિયત ઠરાવેલો છે—શ્વેતાંબરોની પૂજા થઈ રહ્યા પછી દિગંબર ભાઈઓ પધારે છે અને તેઓ મૂર્તિને ચોડેલાં ચક્ષુઓ તથા શ્વેતાંબરોએ કરેલી પૂજાને રદ કરે છે ત્યાર બાદ ઇંદ્રપૂજ્ય થવાની આશામાં મલકાતા આપણા શ્વેતાંબર ભાઈઓનો પૂજાનો વારો આવતાં તેઓ, તે મૂર્તિ ઉપર ફરીવાર ચક્ષુ અને ટીલાં વિગેરે ચોટાડે છે, આ જાતનો વિધિ કર્યા પછી જ તે બન્ને બંધુઓ, પોત પોતાની પૂજાને પૂજારૂપે માને છે. પણ હું તો આ રીતને તીર્થંકરની મશ્કરી આશાતના—સિવાય બીજું કશું માનતો નથી. આ તો સંસારમાં બે બાઈડી વાળા ભદ્ર પુરૂષની જે

સ્થિતિ થાય છે તે જ સ્થિતિએ આપણે આપણા વીતરાગ દેવને પહોંચાડયા છે—કેવી આપણી પ્રભુ ભક્તિ !!! કે, જેને કોઈ કાળે ઇંદ્રા પણ કરી શકતા નથી. હું તો માનું છું કે, જો એ મૂર્તિમાં ચૈતન્ય હોત તો એ આપો આપ આસીમની અદાલતમાં જઇને તેની આ વર્તમાન સ્થિતિમાંથી છૂટા થવાની અપીલ કર્યા સિવાય રહેત નહિ. આ મૂર્તિપૂજા નહિ, પણ તેનું પૈશાચિકસ્વરૂપ છે અને તીર્થને લગતો કલેશ પણ મૂર્તિપૂજાનું રાક્ષસી સ્વરૂપ છે.

## આગમ–વાચનવાદ.

હવે હું મારા છેલ્લા મુદ્દાને ચર્ચીને આ નિબંધ, જે ધાર્યો કરતાં વધારે લાંબો થઈ ગયો છે, તેને આટોપી લઇશ. છેલ્લો મુદ્દો આગમ–વાચન વાદનો છે. તે માટે મારે અહીં જે જણાવવાનું છે તે આ પ્રમાણે છે:—સાધુઓ આપણને જણાવે છે કે, સૂત્રો વાંચવાનો તમારો હક્ક નથી. તમે તો માત્ર તેને સાંભળી જ શકો અને તે પણ અમારી પાસેથી જ. વાંચકો, આપ જોઇ શકો છો કે, ૨૦મી સદીના આ નિર્ગ્રંથ (?) મહાતમાઓની કેટલી બધી શેઠાઈ અને શેખી છે. તેઓ આ બાબત કાંઈ આજથી જ કહેતા નથી, આ વિષે હું આપની આગળ હરિભદ્રના શબ્દોમાં જણાવી ગયો છું કે, "[1]ચૈત્ય વાસિઓમાંના કેટલાકે, તે વખતે એમ જણાવ્યું હતું કે, શ્રાવકોની પાસે સૂક્ષ્મ વિ-

---

१ " केइ भणंति उ भण्णइ सुहुमवियारो न सावगाण पुरो " संबोध प्र. पृ० १३ श्लो० २६

ચારો ન કહેવા જોઈએ " અર્થાત્ જેમ બ્રાહ્મણોએ વેદનો અધિકાર પોતા માટે જ રાખી બીજાઓને તેના અનધિકારી ઠરાવી પોતાની સત્તા જમાવી હતી, તેમ આ ચૈત્યવાસિઓએ પણ આગમોને વાંચવાનો અધિકાર પોતા માટે જ રાખ્યો હતો અને શ્રાવકોને તેના અનધિકારી ઠરાવ્યા હતા. જો તેઓ શ્રાવકોને પણ વાંચવાની છૂટ આપે તો અંગગ્રંથોને વાંચીને જે ધન તેઓ ઉપાર્જવા ઇચ્છતા હતા તે શી રીતે બનત? તથા અંગગ્રંથોના અભ્યાસી શ્રાવકો તેઓનો દુષ્ટાચાર જોઈને શી રીતે માન આપત? આ પ્રકારે શ્રાવકોને આગમો વાંચવાની છુટ આપતાં પોતાના જ પેટ ઉપર પાટુ આવતી હોવાથી અને પોતાની બધી પોલ ખુલ્લી થતી હોવાથી એવો કોણ નિખાલસ હોય કે, જે, તે બધો પોતાનો લાભ જતો કરે. ઉપરના હરિભદ્રના ઉલ્લેખ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે, શ્રાવકોને આગમો નહિ વાંચવા દેવાનું મૂળ બી આ ચૈત્યવાસિઓએ જ વાવ્યું છે અને તે અત્યાર સુધી તે જ જાતનું સડેલું પાણી પી પીને એવડું મોટું થઇ ગયું છે કે, હવે તેનો છેદ કર્યા સિવાય આપણો છુટકો જ નથી. મારે આ છેવટના મુદ્દાને જૂદી જુદી બે દૃષ્ટિએ વિચારવાનો છે—એક તો ભાષા દૃષ્ટિએ અને બીજી શાસ્ત્ર દૃષ્ટિએ. વૈદિકો તરફથી આપણા ઉપર એવો આક્ષેપ મૂકવામાં આવે છે કે, સંસ્કૃત જેવી પ્રૌઢ ભાષાને મૂકીને જૈનોએ જે પોતાના મૂળ ગ્રંથો પ્રાકૃતમાં લખ્યા છે. તેનું કારણ, તેઓની સંસ્કૃતની અનભિજ્ઞતા હોવી જોઈએ. પણ એ આરોપની નિર્મૂળતા બતાવતાં આપણા મહર્ષિઓ જણાવે છે કેઃ—

"[2]बाल-स्त्री-वृद्ध-मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।
उच्चारणाय तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः" ॥
(तत्त्व निर्णय प्रासाद-पृ० ४१३)

આ શ્લોક ઉપરથી આ વાત સ્પષ્ટ થાય છે કે, બાળક, સ્ત્રી, વૃદ્ધ અને મૂર્ખ અર્થાત્ આબાળગોપાળ બધા લોકો વિના પ્રયાસે જ વર્ધમાનના પ્રવચનનો ઉચ્ચાર કરી શકે–સારી રીતે સમજી શકે માટે જ તેને પ્રાકૃત જેવી સર્વદેશીય, સરલ અને મધુર ભાષામાં સાંકળવામાં આવ્યું છે. જો તે પ્રવચનને વાંચવાનો અધિકાર સાધુ-ઓને જ હોત તો તે ઋષિઓને આ શ્લોક લખવાની શી જરૂર હતી ?

પ્રભાવક ચરિત્રમાં કહ્યું છે કે, "ચૌદે [3]પૂર્વો સંસ્કૃ-તમાં હતાં, તે કાળબળે ઉચ્છિન્ન થયાં છે, હમણાં સુધર્મ-સ્વામિભાષિત એકાદશાંગ સૂત્ર છે, જેને, તેમણે બાલ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ વિગેરેને પણ તેનો લાભ મળે એવી અનુગ્રહવતી બુદ્ધિથી પ્રાકૃતમાં રચ્યાં છે"

---

૨ "बाल-स्त्री मूढ-मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् । अनुग्रहार्थं सर्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः" दशवैकालिक टीका तथा धर्मबिंदु वृत्ति. ॥

३ चतुर्दशाऽपि पूर्वाणि संस्कृतानि पुराऽभवन् ॥११४॥
प्रज्ञातिशयसाध्यानि तान्युच्छिन्नानि कालतः ।
अधुनैकादशाङ्ग्यस्ति सुधर्मस्वामि भाषिता ॥११५॥

આ જ હકીકતને નીચેની ગાથા પણ પુષ્ટ કરે છેઃ—

यत उक्तमागमे—

मुत्तूंण दिट्ठिवायं कालिय–उक्कालियंगसिद्धंतं ।
थी–बाल–वायणत्थं पाइयमुइयं जिणवरेहिं ॥

( तत्त्वनिर्णयप्रासाद–पृ० ४१२ )

આ ગાથામાં તો ' સ્ત્રી અને બાલકને વાંચવા માટે અંગોને–આગમોને–પ્રાકૃત ભાષામાં ઢાળવામાં આવ્યાં છે ' એવો સર્વથી સ્પષ્ટ ઉલ્લેખ છે. વળી વિશેષાવશ્યક અને તેની મલધારિની ટીકામાં પણ નીચે પ્રમાણેનો સ્પષ્ટ ઉલ્લેખ છે, જેમાં સ્પષ્ટપણે ' શ્રાવકોનો ' પણ નિર્દેશ કરેલો છેઃ—

" तेषु च निश्शेषमपि वाङ्मयमवतरति । अतश्चतुर्दश-पूर्वात्मकं द्वादशमेवाङ्गमस्तु, किं शेषाङ्गविरचनेन, अङ्गबाह्यश्रुत-रचनेन वा ? × × × तत्र यद्यपि दृष्टिवादे सर्वस्याऽपि वाङ्-मयस्याऽवतारोऽस्ति, तथापि दुर्मेधसां तदवधारणाद्ययोग्यानां मन्दमतीनां, तथा श्रावकादीनां स्त्रीणां चानुग्रहाय निर्यूहणा विरचना शेषश्रुतस्येति–(विशेषा० पृ० २९८–२९९, गा.५५१)

અર્થાત્ જો બધાં અંગોનો સાર બારમા અંગમાં-દૃષ્ટિવાદમાં આવી જતો હોય તો પછી તે અંગોને જુદાં રચવાની શી જરૂર છે ? આ પ્રશ્નના સમાધાનમાં શ્રી જિનભદ્રજીએ જ-

---

बाल–स्त्री–मूढ–मूर्खादिजनानुग्रहणाय सः ।
प्राकृतां तामिहाऽकार्षीत् × × × ॥११६॥ ( पृ० ९९ )

ણાવ્યું છે કે [1]જો કે, દૃષ્ટિવાદમાં બધું વાઙ્.મય સમાઈ જાય છે તો પણ જે લોકો દુર્મેધસ છે તેને માટે અને સ્ત્રીઓને માટે એ બધું શ્રુત રચાયું છે." જિનભદ્રજીની એ ગાથાની ઉપર જણાવેલી ટીકામાં જણાવ્યું છે કે—"દુર્મેધસ એટલે જેઓ દૃષ્ટિવાદને સમજવા જેટલી મેધાવાળા નથી તેઓ માટે તથા શ્રાવકાદિ (શ્રાવક વિગેરે) માટે અને સ્ત્રીઓ માટે બાકીનું શ્રત (અંગશ્રુત કે બીજું શ્રુત) રચાયું છે." ઉપર જણાવેલાં એક કરતાં અધિક પુષ્ટ પ્રમાણોથી એ વાત સ્પષ્ટ થાય છે કે આગમોની ભાષા પ્રાકૃત, એટલા માટે જ રાખવામાં આવી છે કે, તે દ્વારા આબાળગોપાળ વિના પ્રયાસે તેને વાંચી શકે, ઉચ્ચારી શકે અને સમજી શકે. આ રીતે આપણે ભાષાદૃષ્ટિએ, તે પણ આગમપ્રમાણપૂર્વક આપણો આગમ વાંચવાનો અધિકાર સાબીત કરી શકીએ છીએ. તેમ નરી શાસ્ત્રીય દૃષ્ટિ પણ આપણા એ જ હક્કને પુષ્ટિ આપે છે. એ વિષે મારૂં એ કહેવાનું છે કે, જો શ્રાવકોને આગમ વાંચવાનો અધિકાર ન હોત તો તે વિષેનો નિષેધાત્મક ઉલ્લેખ કોઈ સૂત્ર-અંગ-ગ્રંથોમાં કેમ મળી આવતો નથી?—આચારાંગ સૂત્રમાં સાધુઓના અનેક જાતના આચારો વિહિત કર્યા છે, તેમાં ક્યાંય "ભિક્ષુએ કે ભિક્ષુણીએ શ્રાવકોને આગમો વંચાવવા નહિ" એવા ઉલ્લેખ કેમ જડતો નથી? કદાચ કોઈ

---

१. जइ विय भूयावाए सव्वस्स वओमयस्स ओआरो।
निज्जूहणा तहावि हु दुम्मेहे पप्प इत्थीय ॥ ५५१ ॥

એમ કહે કે, સૂત્ર ગ્રંથોમાં શ્રાવકોને લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પૃષ્ટાર્થ અને વિનિશ્ચિતાર્થ કહીને સંબોધ્યા છે, તેથી તેઓ માત્ર અર્થના જ અધિકારી હોઇ શકે છે, પણ સૂત્રના અધિકારી હોઈ શકતા નથી. આ સંબંધે હું કાંઈ જણાવું તે કરતાં હરિભદ્રસૂરિનું કથન વિશેષ ન્યાયોપેત ગણાશે. જ્યારે ચૈત્યવાસિઓએ કહ્યું કે, 'શ્રાવકોની સામે સૂક્ષ્મવિચાર ભણવો–કહેવો નહિ' તે વાતની અયુક્તતા સાબીત કરતાં તેમણે પોતાના સંબોધપ્રકરણના પૃ૦ ૧૩ માં જણાવ્યું છે કે—

"तं न, जओ अंगाइसु सुव्वइ तव्वन्नणा एवं ॥ २६ ॥
लद्धट्ठा, गहियट्ठा, पुच्छियट्ठा विणिच्छियट्ठा य ।
अहिगयजीयाजीवा अचालणिज्जा पवयणाओ" ॥ २७ ॥

અર્થાત્ ચૈત્યવાસિઓનું ઉપરનું કથન અયુક્ત છે, કારણ કે અંગસૂત્રોમાં શ્રાવકોને લબ્ધાર્થ, ગૃહીતાર્થ પૃષ્ટાર્થ, વિનિશ્ચિતાર્થ, જીવાજીવના જાણકાર અને પ્રવચનથી અચાલનીય રૂપે વર્ણવ્યા છે તેથી તેઓ સૂક્ષ્મ વિચારોને જાણવાના પણ અધિકારી છે. જે વિશેષણો દ્વારા શ્રીહરિભદ્રજી શ્રાવકોને સૂક્ષ્મ વિચારોને પણ જાણવાના અધિકારી ઠરાવે છે તેજ વિશેષણો દ્વારા આપણા ગુરૂઓ આપણને સૂત્ર (વાચન) ના અનધિકારી ઠરાવે છે, જે સૂત્રોમાં તદ્દન સાદી અને સરલ વાતો વર્ણીએલી છે–સૂત્રોમાં એવો વિષય ભાગ્યે જ આવે છે જે ગુહ્ય, સૂક્ષ્મ કે ગોપ્ય હોય. આ સંબંધે હું આગળ જણાવી ગયો છું કે જ્યારે આ સંબોધનો (વિશેષણો)

શ્રાવકોને અપાયાં હતાં ત્યારે સૂત્રગ્રંથો લિપિબદ્ધ થયા ન હતા, એથી શ્રાવકો એ અરણ્યવાસી શ્રમણો પાસે જઈને વીરનું પ્રવચન સાંભળતા હતા અને તે સાંભળેલા પ્રવચનને પોતાના નામની પેઠે કંઠસ્થ રાખતા હતા—સાધુઓ પણ એમ જ કરતા હતા. સમવાયાંગસૂત્રમાં ઉપાસકદશાંગ સૂત્રના વિષયનો ઉલ્લેખ કરતાં ઉપાસકોના શ્રુતપરિગ્રહો-શ્રુતાભ્યાસેઃ—પણ વર્ણવાયા છે—ઉપાસકોના તે શ્રુતપરિગ્રહો આ વાતને સ્પષ્ટ કરે છે કે, શ્રાવકો વર્ધમાનના પ્રવચનને કંઠસ્થ રાખતા હતા, જો તેઓને તેમ કરવાને અધિકારી ન ગણવામાં આવતા હોત તો તે સમયે એવું બીજું કયું શ્રુત હતું કે, જેનો તેઓ સ્વીકાર કરે તેમ હતા. સૂત્રમાં ‘ કોઇ શ્રાવક બાર અંગોને ભણ્યો હોય ’ એવો ઉલ્લેખ પણ મળતો નથી. પરંતુ તેથી કાંઈ તેઓ તેના અનધિકારી ઠરી શકતા નથી. કારણ કે, શ્રાવકો જેટલું શ્રુત પોતાને ઉપયોગી હોય તેટલું જ ભણતા હોય, એથી કદાચ તેઓને પૂરાં અગ્યાર કે બાર અંગો શીખવાની જરૂર ન લાગી હોય અને સાધુઓનો તો સ્વાધ્યાય એ જ વ્યવસાય હોવાથી તેઓ અગ્યાર કે બાર અંગોને શીખે એમાં નવાઇ જેવું નથી. સૂત્રોમાં જ્યાં જ્યાં સ્વપ્નપાઠકોનું વર્ણન આવે છે ત્યાં બધે ઠેકાણે તેઓને “ गहियट्ठा, लद्धट्ठा, पुच्छिअट्ठा ” વિગેરે આ જ સંબોધનોથી સંબોધ્યા છે, જો આપણા કુલગુરૂઓ જણાવે છે તેમ એ સંબોધનોનો અર્થ હોય અને તેમાં વાંચવાના ભાવનો ગંધ પણ ન લાગતો હોય તો એ વિશેષણોથી શ્રાવકોની પેઠે તે સ્વપ્નપાઠકો પણ માત્ર સ્વપ્નશા-

અને સાંભળી સાંભળીને શીખ્યા હોવા જોઇએ, પણ વાંચી વાંચીને વા ભણી ભણીને નહિ. હું નથી ધારતો કે કોઇ મનીષી મનુષ્ય સ્વમશાસ્ત્રિઓ માટે એમ કહે કે, તેઓ માત્ર અર્થને સાંભળીને જ શાસ્ત્રી થયા છે, પણ ભણીને કે વાંચીને નહિ. વળી, અર્થને મેળવવાની રીત કાંઇ એક જ નથી કે, સાંભળીને જ અર્થ મેળવાય. વાંચવાથી પણ અર્થ મેળવી શકાય છે એથી ઉપર જણાવેલાં 'गहियट्ठा' વિગેરે વિશેષણો વાંચનારને પણ લાગી શકે છે માટે એ સંબોધનો દ્વારા શ્રાવકો સૂત્રના અનધિકારી ઠરી શકતા નથી. એ તો સૂત્રો વાંચીને પૈસા મેળવનારા ચૈત્યવાસિઓએ જ તેઓને સૂત્રના અનધિકારી ઠરાવ્યા હતા અને ત્યારથી જ આ ભદ્ર શ્રાવકો અત્યાર સુધી પરતંત્રતાની બેડીમાં રહી રહીને ગોંધાયા કરે છે—રોજ ત્રણ ખમાસમણા દઇ દઇને પોતાના સ્વામિઓને (?) સુખશાતા પૂછયા કરે છે, પરંતુ તેનું પરિણામ પરતંત્રતાના વધારા સિવાય બીજું કશું નથી. કેટલાક કહે છે કે, સાધુઓને પણ અમુક અમુક વર્ષનો પર્યાય થયા પછી જ અમુક અમુક સૂત્ર દેવાય છે, તો એમાં શ્રાવકોનો અધિકાર કયાં રહ્યો. આ વાત માટે તેઓ નીચેનો પાઠ રજુ કરે છેઃ—

" [1]ત્રણ વર્ષના પર્યાય વાળા સાધુને આચારપ્રકલ્પ નામનું અધ્યયન શીખવવું, ચાર વર્ષના પર્યાય વાળાને સૂત્રકૃતાંગ શીખવવું, પાંચ (છ અને સાત ?) વર્ષના પર્યાય વાળાને અનુક્રમે દશા(ઉપાસકદશા અન્તકૃદ્દશા અને અનુત્તરૌ-

---

૧. જૂઓ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની ટીકાનો આરંભ.

પ્રાભૃતિક દશા ?), કલ્પ અને વ્યવહાર શીખવવા, આઠ અને નવ વર્ષના પર્યાયવાળાને અનુક્રમે સ્થાનાંગ અને સમવાયાંગ શીખવવાં, દશ વર્ષના પર્યાયવાળાને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ( ભગવતી ) શીખવવી, અગ્યાર વર્ષના પર્યાય વાળાને ખુડ્ડિયવિમાણુ વિગેરે પાંચ અધ્યયન શીખવવાં, બાર વર્ષના પર્યાયિને અરૂણોપપાત વિગેરે પાંચ અધ્યયન શીખવવાં, તેર વર્ષના પર્યાયિને ઉત્થાનશ્રુતાદિ ચાર અધ્યયન શીખવવાં, ચૌદ વર્ષના પર્યાયિને આશીવિષભાવના શીખવવી, પન્નર વર્ષના પર્યાયિને દૃષ્ટિવિષભાવના શીખવવી સોળ, સત્તર અને અઢાર વર્ષના પર્યાયિને અનુક્રમે ચારણુભાવના, સ્વપ્નભાવના અને તેજોનિસર્ગ શીખવવા. ૧૯ વર્ષના પર્યાયિને દૃષ્ટિવાદ શીખવવો અને એ રીતે પૂરા વીશ વર્ષના પર્યાયિને સર્વ શ્રુતાનુપાતી સમજવો ”

મારા મત પ્રમાણે તો આ પર્યાયવાદનું વિધાન પણ ચૈત્યવાસિઓના સમયનું છે. કારણ કે, મેં જે કેટલાક શ્રમણોનાં ચરિત્રો સૂત્રગ્રંથોમાં વાંચ્યાં છે તેમાં તેઓએ આ ક્રમને સાચવ્યો જાણ્યો નથી. નીચે આપેલા કોઠા ઉપરથી આપ સૌ આ હકીકતને સ્પષ્ટ પણે સમજી શકો તેમ છેઃ—

| મુનિ— | દીક્ષાપર્યાય— | શ્રુતજ્ઞાન— | કયા સૂત્રમાં— |
|---|---|---|---|
| મહાબલ. | ૧૨ વર્ષ. | સામાયિકાદિ ચૌદ પૂર્વ. | ભગવતી સૂત્ર પૃ૦ ૯૬૭-૯૬૮ બા૦ |
| સુદર્શન. | ૧૨ વર્ષ. | ,, | ,, પૃ૦ ૯૬૯ ,, |
| કાર્તિક. | ૧૨ વર્ષ. | ,, | ,, પૃ૦ ૧૩૮૧ ,, |
| સુદર્શન. | ૫ વર્ષ. | એકાદશાંગ | અંતકૃદ્દશા સ૦ પૃ૦ ૨૩ |

| | | | | |
|---|---|---|---|---|
| પૂર્ણભદ્ર. | ૫ વર્ષ | ,, | ,, | ,, |
| કાલી આર્યા | ૮ વર્ષ. | ,, | ,, | પૃ૦ ૨૫–૩૦ |
| સુકાલી આર્યા | ૯ વર્ષ. | ,, | ,, | ,, |
| મહાકાલી | ,, | ,, | ,, | ,, |
| કૃષ્ણા | ૮ વર્ષ | ,, | ,, | ,, |
| સુકૃષ્ણા | ૮ વર્ષ | ,, | ,, | ,, |
| મહાકૃષ્ણા | ,, | ,, | ,, | ,, |
| વીરકૃષ્ણા | ,, | ,, | ,, | ,, |
| રામકૃષ્ણા | ,, | ,, | ,, | ,, |
| ધન્ય | ૯ માસ | એકાદશાંગ | અનુત્તરૌપપાતિકદશા | સ૦ પૃ૦ ૪ |
| વેહુલ્લક | ૬ માસ | એકાદશાંગ | ,, | સ૦ પૃ૦ ૮ |

આ ઉપરથી આપ સમજી શક્યા હશો કે, પર્યાયના ક્રમ પ્રમાણે જ સૂત્રના દાનનું વિધાન પણ અર્વાચીન છે અને તે પદ્ધતિ તથા કઠીન તપરૂપ ઉપધાનોની પદ્ધતિ પણ એ ચૈત્યવાસિઓને પાછા પાડવા માટે જ રચાએલી છે–એનો આદિ સમય પણ ત્યારથી જ છે–જો એ બન્ને રીતો પ્રાચીન હોત અને વિધિ–વિહિત હોત તો સૂત્ર ગ્રંથોમાં તેનો ઉલ્લેખ શા માટે ન મળત ? અને સૂત્રમાં વર્ણવાએલા આદર્શ શ્રમણો એ રીતને શા માટે ન અનુસરત ? ઉપર જણાવેલો સૂત્રદાન માટેનો પર્યાયક્રમ સૂત્રોમાં આવેલા સાધુઓએ સાચવેલો નથી તેથી તે અર્વાચીન છે અને અવિહિત છે તે રીતે સૂત્રમાં આવેલા સાધુઓ ઉપધાન (યોગોદ્વહન) કરીને જ સૂત્રો ભણ્યા હોય એવો પણ ઉલ્લેખ મળતો નથી,

તેથી તે પ્રકાર પણ અર્વાચીન અને અવિહિત છે. જ્યાં જ્યાં સાધુઓના સૂત્રાભ્યાસના ઉલ્લેખો મળે છે, ત્યાં કોઈ પણ ઠેકાણે તેઓએ સૂત્રો ભણવા પહેલાં યોગોદ્વહન કર્યું હોય, એવી છાંટ પણ આવતી નથી. હું તો માનું છું કે, જે શ્રમણો નિરંતર યોગનિષ્ઠ, તપસ્વી, અકષાયી અને સુ-વિનીત હોય તેઓ માટે તો યોગોદ્વહનનો વિધિ તદ્દન નિરર્થક છે, પરંતુ જે શ્રમણો હરિભદ્રે દર્શાવ્યા તેવા હોય તેઓ માટે–તેવા યોગચ્યુત ઉદરંભરિઓ માટે–એ યોગો-દ્વહનની પદ્ધતિ ઉચિત હોઈ શકે છે અને તેમ હોવાથી જ તે પદ્ધતિનો સમય ચૈત્યવાસનો સમવર્તી છે એમ મારે જણાવવું પડયું છે. સૂત્રોમાં જે સાધુઓના સૂત્રાભ્યાસના ઉલ્લેખો મળે છે તેમાંના બધા ય આ રીતે લખાએલા છેઃ–

१. "तए णं से खंदए अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ"–भगवती सूत्र बी० पृ० १६५.

२. "एत्थ णं से कालोदायी संबुद्धे × एवं जहा खंदए तहेव पव्वइए, तहेव एक्कारस अंगाणि"–भग० बा० पृ० ५१४.

३. "(उसभदत्तो) एएणं कमेणं जहा खंदओ तहेव पव्वइए जाव० सामाइयमाईयाइं एक्कारस अंगाइं अहिज्जइ"–भग० बा० पृ० ७९६.

४. "तए णं सा देवाणंदा अज्जा अज्जचंदणाए अज्जाए

अंतियं सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ "–भग० बा० पृ० ७९७.

५. " तुमं गोसाला ! भगवया चेव पव्वाविए, × भगवया चेव बहुस्सुईकए " भग, बा० पृ० १२४७.

६. " तते णं से मेहे अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जित्ता "–ज्ञाता० स० पृ० ७५

७ " तते णं से थावच्चापुत्ते अरहतो अरिट्ठनेमिस्स थेराणं अंतिए सामाइयमाइयातिं चोद्दसपुव्वाइं अहिज्जति "–ज्ञाता० स० पृ० १०३

८. " से धण्णे सत्थवाहे × धम्मं सोच्चा पव्वतिए एक्कारसंगवी "–ज्ञाता० स० पृ० २४१.

९. " तते णं से धम्मे अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिते सामाइयमाइयाइं एक्कारस अंगाइं अधिज्जति "–अनुत्तरौपपातिक द० स० पृ० ४.

१०. " तते णं से गोयमे अन्नदा कयाइ अरहतो अरिट्ठनेमिस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जति "–अन्तकृद्दशा–स० पृ० २.

११. " तते णं से सुबाहू अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं अहिज्जति "–विपाक० स० पृ० ९४.

આ ઉપરાંત આવા બીજા પણ અનેક ઉલ્લેખો મળે છે, પરંતુ તે બધા ય એક સરખી જ રીતે લખાએલા હોવાથી તેમાંના એકમાં પણ પર્યાયક્રમનો કે યોગોદ્વહનનો ગંધ સુદ્ધાં જણાતો નથી.

હું પૂર્વે જણાવી ગયો છું કે, ચૈત્યવાસિઓને હંફાવવા માટે કોઈ દક્ષ પુરૂષે તીવ્ર તપશ્ચર્યારૂપ ઉપધાન વા યોગોદ્વહનનો પાયો નાંખ્યો છે વા તે ચૈત્યવાસિઓએ જ તે સમયના શ્રાવકોને એમ સમજાવ્યું હોય કે, યોગોદ્વહન કર્યા સિવાય અમારો પણ સૂત્ર વાંચવાનો અધિકાર નથી અને ઉપધાન કર્યા સિવાય શ્રાવકોને નવકાર બોલવાનો પણ અધિકાર નથી, તો પછી સૂત્રો વાંચવાની વાત શી કરવી ? આ રીતે સમજાવી તેઓએ ભદ્ર શ્રાવકો પાસેથી ઉપધાનના કરરૂપે મળતા નકરાના પૈસાને ઉચાપત કરવાનું કારસ્થાન રચ્યું હોય તો તે સંભવિત છે. ગમે તેમ હો પણ ઉપધાનની વર્તમાન પદ્ધતિ, જે સામુદાયિક છે અને કંદોઈના હાટ જેવી માદક, અને મોહક છે, તે ચૈત્યવાસિઓના સમયની છે, તેમાં કાંઈ સંદેહ જેવું નથી. કારણ કે, સૂત્ર ગ્રંથોમાં જે જે શ્રમણોને લગતા અંગાદિ ભણવાના ઉલ્લેખો મળે છે તેમાં કયાંય કોઈએ ઉપધાન–યોગોદ્વહન–કર્યું હોય એવો એક પણ ઉલ્લેખ મળતો નથી તે આપ સૌ જાણી ચૂકયા છો. તથા 'ઉપધાન કરીને સૂત્રો વાંચવા' એવું વિધાન પણ સૂત્રગત આચાર વિધાનમાં કયાંય મળતું નથી–જણાતું નથી. માત્ર 'મહાનિશીથસૂત્ર' જે અંગ બહારનું સૂત્ર છે, અને ચૈત્યવાસિ-

ઓની હલકી સ્થિતિને સમયે સંકળાએલું છે, તેમાં જ આ ઉપધાનાદિનો ઉલ્લેખ મળી આવે છે. આ સૂત્ર, કાંઇ સર્વમાન્ય નથી—પ્રાચીન આચાર્યોમાં પણ આ સૂત્રની પ્રમાણિકતા માટે મોટો મતભેદ થએલો છે—(જૂઓ શતપદી અને મહાનિશીથ ). જો કદાચ આપણે બીજી વાત પડતી મૂકીને આટલું જ વિચારીએ કે, સૂત્ર ગ્રંથોમાં સૂત્રના ભણનારામાંના કોઇએ ઉપધાનાદિ કર્યાનો ઉલ્લેખ મળતો નથી, તેમ સૂત્રગત આચારના બંધારણોમાં એ પદ્ધતિની હકીકતનો ગંધ પણ નથી, તો આ ઉપધાનાદિનું વિધાન મહાનિશીથ સૂત્રમાં, તે પણ એક છેદ સૂત્રમાં—આપવાદિક માર્ગના દર્શક સૂત્રમાં ક્યાંથી આવ્યું ? આવી હકીકત ઉપરથી આપણે આ બાબત કબૂલ કરવી પડશે કે, તે ઉપધાન વિધાનાદિ, એ ચૈત્યવાસી બાવાઓની ઉપજાઉ કલ્પવલ્લી છે તેથી જ એ, એમના સમયના ગ્રંથમાં ગુંથાએલી છે. જો આપણે સામાન્ય ધાર્મિક દૃષ્ટિએ વિચારી શું તો પણ જણાશે કે, જે સૂત્રગ્રંથોમાં લાકડાની પુતળીને પણ જોવાનો નિષેધ કર્યો છે તે જ સૂત્રગ્રંથો, નિત્ય માદકભોજી સાધુઓને (?), નિત્યમાદકભોજી યુવતિ અને વિધવાઓના ટોળામાં રહીને ઉપધાનની ક્રિયા કરાવવાની અનુમતિ આપે ખરા ? વર્તમાનમાં તો એ જ સૂત્રને માનનારાઓ (?)—પં૦ ન્યાસો અને આચાર્યો (?) ત્રણસેં અને પાંચસે સ્ત્રીઓના યૂથમાં એ ક્રિયા કરાવી રહ્યા છે, જેને આપણે ધર્મ્મ માનીએ છીએ-કેવી શિષ્ટતા ? કેવી શીલસમિતિ ! ? અને કેવો ભયંકર પણ છુપો ધાર્મિક અનાચાર ! ? જે ચૈત્ય

વાસિઓને માથે વારંવાર આ પરિચયનો આરોપ [1]શ્રીહરિભદ્રે મૂકેલો છે, તેનો નમુનો આ ઉપધાનપદ્ધતિમાં આપણુને મળી આવે છે. એથી હું દૃઢતાપૂર્વક કહી શકું છું કે, એ રીત તેઓની રાસસ્થળી પણુ હોય !!!

એક સ્થળે સ્થાનાંગ સૂત્રમાં સૂત્ર વંચાવવાનાં કારણો જણાવતાં જણાવ્યું છે કે:—

" पंचहिं ठाणेहिं सुत्तं वाएज्जा, तं जहा–[1]संगहट्ठाए, [2]उवग्गहट्ठाए, [3]निज्जरट्ठाए, सुत्ते [4]वा मे पज्जवयाए भविस्सति, [5]सुत्तस्स वा अव्वोच्छित्तिणयट्ठताए " ( लिखित–पा० ९८–९९. भांडा० )

આ ઉલ્લેખમાં જેમ સૂત્ર વંચાવવાનાં બીજાં કારણો જણાવ્યાં છે તેમ 'ઉપગ્રહ'ને પણુ કારણુ કોટિમાં મૂક્યો છે. એના ( ઉપગ્રહના ) અર્થને સ્પષ્ટ કરતાં ટીકાકારે જણાવ્યું છે કે, " જેઓ [2]આહાર, પાણી અને વસ્ત્ર વિગેરેને

---

१. अन्नत्थियवसहा इव पुरओ गायंति जत्थ महिलाणं । जत्थ जयार–मयारं भणंति आलं सयं दिंति ॥ ४९, पृ. १४. * * * थीनट्टं थीपसंगं च ॥ ६२ पृ. १५. केवलथीणं पुरओ वक्खाणं ॥ ७२, पृ. १५. सव्वे थिजणुवएससीला य । १४३, पृ. १७.–संबोधप्रकरण.

२. एवम्—उपग्रहार्थाय-उपग्रहार्थतया वा-एवं हि एते भक्त-पान-वस्त्राद्युत्पादनसमर्थतया उपष्टम्भिता भवन्तु इति भावः--( स्था. टी. लि. पा. १७२, भांडा. )

ઉત્પન્ન કરવામાં સમર્થ છે. તેઓને સૂત્રો વંચાવીને ઉપગૃહીત કરવા.” અહીં આપ જોઇ શકશો કે, આ ઉલ્લેખ સો તદ્દન સ્પષ્ટપણે ગૃહસ્થો માટે લખાએલો છે–તેઓ જ આહાર, પાણી અને વસ્ત્ર વિગેરેને ઉત્પન્ન કરીને સાધુઓને પૂરાં પાડે છે–પોતાના ખરા પરસેવાના પૈસાથી સાધુઓનું પોષણ કરી રહ્યા છે–માટે સૂત્રકાર તથા ટીકાકાર, સાધુઓને તેઓને સૂત્રો વંચાવીને ઉપગૃહીત–આભારી—કરવાની વાલે અને આપની બદલાની નીતિની સૂચના કરે છે. આ હકીકત સર્વથા સ્પષ્ટ છતા વર્તમાનમાં શ્રાવકોને પૈસે પોષાતા નિર્ગ્રંથ (!) મહાશયો, શ્રાવકોને કેવો બદલો આપી રહ્યા છે તે બાબત આપ સૌને અને મને પ્રત્યક્ષરૂપ છે. આ ઉપરાંત બીજાં પણ એવાં અનેક પ્રમાણો મને મળ્યાં છે, જે સીધી વા આડકતરી રીતે શ્રાવકોની સૂત્રાધિકારિતાને સૂચવી રહ્યા છે. પરંતુ સ્થળસંકોચને લીધે તે બધાંનો ઉલ્લેખ અહીં ન કરતાં આ મુદ્દાને હું સમાપ્ત કરૂંછું અને આ વાત સપ્રમાણ જાહેર કરૂં છું કે, શ્રાવકોને સૂત્રો વાંચવા માટે જે નિષેધ કરાએલો છે તે અયુક્ત છે, અપ્રમાણિક છે, અવિહિત છે અને સર્વથા શ્રીજિનાજ્ઞાવિરૂદ્ધ છે.

વાંચકો ! છેવટમાં એટલું જણાવીશ કે, મેં આ પ્રસ્તુત ભાષણમાં મારા ચારે મુદ્દાઓને યથામતિ અને યથાશક્તિ ચર્ચ્યા છે અને સાહિત્ય–વિકારથી વર્તમાનમાં આપણી શી સ્થિતિ થઈ છે, તે પણ યથામતિ દર્શાવ્યું છે. જેમ જેમ મારા સમાજની વર્તમાન દુઃસ્થિતિના વધારે વિચારો અને આવે છે તેમ તેમ મને વિશેષ વેદના થાય છે અને એ વેદનાને શમાવવા માટે મેં આ જાતનો સવિસ્તર ઉલ્લેખ કર્યો છે. જો આપ સૌ આ સંબંધે વિચાર કરી, વડિલોની

સાથે મસલત કરી આપણું ધાર્મિક અને સામાજિક બંધારણ જે વર્તમાનમાં આપણી પ્રગતિનું રોધક કે બાધક થઇ રહ્યું છે, ભવિષ્યમાં તેવું ન રહે, એવો યોગ્ય પ્રયાસ કરશો તો હું મારા આ પ્રયાસને ફળવંત થયો માનીશ. હવે રાષ્ટ્ર સેવાની જેમ ધર્મસેવા પણ આપણે ( શ્રાવકોને ) જ માથે આવી પડી છે. આપણે ગુરૂરાજજીઓના કે સ્વામિજીઓના વિશ્વાસે જ ઘણો વખત નીભાવ્યું, પરંતુ તેમાં કાંઇ આપણા ડાળીયા થયા નહિ, થતા નથી અને હવે થશે પણ નહિ માટે હે યુવક બંધુઓ ! આપ સૌ ઉઠો અને સ્વાર્થ ત્યાગના મહામાંત્રિક મહાત્મા ગાંધીજી જેવા મહાપુરૂષની સલાહ લઇ વા તેને શરણે જઇ વિવેકવતી અને સ્વતંત્રતાવાળી પ્રવૃત્તિથી વર્ધમાનના પ્રવચનને વર્તમાનમાં અધઃપાતના મુખમાંથી બચાવો, એ રીતની મારી અંતિમ વિજ્ઞપ્તિ છે અને સાથે શિષ્ટાચાર પૂર્વક હું એ પણ જણાવી દઉં છું કે, મારા આખા ભાષણમાં હું કયાંય ચૂકયો હોઉં તો તે ક્ષંતવ્ય છે. ૐ શાન્તિ.

---

**સૂચના**—આ પુસ્તકને પહેલે પાને જે ટિપ્પણ કરવામાં આવ્યું છે તેનો અર્થ કોઇએ એમ સમજવાનો નથી કે, આ આખું પુસ્તક એક ભાષણરૂપે વંચાઇ ગયું હતું. પરંતુ આ પુસ્તકમાં નોંધાએલા ચારે મુદ્દાઓ એ ભાષણ વખતે રીતસર અને યથા સમય મેં ચર્ચ્યા હતા—બોલવાનું થોડું હોવાથી અને શબ્દો ક્રમસર બોલાતા હોવાથી મારૂં ઘણું વક્તવ્ય તે વખતે બાકી રહ્યું હતું—તેને મેં આ પુસ્તકમાં મૂકવાની યોજના કરી છે અને જે કાંઇ મૂકયું છે તે બધું સપ્રમાણ મૂકયું છે—માટે જ મેં આ પુસ્તકને પણ એ ભાષણને નામે ઓળખાવ્યું છે:—

બેચરદાસ.

# મહાવીર.

(પાક્ષિક પત્ર)

## સમ્પાદક–મુનિરાજ શ્રીજિનવિજયજી

શું તમે જૈન છો? જૈન સમાજની ખરી હાલત જાણવા ઇચ્છો છો? જૈન ધર્મની ઉન્નતિ થાય તેમ ચાહો છો?

જો આ પ્રશ્નોના ઉત્તર ' હાં ' એમ આપવાની મર્જી હોય તો તો આજે જ એક કાર્ડ લખી **મહાવીર** નામના પાક્ષિક પત્રના ગ્રાહક લીસ્ટમાં પોતાનું નામ દાખલ કરાવી ઘો.

જૈન સમાજને ઉત્તમ અને સારૂં વાંચન આપવા માટે, તેમજ દરેક સામાજિક અને ધાર્મિક પ્રશ્નોના પક્ષપાતશૂન્ય, વિદ્વત્તાપૂર્ણ અને યુક્તિસંગત ખુલાસા આપવા માટે આ પત્ર પ્રકટ કરવામાં આવે છે. એમાં બોધકારક, માર્ગદર્શક, ઉત્સાહપ્રેરક, સદ્રુચિ ઉત્પાદક અને આનંદ દાયક લેખો આવે છે. જૈન સમાજની વર્તમાન પરિસ્થતિઓ ઉપર પ્રામાણિક વિચારો દર્શાવવામાં આવે છે. જીવન કલહના આ ભયંકર સંક્રાંતિકાલમાં આપણું વ્યાવહારિક વર્તન કેવું હોવું જોઇએ? જડવાદના આ પ્રચંડ તોફાની સમયમાં આપણું ધાર્મિક આચરણ કેવું થવું જોઇએ? અને સ્વાતંત્ર્યના આ ઉછૃંખલ યુગમાં આપણું સામાજિક બંધારણ કેવું બનવું જોઇએ? એ પ્રશ્નો ઉપર આ પત્રમાં ઉમદા ઉહાપોહ કરવામાં આવે છે. સામાજિક અને ધાર્મિક વિષયો ઉપરાંત નૈતિક, વૈજ્ઞાનિક, ઐતિહાસિક, સાહિત્યિક આદિ વિષયો ઉપર પણ સારા લેખો અને વિચારો એમાં હમેશાં આવ્યા કરે છે.

પત્રનું વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. સવાત્રણ રાખવામાં આવેલું છે. ગ્રાહકો પુરતી જ નકલો કાઢવામાં આવે છે. તેથી ગ્રાહક થવા ઇચ્છનારને તુરતમાંજ એક કાર્ડ લખી તેવી સૂચના કરી દેવા વિનંતી છે. પત્ર વ્યવહાર નીચેના શિરનામે કરવો.

વ્યવસ્થાપક,–મહાવીરકાર્યાલય,
ભારત જૈન વિદ્યાલય, પૂના–સીટી